શ્રીવિજયનેમિસૂરીશ્વરજી-ગ્રંથમાલારત્ન-૫૧.

# શ્રી નવતત્ત્વ પ્રકરણ

[ અર્થ - પદ્યાનુવાદ - વિવેચનસહિત ]

## પ્રથમ ભાગ

[ જીવતત્ત્વ અને અજીવતત્ત્વનું સ્વરૂપ ]



— પદ્યાનુવાદ અને વિવેચનકાર —

પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીદક્ષવિજયજી
ગણિવર્ય મહારાજ.

પ્રકાશકઃ-શેઠ ઈશ્વરદાસ મૂળચંદ.
'શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર'
બોટાદ, 'સૌરાષ્ટ્ર'ના કાર્યવાહક.

શ્રીવિજયનેમિસૂરીશ્વરજી-ગ્રંથમાલારત્ન-૫૧.

# શ્રી નવતત્ત્વ પ્રકરણ

[ અર્થ - પદ્યાનુવાદ - વિવેચનસહિત ]

## પ્રથમ ભાગ

[ જીવતત્ત્વ અને અજીવતત્ત્વનું ...



— પદ્યાનુવાદ અને વિવેચનકાર —

શાસનસમ્રાટ્ ભારતીયભવ્યવિભૂતિ-સૂરિચક્રચક્રવર્તિ-
તપાગચ્છાધિપતિ-જગદ્ગુરુ પ. પૂજ્ય આ. શ્રીમદ્વિજયનેમિ-
સૂરીશ્વર પટ્ટાલંકાર વ્યાકરણવાચસ્પતિ કવિરત્ન શાસ્ત્રવિશારદ
પ. પૂ. આ. શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વર-વરશિષ્યરત્ન
વિદ્વત્શિરોમણિ પ્રસિદ્ધવક્તા દેશનાદક્ષ પ. પૂ. પંન્યાસપ્રવર-
**શ્રી દક્ષવિજયજી ગણિવર્ય મહારાજ.**

પ્રકાશક—'શ્રીવિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર,'
પ્રથમ આવૃત્તિ બોટાદ, ( સૌરાષ્ટ્ર )
શ્રીવીરસં. ૨૪૮૨. નેમિ સં. ૭. વિક્રમ સં. ૨૦૧૨.

પ.પૂ. શાસનસમ્રાટ્‌ના વયોવૃદ્ધ શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રીચંદ્રપ્રભવિજયજી મહારાજના ઉપદેશથી અગાઉથી થયેલા સહાયકોની શુભ નામાવલી–

રૂા. ૫૦૦) સંઘવી પોપટલાલ દામોદરદાસ, રાજકોટ.

રૂા. ૨૦૧) મણિલાલ લલ્લુભાઈ તેલી, અમદાવાદ.

રૂા. ૧૨૫) સ્વ. ધામી કાંતિલાલ જયંતિલાલના સ્મરણાર્થે તેમનાં માતુશ્રી નર્મદાબેન–મહુવા.

રૂા. ૧૦૧) શા. લલ્લુભાઈ દેવચંદ, ભાવનગર–વડવા.

રૂા. ૧૦૦) શા. પોપટલાલ ડુંગરશીભાઈના ટ્રસ્ટી (પ્રાંતિજ) શા. રતિલાલ કેશવલાલ તથા શા. વાડીલાલ

રૂા. ૨૫) નંદુબેન ભાવનગર–વડવા.

---

પ્રકાશકઃ–'શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર'ના કાર્યવાહક શેઠ ઈશ્વરદાસ મૂળચંદ બોટાદ. (સૌરાષ્ટ્ર).

મુદ્રકઃ–જયન્તિ દલાલ, વસંત પ્રેસ, ઘીકાંટા–અમદાવાદ.


ધર્મલાભ.
પૂ. આચાર્ય શ્રી વિજય લાવણ્ય સૂરીશ્વરજી મહારાજશ્રી
પૂ. પંન્યાસ પ્રવર શ્રી દક્ષ વિજયજી ગણિવર્યશ્રી
પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલ વિજયજી ગણિવર્યશ્રી
પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રપ્રભ વિજયજી મહારાજશ્રી
શાસન સમ્રાટ તપાગચ્છાધિપતિ
બાલ બ્રહ્મચારી પ.પૂ.આ.મ.
શ્રીવિજયનેમિસૂરીશ્વરજી
મહારાજ.
મહેન્દ્ર આર્ટ સ્ટુડીઓ, પાલીતાણા



સંઘવી પોપટલાલ દામોદરદાસ રાજકોટવાળા
જેઓએ આ પ્રકાશનમાં રૂા. ૫૦૦૧ સમર્પણ કર્યા છે.

# પ્રકાશકીય નિવેદન

આ પદ્યાનુવાદ એટલે કવિતા સહિત નવતત્ત્વ–પ્રકરણને વિવેચન સાથે પ્રકાશિત કરતાં અમારે જણાવવું જોઈએ કે, જૈન સમાજમાં પાઠ્ય પ્રકરણો પૈકીનું 'નવતત્ત્વ' એ એક મુખ્ય અંગ છે અને જૈન માન્યતાનું એ મૌલિક પ્રતીક છે. આ પ્રકરણની કવિતાના કર્તા પ્રસિદ્ધવક્તા વિદ્વચ્છિરોમણિ દેશનાદક્ષ પરમપૂજ્ય **પંન્યાસજી શ્રી દક્ષવિજયજી ગણિપ્રવર મહારાજશ્રી** છે. આ કવિતાની રચના તેઓશ્રીએ આજથી પંદર વર્ષ પૂર્વે એટલે કે વિ. સં. ૧૯૯૭ ની સાલમાં કરેલી, જે ભાવનગરથી પ્રકાશિત થતા "**આત્માનંદ પ્રકાશ**" માસિકમાં પ્રકટ થઈ હતી.

આ નવતત્ત્વ પ્રકરણ ઉપર પૂજ્ય પંન્યાસજી મ૦ શ્રીએ તેમની રોચક શૈલીએ આધુનિક પદ્ધતિથી વિજ્ઞાન સાથે તુલના કરતું તલસ્પર્શી વિવેચન પણ સુંદર રીતે લખેલ છે. બની શક્યું ત્યાં સુધી પદાર્થોને વધુ સ્પષ્ટ કરવા માટે સારો પ્રયાસ કરવામાં આવેલો છે, જે ભણનારાઓને અને પાઠકોને ઘણો જ ઉપયોગી છે.

આ પુસ્તક છપાવવાની શરૂઆત કર્યે પણ એક યુગ વીતી ગયો. એટલે કે ઘણો જ લાંબો ગાળો પડ્યો, તેથી સહાયકોની તેમ જ જિજ્ઞાસુઓની "કોઈ

પણ ભોગે જેટલું તૈયાર હોય તેટલું પણ પ્રકાશિત થાય તો સારું" એવી લાગણી ને માગણીને આધીન બનીને આ અધૂરું પ્રકાશન કરવાની ફરજ પડી છે. શાસનદેવો પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે, બાકીનો ભાગ વહેલી તકે પ્રકાશિત કરવાની અમોને પ્રેરણા આપે. અમારા સહાયકોને પણ તે બદલ અમો વિશ્વાસ આપીએ છીએ. પૂજ્ય મહારાજશ્રીને પણ હવે આ પુસ્તક શીઘ્ર પૂર્ણ કરવા માટે અમે વિનવીશું.

આ પ્રકાશનમાં રાજકોટનિવાસી **શેઠ પોપટલાલ દામોદરદાસ સંઘવીએ** રૂા. ૫૦૦) ની સહાય આપી, આટલા લાંબા ગાળા સુધી પણ તેઓએ જે અખૂટ ધીરજ રાખી છે, તે બદલ તેમનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

અન્ય સહાયકોનો પણ આ સ્થળે આભાર વ્યક્ત કરીએ છીએ. પ. પૂ. વયોવૃદ્ધ **મુનિરાજ શ્રી. ચંદ્રપ્રભવિજયજી મ.** શ્રીનો પણ સહાયકો કરવામાં નોંધપાત્ર ફાળો છે, તેથી તેઓશ્રીનો અમે ઉપકાર ભૂલી શકતા નથી.

પ્રેસદોષને અંગે આ પ્રકાશનમાં સ્ખનલાઓ – ભૂલો ઘણી રહી ગઈ છે, તેને માટે શુદ્ધિપત્રકમાંથી તે સુધારી વાંચવા અમારી ખાસ ભલામણ છે.

—**પ્રકાશક**

॥ ॐ अर्हँ नमः ॥

# નવતત્ત્વ-પ્રકરણનો પદ્યાનુવાદ.

[ મંગલાચરણ આદિ ]

વંદી યુગાદીશ શાંતિ નેમિ, પાર્શ્વ જિનવર વીરને,
પરમગુરુ ગુણવંત લબ્ધિ,-વંત ગણધરને અને;
નવતત્ત્વખાણી જૈની વાણી, ને સ્મરી ગુરુરાજને,
કરું પદ્યથી ભાષારૂપે, નવતત્ત્વના અનુવાદને. ॥૧॥

[ નવતત્ત્વનાં નામ અને ક્રમથી તેના ભેદોની સંખ્યા ]

જીવ અજીવ પુણ્ય પાપ આશ્રવ, તેમ સંવર નિર્જરા,
બંધ ને વલી મોક્ષ એ, નવતત્ત્વને જાણો ખરાં;
ચૌદ ચૌદ બેંતાલીસ ને, બ્યાસી જ બેંતાલીસ છે,
સત્તાવન્ન બાર જ ચાર ને નવ, ભેદ ક્રમથી તાસ છે. ॥૨॥

## પહેલું જીવતત્ત્વ

[ સંસારી જીવોના જુદી જુદી અપેક્ષાએ એકથી છ પ્રકાર ]

ચેતના લક્ષણવડે જીવો જ, એક પ્રકારના,
ત્રસ અને સ્થાવર તણા બે, ભેદથી બે જાતના;
વેદના ત્રણ ભેદથી પણ, જાણવા ત્રણ જાતના,
ગતિતણા ચઉભેદથી છે, જીવ ચાર પ્રકારના. ॥૩॥

ઇંદ્રિયના પાંચેય ભેદે, જીવ પાંચ પ્રકારના,
ષટ્કાયના ભેદે કરી, પણ જાણવા છ પ્રકારના;

એ રીતે ભેદો અપેક્ષા–ભેદથી સંસારીના,
ભાખ્યા હવે કહીશું જ ચૌદે, સ્થાનકો જીવો તણા. ॥૪॥

[ સંસારી જીવના ૧૪ ભેદ ]

સૂક્ષ્મ બાદર ભેદથી બે, જાતના એકેંદ્રિયો,
અસંજ્ઞી સંજ્ઞી ભેદથી બે, જાતના પંચેદ્રિયો;
ત્રિવિધ વિકલેંદ્રિયયુત એ, સાત પણ બે જાતના,
અપર્યાપ્ત ને પર્યાપ્તભેદે, ચૌદ સ્થાનક જીવના. ॥૫॥

[ છ પ્રકારે જીવનું લક્ષણ ]

[૧]જ્ઞાન [૨]દર્શન ને વળી, [૩]ચારિત્ર [૪]તપ ને [૫]વીર્ય ને,
[૬]ઉપયોગ એ ષડ્વિધ લક્ષણ, જીવ કેરું જાણને;

[ છ પર્યાપ્તિઓ ]

[૧]આહારપર્યાપ્તિ [૨]શરીર [૩]ઇંદ્રિય, [૪]શ્વાસોચ્છ્વાસ ને,
[૫]ભાષા અને [૬]મનની મળી, પર્યાપ્તિ પણ ષટ જાણને. ॥૬॥

[ કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય ? ]

પર્યાપ્તિ પહેલી ચાર એકેંદ્રિય, જીવને હોય છે,
પર્યાપ્તિ પહેલી પાંચ વિકલેંદ્રિય, જીવને હોય છે;
અસંજ્ઞી પંચેદ્રિયને પણ, પહેલી પાંચ જ હોય છે,
પર્યાપ્તિ સઘલી સંજ્ઞી,–પંચેદ્રિય જીવને હોય છે. ॥૭॥

[સંસારી જીવના ૧૦ દ્રવ્ય પ્રાણ તથા કયા જીવમાં કેટલા પ્રાણ હોય તે.]

પાંચ ઇંદ્રિય યોગ ત્રણ, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ ને,
દશ પ્રાણ જાણ સુજાણ! તેમાં, ચાર એકેંદ્રિયને;

છ સાત આઠ ક્રમે કરીને, હોય છે વિકલેંદ્રિને,
અસંજ્ઞી પંચેંદ્રિયને નવ, પ્રાણ દશ છે સંજ્ઞીને. ॥૮॥

## બીજું અજીવતત્ત્વ

[ અજીવ તત્ત્વના ૧૪ ભેદ ]

અજીવ કેરા ચૌદ ભેદો, જાણ ધર્મ અધર્મને,
આકાશ એ ત્રણ અસ્તિકાયો, ભેદ ત્રણવાળા અને;
એક ભેદે કાળ છે વળી, સ્કંધ દેશ પ્રદેશ ને,
પરમાણુ એ પુદ્ગલતણા ચઉ, ભેદ જાણો શુભમને. ॥૯॥

[ પાંચ અજીવ દ્રવ્યો ]

જાણ ધર્મ અધર્મ પુદ્ગલ, ને વલી આકાશ એ,
ચાર અસ્તિકાય કાળ જ, અજીવ દ્રવ્યો પાંચ એ;

[ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો સ્વભાવ ]

ગતિમાં સહાયક જાણવો, ધર્માસ્તિકાય સ્વભાવ છે,
અધર્માસ્તિકાય સહાયદાયક, સ્થિર રહેવામાંય છે. ॥૧૦॥

[ આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ ]

અવકાશદાયી સ્વભાવ, આકાશાસ્તિકાય તણો જ છે,
પુદ્ગલોને તેમ જીવોને જ, એ જિનવાણ છે;
સ્કંધ દેશ પ્રદેશ ને, પરમાણુ એ ચઉ પુદ્ગલા,
પૂરણ ગલન સ્વભાવવાલા, જ્ઞેય ને રૂપી ભલા! ॥૧૧॥

[ પુદ્ગલનાં પરિણામો ]

પુદ્ગલ સ્વરૂપી શબ્દ ને, અંધકાર ને ઉદ્દ્યોત છે,
જાણો પ્રભા છાયા અને, તડકો જ પુદ્ગલરૂપ છે;

[ પુદ્‌ગલનું લક્ષણ અને સમયની વ્યાખ્યા ]

સામાન્ય લક્ષણ પુદ્‌ગલોનું, વર્ણ ગંધ રસ સ્પર્શ એ,
સમય છે અવિભાજ્ય કાલ જ, કેવલીની દૃષ્ટિએ. ॥૧૨॥

[ એક મુહૂર્તની આવલિકાઓ ]

એક કોડી લાખ સડસઠ, સત્યોતેર હજાર ને,
બસો સોલ સાધિક આવલિકા,–માન એક મુહૂર્ત્તને;

[ વ્યવહારમાં ઉપયોગી કાલનાં ક્રમથી નામ ]

સમય આવલિ મુહૂર્ત દિવસ, પક્ષ માસ જ વર્ષ ને,
કાળ પલ્યોપમ મુણો વળી, સાગરોપમકાળને. ॥૧૩॥
ઉત્સર્પિણી અવસર્પિણી ને, કાળચક્ર અનુક્રમે,
એ બધા વ્યવહાર કાળો, ભાખિયા જિન આગમે;

[ છ દ્રવ્યમાં પરિણામિતાદિ બાર ધર્મની વિચારણા ]

પરિણામિતા ને જીવતા ને, મૂર્તતા સપ્રદેશિતા,
એકતા ને ક્ષેત્રતા, સક્રિયતા ને નિત્યતા. ॥૧૪॥
કારણપણું કર્તાપણું વળી, સર્વવ્યાપકતા અને,
ઈતરાપ્રવેશિતા ભવિ! ષટ્‌દ્રવ્યમાંહિ વિચારને;

## ત્રીજું પુણ્યતત્ત્વ

છે પુણ્ય શાતાવેદની, ઉચ્ચ ગોત્ર નરસુરદ્વિકને,
પંચેદ્રિજાતિ પંચતનુ ત્રણ, પ્રથમ કાય ઉપાંગને. ॥૧૫॥
સંઘયણ ને સંસ્થાન પહેલું, જાણ વર્ણચતુષ્ક ને,
અગુરુલઘુ પરાઘાત શ્વાસો,–ચ્છ્‌વાસને આતપ અને;

શુભવિહાયોગતિ, ઉદ્યોત ને નિર્માણ ને,
ત્રસદશક સુર-નર-તિરિયંચાયુષ્ય તીર્થંકર અને. ॥૧૬॥

[ ત્રસદશક અને પુણ્યતત્ત્વના ૪૨ ભેદોનો ઉપસંહાર ]

ત્રસ અને બાદર અને, પર્યાપ્ત ને પ્રત્યેક ને,
સ્થિર અને શુભ ને વળી, સૌભાગ્ય ને સુસ્વર અને;
આદેય ને યશ જાણ એ, ત્રસદશક પુણ્યપ્રકાર છે,
ઈમ પુણ્યતત્ત્વે ભેદ, બેંતાલીસ ભાખ્યા સાર છે. ॥૧૭॥

## ચોથું પાપતત્ત્વ

પાંચ જ્ઞાનાવરણ ને, અંતરાય–પંચક જાણીએ,
એ દશ અને નવ, દર્શના,–વરણીયને પિછાણીએ;
વળી નીચ ગોત્ર અને અશાતા,–વેદની મિથ્યાત્વ ને,
કષાય પચ્ચીશ ને નરકત્રિક, જાણ સ્થાવરદશકને. ॥૧૮॥
તિર્યંચદ્વિક એકેંદ્રિ બિ, તિ-ચઉ,-રિંદ્રિ જાતિ જાણીએ,
અશુભ વિહાયોગતિ, ઉપઘાતને પિછાણીએ;
પ્હેલા વિનાનાં ચાર સંઘયણો, જ ચઉ સંસ્થાન છે,
અશુભ વર્ણચતુષ્ક એ, બ્યાશી પ્રકારે પાપ છે. ॥૧૯॥

[ સ્થાવરદશક ]

સ્થાવર અને વળી સૂક્ષ્મ, અપર્યાપ્ત સાધારણ અને,
અસ્થિર તેમ અશુભ ને, દૌર્ભાગ્ય ને દુઃસ્વર અને;
અનાદેય અપયશ એહ સ્થાવર,–દશક પાપપ્રકાર છે,
ત્રસદશકથી વિપરીત અર્થી, જાણ સ્થાવરદશક છે. ॥૨૦॥

## પાંચમું આશ્રવતત્ત્વ

[ આશ્રવના ૪૨ ભેદ ]

પાંચ ઈંદ્રિય ચઉ કષાયો, પાંચ અવ્રત યોગત્રિક,

( પચીશ ક્રિયાઓ વ્યાખ્યા સહિત )

પચ્ચીશ ક્રિયા એમ આશ્રવ,–ભેદ બેંતાલીશ છેક;
કાયાવડે[૧] જે લાગતી તે, જાણ ક્રિયા કાયિકી,
ખડ્ગાદિ અધિકરણોવડે જે, થાય તે અધિકરણિકી[૨] ॥૨૧॥
દ્વેષથી પ્રાદ્વેષિકી[૩], આરંભથી આરંભિકી[૪],
જાણ પારિતાપનિકી[૫], જીવ! પરિતાપો થકી;
પ્રાણાતિપાતિકી[૬] જાણવી જે, લાગતી હિંસા થકી,
પારિગ્રહિકી[૭] જાણ મૂર્ચ્છા,–ભાવયુત સંગ્રહ થકી. ॥૨૨॥
જાણ માયાપ્રત્યયિકી[૮]. કપટ કેરા હેતુથી,
મિથ્યાત્વદર્શનપ્રત્યયિકી[૯], જાણ અશ્રદ્ધાનથી;
ક્રિયા અપ્રત્યાખ્યાનિકી[૧૦], વિરતિ તણા જ અભાવથી,
દૃષ્ટિકી[૧૧] તે દેખતાં, કૌતુક રાગાદિકથી. ॥૨૩॥
સ્પર્શ કરતાં સ્પૃષ્ટિકી[૧૨] ને, પ્રશ્ન કરતાં પૃષ્ટિકી[૧૨],
રાગાદિભાવે જીવ કે જડ, આશ્રયી પ્રાતિત્યકી[૧૩];

નિસર્જને **નૈસૃષ્ટિકી** કે જાણવી **નૈશસ્ત્રિકી**,[૧૪]
સ્વહસ્તથી **સ્વાહસ્તિકી**,[૧૫] ને પ્રયોગથી **પ્રાયોગિકી**.[૧૬] ॥૨૪॥
ચોમેરથી આવી મળેલા, લોકના કહેવા થકી,
ને ઘૃતાદિક ભાજને, ત્રસ જીવના પડવા થકી;
જે લાગતી તે જાણવી, **સામન્ત–ઉપનિપાતિકી**,[૧૭]
પ્રેમે કરીને **પ્રૈમિકી**[૧૮] ને, દ્વેષથી તે **દ્વૈષિકી**.[૧૯] ॥૨૫॥
**આજ્ઞાપનિકી**[૨૦] તે ક્રિયા જે, લાગતી આજ્ઞા થકી,
અથવા જ તેને જાણીયે, આનયનથી **આનયનિકી**;
વિદારણે **વૈદારિણી**,[૨૧] **વૈતારિણી**[૨૧] ઠગવા થકી,
**અનાભોગિકી**[૨૨] તે લાગતી, ઉપયોગશૂન્યપણા થકી. ॥૨૬॥
સ્વપર હિતની પરવા વિના, આ લોક ને પરલોકથી,
વિપરીત આચરણે **અનવકાંક્ષપ્રત્યયિકી**[૨૩] કથી;
**સમાદાનિકી**[૨૪] તે ગ્રહણ થાયે, કર્મ આઠે જેહથી,
અકષાયભાવે જે ક્રિયા, **ઈર્યાપથિકી**[૨૫] તે કથી. ॥૨૭॥

## છઠ્ઠું સંવરતત્ત્વ

[ સંવરતત્ત્વના ૫૭ ભેદ ]

પાંચ સમિતિ ગુપ્તિ ત્રણ, બાવીશ પરિષહ જાણ ને,

મુનિધર્મ દશવિધ ભાવનાઓ, બાર સંયમ પાંચને;
સત્તાવન પ્રકારે તત્ત્વ સંવર, કર્મરોધક ધાર એ,

[ પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચનમાતા ]

[૧]ઈર્યા જ [૨]ભાષા [૩]એષણા, [૪]આદાન ને [૫]ઉચ્ચાર એ. ॥૨૮॥
પાંચે સમિતિ ને [૬]મનો-[૭]વાક્, [૮]કાયની ત્રણ ગુપ્તિઓ,
એ પ્રવચન માતા જ આઠે, ભાખતા મહાજ્ઞાનીઓ;

[ બાવીશ પરિષહો ]

[૧]ક્ષુધા [૨]તૃષા [૩]શીત [૪]ઉષ્ણ [૫]દંશ, [૬]અચેલ ને [૭]અરતિ અને,
[૮]સ્ત્રી તથા [૯]ચર્યા તથા, [૧૦]નૈષેધિકી [૧૧]શય્યા અને. ॥૨૯॥
[૧૨]આક્રોશ [૧૩]વધ ને [૧૪]યાચના, પરિષહ [૧૫]અલાભ જ [૧૬]રોગ ને,
[૧૭]તૃણસ્પર્શ [૧૮]મલ [૧૯]સત્કાર [૨૦]પ્રજ્ઞા, ને વળી [૨૧]અજ્ઞાન ને;
[૨૨]સમ્યક્ત્વ એ **બાવીશ પરિષહ**, જાણ દશ મુનિધર્મને,

[ મુનિધર્મના ૧૦ પ્રકાર ]

[૧]ક્ષમા [૨]નમ્રતા ને [૩]સરલતા, [૪]નિર્લોભ [૫]તપ [૬]સંયમ અને. ॥૩૦॥
[૭]સત્ય [૮]શૌચ [૯]અકિંચનત્વ જ, [૧૦]બ્રહ્મચર્ય સુધર્મ છે,

[ બાર ભાવનાઓ ]

[૧]અનિત્ય પહેલી ભાવના, બીજી [૨]અશરણ નામે ય છે;

[૩]સંસાર કેરી ભાવના, [૪]એકત્વ ને [૫]અન્યત્વની,
[૬]અશુચિત્વ [૭]આશ્રવ [૮]નિર્જરા, [૯]સંવર જ [૧૦]લોકસ્વભાવની. ॥૩૧॥
[૧૧]બોધિદુર્લભ ધર્મના, સાધક અરિહંત [૧૨]દુર્લભા,
એ ભાવના સવિ ભાવિએ, જેથી મળે શિવવલ્લભા;

[ ચારિત્રના પાંચ પ્રકાર ]

પ્રથમ [૧]સામાયિક [૨]છેદો,-પસ્થાપના બીજું જ છે,
[૩]પરિહારવિશુદ્ધિ જ [૪]સૂક્ષ્મ,-સંપરાય ચતુર્થ છે. ॥૩૨॥
[૫]યથાખ્યાત છે ચારિત્ર પંચમ, ખ્યાત જગમાં જેહથી,
સુવિહિત સાધુ મુક્તિ પામે, પાળી જેને નેહથી;

## સાતમું નિર્જરાતત્ત્વ

[ બાહ્યતપના છ ભેદ ]

[૧]અણસણ [૨]ઉણોદરિકા તથા, તપ [૩]વૃત્તિનો સંક્ષેપ છે,
[૪]રસત્યાગ [૫]કાયાકલેશ ને, [૬]સંલીનતા તપ બાહ્ય છે. ॥૩૩॥

( અભ્યંતર તપના છ ભેદ અને તપરૂપ નિર્જરાનો ઉપસંહાર )

દશવિધ [૧]પ્રાયશ્ચિત્ત જાણો, [૨]વિનય સાત પ્રકાર એ,
દશવિધ [૩]વેયાવચ્ચ ને, [૪]સ્વાધ્યાય પાંચ પ્રકાર એ;
શુભ [૫]ધ્યાન ને [૬]કાઉસ્સગ્ગ મળી, તપ જાણ અભ્યંતર છએ,
ઈમ બાર ભેદે તપસ્વરૂપી, નિર્જરાને જાણીએ. ॥૩૪॥

## આઠમું બંધતત્ત્વ

(ચાર પ્રકારનો બંધ; વ્યાખ્યા સહિત)

પ્રકૃતિ સ્થિતિ અનુભાગ, તેમ પ્રદેશ એ ચઉ બંધ છે,
પ્રકૃતિબંધ જ જાણવો, જે કર્મનો જ સ્વભાવ છે;
કર્મ કેરા કાળનો જે, નિયમ તે સ્થિતિબંધ છે,
કર્મનો મંદ-તીવ્ર રસ, અનુભાગબંધ મનાય છે. ॥૩૫॥

કર્મના અણુઓ તણો, સંચય પ્રદેશ જ બંધ છે,

(કર્મની આઠ મૂળ પ્રકૃતિ અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિ)

પાંચ [૧]જ્ઞાનાવરણ ને નવ, [૨]દર્શનાવરણીય છે;
[૩]વેદનીય બે ભેદથી, [૪]મોહનીય અઠ્ઠાવીશ છે,
ચઉવિહ [૫]આયુ એકસો ત્રણ, [૬]નામકર્મ પ્રકાર છે. ॥૩૬॥

બે [૭]ગોત્રકર્મ પ્રકાર ને, [૮]અંતરાય પાંચ પ્રકાર છે,
અડ એકસો પચ્ચાસ ઉપર, અષ્ટકર્મ–પ્રભેદ છે;

(આઠે કર્મના સ્વભાવો)

આંખના પાટા સમો જ, સ્વભાવ જ્ઞાનાવરણનો,
વળી દ્વારપાળ સમો કહ્યો છે, દર્શનાવરણીયનો. ॥૩૭॥

વેદનીય મધુલિપ્ત અસિની, ધારના સરખું જ છે,
મદિરા સમું મોહનીય ને, બેડી સમું આયુષ્ય છે;
નામ ચિતારા સમું, કુંભાર સરખું ગોત્ર છે,
અંતરાય ભંડારી સરીખું, આઠમું એ કર્મ છે. ॥૩૮॥

(ઉત્કૃષ્ટ સ્થિતિબંધ)

ઉત્કૃષ્ટ જ્ઞાનાવરણની, વળી દર્શનાવરણી તણી,
સાગરોપમ ત્રીશ કોડા-કોડીની સ્થિતિ ભણી;
અંતરાય ને વળી વેદનીની, તેટલી સ્થિતિ ગણી,
સિત્તેર કોડાકોડી સાગર, મોહનીય તણી ભણી. ॥૩૯॥
સાગરોપમ વીશ કોડાકોડી, નામ ને ગોત્રની,
ઉત્કૃષ્ટ સ્થિતિ જાણ તેત્રીશ, સાગરોપમ આયુની;

(જઘન્ય સ્થિતિબંધ)

મુહૂર્ત બાર જઘન્ય સ્થિતિ, વેદનીય જ કર્મની,
મુહૂર્ત આઠ જઘન્યસ્થિતિ, નામ ને વળી ગોત્રની. ॥૪૦॥
વળી શેષ પાંચે કર્મની, અંતર્મુહૂર્ત પ્રમાણની,
જઘન્ય સ્થિતિ બુદ્ધિથી ઈમ, જાણ આઠે કર્મની;

## નવમું મોક્ષતત્ત્વ

[અનુયોગદ્વારરૂપે મોક્ષના નવ ભેદો]

મોક્ષતત્ત્વે જાણીયે,- સત્પદપ્રરૂપણ [૧]દ્વાર છે,
દ્વાર [૨]દ્રવ્યપ્રમાણ ને વળી, દ્વાર [૩]ક્ષેત્રપ્રમાણ છે. ॥૪૧॥
[૪]સ્પર્શનાદ્વાર જ વળી છે, [૫]કાલદ્વાર જ પાંચમું,
જાણ [૬]અંતરદ્વાર ને વળી, [૭]ભાગદ્વાર જ સાતમું;
આઠમું છે [૮]ભાવદ્વાર જ, નવમું [૯]અલ્પબહુત્વ છે,
અનુયોગ દ્વારો નવ કહ્યાં, જે મોક્ષના નવ ભેદ છે. ॥૪૨॥

[ સત્પદ-પ્રરૂપણાદ્વાર ]

એકપદ હોવાથી માનો, વિદ્યમાનપણું ખરે,
અવિદ્યમાનપણું નથી, આકાશ પુષ્પ પરે અરે !;
આમ કહેવું તે જ સત્પદ, – પ્રરૂપણાનું દ્વાર રે,
એકપદ છે મોક્ષ તેથી, મોક્ષ 'સત્' જાણો ખરે. ॥૪૩॥

[ ચૌદ મૂળ માર્ગણાઓનાં નામ ]

માર્ગણાદિકથી જ કરીએ, મોક્ષના વિચારને,
[૧]ગતિ માર્ગણા [૨]ઈંદ્રિય [૩]કાય જ, [૪]યોગ [૫]વેદ [૬]કષાય ને;
[૭]જ્ઞાન [૮]સંયમ તેમ [૯]દર્શન, ને જ [૧૦]લેશ્યા [૧૧]ભવ્ય ને;
[૧૨]સમ્યક્ત્વ [૧૩]સંજ્ઞી ચૌદમી, [૧૪]આહાર કેરી જાણને. ॥૪૪॥

[ માર્ગણાદ્વારા મોક્ષની વિચારણા ]

નરગતિ પંચેંદ્રિ જાતિમાં, તથા ત્રસકાયમાં,
ભવ્યમાં ને સંજ્ઞિમાં, યથાખ્યાતના ચારિત્રમાં;
ક્ષાયિક સમકિતમાં અનાહારે જ કેવળદર્શને,
જાણ કેવળજ્ઞાનમાં એ દશ માર્ગણામાં મોક્ષને. ॥૪૫॥

[ દ્રવ્યપ્રમાણદ્વાર અને ક્ષેત્રદ્વાર ]

શેષ ચારે માર્ગણા ને, દ્વારમાં સંસાર છે,
જીવદ્રવ્ય પ્રમાણદ્વારે, સિદ્ધના જ અનંત છે;
અસંખ્યાતમા વિભાગે સરખા, લોક કેરા ક્ષેત્રમાં,
એક અથવા સર્વ સિદ્ધ – નિવાસ ભાખ્યો શાસ્ત્રમાં. ॥૪૬॥

[ સ્પર્શના–કાળ–અંતર–અનુયોગદ્વાર ]

અવગાહનાથી સ્પર્શના, સિદ્ધોતણી અધિકી જ છે,
એક સિદ્ધ જ આશ્રયી, સાદિ અનંતો કાળ છે;
સિદ્ધને પડવા તણા જ, અભાવથી અંતર નથી,
અથવા પરસ્પર ક્ષેત્રથી પણ, સિદ્ધને અંતર નથી. ॥૪૭॥

[ ભાગ તથા ભાવ અનુયોગદ્વાર ]

અભવ્યથી જો કે અનંતગુણ, સિદ્ધના જીવો જ છે,
તોય સવિ સંસારી જીવના, અનંતમે ભાગે જ છે;
ક્ષાયિક ભાવે જાણ કેવળ,–જ્ઞાન ને દર્શન મુદા,
પારિણામિકભાવનું, જીવત્વ સિદ્ધતણું સદા. ॥૪૮॥

[ અલ્પબહુત્વ નામનું નવમું અનુયોગદ્વાર ]

કૃત્રિમ નપુંસકલિંગવાળા, સિદ્ધ સૌથી અલ્પ છે,
તે થકી સંખ્યાત ગુણ સ્ત્રી,–લિંગે થયેલા સિદ્ધ છે;
તેથી વળી સંખ્યાત ગુણ, પુંલિંગસિદ્ધ ગણાય એ,

[ મોક્ષતત્ત્વની સમાપ્તિપૂર્વક નવતત્ત્વની સમાપ્તિ ]

કહ્યું મોક્ષતત્ત્વ અને કહ્યાં, સંક્ષેપથી નવતત્ત્વ એ. ॥૪૯॥

[ નવતત્ત્વના જ્ઞાનનું ફળ ]

જીવ આદિ પદાર્થ નવને, જેહ જાણે તેહને,
સમકિત હોય અજાણને પણ, ભાવશ્રદ્ધાવંત ને;

[ દૃઢ સમ્યક્ત્વની છાપ ]

શ્રી જિનેશ્વરનાં સવિ વચનો જ, સત્ય જ હોય એ,
બુદ્ધિ જસ ચિત્તે જ જાણો, અચલ સમકિતવંત એ. ॥૫૦॥

[ સમ્યક્ત્વપ્રાપ્તિનું ફળ ]

અંતર્મુહૂર્ત જ માત્ર પણ, સમકિત સ્પર્શ્યું જે જીવે,
બાકી અર્ધ પુદ્ગલપરા,-વર્ત ભવ તેને હવે;

[ પુદ્ગલપરાવર્ત-કાળનું પ્રમાણ ]

છે અનંત ઉત્સર્પિણી,-અવસર્પિણીના માનનો,
એક પુદ્ગલ પરાવર્ત કાળ જ, જાણજો હે ભવિજનો! ॥૫૧॥
તેવા અનંત પુદ્ગલ પરાવર્તો, તણો ભૂતકાળ છે,
તેથી અનંત ગુણો અનાગત-કાળ શાસ્ત્રપ્રમાણ છે;

[ સિદ્ધ જીવોના ૧૫ ભેદ ]

[૧] જિનસિદ્ધ ને વળી [૨] અજિનસિદ્ધ જ, [૩] તીર્થસિદ્ધ [૪] અતીર્થ ને,
[૫] ગૃહલિંગ ને [૬] અન્યલિંગસિદ્ધ, [૭] સ્વલિંગસિદ્ધ જ જાણને.॥૫૨॥
[૮] સ્ત્રીલિંગસિદ્ધ [૯] પુંલિંગસિદ્ધ, અને [૧૦] નપુંસકસિદ્ધ ને,
[૧૧] પ્રત્યેકબુદ્ધ જ સિદ્ધ ને, જાણો [૧૨] સ્વયંબુદ્ધ સિદ્ધને;
[૧૩] બુદ્ધબોધિત [૧૪] એકસિદ્ધ, અને [૧૫] અનેક જ સિદ્ધ ને,
ભેદ પંદર સિદ્ધના એ, પ્રાગવસ્થા આશ્રીને ॥૫૩॥

[ સિદ્ધના ૧૫ ભેદોના ૧૫ દૃષ્ટાન્તો ]

જિનસિદ્ધ તે અરિહંત ને, **પુંડરીક** આદિ જાણીએ,
અજિનસિદ્ધ તથા જ ગણધર, તીર્થસિદ્ધ જ માનીએ;
**મરૂદેવી** આદિ અતીર્થસિદ્ધ જ, શાસ્ત્રથી દિલ ધારીએ,
ગૃહસ્થલિંગે સિદ્ધ **ચક્રી, ભરત** આદિ ભાવીએ. ॥૫૪॥

અન્યલિંગે સિદ્ધ **વલ્કલ,-ચીરિ** આદિ જાણવા,
સાધુ વેષે સિદ્ધ સાધુ, સ્વલિંગસિદ્ધ પિછાણવા;
સ્ત્રીલિંગસિદ્ધ જ **ચંદના,-બાળા** પ્રમુખા માનવા,
**ગૌતમ** પ્રમુખા સિદ્ધ તે, પુંલિંગસિદ્ધો ધારવા. ॥૫૫॥
**ગાંગેય** આદિને નપુંસકલિંગ,-સિદ્ધ પિછાણીએ,
**કરકંડુ** સાધુ આદિ પ્રત્યેક,-બુદ્ધ સિદ્ધ વખાણીએ;
સ્વયંબુદ્ધસિદ્ધ **કપિલ** સાધુ, આદિ ચિત્તે આણીએ,
પ્રજ્ઞગુરુબોધિતસિદ્ધ જ, બુદ્ધબોધિત જાણીએ. ॥૫૬॥
એક સમયે એક જીવ જે, **મોક્ષમાંહે** જાય છે,
શ્રી **વીરજિન**ની જેમ તેહ જ, એકસિદ્ધ મનાય છે;
એક સમયે પણ અનેક જ, સિદ્ધ જેઓ થાય છે,
**ઋષભદેવ** પ્રમુખ તેઓ, અનેકસિદ્ધ કે'વાય છે. ॥૫૭॥

[ આજ સુધીમાં જીવો કેટલા મોક્ષે ગયા ?
એ પ્રશ્નનો હંમેશને માટે એક જ જવાબ ]

અદ્યાવધિ જીવ કેટલા, મોક્ષે ગયા જિનશાસને ?
એ પ્રશ્ન પૂછે કોઈ જ્યારે, દેવ શ્રીજિનરાજને;
ઉત્તર મળે ત્યારે જ તેને, એહવો હે પ્રાણિઓ !
અનંતમો વિભાગ એક, નિગોદનો મોક્ષે ગયો. ॥૫૮॥

[ પદ્યાનુવાદ કર્તાની પ્રશસ્તિ ]

[ મન્દાક્રાન્તા છંદ. "બોધાગાધં"નો રાગ ]

ભૂપાલોના મુકુટમણિથી, કાન્ત પાદાબ્જ જેના,
તીર્થોદ્ધારે વિવિધ જગમાં, શોભતા ખ્યાત જેના;

સૂરીશોમાં મુકુટ સમ તે, **નેમિસૂરીશ** કેરા,
પટ્ટાકાશે રવિસમ સદા, દીપતા સૂરિ હીરા. ॥૫૯॥
વિદ્યાદાને સુરગુરુ સમા, **સૂરિ લાવણ્ય** કેરા,
શિષ્યે દક્ષે *તુરગ[૭]-નિધિ[૯],-નન્દ[૯]ેન્દુ[૧]વર્ષે અનેરા;
બાલાર્થે **વેજલપુર** રહી, ને **અખાત્રીજ** ઘસ્રે,
કીધો છે આ સરલ, **નવતત્ત્વાનુવાદ** પ્રતન્ત્રે. ॥૬૦॥

---

* વિ૦ સં૦ ૧૯૯૭ ની સાલમાં (ગોધરાનગરે શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી, ત્યારબાદ વેજલપુરે ચૈત્રી ઓળીની સામુદાયિક આરાધના કરાવી ત્યારે) વેજલપુરમાં વૈશાખ શુદ ત્રીજ (અખાત્રીજ)ના શુભ દિવસે આ નવતત્ત્વના અનુવાદને પૂર્ણ કર્યો.

# श्रीनवतत्वप्रकरणम् –

## मूलगाथाः ॥

जीवा-ऽजीवा पुण्णं, पावा-ऽऽसव-संवरो य निज्जरणा ।
बन्धो मुक्खो य तहा, नवतत्ता हुंति नायव्वा ॥१॥

चउदस चउदस बाया, – लीसा बासी अ हुंति बायाला ।
सत्तावन्नं बारस, चउ नव भेया कमेणेसिं ॥२॥

एगविह दुविह तिविहा, चउव्विहा पंच छव्विहा जीवा ।
चेयण – तस –इयरेहिं, वेय – गई – करण – काएहिं ॥३॥

एगिंदिय सुहुमियरा, सन्नियर पणिंदिया यस-बि-ति-चउ ।
अपजत्ता पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥४॥

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो य, एयं जीअस्स लक्खणं ॥५॥

आहार-सरीरिंदिय, – पज्जत्ती आणपाण-भास-मणे ।
चउ पंच पंच छप्पिय, इग-विगला-ऽसन्नि-सन्नीणं ॥६॥

पणिंदिअत्तिबलूसा, – साऊ दस पाण चउ छ सग अट्ठ ।
इग–दु–ति–चउरिंदीणं, असन्नि–सन्नीण नव दस य ॥७॥

धम्माऽधम्मागासा, तिय–तिय–भेया तहेव अद्धा य ।
खंधा देस पएसा, परमाणु अजीव चउदसहा ॥८॥

धम्मा-ऽधम्मा—पुग्गल, — नह-कालो पंच हुंति अजीवा ।
चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो य ॥९॥

अवगाहो आगासं, पुग्गलजीवाण पुग्गला चउहा ।
खंधा देस पएसा, परमाणु चेव नायव्वा ॥१०॥

सद्दंधयार उज्जोअ, पभा छायातवेहि आ(इय) ।
वन्न-गंध-रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥११॥

एगा कोडि सतसट्ठि, लक्खा सत्तहुत्तरी सहस्सा य ।
दोय सया सोलहिया, आवलिया इगमुहुत्तम्मि ॥१२॥

समयावली मुहुत्ता, दीहा पक्खा य मास वरिसा य ।
भणिओ पलिया सागर, उस्सप्पिणि-सप्पिणी कालो ॥१३॥

परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिया य ।
णिच्चं कारण कत्ता, सव्वगय इयर अप्पवेसे ॥१४॥

सा उच्चगोअ मणुदुग, सुरदुग पंचिंदिजाइ पणदेहा ।
आइतितणूणुवंगा, आइमसंघयण-संठाणा ॥१५॥

वन्नचउक्का गुरुलहु, परघा उस्सास आयवुज्जोअं ।
सुभखगइ-निमिण-तसदस, सुर-नर-तिरिआउ तित्थयरं ॥१६॥

तस-बायर-पज्जत्तं, पत्तेअ-थिरं सुभं च सुभगं च ।
सुस्सर-आइज्ज-जसं, तसाइदसगं इमं होइ ॥१७॥

नाणंतरायदसगं, नव बोए नीअसाय-मिच्छत्तं ।
थावरदस –निरयतिगं, कसाय-पणवीस-तिरियदुगं ॥१८॥

इग-बि-ति-चउजाईओ, कुखगइ-उवघाय हुंति पावस्स ।
अपसत्थं वन्नचऊ, अपढमसंघयण-संठाणा ॥१९॥

थावर-सुहुम-अपज्जं, साहारण-मथिर-मसुभ-दुभगाणि ।
दुस्सरणाइज्ज-जसं, थावर-दसगं विवज्जत्थं ॥२०॥

इंदिअ कसाय अव्वय, जोगा पंच चउ पंच तिन्नि कमा ।
किरियाओ पणवीसं, इमा उ ताओ अणुक्कमसो ॥२१॥

काइय-अहिगरणिया, पाउसिया-पारितावणी किरिया ।
पाणाइवायरंभिय परिग्गहिआ मायवत्ती अ ॥२२॥

मिच्छादंसणवत्ती, अपच्चक्खाणा य दिट्ठि-पुट्ठि य ।
पाडुच्चिय सामंतो,–वणीअ नेसत्थि–साहत्थी ॥२३॥

आणवणि-विआरणिया, अणभोगा अणवकंखपच्चइया ।
अन्ना पओग समुदाण, पिज्ज दोसेरियावहिया ॥२४॥

समिई गुत्ती परिसह, जइधम्मो भावणा चरित्ताणि ।
पण-ति-दुवीस-दस-बार,–पंचभेएहिं सगवन्ना ॥२५॥

इरिया भासेसणादाणे, उच्चारे समिईसु अ ।
मणगुत्ती वयगुत्ती, कायगुत्ती तहेव य ॥२६॥

खुहा–पिवासा–सी–उण्हं, दंसा-ऽचेला-ऽरइ-त्थिओ ।
चरिया–निसीहिया–सिज्जा, अक्कोस–वह–जायणा ॥२७॥

अलाभ-रोग-तणफासा, मल–सक्कार–परीसहा ।
पन्ना–अन्नाण–सम्मत्तं, इअ बावीस परीसहा ॥२८॥

खंती–मद्दव–अज्जव, मुत्ती–तव–संजमे अ बोधव्वे ।
सच्चं सोअं आकिं,–चणं च बंभं च जइधम्मो ॥२९॥

पढम-मणिच्च-मसरणं, संसारो एगया य अन्नत्तं ।
असुइत्तं आसव, संवरो य तह णिज्जरा नवमी ॥३०॥

लोगसहावो बोही,–दुलहा धम्मस्स साहगा अरिहा ।
एआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ॥३१॥

सामाइअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं ।
परिहारविसुद्धीअं, सुहुमं तह संपरायं च ॥३२॥

तत्तो अ अहक्खायं, खायं सव्वंमि जीवलोगंमि ।
जं चरिऊण सुविहिया, वच्चंति अयरामरं ठाणं ॥३३॥

बारसविहं तवो णिज्जरा य, बंधो चउव्विगप्पो अ ।
पयइ–ट्ठिइ–अणुभाग,–प्पएसभेएहिं नायव्वो ॥३४॥

अणसण मूणोअरिया, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संली,–णया य बज्झो तवो होइ ॥३५॥

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गोऽवि अ, अब्भितरओ तवो होइ ॥३६॥

पयई सहावो वुत्तो, ठिई कालावहारणं ।
अणुभागो रसो णेओ, पएसो दलसंचओ ॥३७॥

पड-पडिहार-ऽसि-मज्ज,–हड-चित्त-कुलाल-भंडगारीणं ।
जह एएसिं भावा, कम्माणऽवि जाण तह भावा ॥३८॥

इह नाण-दंसणावरण,–वेय-मोहा-ऽऽउ-नाम-गोआणि ।
विग्घं च पण नव दु, अट्ठवीस-चउ-तिसय-दु-पणविहं ॥३९॥

नाणे अ दंसणावरणे, वेयणिए चेव अंतराए अ ।
तीसं कोडाकोडी, अयराणं ठिई अ उक्कोसा ॥४०॥

सित्तरि कोडाकोडी, मोहणिए वीस नाम–गोएसु ।
तित्तीसं अयराइं, आउट्ठिइबंध उक्कोसा ॥४१॥

बारस मुहुत्त जहन्ना, वेयणिए अट्ठ नाम गोएसु ॥
सेसाणंतमुहुत्तं, एयं बंधट्ठिईमाणं ॥४२॥

संतपयपरूवणया, दव्वपमाणं च खित्तफुसणा य ।
कालो अ अंतर भाग, भावे अप्पाबहुं चेव ॥४३॥

संतं सुद्धपयत्ता, विज्जंतं खकुसुमं व्व न असंतं ।
मुक्ख त्ति पयं तस्स उ, परूवणा मग्गणाईहिं ॥४४॥

गइ—इंदिए अ काए, जोए वेए कसाय नाणे अ।
संजम—दंसण—लेसा, भवसम्मे सन्नि—आहारे ॥४५॥

नरगइ-पणिंदि तस भव, सन्नि अहक्खाय खइयसम्मत्ते।
मुक्खोऽणाहार केवल,—दंसण-नाणे न सेसेसु ॥४६॥

दव्वपमाणे सिद्धाणं, जीवदव्वाणि हुंतिऽणंताणि।
लोगस्स असंखिज्जे, भागे इक्को य सव्वेवि ॥४७॥

फुसणा अहिया कालो, इग—सिद्ध-पडुच्च साइओणंतो।
पडिवायाऽभावाओ, सिद्धाणं अंतरं नत्थि ॥४८॥

सव्वजीयाणमणंते, भागे ते तेसिं दंसणं नाणं।
खइए भावे परिणा,—मिए अ पुण होइ जीवत्तं ॥४९॥

थोवा नपुंससिद्धा, थी-नर-सिद्धा कमेण संखगुणा।
इअ मुक्खतत्तमेअं, नवतत्ता लेसओ भणिआ ॥५०॥

जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं।
भावेण सद्दहंतो, अयाणमाणेऽवि सम्मत्तं ॥५१॥

सव्वाइं जिणेसर-भासियाइं, वयणाइं नन्नहा हुंति।
इइ बुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥५२॥

अंतोमुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहिं सम्मत्तं।
तेसिं अवड्ढपुग्गल,—परियट्टो चेव संसारो ॥५३॥

उस्सप्पिणी अणंता, पुग्गलपरिअट्टओ मुणेयव्वो ।
तेऽणंताऽतीअद्धा, अणागयद्धा अणंतगुणा ॥५४॥

जिण-अजिण-तित्थ-ऽतित्था, गिहि-अन्न-सलिंग-थी नरनपुंसा ।
पत्तेय सयंबुद्धा, बुद्धबोहिय इक्कणिका य ॥५५॥

जिणसिद्धा अरिहंता, अजिणसिद्धा य पुंडरिअपमुहा ।
गणहारि तित्थसिद्धा, अतित्थसिद्धा य मरुदेवी ॥५६॥

गिहिलिंगसिद्ध भरहो, वक्कलचीरी य अन्नलिंगम्मि ।
साहू सलिंगसिद्धा, थीसिद्धा, चंदणापमुहा ॥५७॥

पुंसिद्धा गोयमाई, गांगेयाई नपुंसया सिद्धा ।
पत्तेय सयंबुद्धा, भणिया करकंडु—कविलाई ॥५८॥

तह बुद्धबोहि गुरुबो-हिया य इगसमये इगसिद्धा य ।
इगसमयेऽवि अणेगा, सिद्धा तेऽणेगसिद्धा य ॥५९॥

जइआइ होइ पुच्छा, जिणाणमग्गंमि उत्तरं तइआ ।
इक्कस्स निग्गोयस्स, अणंतभागो अ सिद्धिगओ ॥६०॥

**॥ इति नवतत्व-मूलगाथाः समाप्ताः ॥**

# શ્રી નવતત્ત્વ પ્રકરણ સાર

## નવતત્ત્વનાં નામ અને વ્યાખ્યા.

૧ **જીવતત્ત્વ** = ચેતનાલક્ષણયુક્ત અથવા પ્રાણને ધારણ કરે તે.

૨ **અજીવતત્ત્વ** = ચેતના રહિત અથવા જડ હોય તે.

૩ **પુણ્યતત્ત્વ** = કર્મની શુભ પ્રકૃતિ અથવા જેનાથી સુખ અનુભવાય તે.

૪ **પાપતત્ત્વ** = કર્મની અશુભ પ્રકૃતિ અથવા જેનાથી દુઃખ અનુભવાય તે.

૫ **આશ્રવતત્ત્વ** = જેનાથી નવાં કર્મોનું આગમન થાય તે.

૬ **સંવરતત્ત્વ** = જેનાથી આવતાં કર્મો રોકાય તે.

૭ **નિર્જરાતત્ત્વ** = જેનાથી ધીમે ધીમે કર્મનો ક્ષય થાય તે.

૮ **બંધતત્ત્વ** = દૂધ અને પાણીની જેમ આત્મ-પ્રદેશોની સાથે નવાં કર્મોનું મળી જવું તે.

૯ **મોક્ષતત્ત્વ** = સકલ કર્મોનો સમૂળગો ક્ષય થવો તે.

# નવતત્ત્વોનો સાત પાંચ અને બે તત્ત્વમાં સમાવેશ.

**પુણ્ય** અને **પાપથી** નવાં કર્મોનું આગમન થાય છે, માટે પુણ્ય-પાપનો **આશ્રવતત્ત્વમાં** સમાવેશ થઈ શકે છે. એટલે ૯ માંથી બે જતાં **કુલ ૭ તત્ત્વો પણ કહી શકાય.**

નવાં કર્મો આવે ત્યારે આત્માની સાથે નવાં કર્મોનો બંધ પડે છે, માટે **બંધતત્ત્વમાં આશ્રવતત્ત્વનો સમાવેશ થઈ શકે છે;** તથા કર્મની નિર્જરા કરનાર અવશ્ય સંવર કરે જ, એટલે '**આશ્રવ ને સંવર**' એ બે તત્ત્વો શિવાયનાં (૭-૨=૫) **કુલ પાંચ તત્ત્વો પણ કહી શકાય.**

કર્મથી બંધ થાય છે, પરંતુ કર્મ નિર્જીવ-જડ હોવાથી તેનો સમાવેશ **અજીવતત્ત્વમાં** થઈ શકે છે. તથા આત્માના ગુણોને પ્રગટાવનાર **નિર્જરા** અને **મોક્ષ** એ બે તત્ત્વોનો સમાવેશ જીવ તત્ત્વમાં થવાથી કુલ '**જીવતત્ત્વ અને અજીવતત્ત્વ**' **એમ બે તત્ત્વો પણ કહી શકાય.** અર્થાત્ જીવ ને અજીવમાં બાકીના સાતે તત્ત્વોનો સમાવેશ થઈ શકે છે. આ સિવાય લોકમાં કોઈ બીજું તત્ત્વ નથી.

## નવતત્ત્વના ૨૭૬ ભેદોમાંથી રૂપી-અરૂપી, હેય-જ્ઞેય-ઉપોદય.

| નવતત્ત્વો | રૂપી | અરૂપી | હેય | જ્ઞેય | ઉપાદેય |
|---|---|---|---|---|---|
| ૧ જીવતત્ત્વ | ૧૪ | ૦ | ૦ | ૧૪ | ૦ |
| ૨ અજીવતત્ત્વ | ૪ | ૧૦ | ૦ | ૧૪ | ૦ |
| ૩ પુણ્યતત્ત્વ | ૪૨ | ૦ | ૦ | ૦ | ૪૨ |
| ૪ પાપતત્ત્વ | ૮૨ | ૦ | ૮૨ | ૦ | ૦ |
| ૫ આશ્રવતત્ત્વ | ૪૨ | ૦ | ૪૨ | ૦ | ૦ |
| ૬ સંવરતત્ત્વ | ૦ | ૫૭ | ૦ | ૦ | ૫૭ |
| ૭ નિર્જરાતત્ત્વ | ૦ | ૧૨ | ૦ | ૦ | ૧૨ |
| ૮ બંધતત્ત્વ | ૪ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૯ મોક્ષતત્ત્વ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ |
| કુલ——૯ | ૧૮૮ | ૮૮ | ૧૨૮ | ૨૮ | ૧૨૦ |

હેય = તજવા યોગ્ય
જ્ઞેય = જાણવા ,,
ઉપાદેય = ગ્રહણ કરવા યોગ્ય

## બીજા અજીવતત્ત્વના ૧૪ ભેદ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. ધર્માસ્તિકાય.... | સ્કંધ | – દેશ | – પ્રદેશ | = | ૩ |
| ૨. અધર્માસ્તિકાય | ,, | ,, | ,, | = | ૩ |
| ૩. આકાશાસ્તિકાય | ,, | ,, | ,, | = | ૩ |
| ૪. પુદ્ગલાસ્તિકાય | ,, | ,, | ,, | પરમાણુ = | ૪ |
| ૫. કાળ............... | × | × | × | × = | ૧ |
| | | | અજીવતત્ત્વના કુલ | | ૧૪ ભેદ |

સ્કંધ = અખંડ ભાગ

દેશ = સ્કંધની સાથે સંબંધવાળો સ્કંધનો અમુક ભાગ.

પ્રદેશ = સ્કંધની સાથે જોડાયેલો ભાગ કે જેના બે ભાગ ન હોઈ શકે તે.

પરમાણુ = સ્કંધથી છૂટો પડેલ પ્રદેશ કે જેના બે ભાગ ન પડી શકે તે.

---

## અસ્તિકાય–પરમાણુઓનો સમૂહ

૧. ધર્માસ્તિકાય = ચાલવામાં સહાય આપવાના સ્વભાવવાળો છે.

૨. **અધર્માસ્તિકાય** = સ્થિર રહેવામાં સહાય આપવાના સ્વભાવવાળો છે. આ બંને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ અને રૂપથી રહિત છે. ચૌદ રાજલોક (લોકાકાશ)માં સર્વત્ર વ્યાપીને રહેલ છે, અસંખ્યાત પ્રદેશવાળા છે અને ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણ કાળમાં શાશ્વતપણે વર્તે છે.

૩. **આકાશાસ્તિકાય** = જગતના સકલ જીવોને તેમજ પુદ્ગલોને (=જડ પદાર્થોને) અવકાશ (–જગ્યા) આપે છે. તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શરહિત, અરૂપી, લોકાલોક વ્યાપી, અનંત પ્રદેશી અને ત્રિકાળવર્તી–શાશ્વતો પદાર્થ છે.

૪. **પુદ્ગલાસ્તિકાય** = વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ અને રૂપ સહિત, ચૌદ રાજલોકવ્યાપી, સંખ્ય, અસંખ્ય અને અનંત પ્રદેશવાળો અને પૂરણ–ગલન સ્વભાવવાળો છે.

૫. **કાળ** = વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અને રૂપ રહિત, અપ્રદેશી ત્રણે કાળ એક જ સમયરૂપે રહેનાર તે સમયાદિ રૂપ કાળ કહેવાય છે.

---

## — સમયનું કોષ્ઠક —

ઘણો સૂક્ષ્મ કાળ = ૧ સમય.
અસંખ્ય સમય = ૧ આવલી.
૧,૬૭,૭૭,૨૧૬ આવલી = ૧ મુહૂર્ત.
૩૦ મુહૂર્ત(નો) = ૧ દિવસ.
૧૫ દિવસ(નું) = ૧ પખવાડિયું.
૨ પખવાડિયાં(નો) = ૧ મહિનો.
૧૨ મહિના(નું) = ૧ વર્ષ.
અસંખ્ય વર્ષે = ૧ પલ્યોપમ.
૧૦ કોડાકોડી પલ્યોપમે = ૧ સાગરોપમ.
૧૦ કોડાકોડી સાગરોપમે = ૧ ઉત્સર્પિણી.
" " " = ૧ અવસર્પિણી.
૧ ઉત્સર્પિણી ને ૧ અવસર્પિણી(નું) = ૧ કાળચક્ર.

---

## ૭ દ્રવ્યોમાં પરિણામી આદિ ૧૨ ધર્મો.

| | | | |
|---|---|---|---|
| ૧. **પરિણામી** – | જીવાસ્તિકાય – | પુદ્‌ગલાસ્તિકાય | = ૨ |
| ૨. **જીવ** – | " | ૦ | = ૧ |
| ૩. **મૂર્ત** – | ૦ | " | = ૧ |

૪. **સપ્રદેશી** – જીવ, ધર્મ, અધર્મ, આકાશ,
પુદ્‌ગલાસ્તિકાય...................................= ૫

૫. **એક** – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય,
આકાશાસ્તિકાય.................................= ૩
૬. **ક્ષેત્ર** – આકાશાસ્તિકાય..........................= ૧
૭. **સક્રિય** – જીવ અને પુદ્ગલાસ્તિકાય = ૨
૮. **નિત્ય** – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકા-
શાસ્તિકાય ને કાળ ..........................= ૪
૯. **કારણ** – ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલા-
સ્તિકાય અને કાળ................................= ૫
૧૦. **કર્ત્તા** – જીવાસ્તિકાય...........................= ૧
૧૧. **સર્વગત** – આકાશાસ્તિકાય.................... ૧
૧૨. **અપ્રવેશી** – જીવ, ધર્મ, અધર્મ, આકાશ –
પુદ્ગલાસ્તિકાય અને કાળ....................... ૬

---

## પુણ્ય–પાપના ચાર ભાંગા.

૧. **પુણ્યાનુબંધી પુણ્ય** = જે પુણ્ય ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તે.
૨. **પાપાનુબંધી પુણ્ય** = જે પુણ્ય ભોગવતાં બીજું નવું પાપ બંધાય તે.
૩. **પુણ્યાનુબંધી પાપ** = જે પાપ ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તે.
૪. **પાપાનુબંધી પાપ** = જે પાપ ભોગવતાં બીજું નવું પાપ બંધાય તે.

---

# પુણ્ય ૯ પ્રકારે બંધાય છે.

૧ પૂજ્ય સુવિહિત સાધુ મુનિરાજને આહાર-ઔષધિ આદિ આપવાથી.

૨ પૂજ્ય સુવિહિત સાધુ મુનિરાજને અચિત્ત પાણી આદિ આપવાથી.

૩ પૂજ્ય સુવિહિત સાધુ મુનિરાજને વસતિ – રહેવા માટે સ્થાન આદિ આપવાથી.

૪ પૂજ્ય સુવિહિત સાધુ મુનિરાજને પાટ વગેરે આપવાથી.

૫ પૂજ્ય સુવિહિત સાધુ મુનિરાજને વસ્ત્ર વગેરે જોઈતાં ઉપકરણો આપવાથી.

૬ પૂજ્ય સુવિહિત સાધુ મુનિરાજને માટે મનમાં શુભ વિચારો કરવાથી.

૭ પૂજ્ય સુવિહિત સાધુ મુનિરાજની વચનથી સ્તુતિ – સ્તવના વગેરે કરવાથી.

૮ પૂજ્ય સુવિહિત સાધુ મુનિરાજની શરીર વડે સેવા – ભક્તિ આદિ કરવાથી.

## પુણ્ય ભોગવવાના ૪૨ પ્રકાર.

૧. **સાતાવેદનીય** – જેના ઉદયથી શરીરે સુખાકારી રહે તે.

૨. **ઉચ્ચગોત્ર** – જેના ઉદયથી ઉચ્ચ કુળમાં જન્મ થાય અને લોકમાં સારી પ્રતિષ્ઠા જામે તે.

૩. **મનુષ્યગતિ**(નામકર્મ) – જેના ઉદયે જીવને માનવગતિ મળે તે.

૪. **મનુષ્યાનુપૂર્વી**(નામકર્મ) – બીજી ગતિમાં વાંકા જતા જીવને મનુષ્યગતિમાં લાવીને મૂકનારું કર્મ.

(આનુપૂર્વી એટલે બીજા ભવમાં વક્રગતિએ જતાં જીવને બળદની નાથની જેમ, સીધા ઉત્પત્તિસ્થાને લઈ જાય તે.)

૫. **દેવગતિ**(નામકર્મ) – જેના ઉદયે દેવગતિ મળે તે.

૬. **દેવાનુપૂર્વી**(નામકર્મ) – બીજી ગતિમાં વાંકા જતા જીવને દેવગતિમાં લાવીને મૂકે તે.

૭. **પંચેંદ્રિયજાતિ**(નામકર્મ) – જેના ઉદયે જીવ પંચેંદ્રિયપણું પામે તે.

૮. ઔદારિકશરીર( નામકર્મ ) – જેના ઉદયે ઔદારિક શરીર મળે તે.

૯. વૈક્રિયશરીર( નામકર્મ ) – જેના ઉદયે વૈક્રિય શરીર મળે તે. ( આ વૈક્રિય શરીરથી વિવિધ રૂપાંતરો કરવાની ક્રિયા થઈ શકે છે ) જેના બે ભેદ છે. ૧. ભવપ્રત્યયિક–કે જે નારકી અને અને દેવને હોય છે. ૨. લબ્ધિપ્રત્યયિક–કે જે મનુષ્ય ને તિર્યંચને હોઈ શકે છે.

૧૦. આહારકશરીર( નામકર્મ ) – જેના ઉદયથી ૧૪ પૂર્વધર, તીર્થંકરની ઋદ્ધિ વગેરે જોવા માટે કે શંકા નિવારણાર્થે એક હાથ પ્રમાણ સર્વાંગ સુંદર શરીરને ધારણ કરે તે.

૧૧. તૈજસશરીર( નામકર્મ ) – જેના ઉદયે આહાર પચાવનાર તથા તેજોલેશ્યાના કારણરૂપ શરીરની પ્રાપ્તિ થાય તે.

૧૨. કાર્મણશરીર( નામકર્મ )–જેના ઉદયે સર્વ પ્રકારના શરીરના મૌલિક કારણરૂપ અને આઠ કર્મના વિકારરૂપ એવા કાર્મણ શરીરની પ્રાપ્તિ થાય તે.

૧૩. **ઔદારિક અંગોપાંગ**( નામકર્મ ) – જેના ઉદયે ઔદારિક શરીરનાં અંગ ને ઉપાંગની પ્રાપ્તિ થાય તે.

( મસ્તક, પીઠ, છાતી, પેટ, બે હાથ અને બે સાથળ – એ આઠ અંગ છે. આંગળી વગેરે ઉપાંગ અને રેખા વગેરે અંગોપાંગ કહેવાય છે. તૈજસ તેમ જ કાર્મણ શરીરને અંગોપાંગ હોતાં નથી.)

૧૪. **વૈક્રિય અંગોપાંગ**( નામકર્મ ) – જેના ઉદયે વૈક્રિય શરીરના અંગ–ઉપાંગની પ્રાપ્તિ થાય તે.

૧૫. **આહારક અંગોપાંગ**( નામકર્મ ) – જેના ઉદયે આહારક શરીરના અંગ ઉપાંગની પ્રાપ્તિ થાય તે.

૧૬. **વજ્રઋષભનારાચ સંઘયણ**( નામકર્મ ) – જેના ઉદયે બે બાજુ મર્કટબંધ, તેના ઉપર પાટો અને તેની ઉપર ખીલી જેવો મજબૂત શરીરના હાડકાનો બાંધો પ્રાપ્ત થાય તે. ( વજ્ર = ખીલી, ઋષભ = પાટો, નારાચ = બે બાજુ મર્કટ-બંધ, સંઘયણ = હાડકાંનો સમૂહ. )

૧૭. **સમચતુરસ્ર સંસ્થાન**( નામકર્મ ) – જેના ઉદયે પર્યંકાસને પલાંઠી વાળીને બેસતાં, જેના ચારે ખૂણા સરખા હોય, એવા સંસ્થાનની ( = શરીરની આકૃતિની ) પ્રાપ્તિ થાય તે.

૧૮. **શુભ વર્ણ**(નામકર્મ) – જેના ઉદયે ધોળા, પીળા કે લાલ વર્ણની (શુભ રંગની) પ્રાપ્તિ થાય તે.

૧૯. **શુભ ગંધ**(નામકર્મ) – જેના ઉદયે સુગંધની પ્રાપ્તિ થાય તે.

૨૦. **શુભ રસ**(નામકર્મ) – જેના ઉદયે કષાયેલા અને મધુર મીઠા રસ રૂપ શુભરસની પ્રાપ્તિ થાય તે.

૨૧. **શુભ સ્પર્શ**(નામકર્મ) – જેના ઉદયે હળવા, સુંવાળા વગેરે સારા સ્પર્શની પ્રાપ્તિ થાય તે.

૨૨. **અગુરુ લઘુ**(નામકર્મ) – જેના ઉદયે બહુ ભારે નહિ, તેમજ બહુ હલકું નહિ, એવા મધ્યમ વજનવાળા શરીરની પ્રાપ્તિ થાય તે.

૨૩. **પરાઘાત**(નામકર્મ) – જેના ઉદયે ગમે તેવા બળવાનને પણ જિતવા સમર્થ થવાય તે.

૨૪. **શ્વાસોચ્છ્વાસ**(નામકર્મ) – જેના ઉદયે શ્વાસોચ્છ્વાસ સુખરૂપ લઈ શકાય તે.

૨૫. **આતપ**(નામકર્મ) – સૂર્યના બિંબની જેમ પોતે શીતળ છતાં બીજાને તાપ કરનાર થાય તે.

૨૬. **ઉદ્દ્યોત**(નામકર્મ) – જેના ઉદયે ચંદ્રના બિંબની જેમ શીતળ તેમજ પ્રકાશવાળા શરીરની પ્રાપ્તિ થાય તે.

૨૭. **શુભ ખગતિ**(શુભ વિહાયોગતિ નામકર્મ)–જેના ઉદયથી વૃષભ, હાથી તથા હંસના જેવી ચાલવાની સારી ગતિ પ્રાપ્ત થાય તે.

૨૮. **નિર્માણ**(નામકર્મ) – જેના ઉદયે સુથારે ઘડેલ પૂતળીની જેમ યોગ્ય સ્થળે અંગોપાંગ ગોઠવાય તે.

## ( ત્રસદશક )

૨૯. [૧] **ત્રસ**(નામકર્મ)–જેના ઉદયે જીવને બે, ત્રણ, ચાર કે પાંચ ઇંદ્રિયવાળા શરીરની પ્રાપ્તિ થાય તે અથવા જેના ઉદયે જીવ ત્રસ કહેવાય તે.

૩૦. [૨] **બાદર**(નામકર્મ) – જેના ઉદયે દેખી શકાય એવા મોટા શરીરની પ્રાપ્તિ થાય તે.

૩૧. [૩] **પર્યાપ્ત**(નામકર્મ) – જેના ઉદયે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે તે.

૩૨. [૪] **પ્રત્યેક**(નામકર્મ) – જેના ઉદયે એક શરીરમાં એક જીવપણાને પામે તે.

૩૩. [૫] **સ્થિર**(નામકર્મ) – શરીરમાં હાડ, દાંત વગેરે વગેરે અવયવો સ્થિર રહે તે.

૩૪. [૬] **શુભ**(નામકર્મ) – નાભિ ઉપરનું શરીર પ્રમાણોપેત અથવા સારું હોય તે.

૩૫. [૭] **સૌભાગ્ય**(નામકર્મ)–સર્વ લોકને પ્રિય લાગે તે.

૩૬. [૮] **સુસ્વર**(નામકર્મ) – કોયલ વગેરેના જેવો મધુર સ્વર પ્રાપ્ત થાય તે. અથવા મીઠો કંઠ યા સુર જેનાથી મળે તે.

૩૭. [૯] **આદેય**(નામકર્મ) – લોકમાં માન્ય વચનવાળો થાય તે.

૩૮. [૧૦] **યશ**(નામકર્મ) – યશ–કીર્તિ પ્રસરે તે.

૩૯. **સુરાયુ** – જેના ઉદયે જીવ દેવતાનું આયુષ્ય પામે તે.

૪૦. **મનુષ્યાયુ** – ,, ,, મનુષ્યનું ,, ,, ,,

૪૧. **તિર્યંચાયુ** – ,, ,, તિર્યંચનું ,, ,, ,,

૪૨. **તીર્થંકર**(નામકર્મ) – જેના ઉદયે ત્રણે લોકના જીવોનું પૂજનીયપણું પ્રાપ્ત થાય તે. [ તીર્થંકર, કેવળી આદિ થાય તે. ]

---

# ચોથું પાપતત્ત્વ

## પાપ બાંધવાના ૧૮ પ્રકાર યાને ૧૮ પાપસ્થાનક

૧. **પ્રાણાતિપાત**–જીવહિંસા.

૨. **મૃષાવાદ**–જૂઠું બોલવું.

૩. **અદત્તાદાન**–ચોરી કરવી.

૪. **મૈથુન**–સ્ત્રીસેવન, પરસ્ત્રીગમન, રંડીબાજી–વેશ્યાગમન

૫. **પરિગ્રહ**–ધન, ધાન્ય, નોકર, ઘરબાર, ઢોર, ઘરેણાં, ખેતર વગેરે વસ્તુઓનો સંગ્રહ.

૬. **ક્રોધ**–ગુસ્સો કરવો.

૭. **માન**–અભિમાન–અહંકાર કરવો.

૮. **માયા**–દંભ, કપટ કે પ્રપંચ કરવા.

૯. **લોભ**–ગમે તેટલું મળે તો પણ સંતોષ ન રાખવો તે સંતોષનો દુશ્મન.

૧૦. **રાગ**–સ્ત્રી ઉપરના પ્રેમરૂપ કામરાગ, માતપિતા, ભાઈ વગેરેના પ્રેમરૂપ સ્નેહરાગ અને જેના ઉપર દૃષ્ટિ ઠરી હોય તેને અવગુણી છતાં ગુણી માનવો તે દૃષ્ટિરાગ.

૧૧. **દ્વેષ**–અપ્રેમ, અરુચિ, અણગમો.

૧૨. **કલહ**–કલેશ, કંકાસ કે કજિયો.

૧૩. **અભ્યાખ્યાન**–ખોટું આળ યા કલંક.

૧૪. **પૈશુન્ય**–ચાડી ખાવી તે.

૧૫. **રતિ–અરતિ**–પ્રીતિ-અપ્રીતિ.

૧૬. **પરપરિવાદ**–પારકાની નિંદા.

૧૭. **માયામૃષાવાદ**–કપટ સહિત જૂઠું બોલવું તે.

૧૮. **મિથ્યાત્વશલ્ય**–દેવ, ગુરુ ધર્મ પ્રત્યેની અશ્રદ્ધા-રૂપ કાંટો.

---

## પાપતત્ત્વના ૮૨ પ્રકાર

૧. **મતિજ્ઞાનાવરણીય**–જેનો ઉદય ઇંદ્રિય અને મનથી થતા નિયત વસ્તુના મતિજ્ઞાનને રોકે–ઢાંકે તે.

૨. **શ્રુતજ્ઞાનાવરણીય** – જેના ઉદયે શાસ્ત્રાનુસારે જે જ્ઞાન થાય, એવા શ્રુતજ્ઞાનને ઢાંકે તે.

૩. **અવધિજ્ઞાનાવરણીય** – જેના ઉદયથી ઇંદ્રિયાદિકની અપેક્ષા વિના આત્મા વડે, મર્યાદાપૂર્વક જે રૂપી દ્રવ્યનું જ્ઞાન થાય, એવા અવધિજ્ઞાનને ઢાંકે તે.

૪. **મનઃપર્યવજ્ઞાનાવરણીય**–જેના ઉદયથી સંજ્ઞી પંચેદ્રિય જીવના મનોગત હાર્દિક ભાવ જાણી શકે, એવા મનઃપર્યવજ્ઞાનને ઢાંકે તે.

૫. **કેવળજ્ઞાનાવરણીય** – જેના ઉદયથી ત્રણે કાળના તમામ રૂપી કે અરૂપી પદાર્થોનું પરિપૂર્ણ જ્ઞાન થાય એવા કેવળજ્ઞાનને ઢાંકે–રોકે તે.

૬. **દાનાંતરાય** – જેના ઉદયે પોતાની પાસે દેવા લાયક વસ્તુ હોય છતાં, તથા દાનનું ફળ જાણવા છતાં પણ દાન આપી શકાય નહિ તે.

૭. **લાભાંતરાય** – જેના ઉદયે સામા દાતારના ઘરમાં વસ્તુ હયાત છતાં અને માગનાર પોતે પાત્ર છતાં, પોતાને ઈચ્છિત – જોઈતી વસ્તુ મળી શકે નહિ તે.

૮. **ભોગાન્તરાય** – જેના ઉદયે પોતે યુવાન છતાં, સુંદર-રૂપાળો છતાં અને ભોગ્ય વસ્તુની પ્રાપ્તિ છતાં પણ ભોગવી ન શકે તે.

૯. **ઉપભોગાંતરાય** – જેના ઉદયે પોતે યુવાન છતાં, તથા ઉપભોગ્ય વસ્તુની સ્વાધીન જોગવાઈ છતાં પણ ભોગવી ન શકે તે.

૧૦. **વીર્યાંતરાય** – જેના ઉદયે પોતે યુવાન ને નિરોગી છતાં બળહીન થાય, અથવા કોઈ પણ કાર્ય કરવામાં ઉત્સાહ ન વધે તે.

૧૧. **ચક્ષુદર્શનાવરણીય** – જેના ઉદયે આંખથી રૂપનું સામાન્યપણે જ્ઞાન થાય, એવા ચક્ષુદર્શનને ઢાંકે તે (– ન થવા દે તે.)

૧૨. **અચક્ષુદર્શનાવરણીય**–જેના ઉદયે ચક્ષુ સિવાયની ચાર ઇંદ્રિયોથી સ્વસ્વ – વિષયનું સામાન્યપણે જ્ઞાન થાય એવા અચક્ષુદર્શનને રોકે તે.

૧૩. **અવધિદર્શનાવરણીય** – જેના ઉદયે મર્યાદાપૂર્વક રૂપી દ્રવ્યનું સામાન્યપણે જ્ઞાન થાય એવા અવધિ-દર્શનને ઢાંકે તે.

૧૪. **કેવળદર્શનાવરણીય** – જેના ઉદયે રૂપી કે અરૂપી સકલ પદાર્થોનો સામાન્ય બોધ થાય એવા કેવળ દર્શનને જે આવરે–રોકે તે.

૧૫. **નિદ્રા** – જેના ઉદયે નિદ્રાવસ્થામાંથી સુખપૂર્વક જાગી શકાય તે.

૧૬. **નિદ્રાનિદ્રા** – જેના ઉદયે નિદ્રાવસ્થામાંથી દુઃખપૂર્વક મુશ્કેલીથી જાગૃત થવાય તે.

૧૭. **પ્રચલા** – જેના ઉદયે બેઠા બેઠા અને ઊભા ઊભા પણ નિદ્રા આવે તે.

૧૮. **પ્રચલાપ્રચલા** – જેના ઉદયે ચાલતાં ચાલતાં પણ નિદ્રા આવે તે.

૧૯. **થિણદ્ધિ** – જેના ઉદયે નિદ્રાવસ્થામાં દિવસે ચિંત-વેલું કામ રાત્રિએ જાગતાની જેમ જીવ કરે તે.

[પ્રથમ સંઘયણવાળા જીવને થિણદ્ધિ–સત્યાનર્દ્ધિ

નિદ્રાના સમયે વાસુદેવથી અડધું બળ હોય છે. બીજા સંઘયણવાળાઓને પોતાના બળથી બમણું બળ હોય છે. આ નિદ્રાના ઉદયવાળા જીવ નરકગામી જાણવા.]

૨૦. **નીચગોત્ર** – જેના ઉદયે નીચ કે હલકા કુળમાં જન્મ થાય તે.

૨૧. **અશાતાવેદનીય** – જેના ઉદયે જીવને શરીર દુઃખનો અનુભવ થાય તે.

૨૨. **મિથ્યાત્વમોહનીય** – જેના ઉદયે વીતરાગના વચનથી વિપરીત શ્રદ્ધા થાય તે. અથવા દેવગુરૂ ધર્મપ્રત્યે શ્રદ્ધા ન થવા દે તે.

## (સ્થાવરદશક)

૨૩. [૧] **સ્થાવર(નામકર્મ)** – જેના ઉદયે જીવને સ્થાવરપણું પ્રાપ્ત થાય તે.

૨૪. [૨] **સૂક્ષ્મ(નામકર્મ)** – જેના ઉદયે ચર્મચક્ષુથી ન દેખી શકાય એવા સૂક્ષ્મ—નાનામાં નાના શરીરવાળા જીવપણાની પ્રાપ્તિ થાય તે.

૨૫. [૩] **અપર્યાપ્ત(નામકર્મ)** – જેના ઉદયે જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરે તે.

૨૬. [૪] **સાધારણ**(નામકર્મ) – જેના ઉદયે અનંતા જીવ વચ્ચે એક શરીરની પ્રાપ્તિ થાય તે.

૨૭. [૫] **અસ્થિર**(નામકર્મ) – જેના ઉદયે દાંત આદિ અવયવો અસ્થિર થાય તે.

૨૮. [૬] **અશુભ**(નામકર્મ) – જેના ઉદયે નાભિથી નીચેનું અંગ બીજાને અડવાથી અશુભ લાગે તે.

૨૯. [૭] **દૌર્ભાગ્ય**(નામકર્મ) – જેના ઉદયે બધાંને અપ્રિય લાગે–ન ગમે તે.

૩૦. [૮] **દુઃસ્વર**(નામકર્મ) – જેના ઉદયે કાગડા અને ગધેડા વગેરેની જેમ ખરાબ (કર્ણકટુ) સ્વરની પ્રાપ્તિ થાય તે.

૩૧. [૯] **અનાદેય**(નામકર્મ) – જેના ઉદયે લોકોમાં અમાન્ય વચનવાળો થાય તે.

૩૨. [૧૦] **અપયશ**(નામકર્મ)–જેના ઉદયે લોકમાં અપકીર્તિ ને અપયશ ફેલાય તે.

૩૩. **નરકગતિ**(નામકર્મ) – જેના ઉદયે જીવને નરકમાં ઉત્પન્ન થવું પડે તે.

૩૪. **નરકાનુપૂર્વી**(નામકર્મ) – ભવાંતરમાં વાંકા જતા જીવને બળદની નાથની જેમ ખેંચીને નરકમાં લઈ જઈને મૂકે તે.

૩૫. નરકાયુ(નામકર્મ) – જેના ઉદયે જીવને ફરજિયાત નરકમાં રહેવું પડે તે.

## ( સોળકષાય )

૩૬. **અનંતાનુબંધી ક્રોધ**—પર્વતની રેખા સમાન છે.

૩૭. **અનંતાનુબંધી માન**—પત્થરના થાંભલા સમાન છે.

૩૮. **અનંતાનુબંધી માયા**—વાંસના મૂળ સમાન છે.

૩૯. **અનંતાનુબંધી લોભ**—કીરમજીના રંગ સમાન છે.

[ આ અનંતાનુબંધી ચાર કષાયો કહેવાય છે, જેના ઉદયે જીવને સમકિત મળી શકતું નથી, ઉત્કૃષ્ટપણે જીવનભર રહે અને પ્રાંતે નરક ગતિ પમાડે છે. ]

૪૦. **પ્રત્યાખ્યાનીય ક્રોધ**—સુકાયેલા તળાવની રેખા સમાન છે.

૪૧. **પ્રત્યાખ્યાનીય માન**—હાડકાંના થાંભલા સમાન છે.

૪૨. **પ્રત્યાખ્યાનીય માયા**—મેંઢાના શિંગડા સમાન છે.

૪૩. **પ્રત્યાખ્યાનીય લોભ**—ગાડાની માળી સમાન છે.

[ આ પ્રત્યાખ્યાનાવરણીય ચાર કષાયો કહેવાય છે. તેના ઉદયે જીવ દેશવિરતીપણું પામી શકતો નથી, જે એક વર્ષ સુધી કાયમ ટકે છે અંતે તિર્યંચ-ગતિ પમાડે છે. ]

૪૪. **અપ્રત્યાખ્યાનીય ક્રોધ**—રેતીની રેખા સમાન છે.

૪૫. **અપ્રત્યાખ્યાનીય માન**—લાકડાના થાંભલા સમાન છે.

૪૬. **અપ્રત્યાખ્યાનીય માયા**—ગોમૂત્ર સમાન છે.

૪૭. **અપ્રત્યાખ્યાનીય લોભ**—કાજળના રંગ સમાન છે.

[ આ ચારે અપ્રત્યાખ્યાનાવરણીય કષાયો કહેવાય છે. તેના ઉદયે જીવ સર્વવિરતિપણું યાને સંયમને પામી શકતો નથી. જે ચાર માસ સુધી રહે છે અને પ્રાંતે મરીને મનુષ્યગતિમાં જાય છે. ]

૪૮. **સંજ્વલનનો ક્રોધ**—પાણીની રેખા સમાન છે.

૪૯. **સંજ્વલનનું માન**—નેતરની સોટી સમાન છે.

૫૦. **સંજ્વલનની માયા**—વાંસની છાલ સમાન છે.

૫૧. **સંજ્વલનનો લોભ**—હળદરના રંગ સમાન છે.

[ આ ચારે સંજ્વલનના કષાયો કહેવાય છે. તેના ઉદયે જીવ યથાખ્યાત ચારિત્ર પામી શકતો નથી.

તેની પંદર દિવસની સ્થિતિ છે અને તે દેવગતિ અપાવે છે.]

## (હાસ્યષટ્ક)

૫૨. **હાસ્ય** – જેના ઉદયે જીવને સકારણ કે નિષ્કારણ હાસ્ય–હાંસી ઉત્પન્ન થાય તે.

૫૩. **રતિ** – જેના ઉદયે જીવને સકારણ કે નિષ્કારણ રતિ–પ્રેમ ઉત્પન્ન થાય તે.

૫૪. **અરતિ** – જેના ઉદયે જીવને સકારણ કે નિષ્કારણ અરતિ–અપ્રેમ–અરુચિ થાય તે.

૫૫. **ભય** – જેના ઉદયે જીવને સકારણ કે નિષ્કારણ કોઈ પણ જાતનો ભય પેદા થાય તે.

૫૬. **શોક** – જેના ઉદયે જીવને સકારણ કે નિષ્કારણ શોક–સંતાપ–ખેદ પેદા થાય તે.

૫૭. **દુગંછા** – જેના ઉદયે જીવને સકારણ કે નિષ્કારણ દુગંછા–તિરસ્કાર પેદા થાય તે.

## (ત્રણ વેદ)

૫૮. **પુરુષવેદ** – જેના ઉદયે સ્ત્રીને ભોગવવાની ઇચ્છા થાય તે, જે તૃણના અગ્નિ જેવો છે.

૫૯. **સ્ત્રીવેદ** – જેના ઉદયે પુરુષને ભોગવવાની ઇચ્છા થાય તે, જે બકરીની લીંડીઓના જેવો છે.

૬૦. **નપુંસકવેદ** – જેના ઉદયે સ્ત્રી-પુરુષ બંનેને ભોગવવાની ઇચ્છા થાય તે, જે નગરના દાહ સરખો છે.

[ ૧૬ કષાય + ૬ હાસ્યાદિ ષટ્ + ૩ વેદ મળી= કુલ ૨૫ ભેદ ચારિત્રમોહનીય કર્મના કહેવાય છે. તેમાં હાસ્યાદિ ૬ અને ૩ વેદ—એ નવ નોકષાય કહેવાય છે. ]

૬૧. **તિર્યંચગતિ**(નામકર્મ)—જેના ઉદયે જીવ તિર્યંચમાં ઉત્પન્ન થાય તે.

૬૨. **તિર્યંચાનુપૂર્વી**(નામકર્મ) – જે ભવાંતરમાં વાંકા જતા જીવને બળદની નાથની જેમ, તિર્યંચગતિમાં લાવીને મૂકે તે.

૬૩. **એકેંદ્રિયજાતિ**(નામકર્મ)—જેના ઉદયે જીવને એકેંદ્રિયપણું પ્રાપ્ત થાય તે. (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિના જીવો એકેંદ્રિય કહેવાય છે.)

૬૪. **બેઇન્દ્રિયજાતિ**(નામકર્મ)—જેના ઉદયે જીવ બેઇન્દ્રિયપણું પામે તે. (શંખ—કોડા—ગંડોલા—અળસિયા—લાળિયા—કરમિયા—પુરા વગેરે જીવો બેઇન્દ્રિયવાળા કહેવાય છે.)

૬૫. **તેઇન્દ્રિયજાતિ**(નામકર્મ) – જેના ઉદયે જીવ તેઈન્દ્રિયપણું પામે તે. (માંકડ, જૂ, લીખ, કીડી, મકોડા, ધનેડા, ઈયળ, છાણ ને વિષ્ટાના કીડા, ઉધેઈ, ધીમેલ વગેરે જીવો ત્રણ ઈન્દ્રિયવાળા કહેવાય છે.)

૬૬. **ચઉરિંદ્રિયજાતિ**(નામકર્મ) – જેના ઉદયે જીવ ચઉરિંદ્રિય પણું પામે તે. (વીંછી, ભમરા, ભમરી,

માંખા, માંખી, તીડ, ડાંસ, મચ્છર, કંસારી, કરોળિયા વગેરે જીવો ચાર ઇંદ્રિયવાળા જાણવા.)

૬૭. **અશુભવિહાયોગતિ**(નામકર્મ)–જેના ઉદયે જીવને ઊંટ ને ગધેડા વગેરેની જેમ અશુભ–ખરાબ ચાલવાની ગતિ પ્રાપ્ત થાય તે.

૬૮. **ઉપઘાત**(નામકર્મ) – જેના ઉદયે જીવને રસોળી, પડજીભી, ચોરદાંત વગેરે પોતાના જ અવયવો વડે પોતે જ હણાય તે.

૬૯. **અશુભ વર્ણ**(નામકર્મ) – જેના ઉદયે જીવને શરીરે નીલ તથા કૃષ્ણરૂપ અશુભ વર્ણ પ્રાપ્ત થાય તે.

૭૦. **અશુભ ગંધ**( નામકર્મ ) – જેના ઉદયે જીવને અશુભ ગંધની–દુર્ગંધની પ્રાપ્તિ થાય તે.

૭૧. **અશુભ રસ**( નામકર્મ ) – જેના ઉદયે જીવ અશુભ–ખરાબ રસ–વિરસની પ્રાપ્તિ થાય તે.

૭૨. **અશુભ સ્પર્શ**( નામકર્મ ) – જેના ઉદયે જીવને ભારે, લૂખો અને ખરબચડો વગેરે અશુભ સ્પર્શ પ્રાપ્ત થાય તે.

૭૩. **ઋષભનારાચ સંઘયણ**( નામકર્મ ) – જેના ઉદયે બે બાજુ મર્કટબંધ અને તેની ઉપર પાટો હોય, એવો હાડકાનો બાંધો પ્રાપ્ત થાય તે.

૭૪. **નારાચ સંઘયણ**( નામકર્મ ) – જેના ઉદયે બંને બાજુ મર્કટબંધ હોય એવો હાડકાનો બાંધો પ્રાપ્ત થાય તે.

૭૫. **અર્ધનારાચ સંઘયણ**( નામકર્મ ) – જેના ઉદયે એક જ બાજુ હાડકાનો બાંધો પ્રાપ્ત થાય તે.

૭૬. **કીલિકા સંઘયણ**( નામકર્મ ) – જેના ઉદયે પરસ્પર મળેલાં હાડકાંને ખીલીનો બંધ હોય તે.

૭૭. **છેવટ્ઠું સંઘયણ**( નામકર્મ ) – જેના ઉદયે હાડકાં પરસ્પર અડીને રહેલાં હોય ( એવું છેવટનું–હલકું સંઘયણ ) તે.

૭૮. **ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન**( નામકર્મ ) – જેના ઉદયે વડની જેમ નાભિની ઉપરનું અંગ સુલક્ષણ હોય તે. ( સંસ્થાન=શરીરનો આકાર. )

૭૯. **સાદિ સંસ્થાન**( નામકર્મ ) – જેના ઉદયે નાભિની નીચેનું અંગ સારું હોય પણ ઉપરનું અંગ ખરાબ હોય તે.

૮૦. **વામન સંસ્થાન**( નામકર્મ ) – જેના ઉદયે ઉદર, હ્રદય વગેરે સુલક્ષણ હોય અને હાથ, પગ, માથું ને ડોક વિલક્ષણ યાને પ્રમાણ રહિત હોય તે.

૮૧. **કુબ્જ સંસ્થાન**( નામકર્મ ) – જેના ઉદયે હાથ, પગ, માથું ને ડોક પ્રમાણસર હોય અને ઉદર, હ્રદય ને પીઠ પ્રમાણ રહિત હોય તે.

૮૨. **હુંડક સંસ્થાન**(નામકર્મ)–જેના ઉદયે સર્વ અવયવો પ્રમાણ વિનાનાં બેડોળ હોય તે.

## પુણ્ય તત્ત્વના ૪૨ ભેદની સંક્ષિપ્ત ગણતરી

| | | |
|---|---|---|
| નામકર્મના | —૩૭ | ભેદ |
| આયુષ્યકર્મના | — ૩ | ,, |
| વેદનીયકર્મનો | — ૧ | ,, |
| ગોત્રકર્મનો | — ૧ | ,, |
| કુલ | —૪૨ | ભેદ |

## પાપતત્ત્વના ૮૨ ભેદની સંક્ષિપ્ત ગણતરી

| | | |
|---|---|---|
| નામકર્મના | —૩૪ | ભેદ |
| આયુષ્યકર્મનો | — ૧ | ,, |
| વેદનીયકર્મનો | — ૧ | ,, |
| ગોત્રકર્મનો | — ૧ | ,, |
| જ્ઞાનાવરણકર્મના | — ૫ | ,, |
| દર્શનાવરણકર્મના | — ૯ | ,, |
| મોહનીયકર્મના | —૨૬ | ,, |
| અંતરાયકર્મના | — ૫ | ,, |

# પાંચમું આશ્રવતત્ત્વ

## આશ્રવતત્ત્વના ૪૨ ભેદની સંક્ષિપ્ત ગણતરી

૫ ઈન્દ્રિય—૧. સ્પર્શેંદ્રિય, ૨. રસનેંદ્રિય, ૩. ઘ્રાણેંદ્રિય, ૪. ચક્ષુરિન્દ્રિય, ૫. શ્રોત્રેંદ્રિય.

૪ કષાય—૧. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ.

૫ અવ્રત—૧. પ્રાણાતિપાત, ૨. મૃષાવાદ, ૩. અદત્તાદાન, ૪. મૈથુન, ૫. પરિગ્રહ,

૩ યોગ—૧. મનોયોગ, ૨. વચનયોગ, ૩. કાયયોગ.
૨૫ ક્રિયાયોગ—કાયિકી વગેરે ૨૫ ક્રિયાઓ છે.

૪૨ કુલ ભેદ

## પચ્ચીશ ક્રિયાઓ

૧. કાયિકી ક્રિયા – કાયાને જયણા વિના પ્રવર્ત્તાવતાં જે ક્રિયા લાગે તે.

૨. અધિકરણિકી ક્રિયા – ઘંટી વગેરે અધિકરણો (સાધનો) દ્વારા જીવોનો નાશ કરવો તે.

૩. પ્રાદ્વેષિકી ક્રિયા – જીવ અને અજીવ (જડ) પદાર્થ ઉપર દ્વેષ કરવો તે.

૪. પારિતાપનિકી ક્રિયા – પોતાને અને બીજાને પરિતાપ ઉપજાવવો તે.

૫. પ્રાણાતિપાતિકી ક્રિયા – એકેંદ્રિયાદિ કોઈ પણ જીવને હણવો કે હણાવવો તે.

૬. આરંભિકી ક્રિયા – ખેતી વગેરે આરંભ—સમારંભનાં કાર્યો કરવા-કરાવવાથી લાગતી ક્રિયા.

૭. પારિગ્રહિકી ક્રિયા – મોહ-મૂર્ચ્છા કે મમતાપૂર્વક ધન-ધાન્યાદિકનો સંગ્રહ કરવો તે.

૮. માયાપ્રત્યયિકી ક્રિયા – છળ-કપટ કે પ્રપંચ કરી બીજાને છેતરવાથી કે ફસાવાથી જે ક્રિયા લાગે તે.

૯. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા – જિનવચનની અશ્રદ્ધા કરવાથી, તેમજ વિપરીત-વિરૂદ્ધ પ્રરૂપણા કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૦. અપ્રત્યાખ્યાનિકી ક્રિયા – પચ્ચક્ખાણ વગેરે નહિ કરવાથી જે સર્વવસ્તુની ક્રિયા લાગે તે.

૧૧. દષ્ટિકી ક્રિયા – કુતૂહલથી હાથી, ઘોડા, સિંહ, વાઘ, વાંદરા વગેરેના (સરઘસ) ખેલ જોવાથી, હૉર્સરેસ, વગેરે પ્રાણીઓને ત્રાસદાયક દશ્યો નિહાળવાથી જે ક્રિયા લાગે તે.

૧૨. સ્પૃષ્ટિકી [ પૃચ્છિકી ] ક્રિયા – મોહવશ થઈ સ્ત્રી–પુરુષ કે સુકુમાળ વસ્તુ વગેરેને સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે. અથવા રાગભાવથી–પ્રેમભાવ વગેરેથી પૂછવા થકી લાગતી જે ક્રિયા તે 'પૃચ્છિકી' ક્રિયા કહેવાય.

૧૩. પ્રાતિત્યકી ક્રિયા – બીજાને ઘેર હાથી, ઘોડા વગેરે પશુપ્રાણીને દેખી, તેના ઉપર ઇર્ષ્યા–કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૪. સામંતોપનિપાતિકી ક્રિયા – પોતાનાં પશુ–પ્રાણી વગેરેને જોવા આવેલા લોકોને પ્રશંસા કરતા સાંભળી, હર્ષ થવાથી જે ક્રિયા લાગે તે, અથવા ઘી–તેલ વગેરેનાં ભાજન ઉઘાડાં મૂકવાથી જે ક્રિયા લાગે તે.

૧૫. નૈસૃષ્ટિકી ક્રિયા – માલિક વગેરના હુકમથી શસ્ત્રાદિ ઘડાવવાથી–બનાવરાવવાથી જે ક્રિયા લાગે તે.

૧૬. સ્વાહસ્તિકી ક્રિયા – નોકર-ચાકરને કરવાલાયક કામ અભિમાનથી પોતાને હાથે કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૭. આનયનિકી [ આજ્ઞાપનિકી ] ક્રિયા–જીવ પાસે કાંઈ મંગાવવાથી જે ક્રિયા લાગે તે આનયનિકી; અને જીવ કે અજીવને આજ્ઞા કરવાથી જે ક્રિયા લાગે તે આજ્ઞાપનિકી ક્રિયા કહેવાય છે.

૧૮. વિદારણિકી ક્રિયા – જીવ કે અજીવને વિદારવાથી કે ફાડવાથી જે ક્રિયા લાગે તે; અથવા કોઈના ખોટા અછતા ગુણોને કહી તેની આબરૂને ધક્કો લગાવવાથી જે ક્રિયા લાગે તે.

૧૯. અનાભોગિકી ક્રિયા – ઉપયોગ રાખ્યા સિવાય-ઉપયોગ શૂન્યપણે ઊઠતાં, બેસતાં, ચાલતાં ( હર-કોઈ પ્રવૃત્તિમાં ) જે ક્રિયા લાગે તે.

૨૦. અનવકાંક્ષાપ્રત્યયિકી ક્રિયા – શ્રી વીતરાગદેવે ફરમાવેલ વિધિમાં અનાદર આદિ કરવાથી જે ક્રિયા લાગે તે.

૨૧. પ્રાયોગિકી ક્રિયા – મન, વચન ને કાયાના દોષિત પ્રયોગોથી–આચરણોથી જે ક્રિયા લાગે તે.

૨૨. સમાદાનિકી ક્રિયા-જેમાં આઠે કર્મનું સમુદિત-પણે-ગ્રહણ થાય તેવી કોઈ પણ પાપપ્રવૃત્તિ કરવાથી જે ક્રિયા લાગે તે.

૨૩. પ્રેમિકી ક્રિયા – માયા અને લોભવડે બીજાને પ્રેમ ઉપજાવવાથી જે ક્રિયા લાગે તે.

૨૪. દ્વેષિકી ક્રિયા – ક્રોધ અને માનથી ગર્વભર્યાં વચન વડે બીજાને દ્વેષ ઉત્પન્ન થાય તેવું કરવું તે.

૨૫. ઈર્યાપથિકી ક્રિયા – ચાલતાં-ગમનાગમન કરતાં પાપ લાગે તે અથવા કેવળીને માત્ર યોગવડે બે સમ-યનો બંધ થાય તે.

---

## છઠ્ઠું સંવરતત્ત્વ

### સંવરતત્ત્વના ૫૭ ભેદ

સમિતિ, ગુપ્તિ, પરિષહ, યતિધર્મ, ભાવના, ચારિત્ર એ ક્રમશઃ

૫ + ૩ + ૨૨ + ૧૦ + ૧૨ + ૫ = ૫૭.

કુલ ભેદ.

સમિતિ = સારી રીતે ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવી અથવા કાળજી રાખવી તે.

ગુપ્તિ = અશુભ  મન, વચન ને કાયાને અશુભ યોગથી રોકી અને શુભ યોગમાં લાવવા તે.

પરિષહ = કર્મની નિર્જરા અર્થે સમભાવે દુઃખોને સહન કરવાં તે.

યતિધર્મ = વિભાવદશામાં પડતા જીવને શુદ્ધ આત્મ-દશામાં લાવવારૂપ  સાધુધર્મ – મુનિધર્મ.

ભાવના = મોક્ષ મેળવવાની ઇચ્છારૂપ સંવેગ અને સંસાર ઉપરના મોહને ઘટાડવારૂપ વૈરાગ્યને અંગેની જે શુભ ભાવના – વિચારણા કરવી તે.

ચારિત્ર = હિંસાદિ સાવદ્ય યોગનો ત્યાગ કરી શુદ્ધ આત્મદશામાં સ્થિરતા મેળવવી તે, કે જેનાથી આત્માનાં સંચિત કર્મો ખાલી થાય છે.

---

## પાંચ સમિતિ

૧. ઈર્યાસમિતિ = જવા કે આવવામાં જયણા રાખવી તે.

૨. ભાષાસમિતિ = દોષ રહિત વચન બોલવું તે.

૩. એષણાસમિતિ = ૪૨ દોષ રહિત આહારાદિ લેવો તે.

૪. આદાન – નિક્ષેપણાસમિતિ = વસ્ત્ર, પાત્ર વગેરેને જોઈ–પ્રમાર્જીને લેવાં–મૂકવાં તે.

૫. પારિષ્ઠાપનિકાસમિતિ = મળ, મૂત્ર વગેરે જીવાકુલ ભૂમિ જોઇને નિર્જીવ - સ્થળે પરઠવવાં તે.

[ ત્રણ ગુપ્તિ ]

૬. મનોગુપ્તિ = શુભ કે અશુભ, બંને પ્રકારના સંકલ્પનો ત્યાગ કરવો તે.

૭. વચનગુપ્તિ = ખપ પૂરતું પાપરહિત વચન બોલવું તે.

૮. કાયગુપ્તિ = કાયાના વ્યાપારનો નિયમ કરવો; અથવા સર્વથા કાયયોગનો રોધ કરવો તે.

[ ઉપર્યુક્ત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ અષ્ટ પ્રવચનમાતા કહેવાય છે, કારણ કે તે ચારિત્ર પાલનમાં માતા જેમ પોતાના બાળકને પોષે તેમ ચારિત્રને પોષે છે. ]

[ ૨૨. પરિષહ ]

૯. [ ૧ ] ક્ષુધા પરિષહ = ભૂખથી ઉત્પન્ન થતી વેદનાને સમભાવે સહન કરવી તે.

૧૦. [ ૨ ] પિપાસા પરિષહ = તૃષા (તરસ)થી ઉત્પન્ન થતી વેદનાને સમભાવે સહન કરવી તે.

૧૧. [ ૩ ] શીત પરિષહ = ઠંડી (ટાઢ)થી „ „

૧૨. [ ૪ ] ઉષ્ણ પરિષહ = તાપ (ગરમી)થી „ „

૧૩. [ ૫ ] દંશ–મત્સર પરિષહ = ડાંસ – મચ્છરિયાં – જૂ – માંકડ આદિના ડંખને સમભાવે સહવો તે.

૧૪. [ ૬ ] અચેલ પરિષહ = નવા વસ્ત્રથી હર્ષ અને જૂનાં –ફાટલાં કે જીર્ણ વસ્ત્રથી ખેદ ન કરવો તે.

૧૫. [ ૭ ] અરતિ પરિષહ=રોગાદિકથી ચિંતામાં અરતિ – અણગમો કે કંટાળો ન લાવતાં, સમતા ભાવમાં રહેવું તે.

૧૬. [ ૮ ] સ્ત્રી પરિષહ = સ્ત્રીના હાવભાવ જોઈને, તેના ઉપર મોહિત ન થતાં, મનને સ્થિર રાખવું તે. સ્ત્રીવર્ગ તરફથી થતા પ્રતિકૂળ સંયોગોમાં પણ અવિકારી રહેવું તે.

૧૭. [ ૯ ] ચર્યા પરિષહ = ગામોગામ આળસ રહિત સહર્ષ વિહાર કરવો તે અથવા પ્રતિકૂળ વિહારોમાં પણ કંટાળવું નહિ અને સમભાવે ચાલવું તે.

૧૮. [૧૦] નિષદ્યા પરિષહ=સ્મશાન, નિર્જન ઘર કે વેરાન પ્રદેશમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેતાં ચોર, ડાકુ કે શિકારી પ્રાણીઓથી પણ બીવું નહિ તે.

૧૯. [૧૧] શય્યા પરિષહ = ઊંચી, નીચી કે પ્રતિકૂળ ભૂમિ ઉપર સંથારો કરવાથી ઉત્પન્ન થતા દુઃખને સમ્યક્ સહન કરવું તે.

૨૦. [૧૨] આક્રોશ પરિષહ = કોઈનાં આક્રોશયુક્ત—ક્રોધ-વાળાં વચનો સાંભળીને પણ તેના ઉપર દ્વેષ ન કરતાં સમતા રાખવી તે.

૨૧. [૧૩] વધ પરિષહ = કોઈ પણ વધ કરે – મારવા આવે તો પણ તેના ઉપર દ્વેષ ન કરે, પરંતુ તેની દયા ચિંતવવી અગર સમતા રાખવી તે.

૨૨. [૧૪] યાચના પરિષહ = ચક્રવર્ત્તિ વગેરે પણ ચારિત્ર લઈને ભિક્ષા લેવા જતાં લજ્જા ન પામે તે.

૨૩. [૧૫] અલાભ પરિષહ = ગૃહસ્થને ત્યાં કાંઈ પણ ચીજ લેવાં જતાં, જોઈતી વસ્તુ ન મળે તો પણ મનમાં ખેદ કે દુ:ખ ન લાવે તે.

૨૪. [૧૬] રોગ પરિષહ = રોગથી ઉત્પન્ન થયેલી વેદનાને સારી રીતે સહન કરે ‘ હાય વોય કે આર્ત્ત-ધ્યાન ન કરે અને સમભાવે સહી લે તે.

૨૫. [૧૭] તૃણસ્પર્શ પરિષહ = ડાભની શય્યાએ સૂતાં, તેની અણી વાગવા છતાં પણ મનમાં દુ:ખ ન લાવે તે.

૨૬. [૧૮] મલપરિષહ = પરસેવો, મેલ વગેરે શરીર ઉપર ચડવાથી ગંધાય, તેથી ખેદ ન ધરે.

૨૭. [૧૯] સત્કાર પરિષહ = માન કે આદર મળવાથી મનમાં અભિમાન ન લાવે તે.

૨૮. [૨૦] પ્રજ્ઞા પરિષહ = બુદ્ધિ સારી હોય તેથી શાસ્ત્ર-નિષ્ણાત થયો હોય અને લોકો તરફથી પૂછાયેલા પ્રશ્નોનો સચોટ જવાબ આપવાની શક્તિ હોય, જેથી લોકો બહુમાન કરે, તે દેખી ગર્વ ન કરે તે.

૨૯. [૨૧] અજ્ઞાન પરિષહ = પોતે ભણવા માટે ખૂબ મહેનત કરે, છતાં ન આવડે, અક્ષર ન ચડે, તેથી દિલમાં દીનતા ન લાવે પણ એમ વિચારે કે, મારે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય જાગ્યો છે, તે તપથી તેમજ જ્ઞાન – જ્ઞાનીઓની ભક્તિ વગેરે કરવાથી ટળી જશે.

૩૦ [૨૨] સમકિત પરિષહ = "શ્રીવીતરાગ દેવે કહ્યું તે જ સાચું છે," એ પ્રકારે શ્રદ્ધા રાખે, પણ શાસ્ત્રની સૂક્ષ્મ વાતની સમજણ ન પડે તો પણ એ સાચું હશે કે કેમ? એવી શંકા દિલમાં ન લાવે તે.

## [ દશવિધ યતિધર્મ ]

૩૧ [૧] ક્ષમા ધર્મ = ક્રોધનો અભાવ યાને ગમે તેવા સંયોગોમાં પણ ક્ષમા – ક્ષાંતિ – કે સમતા રાખવી તે–ગુસ્સો ન કરવો તે.

૩૨. [ ૨ ] માર્દવ ધર્મ = મૃદુતા–નમ્રતા રાખવી યાને ગર્વ ન કરવો તે.

૩૩. [ ૩ ] આર્જવ ધર્મ = સરળતા રાખવી વક્રતા છોડવી તે યાને છળ–કપટ ન કરવું તે.

૩૪. [ ૪ ] મુક્તિ ધર્મ = નિર્લોભતા યાને લોભવૃત્તિ છોડી સંતોષવૃત્તિ રાખવી તે.

૩૫. [ ૫ ] તપ ધર્મ = ઈચ્છાના નિરોધરૂપ વિવિધ પ્રકારે તપ કરવો તે.

૩૬. [ ૬ ] સંયમ ધર્મ=ચારિત્રધર્મ જે પ્રાણાતિપાતાદિ યાને જીવહિંસા વગેરે પાંચ આશ્રવોનો ત્યાગ, પાંચ ઈંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયોનો જય, અને ત્રણ દંડની નિવૃત્તિરૂપ ૧૭ પ્રકારે છે.

૩૭. [ ૭ ] સત્ય ધર્મ = ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી પણ જૂઠું ન બોલવું તે, યાને સાચું બોલવું તે.

૩૮. [ ૮ ] શૌચ ધર્મ = પવિત્રતા. તે બે પ્રકારે છે. ૧. દ્રવ્ય શૌચ અને ૨. ભાવ શૌચ. હાથ, પગ વગેરે અવયવો શુદ્ધ રાખવા તથા ૪૨ દોષ રહિત આહાર–પાણી લેવાં તે દ્રવ્ય શૌચ, અને આત્માના શુદ્ધ પરિણામ રાખવા તે ભાવ શૌચ કહેવાય છે.

૩૯. [૯] અકિંચનત્વ ધર્મ=સર્વ પ્રકારના પરિગ્રહ ઉપરથી મોહ રહિત થવું તે.

૪૦. [૧૦] બ્રહ્મચર્ય ધર્મ = સર્વ પ્રકારના મૈથુનનો ત્યાગ. (નવ પ્રકારે ઔદારિક શરીરધારી મનુષ્યને તિર્યંચ સંબંધી તથા નવ પ્રકારે દેવતા સંબંધી—એમ ૧૮ પ્રકારના મૈથુનનો—વિષયસેવનનો ત્યાગ.)

## બાર ભાવના

૪૧. [૧] અનિત્ય ભાવના—આ સંસારમાં શરીર, ધન, ધાન્ય, કુટુંબપરિવાર વગેરે દૃશ્ય સર્વ વસ્તુઓ 'અનિત્ય છે—કાયમી નથી' એવું ચિંતવવું તે.

૪૨. [૨] અશરણ ભાવના—જન્મ, મરણનાં દુઃખોથી બચવા માટે જીવને આ સંસારમાં ધર્મ સિવાય કોઈનું પણ શરણ નથી—એવું ચિંતવવું તે.

૪૩. [૩] સંસાર ભાવના—આ અનાદિ અનંત સંસાર આધિ, વ્યાધિ ને ઉપાધિઓથી ભરપૂર છે, જન્મ જરા ને મરણનાં ભયંકર દુઃખોની ખાણ છે. સ્વાર્થી સંસારમાં કોઈ કોઈનું નથી, માતા મરીને સ્ત્રી થાય છે, પિતા મરીને પુત્ર થાય છે, પુત્ર મરીને પિતા બને છે. એ પ્રકારે અસાર સંસારની વિવિધ ઘટમાળની વિચિત્રતા ભાવવી તે.

૪૪. [૪] એકત્વ ભાવના–જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરણ પામે છે. એકલો જ કર્મ બાંધે છે અને એકલો જ પોતાનાં બાંધેલા કર્મો ભોગવે છે. માતા, પિતા, કુટુંબકબીલો, ધન કે દોલત વગેરે દેખાતી કોઈ પણ ચીજ સાથે આવતી નથી, તમામ છોડીને એકલાને જ ચાલ્યું જવાનું છે વગેરે એકાકીપણાની ચિંતવના કરવી તે.

૪૫. [૫] અન્યત્વ ભાવના–આત્મા શરીરથી અન્ય છે–જુદો છે. શરીર અનિત્ય છે, હું નિત્ય છું, શરીર જડ છે, હું ચેતન છું. શરીરના રૂપ, રસ, ગંધાદિ ગુણો છે, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો છે. શરીર ક્ષણભંગુર છે, નાશવંત છે. હું અજર–અમર–અવિનાશી છું; માટે આ શરીરને છેદો, ભેદો, કાપો, બાળો કે ગમે તેમ કરો, તેથી મારા આત્માનું છેદન–ભેદન–દહન આદિ કાંઈ પણ થતું નથી, કારણ કે શરીર ને આત્મા અન્ય છે–ભિન્ન છે, વગેરે ચિંતવના કરવી તે.

૪૬. [૬] અશુચિત્વ ભાવના–આ શરીર લોહી–માંસ–મજ્જા–અસ્થિ–મળ–મૂત્ર–પરુ વગેરે દુર્ગંધમય અપવિત્ર વસ્તુઓનું સંગ્રહસ્થાન છે. કારણ કે–શહેરની ગટરની જેમ પુરુષના શરીરનાં નવ

દ્વારોમાંથી અને સ્ત્રીના બાર દ્વારોમાંથી નિરંતર અશુચિ વહ્યા જ કરે છે, એવું ચિંતવવું તે.

૪૭. [૭] આશ્રવ ભાવના–દયાથી અને દાન વગેરેથી શુભ કર્મ બંધાય છે અને વિષય–કષાયાદિકથી અશુભ કર્મ બંધાય છે, તેથી આત્મા મલીન થાય છે, એવું ચિંતવવું તે. (દયા ને દાન એ બે વ્યવહારથી ઉપાદેય છે, આચરવા લાયક છે, પરંતુ ઈષ્ટ નગરે પહોંચવા માટે અજાણ્યા પ્રવાસીને જેમ ભોમિયાના સાથની આવશ્યકતા રહે છે તેમ મોક્ષ નગરમાં પહોંચવા માટે શરૂઆતમાં દયા–દાન ભોમિયા સમાન છે, માટે અપનાવવા લાયક છે, પરંતુ ઈષ્ટ નગરે પહોંચ્યાથી ભોમિયાને વિદાય અપાય છે, કારણ કે તેની જરૂરત નથી, તેમ અહીં પણ શુભ કર્મબંધનથી આત્મા જરૂર મલીન થાય છે, પરંતુ તે મલીનતા અંતે દૂર થાય છે અને આત્મા છેવટે શાશ્વત સુખનો ભોક્તા બને છે.)

૪૮. [૮] સંવર ભાવના–અહિંસા, સત્ય, ચોરીનો ત્યાગ, બ્રહ્મચર્ય તથા નિષ્પરિગ્રહતા, એ પાંચ સંવર છે તેનું પાલન આવતાં કર્મને રોકનાર છે, તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ આદિને આદરવાથી –આચરવાથી આશ્રવનો રોધ થાય છે, એવું ચિંતવવું તે.

૪૯. [૯] નિર્જરા ભાવના—બાર પ્રકારના ઈચ્છાના નિરોધરૂપ તપથી કર્મનો ધીરે ધીરે ક્ષય થાય છે, એવું ચિંતવવું તે.

૫૦. [૧૦] લોકસ્વભાવ ભાવના—બે પગ પહોળા કરી, કેડ ઉપર હાથ મૂકી, ઊભા રહેલા પુરુષના આકારે ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોથી ભરેલા આ ચૌદ રાજ-લોકનું ઉત્પત્તિ, સ્થિતિ ને વિનાશના સ્વભાવવાળું સ્વરૂપ ચિંતવવું તે.

૫૧. [૧૧] બોધિદુર્લભ ભાવના—આ અનાદિ અનંત સંસારમાં, ચારે ગતિમાં પરિભ્રમણ કરતા જીવને અનંત પુણ્યરાશિથી લભ્ય, દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય જન્મ મળે છે. તેમાં આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, નિરોગી કાયા અને ધર્મશ્રવણની સામગ્રી આદિ મળી શકે છે, પણ જીવને સમ્યક્ દર્શન( સમકિત )ની પ્રાપ્તિ થવી ઘણી દુર્લભ છે, એવું ચિંતવવું તે.

૫૨. [૧૨] ધર્મ ભાવના—આ દુસ્તર સંસાર મહાસાગર તરવા માટે જહાજ સામે શ્રીવીતરાગદેવે કહેલો શુદ્ધ ધર્મ પામવો તે દુર્લભ છે અને ધર્મના સાધક અરિહંત ભગવંતનો યોગ થવો તે તો અત્યંત દુર્લભ છે, એવી જે ચિંતવના કરવી તે.

[ આ બાર ભાવના ઉપરાંત મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ્ય, એ ચાર ભાવનાઓ પણ છે, તેથી ઉપરની બાર ભાવના સાથે આ ચાર ભાવના મળી કુલ ૧૬ ભાવનાઓ પણ કહેવાય છે. તથા આ સિવાયની દરેક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ હોવાથી ૫ × ૫ = ૨૫ ભાવનાઓ પણ છે.]

(૧) મૈત્રી ભાવના = સર્વ જીવોની સાથે મિત્રતા રાખવી તે.

(૨) પ્રમોદ ભાવના = ગુણીજનોના ગુણ દેખી હર્ષ-આનંદ પામવો તે.

(૩) કારુણ્ય ભાવના = દરેક દુ:ખી જીવો ઉપર દયાભાવ રાખવો તે.

(૪) માધ્યસ્થ્ય ભાવના = અજ્ઞાની કે મૂઢ પ્રાણીઓ પ્રત્યે મધ્યસ્થપણું રાખવું તે; અથવા ગમે તેવા કટોકટીના પ્રસંગે પણ કોઈનો ખોટો પક્ષ ન કરવો તે. અથવા કોઈનો હૃદયથી તિરસ્કાર ન થાય અને તટસ્થતા જળવાય તેવી વિચારણા.

[ આ ભાવનાઓથી ભાવિત થયેલ આત્મા તૂટી ગયેલ ધ્યાનધારાને પણ સાંધી આપે છે અને આત્મા ઉચ્ચ કોટિના આદર્શને પંથે પ્રગતિ સાધે છે. ]

## [ પાંચ ચારિત્ર ]

૫૩. [૧] સામાયિક ચારિત્ર = ( સમ + આય + ઈક = સામાયિક ). જેથી સમપણાનો–સમતાનો–રાગદ્વેષ રહિતપણાનો લાભ થાય તે. [ સમ = રાગદ્વેષ રહિતપણું. આય = લાભ ] આ સામાયિક–ચારિત્રના બે પ્રકાર છે–

(૧) દેશવિરતિ ચારિત્ર = અંશતઃ ( યાને કેટલેક અંશે ) સાવદ્ય યોગની–વિરતિ–પાપયુક્ત પ્રવૃત્તિનો ત્યાગ જે વિરતિવંત શ્રાવકને હોય છે.

(૨) સર્વવિરતિ ચારિત્ર = સર્વથા સાવદ્યના ત્યાગ-રૂપ ચારિત્ર. જે સાધુઓને હોય છે.

૫૪. [૨] છેદોપસ્થાપનીય ચારિત્ર – પૂર્વના પર્યાયોને ( યાને કાચી યા નાની દીક્ષાને ) છેદી પંચમહાવ્રતરૂપ ચારિત્ર લેવું તે, જેને 'વડીદીક્ષા' કહેવામાં આવે છે. તેના બે ભેદ છે–

(૧) સાતિચાર = મહાવ્રતનો ભંગ થવાથી ફરીથી દીક્ષા આપવી તે.

(૨) નિરતિચાર = નવ દીક્ષિત શિષ્ય છજ્જીવણીયા અધ્યયન ભણી ગયા પછી વડી દીક્ષા લે તે. અથવા શ્રી પાર્શ્વનાથ–ભગવાનના તીર્થના સાધુ શ્રી કેશી-

કુમાર શ્રમણની જેમ ચાર મહાવ્રતમાંથી શ્રીમહાવીરસ્વામીજીના તીર્થમાં આવી, પંચમહાવ્રતરૂપ ધર્મનો સ્વીકાર કરવો તે નિરતિચાર ચારિત્ર કહેવાય.

૫૫. [૩] *પરિહારવિશુદ્ધિ ચારિત્ર – વિશિષ્ટ પ્રકારનો તપ કરવાથી ચારિત્ર જીવનમાં વિશેષ શુદ્ધિ લાવે તે.

૫૬. [૪] સૂક્ષ્મસંપરાય ચારિત્ર – જ્યાં સૂક્ષ્મ કષાયોનો ઉદય હોય તે. (દશમ ગુણસ્થાનનું

---

*પરિહારવિશુદ્ધિ ચારિત્રના વિશિષ્ટ તપની સમજુતિ એ છે કે, નવ સાધુનો ગચ્છ નીકળે, તે પૈકી ચાર સાધુ તપ તપે, ચાર સાધુ વેયાવચ્ચ–ભક્તિ કરે અને એકને વાચનાચાર્ય તરીકે સ્થાપે. એ રીતે ૬ મહિના સુધી તપશ્ચર્યા કરે. પછીથી વેયાવચ્ચ કરનાર ચાર સાધુ તપ કરે અને તપ–કરનારા ચાર સાધુ વેયાવચ્ચ કરે, તે પણ ઉપર પ્રમાણે ૬ માસ પર્યંત કરે. ત્યાર બાદ આચાર્ય ૬ માસ સુધી તપ કરે, સાત જણા વેયાવચ્ચ કરે અને એકને આચાર્ય સ્થાપે. એ રીતે ૧૮ મહિના સુધી તપ કરે તે 'પરિહારવિશુદ્ધિ ચારિત્ર' કહેવાય છે.

| | જઘન્યથી– | મધ્યમથી– | ઉત્કૃષ્ટથી | | |
|---|---|---|---|---|---|
| આ તપ ઉનાળામાં– | એક | બે | અને ત્રણ | ઉપવાસથી | થાય છે. |
| ,, શિયાળામાં– | બે | ત્રણ | ,, ચાર | ,, | ,, |
| ,, ચોમાસામાં– | ત્રણ | ચાર | ,, પાંચ | ,, | ,, |

દરેક વખતે પારણું આયંબિલથી કરે અને વેયાવચ્ચ કરનાર રોજ આયંબિલ કરે–એ આ તપની વિશિષ્ટતા છે.

નામ પણ 'સૂક્ષ્મસંપરાય' કહેવાય છે, કારણ કે ત્યાં સૂક્ષ્મ કષાયો વર્ત્તતા હોય છે, જે ઉપશમ શ્રેણિએ ચઢતા વિશુદ્ધ મનવાળા અને પડતા સંકિલષ્ટ મનવાળા મનુષ્યોને હોય છે.)

૫૭. [૫] યથાખ્યાત ચારિત્ર–જ્યાં સર્વથા કષાયના ઉદયનો અભાવ હોય તે. (ઔપશમિકને ૧૧ મે ગુણસ્થાનકે, ક્ષાયિક છદ્મસ્થ આત્માને બારમે ગુણસ્થાનકે અને કેવળ જ્ઞાનીને તેરમે ગુણસ્થાનકે આ ચારિત્ર હોય છે.)

---

# સાતમું નિર્જરાતત્ત્વ

## નિર્જરા તત્ત્વના બાર પ્રકાર

છ પ્રકારનો બાહ્ય તપ અને છ પ્રકારનો અભ્યંતર તપ–મળી બાર પ્રકારના તપથી કર્મની નિર્જરા થાય છે, માટે નિર્જરાનો જનક જે તપ તે પણ (કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી) નિર્જરા કહેવાય છે.

નિર્જરાના મુખ્ય બે ભેદ છે.

૧. સકામ નિર્જરા = ઈચ્છાપૂર્વક કષ્ટ સહન કરવાથી થતી નિર્જરા.

૨. અકામ નિર્જરા = અનિચ્છાએ ફરજિયાત કે બળાત્કારથી કષ્ટ સહન કરવાથી થતી નિર્જરા.

અથવા

૧. દ્રવ્ય નિર્જરા = જેમાં કષ્ટ ઘણું સહન કરવાનું હોય અને તેથી લાભ થોડો થતો હોય, એવી અન્ય લોકો તપ કરી જેને માને એવી તાપસોની ક્રિયાથી થતી અલ્પ નિર્જરા.

૨. ભાવ નિર્જરા = જેમાં કષ્ટ સહન કરવાનું થોડું અને લાભ ઘણો થાય તેવા શુદ્ધ ચારિત્રથી થતી નિજરા.

## (બાહ્ય તપના છ ભેદ)

૧. અનશન તપ = અશન, પાન, ખાદિમ ને સ્વાદિમ, એ ચારે પ્રકારના આહારનો થોડા સમય માટે કે વધુ સમય માટે જે ત્યાગ તે.

૨. ઉનોદરિકા તપ = ભૂખ કરતાં ઓછું ખાવું તે.

૩. વૃત્તિસંક્ષેપ = ખાવાપીવાની કે બીજી જરૂરિયાતી ચીજોની વપરાશમાં ઘટાડો કરવો તે. અથવા ૧૪ નિયમ ધરવા તે. (ઓછામાં ઓછી જરૂરિયાતી ચીજો રાખી, બાકી બધીનો ત્યાગ કરવો તે.)

૪. રસત્યાગ = દૂધ, દહીં, ઘી, તેલ વગેરેના રસની લોલુપતાનો ત્યાગ કરવો તે.

૫. કાયક્લેશ = લોચ તથા કાઉસ્સગ્ગ વગેરે દ્વારા કાયાને દમવી તે. (સુખશીલિયાપણાને છાંડી સહનશીલતાનો ગુણ કેળવવો તે.)

૬. સંલીનતા = વિષયવાસના રોકવી, અથવા અંગોપાંગ સંકોચી રાખવાં તે.

[ અભ્યંતર તપના છ ભેદ ]

૭. પ્રાયશ્ચિત્ત = લાગેલા દોષોની ગુરુ પાસે આલોયણા લેવી તે.

૮. વિનયતપ = જ્ઞાન, જ્ઞાની, તેમજ ગુણિજનોનો વિનય કરવો તે.

૯. વૈયાવૃત્ય (વેયાવચ્ચ) તપ = ગુરુની સેવા–ભક્તિ કરવી તે.

૧૦. સ્વાધ્યાય તપ = *૧. વાચના, ૨ પૃચ્છના, ૩. પરાવર્ત્તના, ૪. અનુપ્રેક્ષા, તથા ૫. ધર્મકથા, એ પાંચ પ્રકારે સ્વાધ્યાય કરવો યાને ધર્મનો અભ્યાસ કરવો તે.

૧૧. ધ્યાન તપ = આર્ત્તધ્યાન ને રૌદ્રધ્યાનને છોડી, ધર્મધ્યાન ને શુકલ ધ્યાનમાં વર્તવું તે. અથવા શુભ ધ્યાનમાં રહેવું તે.

૧૨. કાયોત્સર્ગ તપ = કર્મના ક્ષય માટે કાઉસ્સગ્ગ કરવો તે.

---

* ૧. ગુરુ પાસેથી વાચના લેવી તે યાને નવો પાઠ લેવો તે; અર્થાત્ ભણવું તે ૨. પ્રશ્ન પૂછી શંકાને દૂર કરવી તે. ૩. ભણેલું સંભારી જવું તે યાને ભણેલાની આવૃત્તિ કરવી તે. ૪. અર્થનું ચિંતન કરવું તે. ૫. ધાર્મિક વાર્તા કહેવી તે, યાને ધર્મનો ઉપદેશ આપવો તે.

# આઠમું બંધતત્ત્વ

બંધ = આત્માની સાથે ખીર ને નીરની જેમ કર્મનું જે બંધાવું–કર્મનો જે સંબંધ તે બંધ કહેવાય. તેના નીચે પ્રમાણે ભેદ છે.

૧. પ્રકૃતિબંધ = કર્મનો સ્વભાવ જેમ સૂંઠ વગેરેથી બનેલો લાડવો સ્વભાવથી વાયુનો નાશ કરે છે, તેમ જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ આત્માના જ્ઞાન-ગુણને આવરે છે–ઢાંકે છે–રોકે છે. દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દર્શનને આવરે છે, એ પ્રકૃતિ-બંધ જાણવો.

૨. સ્થિતિબંધ = કર્મની સ્થિતિનો – કર્મના કાળનો નિયમ. જેમ કોઈ લાડુ પાંચ દિવસ, ૧૦ દિવસ ૬ માસ પર્યંત રહે અને ત્યાર બાદ વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ પલટાઈ જાય અને બગડી જાય, તેમ કોઈક કર્મ ઉત્કષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમકાળ સુધી રહી નાશ પામે, કોઈ કર્મ ઉત્કૃષ્ટ ૨૦ કે ૩૦ કોડાકોડી સાગરોપમકાળ રહી નાશ પામે; તથા જઘન્યથી કોઈ કર્મ આત્માની સાથે મુહૂર્ત્ત કે અંતર્મુહૂર્ત્તકાળ સુધી જ રહે અને પછી નાશ પામે, તેનું નામ સ્થિતિબંધ કહેવાય.

૩. રસબંધ = કર્મમાં રહેલા શુભ કે અશુભ રસ જેનાથી કર્મના સ્વભાવમાં તીવ્રતા ને મંદતા આવે તેને રસબંધ કહે. તેનું બીજું નામ 'અનુભાગબંધ' પણ છે. જેમ કોઈ લાડવો મીઠો હોય, કોઈ કડવો હોય, કોઇ તીખો હોય, કોઈમાં ઘી-ગોળ વગેરે ઘણાં હોય અને કોઈમાં ઓછાં હોય, તેવી જ રીતે કોઈ કર્મનો રસ તીવ્ર હોય, કોઈ કર્મનો રસ મંદ હોય, એમ ઓછાવત્તા પ્રમાણમાં હોય તે રસબંધ કહેવાય.

૪. પ્રદેશબંધ = કર્મનાં દળિયાંનો સંચય યાને સ્થિતિ અને રસથી નિરપેક્ષ કર્મદળોનો સંખ્યાની પ્રધાનતાએ કરીને જ જે સંચય તે પ્રદેશબંધ કહેવાય. જેમકે કોઈ લાડુ શેરિયો હોય, કોઈ અડધા શેર-પ્રમાણનો હોય, કોઈ પાશેરિયો હોય કોઈ થોડા પુદ્ગલોનો બનેલો હોય તો કોઈ નાનો હોય અને ઘણાં પુદ્ગલાણુઓનો બનેલો હોય તો મોટો હોય, તેમ કોઈ કર્મમાં થોડા પ્રદેશો હોય અને કોઈ કર્મમાં વધુ પ્રદેશો હોય તે પ્રદેશ-બંધ કહેવાય.

# આઠ કર્મો, તેનો સ્વભાવ, તેના ભેદ, ઉત્કૃષ્ટ ને જઘન્ય સ્થિતિ આદિ

| સંખ્યા | કર્મનુંનામ | સ્વભાવ | ભેદસંખ્યા | ઉત્કૃષ્ટસ્થિતિ | જઘન્યસ્થિતિ | ઉપમા |
|---|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય | જ્ઞાનને આવરે | ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત | આંખના પાટા સમાન |
| ૨. | દર્શનાવરણીય | દર્શનને રોકે | ૯ | ૩૦ ,, ,, | અંતર્મુહૂર્ત | દ્વારપાળસમાન |
| ૩. | વેદનીય | અવ્યાબાધસુખ રોકે | ૨ | ,, ,, ,, | ૧૨ મુહૂર્ત | મધથીલેપાયેલ તલવારને ચાટવાસમાન |
| ૪. | મોહનીય | ક્ષાયિકસમકિત તથા ચારિત્રને રોકે | ૨૮ | ૭૦ ,, ,, | અંતર્મુહૂર્ત | મદિરા સમું |
| ૫. | આયુષ્ય | અક્ષયસ્થિતિઘાતક | ૪ | ૩૩ ,, ,, | અંતર્મુહૂર્ત | બેડીસમાન |
| ૬. | નામકર્મ | અરૂપિત્વાદિગુણ ઘાતક | ૧૦૩ | ૨૦ ,, ,, | ૮ મુહૂર્ત | ચિતારા સમું |
| ૭. | ગોત્રકર્મ | અગુરુલઘુત્વાદિ ઘાતક | ૨ | ,, ,, ,, | ,, | કુંભાર સરખું |
| ૮. | અંતરાયકર્મ | અનંતવીર્યઘાતક | ૫ | ૩૦ ,, ,, | અંતર્મુહૂર્ત | ભંડારીસરખું |

કુલ ભેદ ૧૫૮

## આઠે કર્મના સ્વભાવોની ઘટના

૧. જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ આંખે બાંધેલા પાટા જેવો છે. જેમ વિશાળ નેત્રવાળાની આંખે પાટા બાંધ્યા હોય તો તે જોઈ શકતો નથી, અથવા આછો પાટો હોય તો આછું આછું જોઈ શકે, પરંતુ એકદમ સ્પષ્ટ ન જોઈ શકે તેમ જ્ઞાનનાં આછાં કે ઘેરાં આવરણોથી ઓછા કે વત્તા પ્રમાણમાં જ્ઞાન આવરાય છે, યાને ઓછાવત્તા પ્રમાણનું જ્ઞાન થાય છે.

૨. દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દ્વારપાળ(પોળિયા) સરખો છે. જેમ દ્વારપાળથી રોકાયેલો માણસ રાજાદિને જોઈ શકતો નથી, તેમ દર્શનાવરણીય કર્મથી જીવ વિદ્યમાન વસ્તુઓને નિહાળી શકતો નથી.

૩. વેદનીય કર્મનો સ્વભાવ મધથી લેપાયેલ તલવારની ધારને જીભથી ચાટવા સમાન છે. જેમ તલવારની ધારને ચાટતાં સુખ થાય, પણ સાથોસાથ જીભ પણ કપાય તેથી દુઃખ પણ થાય છે, તેથી સુખ ઉપજાવનાર શાતાવેદનીય અને દુઃખ ઉપજાવનાર અશાતાવેદનીય કર્મ કહેવાય છે.

૪. મોહનીય કર્મનો સ્વભાવ મદિરા સમાન છે. મદિરા–દારૂ પીનાર જેમ ભાન–સાન ભૂલી જાય છે, લડથડિયાં ખાય છે, પટકાય છે, ગાંડા જેવા ચાળા કરે છે. નહિ બોલવાનાં વચનો બોલી નાંખે છે, તેમ મોહનીય કર્મના ઉદયવાળો આત્મા ભાન-સાન ભૂલી અવળી ચાલે ચાલે છે, કારણ કે તેને હિતાહિતનો ખ્યાલ રહેતો નથી.

૫. આયુષ્યકર્મનો સ્વભાવ હાથ–પગમાં નાંખેલી બેડી સમાન છે. જેમ બેડીથી જકડાયેલો, તેની મુદત પૂરી થયા વિના ઇચ્છા કરે તો પણ છૂટી શકતો નથી, તેમ આયુષ્ય કર્મની મુદત પૂરી થયા વિના તે પહેલાં છતી ઇચ્છાએ પણ જીવ નીકળી શકતો નથી.

૬. નામકર્મનો સ્વભાવ ચિતારા સરખો છે. જેમ ચતુર ચિતારો અનેક પ્રકારનાં ચિત્રો ચિતરે છે અને કોરા કાગળ વગેરેને વિવિધ રૂપકો આપે છે, તેમ નામકર્મ આત્માને વિવિધ રૂપકોમાં મૂકે છે. યાને નામકર્મના ઉદયે જીવ પણ વિવિધરૂપં-વાળા ભવો કરે છે. આ કર્મ એક જ જીવને અનેક રૂપમાં મૂકે છે માટે તેને ચિત્રકારની ઉપમા આપવામાં આવી છે.

૭. ગોત્રકર્મનો સ્વભાવ કુંભારના જેવો છે. જેમ કુંભાર સારા કામ માટે અને દારૂ ભરવા માટેના ઘડા પણ બનાવે છે, તેમાં પહેલો પૂજનીય બને છે ને બીજો નિંદનીય બને છે; તેમ ઉચ્ચગોત્રમાં ઉત્પન્ન થનાર આત્મા પૂજનીય ને માનનીય બને છે તથા નીચગોત્રમાં ઉપજનાર નિંદનીય બને છે.

૮. અંતરાયકર્મનો સ્વભાવ ભંડારી જેવો છે. જેમ ભંડારી (ખજાનચી) વિરુદ્ધ હોય તો રાજા પોતે દાન વગેરે આપી શકતો નથી; તેમ અંતરાય કર્મના ઉદયવાળો આત્મા છતી શક્તિએ અને છતી જોગવાઈએ પણ કરી શકતો નથી, લાભ મેળવી શકતો નથી, ભોગ્ય વસ્તુને ભોગવી શકતો નથી અને વારંવાર ઉપયોગમાં આવતી ચીજોનો ઉપભોગ પણ કરી શકતો નથી.

---

## નવમું મોક્ષતત્ત્વ

### મોક્ષતત્ત્વના નવ ભેદ

૧. સત્પદપ્રરૂપણા દ્વાર = 'મોક્ષપદ વિદ્યમાન છે' એવી પ્રરૂપણા કરવી તે.

૨. દ્રવ્યપ્રમાણ દ્વાર = 'સિદ્ધના જીવ દ્રવ્ય કેટલા છે?' એમ વિચારવું તે.

૩. ક્ષેત્ર દ્વાર = 'સિદ્ધના જીવો કેટલા ક્ષેત્રમાં રહેલ છે?' એવી વિચારણા.

૪. સ્પર્શના દ્વાર = 'સિદ્ધના જીવો કેટલા આકાશ પ્રદેશને સ્પર્શીને રહેલા છે?' એવી વિચારણા.

૫. કાલ દ્વાર = 'સિદ્ધના જીવોની સ્થિતિ આદિ અનંત છે' એવું વિચારવું તે.

૬. અંતર દ્વાર = 'સિદ્ધના જીવોને પરસ્પર અંતર (આંતરું) નથી' એવું વિચારવું તે.

૭. ભાગ દ્વાર = 'સિદ્ધના જીવો સંસારી જીવોના કેટલામા ભાગે છે?' એવું વિચારવું તે.

૮. ભાવ દ્વાર = 'સિદ્ધના જીવો પાંચ ભાવ પૈકી કયે ભાવે રહેલા છે?' એવું વિચારવું તે.

૯. અલ્પબહુત્વ દ્વાર = 'પંદર ભેદે થયેલા સિદ્ધોમાંથી કોણ વધારે અને કોણ ઓછા?' એમ વિચારવું તે.

માર્ગણા = ગતિ વગેરે દ્વારા કહેલા ભાવોની વિચારણા.

દ્વાર = તે તે પદાર્થોની વિચારણા કરવાના પ્રકાર. મોક્ષતત્ત્વની વિચારણા નવ પ્રકારે કરેલી છે, માટે તેનાં નવ દ્વારો મનાય છે, જે મોક્ષના નવ ભેદ પણ કહેવાય છે. તેમાં પ્રરૂપણાદ્વારની મૂળ માર્ગણા

૧૪ છે અને ઉત્તર માર્ગણા ૬૨ છે. જેનું નામવાર સ્વરૂપ નીચે મુજબ છે.

## ૧૪ મૂળ માર્ગણા તથા ૬૨ ઉત્તર માર્ગણા

સંખ્યા, મૂળ માર્ગણાનું નામ, સંખ્યા, ઉત્તર માર્ગણાઓનાં નામ ક્રમશઃ નીચે મુજબ જાણવાં.

૧. ગતિમાર્ગણા – ૪. નરકગતિ[૧], તિર્યંચગતિ[૨], દેવગતિ[૩] ને મનુષ્યગતિ[૪].

૨. ઇંદ્રિયમાર્ગણા – ૫. એકેંદ્રિય[૧], બેઇંદ્રિય[૨], તેઇંદ્રિય[૩], ચઉરિંદ્રિય[૪], પંચેંદ્રિય[૫].

૩. કાયમાર્ગણા – ૬. પૃથ્વીકાય[૧], અપ્કાય[૨], તેઉકાય[૩], વાઉકાય[૪], વનસ્પતિકાય[૫], ત્રસકાય[૬].

૪. યોગમાર્ગણા – ૩. મન[૧], વચન[૨] ને કાયા[૩].

૫. વેદમાર્ગણા – ૩. પુરુષવેદ[૧], સ્ત્રીવેદ[૨], નપુંસકવેદ[૩].

૬. કષાયમાર્ગણા – ૪. ક્રોધ[૧], માન[૨], માયા[૩], લોભ[૪]

૭. જ્ઞાનમાર્ગણા – ૮. મતિજ્ઞાન[૧], શ્રુતજ્ઞાન[૨], અવધિજ્ઞાન[૩], મનઃપર્યજ્ઞાન[૪], કેવળજ્ઞાન[૫], મતિઅજ્ઞાન[૬], શ્રુત-અજ્ઞાન[૭], વિભંગજ્ઞાન[૮].

૮. સંયમમાર્ગણા – ૭. [૧]સામાયિક, [૨]છેદોપસ્થાપનીય, [૩]પરિહારવિશુદ્ધિ, [૪]સૂક્ષ્મસંપરાય, [૫]યથાખ્યાત, [૬]દેશવિરતિ, [૭]અવિરતિ.

૯. દર્શનમાર્ગણા – ૪. [૧]ચક્ષુદર્શન, [૨]અચક્ષુદર્શન, [૩]અવધિદર્શન, [૪]કેવળદર્શન.

૧૦. લેશ્યામાર્ગણા, ૬. [૧]કૃષ્ણલેશ્યા, [૨]નીલલેશ્યા, [૩]કાપોતલેશ્યા, [૪]તેજોલેશ્ય, [૫]પદ્મલેશ્યા, [૬]શુક્લલેશ્યા.

૧૧. ભવ્યમાર્ગણા – ૨. ભવ્ય ને અભવ્ય.

૧૨. સમ્યક્ત્વમાર્ગણા – ૬. [૧]ઔપશમિક, [૨]ક્ષાયોપશમિક, [૩]ક્ષાયિક, [૪]સાસ્વાદન, [૫]મિશ્ર, [૬]મિથ્યાત્વ.

૧૩. સંજ્ઞિમાર્ગણા – ૨. સંજ્ઞી, અસંજ્ઞી.

૧૪. આહારમાર્ગણા – ૨. આહારી, અણાહારી.

---

૬૨ કુલ ઉત્તરમાર્ગણા

૧. પ્રશ્ન – કેટલી માર્ગણામાં જીવનો મોક્ષ થાય?
ઉત્તર – દશમાં.

૨. પ્રશ્ન – મોક્ષની ૧૦ માર્ગણાઓ કઈ કઈ? તેનાં નામ આપો.

ઉત્તર – મનુષ્યગતિમાં, પંચેંદ્રિય જાતિમાં, ત્રસકાયમાં, ભવ્યપણામાં, સંજ્ઞિપણામાં, યથાખ્યાતચારિત્રમાં, ક્ષાયિકસમ્યક્ત્વમાં, અણાહારીપણામાં, કેવળજ્ઞાનમાં, કેવળદર્શનમાં આત્માનો મોક્ષ થાય છે. અર્થાત્ ઉપર્યુક્ત દશ માર્ગણામાંથી જીવ મોક્ષે જાય છે, પરંતુ તેથી અન્ય માર્ગણામાંથી કોઈ કદાપિ મોક્ષે ગયા નથી કે જઈ શકતા નથી. [ એ રીતે પ્રથમ સત્પદપ્રરૂપણાદ્વાર સમજવું ]

## (બીજું દ્રવ્યપ્રમાણ દ્વાર)

બીજા દ્રવ્યપ્રમાણ દ્વારે વિચાર કરતાં–સિદ્ધના જીવદ્રવ્યો અનંતા છે.

ત્રીજા ક્ષેત્રદ્વારે વિચાર કરતાં–૧૪ રાજલોકના અસંખ્યાતમા ભાગવાળા ક્ષેત્રમાં એક સિદ્ધ તેમ જ સર્વ સિદ્ધ ભગવંતો પણ રહે છે.

ચોથા સ્પર્શના દ્વારથી વિચાર કરતાં–સિદ્ધના જીવોની સ્પર્શના (પોતાના શરીર કરતાં) અધિક છે.

પાંચમા કાળ દ્વારે વિચાર કરતાં–એક સિદ્ધને આશ્રયીને સાદિ અનંત કાલ હોય છે. (જે સમયે

આત્મા સિદ્ધપદને પામે તે સમયથી સિદ્ધની આદિ ગણાય અને અનંત કાળ પર્યંત સિદ્ધ જ રહેવાના છે માટે અનંત કહેવાય છે.)

છઠ્ઠા અંતર દ્વારે વિચારણા કરતાં–સિદ્ધભગવંતોને અંતર (આંતરું) નથી, કારણ કે સિદ્ધ સ્થાનેથી કોઈ પણ કાળે પડવાનું નથી. અથવા જે આકાશ પ્રદેશમાં એક સિદ્ધ છે, તેજ આકાશ પ્રદેશમાં દીવાની જ્યોતિની જેમ અન્ય સિદ્ધો પણ રહેલા છે, માટે પરસ્પર પણ આંતરું નથી.

સાતમાભાગ દ્વારથી વિચારણા કરતાં–સર્વ સંસારી જીવોના અનંતમા ભાગે છે.

આઠમા ભાવ દ્વારે વિચાર કરતાં–સર્વ સિદ્ધ ભગવંતોને ક્ષાયિક ભાવે કેવળજ્ઞાન ને કેવળ-દર્શન હોય છે; અને પારિણામિક ભાવે ભાવપ્રાણ હોય છે (જ્ઞાન, દર્શન ને ચારિત્ર, એ ભાવપ્રાણ કહેવાય છે. તે સિદ્ધોને હોવાથી જીવિતપણું હોય છે, તે સિદ્ધ થાય છે.)

નવમા અલ્પબહુત્વ દ્વારે વિચાર કરતાં–નપુંસક લિંગે સિદ્ધ થયેલા સૌથી થોડા છે, સ્ત્રી લિંગે અને પુરુષ લિંગે સિદ્ધ થયેલા ક્રમશઃ સંખ્યાત ગુણા છે.

(એ પ્રમાણે મોક્ષતત્ત્વ જ્ઞાની ભગવંતોએ કહ્યું છે.)

## તત્ત્વજ્ઞાનના જ્ઞાતામાં તથા શ્રદ્ધાવંતમાં સમકિતની સત્તા

એ જીવાદિ નવ તત્વોને-૯ પદાર્થોને જે જાણે છે તેને સમ્યક્ત્વ હોય છે. વળી ભલે નવ તત્ત્વનું જ્ઞાન ન હોય, તો પણ શ્રી જિનેશ્વરદેવે બતાવેલ નવતત્ત્વ સાચાં છે, એવી શ્રદ્ધા રાખનાર આત્માને વિષે પણ સમ્યક્ત્વ હોય છે. સર્વે જિનેશ્વરદેવે કહેલાં વચનો અન્યથા ન હેય-અસત્ય ન હોય-એવી બુદ્ધિ જેના મનમાં થાય, તેને સમ્યક્ત્વ નિશ્ચલ છે-એમ સમજવું.

## સમ્યક્ત્વની સ્પર્શનાથી સંસારની પરિમિતતા

એક અંતર્મુહૂર્ત્તકાળ માત્ર પણ જેને સમકિત સ્પર્શ્યું હોય, તેને અર્ધપુદ્ગલપરાવર્ત્તનકાળ નિશ્ચયથી બાકી રહે છે, અર્થાત્ એક વખત સમ્યક્ત્વની સ્પર્શના થવાથી અર્ધપુદ્ગલ પરાવર્તનથી અધિક કાળ તેને સંસાર રહેતો નથી યાને તેટલા કાળમાં તે આત્મા અવશ્ય મોક્ષે જાય છે. એટલે કે-અનંત ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળે એક પુદ્ગલપરાવર્તકાળ થાય છે, તેના અડધા કાળની અંદર જીવ અવશ્ય મોક્ષમાં જાય છે.

અનંત પુદ્દ્ગલપરાવર્ત્તકાળ પ્રમાણ ભૂતકાળ છે અને તેથી અનંતગુણો પુદ્દ્ગલપરાવર્ત્ત જેટલો ભવિષ્ય કાળ છે.

---

## સિદ્ધના ૧૫ ભેદો ઉદાહરણ સહિત

૧. જિનસિદ્ધ – અરિહંત વગેરે.

૨. અજિનસિદ્ધ – પુંડરીક ગણધર વગેરે.

૩. તીર્થંસિદ્ધ – સામાન્ય કેવળી એવા ગણધર ભગવંતો.

૪. અતીર્થંસિદ્ધ – મરૂદેવી માતા આદિ.

૫. ગૃહસ્થલિંગે સિદ્ધ – ભરતચક્રવર્તી આદિ.

૬. અન્યલિંગે સિદ્ધ – વલ્કલચીરી આદિ.

૭. સ્વલિંગે સિદ્ધ – સાધુવેશે સિદ્ધ થાય તે.

૮. સ્ત્રીલિંગે સિદ્ધ – ચંદનબાળા વગેરે.

૯. પુરુષલિંગે સિદ્ધ – શ્રીગૌતમસ્વામીજી આદિ.

૧૦. નપુંસકલિંગે સિદ્ધ – ગાંગેય વગેરે.

૧૧. પ્રત્યેકબુદ્ધસિદ્ધ – કરકંડુ વગેરે.

૧૨. સ્વયંબુદ્ધસિદ્ધ – કપિલકેવળી વગેરે.

૧૩. બુદ્ધબોધિતસિદ્ધ – ગુરુ મહારાજનો ઉપદેશ પામીને સિદ્ધ થયા હોય તે.

૧૪. એકસિદ્ધ – શ્રીમહાવીર વિભુની જેમ એક સમયમાં એક જીવ મોક્ષે જાય તે.

૧૫. અનેકસિદ્ધ – એક સમયમાં પણ અનેક જીવો સિદ્ધ થાય તે.

(જેમકે–શ્રીઋષભદેવ ભગવાનની સાથે ૧૦૮ સિદ્ધ થયા તે)

## એક પ્રશ્ન અંગે કાયમનો એક જ જવાબ

જ્યારે જ્યારે આ જિનેન્દ્રશાસનમાં જિનેશ્વરદેવને પૂછવામાં આવે કે "કેટલા જીવો મોક્ષે ગયા?" ત્યારે ત્યારે એ જ પ્રત્યુત્તર હોય છે કે–"**અત્યાર સુધી એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે.**"

॥ ઇતિ નવતત્ત્વ સાર સમાપ્ત. ॥

## —: શુદ્ધિપત્રક :—

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| તત્વ | તત્ત્વ | ૨ | ૩ |
| ज्ञ | ज्ज | ૨ | ૧૧ |
| सि | सिं | ૨ | ૧૪ |
| , | . | ૨ | ૧૮ |
| ત્ના | ત્વના | ૨ | ૨૦ |
| લો, | લો; | ૩ | ૧૬ |
| ઓ. | ઓ; | ૪ | ૨ |
| તત્વ | ત્વ | ૫ | ૪ |
| જ | ૦ | ૬ | ૨૧ |
| અવતરણ | અવતરણ- | ૧૦ | ૨ |
| કરણ | કરણ- | ૧૦ | ૮ |
| પકારના | પ્રકારના | ૧૦ | ૧૬ |
| સોમણ | સો મણ | ૧૨ | ૧૩ |
| ૧ મા | ૧૦ મા | ૧૨ | ૨૧ |
| જાણનારાં | જાણનારા | ૧૪ | ૫ |
| -ા | નો | ૧૪ | ૧૮ |
| દ્વીન્દ્રિય | દ્વીન્દ્રિય, | ૧૫ | ૫ |
| સુક્ષ્મ | સૂક્ષ્મ | ૧૭ | ૩ |
| સૂક્ષ્મનામ કર્મનો | સૂક્ષ્મનામ કર્મનો | ,, | ૧૫ ,, |
| चरितं | चरित्तं | ૧૮ | ૧૭ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| ઉપનોગ | ઉપયોગ | ૧૮ | ૧૯ |
| ૫ડ | ૫૬ | ૧૯ | ૩ |
| દશર્ન | દર્શન | ૨૦ | ૬ |
| પુર્ણ | પૂર્ણ | ૨૦ | ૧૬ |
| સામાર્થ્ય | સામર્થ્ય | ૨૧ | ૧ |
| તદીકે | તરીકે | ૨૧ | ૫ |
| પુદ્દલોનું | પુદ્દગલોનું | ૨૧ | ૧૩ |
| પમાણમાં | પ્રમાણમાં | ૨૧ | ૧૮ |
| તેમ | તેમાં | ૨૨ | ૨૦ |
| પુર્ણ | પૂર્ણ | ૨૩ | ૧ |
| भास | भास- | ૨૨ | ૬ |
| इगा | इग | ૨૩ | ૭ |
| [અથવા | *[અથવા | ૨૪ | ૯ |
| પુદ્દગલો | પુદ્દગલો | ૨૪ | ૧૩ |
| નીજે | ની જે | ૨૪ | ૧૪ |
| સાંધારો | સાંધનારો | ૨૫ | ૨૧ |
| શ્વાસોચ્છવાસ | શ્વાસોચ્છ્વાસ | ૨૬ | ૫ |
| ,, | ,, | ,, | ૬ |
| ,, | ,, | ૨૮ | ૧૭ |
| હોવાંથી | હોવાથી | ૩૦ | ૪ |
| સમાપ્પિનો | સમાપ્તિનો | ૩૦ | ૧૦ |
| અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | ૩૧ | ૨ |
| અંતર્મુહુર્ત | ,, | ,, | ૫ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| અંતર્મુહુર્તો | અંતર્મુહૂર્તો | ,, | ૭ |
| પ્રકાની | પ્રકારની | ૩૪ | ૪ |
| વ્યસ્થા | વ્યવસ્થા | ૩૫ | ૨૧ |
| સમજીને. | સમજી લેવી. | ,, | ,, |
| સ્વયોગ | સ્વયોગ્ય | ૩૬ | ૯ |
| અહાર- | આહાર- | ૩૬ | ૧૧ |
| આવતે | આવતો | ૩૭ | ૧૦ |
| છે . | છે. | ૩૮ | ૪ |
| વાય | વાય. | ૩૮ | ૧૮ |
| લબ્ધિ | "લબ્ધિ | ૩૮ | ૨૧ |
| ર્ણ | પૂર્ણ | ૩૯ | ૪ |
| બન્નમાં | બન્નેમાં | ૪૦ | ૧ |
| પર્યંત | પર્યંત | ૪૦ | ૧૮ |
| દરેક | દરેક લબ્ધિપર્યાપ્ત | ૪૦ | ૨૧ |
| જેટલે | જેટલો | ૪૧ | ૧૦ |
| મુહૂત | મુહૂર્ત | ૪૧ | ૧૩ |
| પયંત | પર્યંત | ૪૨ | ૫ |
| અંતમુહૂત | અંતર્મુહૂર્ત | ૪૨ | ૬ |
| જાતા | જાતના | ૪૩ | ૧૬ |
| ધાતુરુય | ધાતુરૂપ | ૪૩ | ૨૦ |
| શરીરને- | શરીરને | ૪૪ | ૨ |
| રચવાની. | રચવાની- | ,, | ,, |
| अट्ठा | अट्ठ । | ૪૭ | ૨ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| सन्नीआ | सन्नीणं | ૪૭ | ૩ |
| ૫ઈદ્રિયો | ૫ ઈંદ્રિયો | ૪૭ | ૪ |
| પંચેં | પંચે- | ,, | ૭ |
| સસારી | સંસારી | ,, | ૧૧ |
| અસંજ્ઞિપ | અસંજ્ઞિપં | ૪૮ | ૫ |
| શ્વાસોચ્છ્શાસ | શ્વાસોચ્છ્વાસ | ૪૮ | ૧૭ |
| क्कंचित् | क्कचिद | ,, | ૨૧ |
| वपि | वपि, | ,, | ૨૨ |
| તે પાણ | તે પ્રાણ | ૪૯ | ૨ |
| શ્વાચ્છ્વાસ | શ્વાસોચ્છ્વાસ | ૫૦ | ૧૮ |
| દ્વ્યપ્રાણ | દ્રવ્યપ્રાણ | ૫૨ | ૧ |
| तदभावे | तदभावो | ૫૩ | ૮ |
| નો | પ્રાણનો | ૫૪ | ૧ |
| कीदशाः? | कीदृशाः? | ,, | ૮ |
| કાળબળ | કાયબળ | ૫૬ | ૫ |
| શ્રૌત્રેન્દ્રિય | શ્રોત્રેન્દ્રિય | ,, | ૮ |
| શ્વાસોચ્છવાસ | શ્વાસોચ્છ્વાસ | ૫૭ | ૧૪ |
| જાણાવનારો | જણાવનારો | ૫૯ | ૬ |
| એવો | એવા | ૬૨ | ૧ |
| શક્ત | શક્તિ | ૭૦ | ૧૫ |
| પંચે | પાંચે, | ૭૧ | ૫ |
| મતિજ્ઞાન | મતિજ્ઞાના | ૭૧ | ૬ |
| ઇન્દ્રિયાવરણ | ઇન્દ્રિયાવરણ= | ,, | ૧૫ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| હેવાથી | હોવાથી | ૭૪ | ૧૦ |
| પરમણુઓ | પરમાણુઓ | ૭૬ | ૧૯ |
| રસનેદ્રિયનું | રસનેંદ્રિયનું | ,, | ૨૧ |
| અસંખ્યાત્મા | અસંખ્યાતમા | ૭૭ | ૮ |
| આકૃત્તિ | આકૃતિ | ૭૭ | ૧૬ |
| ટા | છુટા | ૭૯ | ૧૮ |
| કરનારતે | કરનાર | ૭૯ | ૨૧ |
| ઉનાં | ઉષ્ણ | ૮૦ | ૯ |
| જૈન | જૈન- | ૮૧ | ૧૮ |
| પદાથને | પદાર્થને | ૮૩ | ૬ |
| ધ્રાણે- | ધ્રાણેં- | ૮૭ | ૧ |
| સાધરણ | સાધારણ | ૮૭ | ૪ |
| તું અનેક | અનેક | ૮૭ | ૧૪ |
| વચ | વચન | ૯૧ | ૫ |
| રથ | સ્થ | ૯૧ | ૨૨ |
| વર્ગણાંના | વર્ગણાના | ૯૨ | ૧૯ |
| પંચેદ્રિય | પંચેંદ્રિય | ૯૨ | ૨૧ |
| વથ | વચન | ૯૩ | ૧ |
| શ્વસો | શ્વાસો | ૧૦૦ | ૩ |
| ચ્છવાસનો | ચ્છ્વાસનો | ૧૦૧ | ૬ |
| ચ્છવાસની | ચ્છ્વાસની | ૧૦૧ | ૨૦ |
| પદેશે | પ્રદેશે | ૧૦૨ | ૬ |
| ક્રિયા | ક્રિયાથી | ૧૦૩ | ૪ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| સોચ્વાછ્સ | સોચ્છ્વાસ | ૧૦૩ | ૧૦ |
| પદ્ગલોના | પુદ્ગલોના | ૧૦૪ | ૮ |
| પુગલોના | ,, | ,, | ૭ |
| આયુષ્ય. | આયુષ્ય | ૧૦૬ | ૧ |
| આયુષ્ઠુ | 卐આયુષ્ય | ,, | ૨ |
| અથ | અર્થ | ૧૦૬ | ૧૦ |
| પવત | પવર્ત્ત | ૧૦૬ | ૧૬ |
| શાસ્ત્રાદિ | શસ્ત્રાદિ | ૧૦૬ | ૧૮ |
| કેડીયા | કોડીયા | ૧૧૦ | ૫ |
| આળુષ્યનાં | આયુષ્યનાં | ,, | ૧૪ |
| ગાસની | ઘાસની | ૧૧૧ | ૧૨ |
| અહાર | આહાર | ૧૧૨ | ૪ |
| દંપત્તિ | દમ્પતી | ૧૧૩ | ૪ |
| જીલ્દી | જલ્દી | ૧૧૫ | ૧૧ |
| ઉકત | ઉક્ત | ૧૧૬ | ૧ |
| સ્મિતિ) | સ્થિતિ) | ૧૧૬ | ૧૧ |
| વરતુત : | વસ્તુત : | ,, | ૧૬ |
| પેકી | પૈકી | ૧૧૭ | ૪ |
| થય | થાય | ,, | ૭ |
| થતા,અ | થતાં,અં | ,, | ૯ |
| આયુપ્ય | આયુષ્ય | ,, | ૧૨ |
| ગમા | ગમાં | ૧૧૯ | ૧૧ |
| પ્રસગે | પ્રસંગે | ,, | ૧૨ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| ૩. ઉત્તર- | ૨. ઉત્તર - | ૧૨૦ | ૫ |
| પીંડ | પિંડ | ૧૨૦ | ૮ |
| તિર્થંકરોને | તીર્થંકરોને | ૧૨૪ | ૭ |
| નીય ' | ર્તનીય ' | ,, | ૮ |
| અનપ ર્ત્ત | અનપવર્ત્ત | ,, | ૧૦ |
| **સિદ્ધા ચલ** | **સિદ્ધાચલ-** | ૧૨૮ | ૧ |
| **તી ર્થાધિ** | **તીર્થાધિ** | ,, | ૧ |
| કહ્યું | કહ્યું. | ,, | ૪ |
| બનેના | બંનેના | ,, | ૨૦ |
| છે | છે. | ૧૨૯ | ૮ |
| ઉપદાન | ઉપાદાન | ૧૩૨ | ૧૧ |
| થ૮ા | થવા | ૧૩૩ | ૧૫ |
| માંઉભા | માં ઉભા | ૧૩૫ | ૫ |
| છેઅ,લોકમાં | છે.અલોકમાં | ૧૩૬ | ૭ |
| વ ળુ | વાળું | ,, | ૧૮ |
| અધમ | અધર્મ | ૧૩૮ | ૯ |
| અનત | અનંત | ,, | ૧૦ |
| અસખ્ય | અસંખ્ય | ,, | ,, |
| નથી | નથી. | ,, | ૧૬ |
| સ્તિકાય | સ્તિકાય | ,, | ૧૮ |
| અસખ્યાત | અસંખ્યાત | ,, | ૨૦ |
| સ્કધ | સ્કંધ | ,, | ૨૦ |
| સંબંદ્ધ | સંબદ્ધ | ,, | ૨૧ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| પુદ્ગલ | પુદ્ગલા | ૧૪૧ | ૮ |
| પૌદ્ગ્લિક | પૌદ્ગલિક | ,, | ૧૩ |
| સપૂર્ણ | સંપૂર્ણ | ૧૪૨ | ૧૮ |
| પ્રયોગ. | પ્રયોગ, | ૧૪૩ | ૧૭ |
| વગોરે | વગેરે | ,, | ૨૧ |
| **-मानक** | **-मानैक** | ૧૪૬ | ૩ |
| સૂરી | સૂરિ | ,, | ૯ |
| આહલાદ | આહ્લાદ- | ૧૫૪ | ૮ |
| **પહારો** | **પ્રકારો** | ૧૫૫ | ૧ |
| વશેષિકી | વૈશેષિકી | ૧૫૫ | ૧૭ |
| યત્રો- | યંત્રો | ,, | ૧૯ |
| થળોમાં | સ્થળોમાં | ૧૫૬ | ૧૮ |
| ભાગો ામ | ભાગોમાં | ,, | ૨૨ |
| સૂ ના | સુરના | ૧૫૭ | ૩ |
| ત્રારજનક | ત્રાસજનક | ૧૫૮ | ૧૦ |
| ર્કિંતુ | કિંતુ | ,, | ૧૬ |
| અ૫ટ | અષ્ટ | ૧૫૯ | ૪ |
| સ.માન્ય | સામાન્ય | ,, | ૧૮ |
| ઉપયુક્ત | ઉપર્યુક્ત | ૧૬૦ | ૨૨ |
| અધકાર | અંધકાર | ૧૬૦ | ૨૩ |
| સ્પશ | સ્પર્શ | ૧૬૧ | ૧૫ |
| અંધકર | અંધકાર | ૧૬૨ | ૮ |
| વિશેષાથી | વિશેષાર્થી | ,, | ૧૫ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| ક્રિયાવત | ક્રિયાવંત | ૧૬૩ | ૧૭ |
| ચદ્ર | ચંદ્ર | ૧૬૪ | ૯ |
| અશોથી | અંશોથી | ૧૬૬ | ૩ |
| પાડી | પડી | ૧૬૭ | ૫ |
| સાક્ષાત | સાક્ષાત્ | ,, | ૮ |
| અર્થાત | અર્થાત્ | ૧૬૯ | ૨૧ |
| સાંન્નિપાતિક | સાન્નિપાતિક | ૧૭૦ | ૬ |
| ભગવતના | ભગવંતના | ,, | ૧૮ |
| બહુલત્તા | બહુલતા | ૧૭૩ | ૭ |
| ત્ત્વચાથી | ત્વચાથી | ૧૭૪ | ૧૦ |
| મોળ | સોળ | ૧૭૭ | ૧૬ |
| વર્ત્તનાદિ | વર્તનાદિ | ૧૭૯ | ૩ |
| શ્વસો | શ્વાસો | ૧૮૧ | ૨ |
| દુબળ | દુર્બળ | ,, | ૨૨ |
| હાની | હાનિ | ૧૮૭ | ૧૨ |
| વિશ ળ | વિશાળ | ૧૮૮ | ૨ |
| णिच्च | णिच्चं | ૧૯૨ | ૯ |
| પરિણામી | પરિણામી, | ,, | ૧૧ |
| નિત્ય | નિત્ય, | ,, | ૧૨ |

| અશુદ્ધ | શુદ્ધ | પત્ર | પંક્તિ |
|---|---|---|---|
| ગુરૂત | ગુરુતા | ૨૦૦ | ૬ |
| શકે છે | શકે છે, | ,, | ૧૦ |
| વેક્રિય | વૈક્રિય | ,, | ૧૩ |
| પરિણામી | પરિણામ જીવ | ,, | ૨૧ |
| હોવામી | હોવાથી | ,, | ,, |
| ક્રિય | ક્રિયા | ૨૦૪ | ૧૦ |
| નિયમાત | નિયમાત્ | ૨૦૬ | ૧૦ |

॥ ॐ अर्हँ नमः ॥

आशैशवशीलशालिने लावण्यमालिने श्रीनेमीश्वराय नमः

પદ્યાનુવાદ-વિવેચન સહિત

# શ્રી નવતત્ત્વ પ્રકરણ.

## પદ્યમય અનુવાદ.

[મંગલાચરણ આદિ]

વંદી યુગાદીશ શાંતિ નેમિ, પાર્શ્વ જિનવર વીરને,
પરમ ગુરુ ગુણવંત લબ્ધિ,-વંત ગણધરને અને;
નવતત્ત્વ ખાણી જૈનીં વાણી, ને સ્મરી ગુરુરાજને,
કરૂં પદ્યથી ભાષારુપે, નવતત્ત્વના અનુવાદને. (૧).

વિશ્વોપકારી શ્રી મહાવીર પરમાત્માદિ સર્વજ્ઞ-ભગવંતો ફરમાવે છે કે,- સર્વ દુઃખના મૂળરૂપ જે રાગદ્વેષાદિ તે **ભાવકર્મ** છે અને તેના કારણરૂપ જે પુદ્ગલો તે **દ્રવ્યકર્મ** છે, તેનો સર્વથા નાશ થવાથી, થતી સ્વાભાવિક અનંત સુખની જે પ્રાપ્તિ તે **મોક્ષ** કહેવાય છે. **મોક્ષ એ પરમ પુરૂષાર્થ** છે, તેનું કારણ સમ્યક્ **દર્શન**, સમ્યક્ **જ્ઞાન** ને સમ્યક્ **ચારિત્ર** છે.

મિથ્યાત્વમોહના ઉદયથી પ્રાણિઓને સત્ય-તત્વની શ્રદ્ધા-રુચિ થતી નથી, માટે તે મિથ્યાત્વ-મોહનો નાશ થવાથી, તત્વની યથાર્થ સ્વરૂપે જે રુચિ થાય, તે **સમ્યક્‌દર્શન** કહેવાય. તત્વનું યથાર્થ જ્ઞાન તે **સમ્યક્‌જ્ઞાન** કહેવાય અને હિંસાદિ કાષાયિક ભાવોની નિવૃત્તિ તેમજ અહિંસાદિ વિશુદ્ધ-ભાવોની જે પ્રાપ્તિ તે **ચારિત્ર** કહેવાય, તેમાં પ્રથમ અહિં સમ્યક્‌દર્શનના વિષયભૂત નવતત્ત્વનું સ્વરૂપ સંક્ષેપથી કહેવામાં આવે છે.—

**मूल—[गाथा]**

**जीवा-ऽजीवा पुण्णं, पावा-ऽऽसव-संवरो य निज्झरणा।**
**बंधो मुक्खो य तहा, नवतत्ता हुंति नायव्वा ॥ १ ॥**
**चउदस चउदस बाया,-लीसा बासी अ हुंति बायाला ।**
**सत्तावन्नं बारस, चउ नव भेआ कमेणेंसिं ॥ २ ॥**

**ગાથાર્થ**:-તત્ત્વ (=પદાર્થ) નવ છે. તે આ પ્રમાણે,-
૧ જીવતત્ત્વ, ૨ અજીવતત્ત્વ, ૩ પુણ્યતત્ત્વ, ૪ પાપતત્ત્વ, ૫ આસ્રવતત્ત્વ, ૬ સંવરતત્ત્વ, ૭ નિર્જરાતત્ત્વ, ૮ બંધ-તત્ત્વ ને ૯ મોક્ષતત્ત્વ, ॥૧॥.

જીવતત્ત્વના ૧૪, અજીવતત્ત્વના ૧૪, પુણ્યતત્ત્વના ૪૨, પાપતત્ત્વના ૮૨, આસ્રવતત્ત્વના ૪૨, સંવરતત્ત્વના ૫૭, નિર્જરાતત્ત્વના ૧૨, બંધતત્ત્વના ૪, અને મોક્ષ-તત્ત્વના ૯ ભેદો છે. એ પ્રમાણે નવ તત્ત્વના ભેદો અનુક્રમે જાણવા ॥ ૨ ॥.

## પદ્યાનુવાદઃ—

[ નવતત્ત્વનાં નામ અને ક્રમથી દરેકના ભેદોની સંખ્યા ]

જીવ અજીવ પુણ્ય પાપ આસ્રવ, તેમ સંવર નિર્જરા,
બંધ ને વળી મોક્ષ એ, નવતત્ત્વને જાણો ખરા;
ચૌદ ચૌદ બેંતાલીસ ને, બ્યાશી જ બેંતાલીસ છે,
સત્તાવન્ન બાર જ ચાર ને નવ, ભેદ ક્રમથી તાસ છે. (૨)

## વિવેચન—

૧. **જીવતત્ત્વ**-જેનામાં ચેતના (=જ્ઞાન) અને સુખ-દુઃખની લાગણી હોય તે.તે ચેતના એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિયસુધીના સકલ જીવોમાં ઓછા કે વત્તા પ્રમાણમાં હોય છે. (એટલે-કે,–" **चेतना लक्षणो जीवः** " ચૈતન્ય એ જીવનું સ્વરૂપ છે.) અથવા પ્રાણોને ધારણ કરે તે.

૨. **અજીવતત્ત્વ**-જે ચેતના રહિત (=જડ) હોય તે.

૩. **પુણ્યતત્ત્વ**-જેના ઉદયથી બાહ્ય સુખ આદિ અનુભવાય, તેવા કર્મના શુભ પુદ્ગલો. અથવા જેનાથી સુખ આદિ પ્રાપ્ત થાય તે.

૪. **પાપતત્ત્વ**-જેના ઉદયથી દુઃખ આદિ ભાવોનો અનુભવ થાય, તેવા કર્મના અશુભ પુદ્ગલો. અથવા જેથી દુઃખ વગેરે પ્રાપ્ત થાય તે.

**૫. આસ્રવતત્ત્વ**-શુભ કે અશુભ કર્મને આવવાના શુભ કે અશુભ યોગ વગેરે હેતુએ. અથવા શુભાશુભ કર્મને આવવાના દ્વારો.

**૬. સંવરતત્ત્વ**-જેથી આવતાં કર્મ અટકે-રોકાય, એવા સમિતિ ગુપ્તિ આદિ જે હેતુઓ તે.

**૭. નિર્જરાતત્ત્વ**-જેથી આત્મા સાથે બંધાયેલા કર્મોનો ધીરે ધીરે નાશ થાય, એવા તપ (=ઈચ્છા નિરોધ) આદિ. અર્થાત્ જેથી અંશતઃ કર્મનો ક્ષય થાય તે.

**૮. બંધતત્ત્વ**-પાણી ને દુધની જેમ, આત્મા ને કર્મનો જે એકાકાર સંબંધ તે.

**૯. મોક્ષતત્ત્વ**-કર્મનો સર્વથા ક્ષય થવાથી, આત્માના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપની જે પ્રાપ્તિ તે.

---

## નવે તત્ત્વોનો ૨, ૫ કે ૭ તત્ત્વમાં સમાવેશ.

ઉપર કહેલા. નવ તત્ત્વો પૈકી, તેઓનો બે પાંચ કે સાત તત્વમાં પણ સમાવેશ થઇ શકે છે. જુઓ- સંવર નિર્જરા ને મોક્ષ, એ જીવનું અત્યંત વિશુદ્ધ સ્વરૂપ હોવાથી, તે ત્રણે નો જીવતત્ત્વમાં સમાવેશ થાય છે. પુણ્ય ને પાપ, એ બન્ને તત્ત્વો શુભ ને અશુભ કર્મના બંધસ્વરૂપ હોવાથી, પુણ્ય ને પાપ તત્ત્વનો બંધતત્ત્વમાં સમાવેશ થાય છે. તથા

બંધ એ આત્માની સાથે કર્મના સંબંધસ્વરૂપ હોવાથી અને તેમાં કર્મનું મુખ્યપણું હોવાથી બંધતત્ત્વનો અજીવતત્ત્વમાં અંતર્ભાવ થાય છે. આસ્રવતત્ત્વ એ મિથ્યાતત્ત્વ આદિ હેતુઓથી થયેલ અવિશુદ્ધ પરિણામસ્વરૂપ છે. આ પરિણામ કર્મથી થતો હોવાથી અજીવતત્ત્વમાં આસ્રવતત્ત્વનો પણ સમાવેશ થાય છે. સારાંશ એ આવ્યો કે,-જીવતત્ત્વમાં સંવર નિર્જરા ને મોક્ષ એ ત્રણ તત્ત્વોનો અને અજીવતત્ત્વમાં પુણ્ય પાપ આસ્રવ ને બંધ એ ચાર તત્ત્વોનો સમાવેશ થાય છે માટે **નવે તત્ત્વોનો જીવ ને અજીવ એ બે તત્ત્વમાં અંતર્ભાવ થાય છે**.અર્થાત નવતત્ત્વો પૈકી ૪ જીવતત્ત્વો ને ૫ અજીવતત્ત્વો છે.

પુણ્ય અને પાપનો બંધતત્ત્વમાં સમાવેશ કરી, તત્ત્વાર્થ સૂત્રમાં **સાત તત્ત્વો** પણ કહ્યાં છે, તથા બંધ અને આસ્રવતત્ત્વનો અજીવતત્ત્વમાં સમાવેશ કરવાથી **પાંચ તત્વો** પણ કહી શકાય છે.

આ પ્રમાણે, જો કે બે પાંચ કે સાત તત્ત્વો ભિન્ન ભિન્ન અપેક્ષાએ થઇ શકે છે, અર્થાત્ બે આદિમાં નવ તત્ત્વોનો સમાવેશ થઇ શકે છે; છતાં **હેય**-ત્યાગ કરવા લાયક, **જ્ઞેય**-જાણવા લાયક અને **ઉપાદેય**-ગ્રહણ કરવા લાયક યા આદરવા લાયક

તત્ત્વો કયાં કયાં છે? તેનું સ્પષ્ટ ભાન કરાવવા માટે જ્ઞાની ભગવંતોએ નવ તત્ત્વનો ઉપદેશ કર્યો છે, તેમજ મોક્ષ એ શું છે? અને તેનાં કારણો કયાં છે? તેમજ સંસાર એ શું છે? અને તેનાં કારણો કયાં છે? તેનું પણ સુંદર રીતે નવ તત્ત્વનો ઉપદેશ કરી સ્પષ્ટ ભાન કરાવ્યું છે.

## નવતત્ત્વોમાં હેય-જ્ઞેય-ઉપાદેય તત્ત્વો.

જીવ ને અજીવ એ બે તત્ત્વો જ્ઞેય-જાણવા લાયક છે. પુન્યતત્ત્વ એ વ્યવહારથી ઉપાદેય-આદરવા લાયક અને નિશ્ચયથી હેય-ત્યાગવા લાયક છે. કારણ કે,-પુન્ય એ મુક્તિપુરીમાં લઈ જનાર ભોમીયો છે, માટે વ્યવહારનયે ઉપાદેય છે; પરંતુ ઈષ્ટ નગરે પ્હોંચ્યા બાદ જેમ ભોમિયાને લોકો છુટો કરે છે, તેમ નિશ્ચયનયથી પુન્ય પણ ત્યાગવા લાયક છે. કારણ કે-પુન્ય એ શુભ વસ્તુ છે, છતાં તે કર્મ છે, તેથી તે સોનાની બેડી સમાન મનાય છે, અને મોક્ષ તો સકલ કર્મનો ક્ષય થાય ત્યારે જ મળી શકે છે, માટે નિશ્ચયનયની દૃષ્ટિએ પુન્ય ત્યાજ્ય મનાય છે. નિશ્ચયનયે જો કે પુન્ય ત્યાગવા લાયક છે, છતાં પણ શ્રાવક વર્ગને તો અવશ્ય આદરવા લાયક છે અને મુનિઓને અપવાદ માર્ગે જ ઉપાદેય છે. પાપતત્ત્વ હેય તરીકે પ્રસિદ્ધ છે. આસ્રવતત્ત્વ એ કર્મના આગ-

મનરૂપ હોવાથી હેય છે. સંવર તથા નિર્જરા એ બે તત્ત્વો આત્માના સ્વભાવરૂપ યા શુદ્ધ પરિણામરૂપ હોવાથી ઉપાદેય છે. બંધ તત્ત્વ એ આત્મા ને કર્મનો સંબંધ કરાવવાદ્વારા આત્મિક શક્તિઓનું રોધક હોવાથી હેય છે. અને પરમાનંદ સ્વરૂપ મોક્ષતત્ત્વ એ ઉપાદેયતત્ત્વ છે.

તત્ત્વતઃ નવે તત્ત્વો જ્ઞેય છે, છતાં જે બાબતમાં જે તત્ત્વની મુખ્યતા હોય, તે બાબતમાં તે તે તત્ત્વને હેય, જ્ઞેય કે ઉપાદેય કહેલ છે. એટલે કે, તે તે વિષયની મુખ્યતાએ હેય આદિ વિશેષણ લગાડેલ છે.

## નવતત્ત્વમાં રૂપી અરૂપી વિભાગ

જીવ એટલે આત્મા, તે અરૂપી છે, માટે જીવ-તત્ત્વ જો કે અરૂપી જ છે, છતાં પ્રસ્તુતમાં અહિં શરીરધારી જીવોની અપેક્ષાએ જીવતત્ત્વના (૧૪) ભેદોની ગણના કરેલી હોવાથી જીવતત્ત્વને રૂપી કહેવામાં આવે છે. અજીવતત્ત્વના ૧૪ ભેદો પૈકી ૪ ભેદ રૂપી છે અને ૧૦ ભેદ અરૂપી છે, જેનું વર્ણન અજીવતત્ત્વમાં કરેલ છે. પુન્ય, પાપ, આસ્રવ ને બંધ, એ ચાર તત્ત્વો કર્મના પરિણામરૂપ (પુદ્‌ગલસ્વરૂપ) હોવાથી રૂપી છે. તથા સંવર, નિર્જરા ને મોક્ષ, એ ત્રણ તત્ત્વો જીવના પરિણામરૂપ હોવાથી અરૂપી છે. ॥૧॥

| નવતત્ત્વો. | હેય | જ્ઞેય | ઉપાદેય | જીવ | અજીવ | રૂપી | અરૂપી | ભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જીવ-તત્ત્વ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧૪ |
| ૨ અજીવ ,, | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧૪ |
| ૩ પુન્ય ,, | ૧ | ૦ | (૧) | ૦ | ૧ | ૧ | ૦ | ૪૨ |
| ૪ પાપ ,, | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૮૨ |
| ૫ આસ્રવ ,, | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૪૨ |
| ૬ સંવર ,, | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૫૭ |
| ૭ નિર્જરા ,, | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧૨ |
| ૮ બંધ ,, | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૯ મોક્ષ ,, | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૯ |
| કુલ સંખ્યા. | ૪ | ૨ | ૩ (૪) | ૪ | ૫ | ૬ | ૪ | ૨૭૬ |

(૨) આ નવતત્ત્વોના અનુક્રમે ૧૪, ૧૪, ૪૨, ૮૨. ૪૨, ૫૭, ૧૨, ૪ ને ૯ ભેદ છે. કુલ નવતત્ત્વના ૨૭૬ ભેદ થાય છે. આ સમુદિત ૨૭૬ ભેદ પૈકી હેય-જ્ઞેયાદિમાં કયા તત્ત્વના કેટલા ઉત્તર ભેદ ભળે છે, તે જાણવાનું કોષ્ટક નીચે પ્રમાણે—

## નવતત્ત્વના ૨૭૬ ભેદમાંથી હેયાદિ કેટલા ? તેને જણાવનારો કોઠો.

| નવતત્ત્વો | હેય | જ્ઞેય | ઉપાદેય | રૂપી | અરૂપી | જીવ | અજીવ |
|---|---|---|---|---|---|---|---|
| જીવ તત્ત્વના | ૦ | ૧૪ | ૦ | ૧૪ | ૦ | ૧૪ | ૦ |
| અજીવ ,, | ૦ | ૧૪ | ૦ | ૦ | ૧૪ | ૪ | ૧૦ |
| પુણ્ય ,, | ૦ | ૦ | ૪૨ | ૦ | ૪૨ | ૪૨ | ૦ |
| પાપ ,, | ૮૨ | ૦ | ૦ | ૦ | ૮૨ | ૮૨ | ૦ |
| આસ્રવ ,, | ૪૨ | ૦ | ૦ | ૦ | ૪૨ | ૪૨ | ૦ |
| સંવર ,, | ૦ | ૦ | ૫૭ | ૫૭ | ૦ | ૦ | ૫૭ |
| નિર્જરા ,, | ૦ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૧૨ |
| બંધ ,, | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૦ |
| મોક્ષ ,, | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૦ | ૯ |
| કુલ | ૧૨૮ | ૨૮ | ૧૨૦ | ૯૨ | ૧૮૪ | ૧૮૮ | ૮૮ |
| સંખ્યા | ૨૭૬ | | | ૨૭૬ | | ૨૭૬ | |

॥૨॥

# ૧ જીવતત્ત્વ.

**અવતરણ** સ્વાભાવિક અને કર્મરૂપ ઉપાધિથી થયેલા જીવના કેટલાક ભેદો નીચેની ગાથાથી બતાવે છે—

**मूल—**

**एगविह-दुविह-तिविहा, चउव्विहा पंच-छव्विहा जीवा।**
**चेयण-तस-इयरेहिं, वेय-गइ-करण-काएहिं ॥ ३ ॥**

**અર્થ:**—ચેતના, ત્રસ, ઇતર-સ્થાવર, વેદ, ગતિ, કરણ-ઈંદ્રિય, અને કાયા વડે કરીને જીવો (અનુક્રમે) એક બે, ત્રણ, ચાર, પાંચ અને છ પ્રકારે છે. ॥ ૩ ॥

**પદ્યાનુવાદઃ-**

[સંસારી જીવોના જુદી જુદી અપેક્ષાએ ૧ થી ૬ પ્રકાર]

ચેતના લક્ષણવડે જીવો જ, એક પ્રકારના,
ત્રસ અને સ્થાવર તણા બે, ભેદથી બે જાતના;
વેદના ત્રણ ભેદથી પણ, જાણવા ત્રણ જાતના,
ગતિતણા ચઉ ભેદથી છે, જીવ ચાર પકારના. (૩).

ઈંદ્રિયના પાંચેય ભેદે, જીવ પાંચ પ્રકારના,
ષટ્કાયના ભેદે કરી પણ, જાણવા છ પ્રકારના;
એ રીતે ભેદો અપેક્ષા,-ભેદથી સંસારીના,
ભાખ્યા હવે કહીશું જ ચૌદે, સ્થાનકો જીવો તણા. (૪)

**વિવેચન**-જગદ્વર્તિ તમામ જીવોમાં ચેતના-ચૈતન્ય અને સુખદુઃખની લાગણી હોવાથી, **જીવો એક પ્રકારે છે.**

અથવા સકળ સંસારી જીવો, ત્રસ અને સ્થાવર એ બે ભેદમાં વ્હેંચાયેલા હોવાથી **જીવો બે પ્રકારે છે.** કારણ, તમામ એકેંદ્રિય જીવો, સ્થાવર છે અને બે ઇંદ્રિયથી માંડી ને પાંચ ઇંદ્રિયવાળા સઘળા જીવો ત્રસ છે. માટે બે ભેદમાં તમામ સંસારી જીવો આવી જાય છે.

અથવા વેદની અપેક્ષાએ **જીવો ત્રણ પ્રકારના છે.** વેદ એટલે ઇચ્છા વિશેષ. તેના ત્રણ ભેદ છે. ૧ પુરૂષવેદ, ૨ સ્ત્રીવેદ અને ૩ નપુંસકવેદ. સ્ત્રીના ઉપભોગની ઇચ્છા તે પુરૂષવેદ, પુરૂષના ઉપભોગની ઇચ્છા તે સ્ત્રીવેદ, અને સ્ત્રી તેમજ પુરૂષ બન્નેના ઉપભોગની ઇચ્છા તે નપુંસકવેદ કહેવાય છે. સંસારી જીવોમાં કોઇને કોઈ પ્રકારની * ઇચ્છા રહેલી હોવાથી સંસારી જીવો ત્રણ ભેદમાં વ્હેંચાયેલા છે. તેમાં

* **શંકા**—"ઇચ્છા વિશેષરૂપ ત્રણ વેદ પૈકી, કોઇપણ વેદ સંસારી દરેક આત્માને અવશ્ય હોયજ છે," એવો નિયમ જો માનીએ તો, છઠ્ઠા ગુણઠાણાથી ચૌદમા ગુણઠાણા સુધીના સંયમધારીઓમાં પણ તે નિયમ માનવો પડશે; અને તે માનવા જતાં, તેઓમાં બ્રહ્મચર્ય કેમ મનાશે? કારણકે,-

**એકેંદ્રિયથી અસંજ્ઞિપંચેંદ્રિય સુધીના તમામ જીવોમાં અને નારકીના જીવોમાં નપુંસકવેદ, દેવતાઓમાં પુરૂષ ને સ્ત્રી એમ બે વેદ અને સંજ્ઞિ તિર્યંચ તથા મનુષ્યમાં ત્રણે વેદો હોય છે.**

---

સ્ત્રી આદિના ભોગની અભિલાષા, બ્રહ્મચર્યનો નાશ કરનારી છે. અર્થાત્ સ્ત્રી આદિના ભોગની ઇચ્છા અને બ્રહ્મચર્ય એ બન્ને એક વ્યકિતમાં કઈ રીતે હોઇ શકે? કેમકે જ્યાં બ્રહ્મચર્ય હોય ત્યાં ભોગની ઇચ્છા સરખી પણ ન હોય અને ભોગની ઇચ્છા હોય ત્યાં બ્રહ્મચર્ય પણ ન હોય?

**સમાધાન**—છઠ્ઠાથી નવમાં ગુણઠાણા સુધીના જીવોમાં પણ, ભલે ઇચ્છારૂપ વેદનો ઉદય હોય, પરંતુ તે ઘણોજ મંદ પરિણામી હોવાથી, બ્રહ્મચર્યને ખંડિત કરી શકતો નથી. જેમ સોમણ પાણીની કડાઇ હોય, તેની નીચે એક દીવો રાખ્યો હોય, તો પણ તે દીવો, વિશાળ પાણીની કડાઇમાં તથાપ્રકારની ઉષ્ણતા લાવી શકતો નથી,-પાણીની સહજ શીતળતાને નાબુદ કરી શકતો નથી, તેમ અહિં પ્રસ્તુતમાં પણ સમજી લેવું.

**૨ શંકા**— નવમા ગુણઠાણા સુધીના જીવો માટે, ભલે મંદ પ્રમાણના કોઇ પણ એક વેદની અપેક્ષાએ, સંસારી જીવોમાં, ત્રિવિધ વેદ ઘટી શકતો હોય, તો પણ આગળના ૧૦મા થી ૧૪મા ગુણસ્થાનકે વર્તતા મહાત્માઓમાં તો, લેશ માત્ર પણ ઇચ્છા વિશેષરૂપ વેદનો ઉદય હોતો નથી,

અથવા નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવ, એમ ગતિ ચાર હોવાથી, ગતિના ૪ ભેદની અપેક્ષાએ સંસારી સર્વ **જીવો ચાર પ્રકારે છે.** એકેંદ્રિયથી ચઉરિંદ્રિય સુધીના સઘળા જીવોનો તથા જલચરાદિ ૨૦ ભેદવાળા પંચેંદ્રિય તિર્યંચોનો તિર્યંચગતિમાં, ૧૯૮ ભેદવાળા દેવતાઓનો દેવગતિમાં, ૩૦૩ ભેદ વાળા મનુષ્યોનો મનુષ્ય ગતિમાં અને ૧૪ ભેદવાળા નારકીઓનો નરકગતિમાં સમાવેશ થાય છે.

અથવા સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, અને શ્રોત્રેન્દ્રિય, એ પ્રમાણે ઇંદ્રિયો પાંચ હોવાથી સંસારી સઘળા **જીવો પાંચ પ્રકારે છે.** પૃથ્વીકાયથી વનસ્પતિકાય સુધીના સઘળા જીવો

---

અર્થાત્ અવેદી હોય છે, છતાં સંસારી તો છેજ, તો તેઓમાં વેદ છે, એ વાત કઇ રીતે મનાય?

**સમાધાન**—૧૦ થી ૧૪ સુધીના છેલ્લા પાંચ ગુણઠાણે વર્તતા મહાત્માઓ જોકે અવેદી હોય છે, છતાં તેઓની પૂર્વાવસ્થાની અપેક્ષાએ, અથવા (પુરૂષમાં દાઢી મૂંછ આદિ તથા સ્ત્રીમાં સ્તનાદિ) દેહના આકાર વિશેષરૂપ બાહ્યવેદની અપેક્ષાએ, તેઓમાં પણ વેદની ઘટના કરવી. વિશેષ ચર્ચા આકરગ્રંથોથી જાણી લેવી.

સ્પર્શના વિષયને જ જાણતા હોવાથી, એક સ્પર્શ-ઇંદ્રિય વાળા છે. સ્પર્શ અને રસ-સ્વાદ, એ બે વિષયને જાણતા હોવાથી, કરમિયા જળો વગેરે જીવો સ્પર્શ અને રસ, એમ બે ઇંદ્રિયવાળા છે. સ્પર્શ સ્વાદ ને ગંધ, એમ ત્રણ વિષયને જાણનારાં માંકડ કાનખજુરા વગેરે જીવો ત્રણ ઇંદ્રિયવાળા છે. સ્પર્શ સ્વાદ, ગંધ ને રૂપ એમ ચાર વિષયને જાણનારા માંખી ભમરા વગેરે જીવો ચાર ઇંદ્રિયવાળા છે. તથા સ્પર્શ, સ્વાદ, ગંધ, રૂપ તેમજ શબ્દ, એ પાંચે વિષયોને જાણનારા મનુષ્ય ને દેવ વગેરે જીવો પાંચ ઇંદ્રિયવાળા કહેવાય છે આ પ્રમાણે ઇંદ્રિયના ભેદે જીવો પાંચ પ્રકારે છે.

અથવા કાયના છ ભેદે કરી, **જીવો છ પ્રકારે છે.** તે છ કાયો આ પ્રમાણે છે– ૧ પૃથ્વીકાય, ૨. અપ્કાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય અને ૬ ત્રસકાય. સઘળા એકેંદ્રિય જીવોનો પૃથ્વીકાયથી વનસ્પતિકાય સુધીમાં અને દ્વીન્દ્રિયાદિ સઘળા જીવોનો ત્રસકાયમાં સમાવેશ થયેલ છે.

સાત આદિ ભેદો પણ લોકપ્રકાશ આદિ શાસ્ત્રોમાં કહેલા છે ॥ ૩ ॥

### मूल—

**एगिंदिय सुहुमियरा, सन्नियरपणिंदिया य सबितिचउ ।
अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥४॥**

**અર્થ**:— સૂક્ષ્મ એકેંદ્રિય અને ઈતર-બાદર એકેંદ્રિય, એ બે પ્રકારના એકેંદ્રિયો, દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય ને ચતુરિન્દ્રિય સહિત સંજ્ઞિપંચેન્દ્રિય અને ઇતર-અસંજ્ઞિપંચેન્દ્રિય એ બે જાતના પંચેન્દ્રિયો, એ સાતે પ્રકારના જીવો અપર્યાપ્તા ને પર્યાપ્તા, એમ બબ્બે પ્રકારે છે. એટલે કે સંસારી જીવોના (કુલ) ૧૪ સ્થાનકો-ભેદો છે.

### પદ્યાનુવાદ:—

[ સંસારી જીવના ૧૪ ભેદ ]

સૂક્ષ્મ બાદર ભેદથી બે, જાતના એકેંદ્રિયો,
અસંજ્ઞી સંજ્ઞી ભેદથી બે, જાતના પંચેંદ્રિયો;
ત્રિવિધ વિકલેન્દ્રિય યુત એ, સાત પણ બે જાતના,
અપર્યાપ્ત ને પર્યાપ્ત ભેદે, ચૌદ સ્થાનક જીવના ૫).

**વિવેચન**—એકેંદ્રિયજીવોના ૪, વિકલેંદ્રિયોના ૬ ને પંચેદ્રિયના ૪ ભેદ છે. આ રીતે સંસારી સર્વ જીવો આ ૧૪ ભેદમાં આવી જાય છે. જુઓ નીચેનો કોઠો—

## જીવના ૧૪ સ્થાનકો (ભેદો) જણાવનાર કોઠો-(૧ લો).

| | | | | | |
|---|---|---|---|---|---|
| એકેંદ્રિયના— | સૂક્ષ્મ | ને | બાદર- | ૨ | ભેદ |
| દ્વીદ્રિયનો— | ૦ | | ,, | ૧ | ,, |
| ત્રીંદ્રિયનો— | ૦ | | ,, | ૧ | ,, |
| ચતુરિંદ્રિયનો— | ૦ | | ,, | ૧ | ,, |
| પંચેંદ્રિયના— | સંજ્ઞી | ને | અસંજ્ઞી— | ૨ | ,, |
| | | | કુલ ભેદ—૭. | | |

આ સાતેય ભેદોના 'પર્યાપ્ત અને અપર્યાપ્ત' એવા બબ્બે ભેદો હોવાથી- કુલ ૧૪ ભેદ' થાય છે.

સૂચના અ૦=અપર્યાપ્ત. એ૦=એકેંદ્રિય. પંચે૦= પંચેંદ્રિય. એ પ્રમાણે આ નીચેના કોઠામાં સમજવું.

## જીવના ૧૪ ભેદોનો કોઠો-(બીજો).

| એકેંદ્રિય-૪ | વિકલેંદ્રિય-૬ | પંચેંદ્રિય-૪ |
|---|---|---|
| અ૦ સૂક્ષ્મ એ૦ | અ૦ દ્વીંદ્રિય | અ૦ અસંજ્ઞિ પંચે૦ |
| પર્યાપ્ત ,, ,, | પર્યાપ્ત ,, | પર્યાપ્ત ,, ,, |
| અ૦ બાદર એ૦ | અ૦ ત્રીંદ્રિય | અ૦ સંજ્ઞિ પંચે૦ |
| પર્યાપ્ત ,, ,, | પર્યાપ્ત ,, | પર્યાપ્ત ,, ,, |
| | અ૦ ચતુરિંદ્રિય | |
| | પર્યાપ્ત ,, | |

ગમે તેટલા એકત્ર કરવા છતાં પણ, જેઓનાં શરીર ચર્મચક્ષુથી-આંખથી ન દેખાય, તેવા જીવો '**સુક્ષ્મ**' કહેવાય છે. આ જીવોને ફક્ત એક સ્પર્શ ઇંદ્રિય જ હોય છે, તેથી તેઓ એકેંદ્રિય કહેવાય છે. જે ચૌદ રાજલોકમાં સર્વત્ર રહેલા છે. લોકાકાશનો એક પણ ઇંચ કે તસુ કે આકાશપ્રદેશ, તે સૂક્ષ્મ જીવ શિવાયનો નથી. અર્થાત્ લોકમાં એવી કોઈ પણ જગ્યા કે સ્થળ નથી, કે જ્યાં આ સૂક્ષ્મ જીવો ન હોય. જેઓ અસ્ત્ર કે શસ્ત્રથી ભેદાતા કે છેદાતા નથી. અગ્નિથી બળી શકતા પણ નથી. મનુષ્ય કે કોઇ પણ પ્રાણીના ઉપયોગમાં પણ આવતા નથી. અદૃશ્ય છે. એટલું જ નહિં, પરંતુ જેઓ કોઇપણ ઇંદ્રિયથી પ્રત્યક્ષ કરી શકાતા નથી-સાક્ષાત્ જાણી શકાતા નથી. આ બધો પ્રભાવ તે જીવોએ ઉપાર્જન કરેલા સૂક્ષ્મના મકર્મનો છે. આ જીવોને કોઈ મારી શકતું પણ નથી. પૃથ્વી, જળ તેજ, વાયુ ને વનસ્પતિ, એમ પાંચેય સ્થાવરોના આવા સૂક્ષ્મ જીવો હોય છે. આપણે જેને નિહાળી શકીએ છીએ તે જીવો તો બાદર જ છે.

અસંખ્યાતા મળીને પણ, જેઓનાં શરીર દેખાય તે '**બાદર**' કહેવાય છે. આવા જીવો બાદર નામ-

કર્મના ઉદયવાળા હોય છે. આંખથી દેખી શકાય તેવા (સૂક્ષ્મ શિવાયના) સકલ જીવોનો આમાં સમાવેશ થાય છે. આ બાદર એકેંદ્રિય જીવો લોકોના ઉપયોગમાં આવે છે. અસ્ત્ર શસ્ત્રથી છેદાય ભેદાય છે. વળી આ જીવો બીજાને પણ છેદી ભેદી શકે છે. અને લોક (૧૪ રાજલોક) માં સર્વત્ર હોતા નથી, પરંતુ અમુક અમુક વિભાગમાં હોય છે.

પૂર્વાપરનો વિચાર કરવાની જેઓમાં શક્ત હોય તે '**સંજ્ઞિ**' અને તેવી શકિત વિનાના હોય તે '**અસંજ્ઞિ**' જીવો કહેવાય છે. અર્થાત્ મનવાળા જીવો સંજ્ઞિ અને મન વિનાના જીવો અસંજ્ઞિ કહેવાય છે.

સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મરણ પામે તે '**અપર્યાપ્ત**' અને પૂરી કરીને મરે તે '**પર્યાપ્ત**' કહેવાય. પર્યાપ્તિનું સ્વરૂપ છઠ્ઠીગાથાના વિવેચનમાં કહ્યું છે, ત્યાંથી જાણી લેવું. ॥૪॥

**મૂલ— नाणं च दंसणं चेव, चरितं च तवो तहा ।**
**वीरियं उवओगो य, एअं जीवस्स लक्खणं ॥५॥**

**અર્થ**:-જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા વીર્ય ને ઉપનોગ, એ (૭ પ્રકારે) જીવનું લક્ષણ છે. ॥૫॥

## પદ્યાનુવાદઃ—

(૭ પ્રકારે જીવનું લક્ષણ)

જ્ઞાન દર્શન ને વળી, ચારિત્ર તપ ને વીર્ય ને,
ઉપયોગ એ ષડવિધ લક્ષણ, જીવ કેરૂં જાણને;

## વિવેચન—

**જ્ઞાન**=નામ, જાતિ, ગુણ કે ક્રિયાયુક્ત જે વિશેષ બોધ તે જ્ઞાન, કે જે **સાકારોપયોગ** ને **વિશેષોપયોગ** પણ કહેવાય છે.

**દર્શન**=નામ, જાતિ, ગુણ કે ક્રિયા વગરનો 'આ કાંઈક છે' એવો જે સામાન્ય બોધ તે દર્શન, કે જે **નિરાકારઉપયોગ** અને **સામાન્યઉપયોગ** પણ કહેવાય છે.

**ચારિત્ર**=તીર્થંકર ભગવંતોના વચન ઉપર શ્રદ્ધા અને તેમના વચનના જ્ઞાન પૂર્વક, આત્માને હિતકારી ક્રિયામાં પ્રવૃત્તિ તથા અહિતકારી ક્રિયાથી જે નિવૃત્તિ તે ચારિત્ર.

**તપ**=તૃષ્ણા-ઇચ્છાનો જે નિરોધ તે તપ.

**વીર્ય**= આત્માનું અનંત સામર્થ્ય તે વીર્ય.

**ઉપયોગ**=જ્ઞાનાવરણીય તેમજ દર્શનાવરણીય કર્મના ક્ષય ને ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી શક્તિને કાર્યમાં લેવી; એટલે કે, ચેતના શક્તિનો જે વ્યાપાર તે ઉપયોગ.

## દરેક જીવમાં છએ લક્ષણની ઘટના—

દરેક જીવમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત સામર્થ્ય-શક્તિ રહેલ છે, છતાં તેનો ઉપયોગ તેઓ કરી શકતા નથી. કારણ કે દરેક ગુણો તે તે કર્મથી દબાયેલા છે. જેમકે—

જ્ઞાન જ્ઞાનાવરણ કર્મથી, દર્શન દર્શનાવરણ કર્મથી, ચારિત્ર ચારિત્રમોહનીય કર્મથી, તપ એ મોહનીય ને વીર્યાંતરાય કર્મથી, વીર્ય વીર્યાંતરાય કર્મથી, અને (જ્ઞાન ને દર્શનનો) ઉપયોગ જ્ઞાનાવરણ ને દર્શનાવરણ કર્મથી દબાયેલ છે. જેમ જેમ તે તે કર્મનો ક્ષયોપશમ થતો જાય, એટલે કે- અધ્યવસાય(=ભાવના)ને અનુસારે કર્મનું દબાણ ઓછું થતું જાય, તેમ તેમ તે તે ગુણોનો વિકાસ થતો જાય છે. જ્યારે જ્ઞાનાવરણાદિ કર્મોનો સંપૂર્ણ નાશ થાય છે ત્યારે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, પુર્ણસ્વરૂપમાં ઈચ્છાનો નિરોધ અને અનંત સામર્થ્ય પ્રાપ્ત થાય છે. જ્ઞાનાદિ તમામ ગુણો દરેક જીવમાં, ઓછા કે વત્તા પ્રમાણમાં અવશ્ય હોય છે. અજીવ-જડ પદાર્થમાં તે ગુણોનું નામ નિશાન પણ હોતું નથી, માટે જ્ઞાન દર્શન વગેરે છએ જીવનાંજ લક્ષણો (=જીવને ઓળખવાનાં ચિન્હો) કહેલાં છે.

ગમે તેટલા તીવ્ર સામાર્થ્યવાળું કર્મ, જો કે આત્માના તે તે ગુણને જરૂર દબાવે છે, છતાં તે તે ગુણને સર્વથા-સંપૂર્ણપણે દબાવી શકતું તો નથી જ. દરેક ગુણનો અમુક અંશ-અમુક વિભાગ તો ઉઘાડો રહે છે જ. દાખલા તરીકે,—જેમ સૂર્યને ગાઢ વાદળાં દબાવે, છતાં દિવસ અને રાત્રિનો સ્પષ્ટ ભેદ માલુમ પડે, તેટલો પ્રકાશ ઉઘાડો રહે છે; તેમ ગાઢ સામર્થ્યવાળાં કર્મો જીવના ગુણોને દબાવે, છતાં દરેક ગુણનો અંશ ઉઘાડો રહે છે જ. તેથીજ ઓછામાં ઓછી જ્ઞાનાદિની માત્રાવાળા સૂક્ષ્મ નિગોદિયા જીવોમાં પણ, અલ્પ પ્રમાણમાં પણ જ્ઞાન દર્શન છે, પ્રવૃત્તિ નિવૃત્તિ છે, સહનશકિત છે. અને આહારાદિના પુદ્ગલોનું ગ્રહણ છે. જેમ જેમ કર્મનું જોર ઓછું થતું જાય છે, તેમ તેમ બાદર એકેંદ્રિય અને દ્વીંદ્રિયાદિ જીવોમાં, તે તે ગુણોનો વિકાસ વધતો જાય છે.

**શંકા**— જેમ દરેક જીવમાં, ઓછા કે વત્તા પ્રમાણમાં જ્ઞાનાવરણ ને દર્શનાવરણ કર્મનો ક્ષયોપશમ હોવાથી, દરેક જીવને ઓછા વત્તા પ્રમાણમાં, જ્ઞાન દર્શન ને તેનો ઉપયોગ હોય છે; તથા અંતરાય કર્મનો ક્ષયોપશમ થવાથી પુદ્ગલોનું ગ્રહણ વગેરે

ક્રિયા થાય છે, તેમ ચારિત્ર અને તપ દરેક જીવમાં ક્યાં છે?

**સમાધાન**— વ્યાવહારિક ચારિત્ર અને તપ, કદાચ સર્વ જીવોમાં ન હોય, તો પણ તે ગુણોનો અંશ તો દરેક જીવને હોય છે જ. ચારિત્ર અને તપને, તેનું આવારક કર્મ આવરે છતાં, તે તે ગુણોનો અંશ દરેક જીવમાં ઉઘાડો રહે છે જ. અને તેથીજ ગમે તેવી પણ પ્રવૃત્તિ નિવૃત્તિ (રૂપ ચારિત્ર) અને સહન શીલતા ( રૂપ તપ ) તો દરેક જીવમાં રહેલ છે. આ રીતે ચારિત્ર ને તપ પણ દરેક જીવમાં છે. માટે ચારિત્ર તેમજ તપને જીવના લક્ષણ તરીકે માનવામાં કોઈ પણ જાતનો વિરોધ રહેતો નથી.

જ્ઞાન ને દર્શનના ભેદો તેમજ વિશેષ સ્વરૂપ પ્રથમ કર્મગ્રંથથી જાણવું. ચારિત્રના ભેદોનું સ્વરૂપ આ નવતત્ત્વની ૩૨–૩૩ મી ગાથાથી અને તપના ભેદોનું સ્વરૂપ ૩૪–૩૫ મી ગાથાથી જાણવું. ॥ ૫ ॥

## છઠ્ઠી ગાથાનું અવતરણ—

ચોથી ગાથામાં જીવતત્ત્વના ૧૪ ભેદો કહેવાના પ્રસંગે અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ જીવોના બબ્બે પ્રકાર કહ્યા છે. તેમાં સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરનારા તે **પર્યાપ્તા** અને સ્વયોગ્ય પર્યાપ્તિઓ

પુર્ણ કર્યા પહેલાં મરી જનારા તે **અપર્યાપ્તા** જીવો કહેવાય છે. અહિં સ્હેજે એ પ્રશ્ન થાય કે, પર્યાપ્તિ એટલે શું? દરેક જીવ ભેદમાં કેટ કેટલી હોય? તેના ઉત્તરમાં નીચેની ગાથા કહે છે—

## मूल—

**आहार-सरीरिंदिय,-पज्जत्ती आणपाण-भास मणे ।**
**चउ पंच पंच छप्पि य, इगा-विगला-ऽसन्नि-सन्नीणं॥ ६ ॥**

**અર્થ:—** આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન, એ છ પર્યાપ્તિઓ છે. તેમાં એકેંદ્રિય જીવોને પ્હેલી ચાર, વિકલેંદ્રિય તથા અસંજ્ઞિપંચેંદ્રિયને પ્હેલી પાંચ, અને સંજ્ઞિપંચેંદ્રિય જીવોને છયે પર્યાપ્તિઓ હોય છે. ॥ ૬ ॥

## પદ્યાનુવાદ:—

[ છ પર્યાપ્તિઓ ]

આહાર પર્યાપ્તિ શરીર, ઇંદ્રિય શ્વાસોચ્છ્વાસ ને,
ભાષા અને મનની મળી, પર્યાપ્તિ પણ ષટ્ જાણને. (૬)

[ કયા જીવને કેટલી પર્યાપ્તિઓ હોય? ]

પર્યાપ્તિ પ્હેલી ચાર, એકેંદ્રિય જીવને હોય છે,
પર્યાપ્તિ પ્હેલી પાંચ, વિકલેંદ્રિય જીવને હોય છે;
અસંજ્ઞિ પંચેંદ્રિયને પણ, પ્હેલી પાંચ જ હોય છે,
પર્યાપ્તિ સઘળી, સંજ્ઞિ પંચેંદ્રિય જીવને હોય છે. (૭)

## વિવેચન—

* **પર્યાપ્તિ**=શકિત,કે જેથી આહારાદિનાં-પુદ્ગલોનું ગ્રહણ અને ખલરસાદિ રૂપે પરિણમન થાય તે.

તે શક્તિરૂપ પર્યાપ્તિ, કાર્યના ભેદથી છ પ્રકારે છે, જે નીચે મુજબ છે.

**૧. આહાર પર્યાપ્તિ=** જે શકિત[1]વડે આત્મા,- આહાર (ના પુદ્ગલો) ને ગ્રહણ કરી તેને , ખળ[2]

---

\[ અથવા આહાર આદિને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરવામાં તથા આહાર આદિરૂપે પરિણમાવવામાં કારણરૂપ એવી, શરીરમાં જીવનક્રિયા ચલાવવાની આત્માની જે શક્તિ તે **પર્યાપ્તિ** કહેવાય. અથવા તે શકિતના કારણ કે આલંબનરૂપ જે પુદ્ગલો તે, અથવા તે શકિતની નિષ્પત્તિ કે તે શકિતના કારણરૂપ પુદ્ગલ- સમૂહનીજે નિષ્પત્તિ તે, અથવા તે શકિતની પરિસમાપ્તિ કે તે શકિતના કારણરૂપ પુદ્ગલ સમૂહની જે પરિસમાપ્તિ તે **પર્યાપ્તિ** કહેવાય. આ રીતે પર્યાપ્તિના અનેક અર્થો શાસ્ત્રકારોએ કરેલા છે. પરંતુ પર્યાપ્તિનો શકિત એ અર્થ બહુસમ્મત તેમજ વધુ પ્રચલિત છે].

**૧ પુદ્ગલના ઉપચયથી ઉત્પન્ન થયેલી જે શક્તિ વડે'** એમ દરેક પર્યાપ્તિના લક્ષણમાં સમજવું. કારણકે, આ શકિત પુદ્ગલ સમૂહના અવલંબનથી ઉત્પન્ન થાય છે. ૨ ઝાડો પેશાબ વગેરે અસાર પદાર્થ.

અને [૧]રસસ્વરૂપે પરિણમાવે[૨] તે.

૨. **શરીરપર્યાપ્તિ** જે શકિત વડે આત્મા, રસસ્વરૂપ આહારને શરીરરૂપે (=સાતધાતુરૂપે) પરિણમાવે (=બનાવે) તે.

રસ,[૩] રૂધિર,[૪] માંસ, મેદ,[૫] અસ્થિ,[૬] મજ્જા[૭] અને વીર્ય એ સાત ધાતુઓ છે. આ સાત ધાતુરૂપ પરિણામ યથાસંભવ મનુષ્યો ને તિર્યંચોમાં હોય છે, પરંતુ દેવતા કે નારકીઓમાં હોતો નથી. આ શરીરપર્યાપ્તિનું કાર્ય સ્વયોગ્યશરીર બનાવી દેવું તે છે. ભલે તે શરીર સાત કે તેથી ઓછી ધાતુવાળું હોય, અથવા દેવનું હોય કે નારકીનું હોય. માટે જ તમામ શરીરને બનાવનાર આ શરીરપર્યાપ્તિ જ મનાય છે.

૩. **ઇન્દ્રિય પર્યાપ્તિ**=જે શકિત વડે જીવ, સાત ધાતુમય શરીરમાંથી, ઇંદ્રિય યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી તેને અભ્યંતર ઇન્દ્રિયરૂપે પરિણમાવે (=રચે) તે.

૧ શરીરનો પોષક પ્રવાહી પદાર્થ. ૨ બે ભાગમાં વ્હેંચી આપે તે. ૩ આહારપર્યાપ્તિએ આહારના બનાવેલા રસથી, આ શરીર પર્યાપ્તિએ બનાવેલ રસ જુદા પ્રકારનો છે, જે શરીર બનાવવામાં ઉપયોગિ થાય છે. ૪ લોહી. ૫ ચરબી. ૬ હાડકાં. ૭ હાડકાંને સાંધનારો હાડકામાં રહેલો ચીકણો પદાર્થ.

સઘળા જીવો ઉપર્યુક્ત ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કરે જ છે. કેમકે, તે ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ આગામી ભવનું આયુષ્ય બંધાય છે.

૪. **શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ**=જે શક્તિદ્વારા જીવ, શ્વાસોચ્છ્વાસ યોગ્ય (વર્ગણાના) પુદ્ગલોને ગ્રહણ કરી, તેને શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવી, તેનું અવલંબન[1] લઇને છોડી મૂકે તે.

૫. **ભાષાપર્યાપ્તિ**=જે શક્તિદ્વારા આત્મા, ભાષા યોગ્ય (વર્ગણાનાં) પુદ્ગલોને ગ્રહણ કરી, તેને ભાષાપણે (=જેવા અક્ષરો બોલવા હોય તે રૂપે) પરિણમાવી, તેનું અવલંબન લઇને છોડી મૂકે તે.

૬. **મનઃપર્યાપ્તિ**=જે શક્તિદ્વારા આત્મા, મનો-(યોગ્ય) વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી, તેને મનપણે (=જે જે પદાર્થનો વિચાર કરવો હોય તેને અનુરૂપ કોઇ આકારરૂપે) પરિણમાવી, તેનું અવલંબન લઇને છોડી મૂકે તે.

---

૧ છોડવા માટેનો જે પ્રયત્ન તે અવલંબન કહેવાય. કોઇ પણ વસ્તુને છોડવી મૂકવી યા ફેંકવી હોય ત્યારે, સૌથી પ્હેલાં, અમુક પ્રયત્ન વિશેષ કરવો પડે છે, જેથી છોડવા વગેરે ક્રિયામાં સહાયતા યા ટેકો મળે છે. જેમકે દડો ફેંકનારને હાથમાંથી દડો છોડતાં પ્હેલાં, હાથ ઉંચો કરી, તેને વેગ

## પર્યાપ્તિઓનો પરસ્પર સંબંધ.

આહારથી શરીર બને છે અને શરીરથી ઈંદ્રિયો બને છે, માટે શરૂઆતની ત્રણ પર્યાપ્તિઓ પરસ્પર સંબંધ વાળી છે. તથા છેલ્લી ત્રણ પર્યાપ્તિઓમાં એક બીજાની અપેક્ષા નહિં હોવાથી સ્વતંત્ર છે. કારણકે,-દરેકની વર્ગણાઓ (=પોત પોતાને યોગ્ય સજાતીય પુદ્ગલોના સમૂહો) ભિન્ન ભિન્ન હોવાથી સ્વતંત્રપણે તે તે વર્ગણાઓમાંથી પુદ્ગલો ગ્રહણ કરાય છે.

## આરંભ એકી સાથે છતાં ક્રમિક સમાપ્તિ.

દરેક જીવ, ઉત્પત્તિસ્થાને આવીને, પોતાને જેટલી પર્યાપ્તિઓ હોય, તે સઘળીને સાથે જ કરવાનો આરંભ કરે છે, પરંતુ સમાપ્તિ (=પૂર્ણ) અનુક્રમે કરે છે. સાથે કરવાનો આરંભ કરે છે, એનો મતલબ એ છે કે,-જે જે જીવને જેવા જેવા

---

આપવો પડે છે; તથા ફલાંગ મારનારને કુદકો મારતાં પ્હેલાં અવયવો સંકોચવા પડે છે, તેમ અહિં પણ શ્વાસોચ્છ્વાસના પુદ્ગલોને છોડતાં પહેલાં, તે પુદ્ગલોનો જ ટેકો લઇ પ્રયત્ન-વિશેષ કરવો પડે છે. આ રીતે છોડવા પૂર્વનો જે પ્રયત્ન-વિશેષ તે અવલંબન કહેવાય છે. આ પ્રમાણે ભાષા અને મનઃપર્યાપ્તિમાં પણ સમજી લેવું.

પ્રકારનું શરીર થવાનું હોય, તેને તેને યોગ્ય આહારાદિ પુદ્‌ગલોનું ગ્રહણ અને તેનો પરિણામ આદિ કાર્ય થઈ શકે, તેવી રીતે (આત્મિક) શક્તિની વ્યવસ્થા કરે છે, જે વ્યવસ્થા શરૂઆતના અંતર્મુહૂર્તમાં જ કરી લે છે. એટલે કે, શરૂઆતના અંતર્મુહૂતમાં જ, શક્તિને એવી રીતે વ્યવસ્થિત કરી લે છે કે, શરીરને અનુકુળ આહારાદિ ક્રિયા થયે જાય. વ્યવસ્થા થયા બાદ, મરણ પર્યંત વ્યવસ્થિત થયેલ શક્તિ કાર્ય કર્યા કરે છે.

**૬ પર્યાપ્તિઓની ક્રમશઃ સૂક્ષ્મતરતા.**

દાખલા તરીકે,—એક કપડું બનાવવું હોય ત્યારે તેને બનાવવા માટે, સૌ પ્હેલાં સંચાઓ તૈયાર કરવા પડે છે. તૈયાર થયા બાદ તે સંચાઓ દ્વારા, કપડું બનાવનાર જેમ કપડું બનાવે છે, તેમ ઉત્પત્તિ સ્થળે આવીને આત્માને પણ જીવન નિર્વાહ માટે પોતાને લાયક આહારનું ગ્રહણ, તેનો ખલ-રસાદિ પરિણામ તથા શ્વાસોચ્છ્‌વાસ ભાષા ને મનને યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ પરિણામ અને અવલંબનાદિ ક્રિયાઓ કરવાની હોય છે. એ ક્રિયાઓ બરાબર રીતે થાય તેટલા માટે, જે જે જીવને જેટલી જેટલી પર્યાપ્તિઓ હોય તે પ્રમાણે શકિતની વ્યવસ્થા કરવાની હોય છે.

શરૂઆતના અંતર્મુહૂર્તમાં તે વ્યવસ્થા કરી લે છે. માત્ર, જે જીવને જેટલી પર્યાપ્તિઓ હોય તે પ્રમાણે શક્તિને વ્યવસ્થિત કરવાનું કાર્ય એકી સાથે જ કરે છે અને પૂર્ણ અનુક્રમે કરે છે. અનુક્રમે પૂર્ણ કરવાનો આધાર, એના કાર્ય ઉપર છે. જેમ જે સંચાદ્વારા સૂક્ષ્મ કાર્ય કરવાનું હોય, તેને બનાવતાં વાર લાગે છે અને જે સંચા દ્વારા સ્થૂલ કાર્ય કરવાનું હોય છે તેને જલદી બનાવી લેવાય છે, તેમ જે પર્યાપ્તિ દ્વારા સ્થૂલ કાર્ય કરવાનું હોય છે, તેને જલદી પૂર્ણ કરે છે અને જે દ્વારા સૂક્ષ્મ કરવાનું હોય છે તેને પૂર્ણ કરતાં વાર લાગે છે. આહારના ગ્રહણ અને તેના ખલ-રસરૂપે પરિણામરૂપ કાર્ય કરતાં, રસનું સાત ધાતુપણે પરિણામરૂપ કાર્ય સૂક્ષ્મ છે. અર્થાત આહાર પર્યાપ્તિનું કાર્ય સ્થૂલ છે, તેથી શરીરપર્યાપ્તિનું કાર્ય સૂક્ષ્મ છે. તેનાથી ઇંદ્રિયપર્યાપ્તિનું કાર્ય સૂક્ષ્મ છે. એમ ઉત્તરોત્તર-આગળની પર્યાપ્તિઓનું કાર્ય સૂક્ષ્મ સૂક્ષ્મતર છે. આટલાજ કારણથી પૂર્ણ અનુક્રમે કરે છે, એમ કહેલ છે.

અહિં, કાંતનારી છ સ્ત્રીઓનું દૃષ્ટાન્ત પણ અપાય છે. જેમકે,–છ જણીઓ શેર રૂ લઇને એકી સાથે કાંતવા બેઠી હોય, તેમાં જે જાડું કાંતે તે

વ્હેલું કોકડું પુરૂં કરે અને જે ઝીણું કાંતે તે મોડું કોકડું પુરૂં કરે. તેમ છ પર્યાપ્તિઓમાં પણ, જોકે આત્મા છયેનો પ્રારંભ એકી સાથે કરે છે, છતાં પણ પર્યાપ્તિઓ એક પછી એક સૂક્ષ્મ સુક્ષ્મતર હોવાંથી અનુક્રમે પૂર્ણ કરે છે. એટલે કે,- પ્હેલી કરતાં બીજી ઝીણું કાંતે છે, તેથી ત્રીજી ઝીણું કાંતે છે તેથી ચોથી પાંચમી ને છટ્ઠી પર્યાપ્તિનું ઉત્તરોત્તર ઝીણુ ઝીણું કાર્ય હોવાથી, આરંભ એકી સાથે હોવા છતાં સમાપ્તિ અનુક્રમે થાય છે, તેમ સમજવું.

## દરેક પર્યાપ્તિની સમાપ્તિનો કાળ.

ઔદારિકશરીરધારી મનુષ્યોને તથા તિર્યંચોને આહારપર્યાપ્તિ પૂર્ણ કરતાં એક સમય જાય છે અને ત્યાર પછીની પાંચ પર્યાપ્તિઓ પૂર્ણ કરતાં અનુક્રમે અંતરૂ અંતર્મુહૂર્તકાળ જાય છે. આહારક તથા વૈક્રિયશરીરીને, પ્હેલી પર્યાપ્તિ પૂર્ણ કરતાં એક સમય, બીજી પર્યાપ્તિ પૂરી કરતાં અંતર્મુહૂર્ત અને ત્યાર પછીની પર્યાપ્તિઓ પૂરી કરતાં અનુક્રમે એક એક સમય જાય છે. એટલે કે-પ્રથમ સમયે આહાર-પર્યાપ્તિ, ત્યાર પછીના અંતર્મુહૂર્તે શરીરપર્યાપ્તિ અને ત્યાર પછીના એક સમયમાં ઇંદ્રિય પર્યાપ્તિ, એમ અનુક્રમે એક એક સમયે બાકીની પર્યાપ્તિઓ

પૂરી કરે છે. તમામ પર્યાપ્તિઓ પૂરી થવાનો કાળ પણ અંતર્મુહૂર્ત છે.

**શંકા**-બધી પર્યાપ્તિઓ પૂરી કરવાનો સમય પણ અંતર્મુહૂર્ત અને ઔદારિકશરીરને પ્હેલી શિવાયની દરેકમાં અંતર્મુહુર્ત તથા આહારક તેમજ વૈક્રિયશરીરને બીજીમાં અંતર્મુહૂર્ત કાળ છે. તો શું અંતર્મુહુર્તો નાનાં મોટાં છે ખરાં?

**સમાધાન**—હા. કેવળજ્ઞાની-સર્વજ્ઞની બુદ્ધિથી પણ જેના બે વિભાગ ન કલ્પી શકાય, તેવો જે સૂક્ષ્મતમ કાલ તે **સમય કહેવાય** આવા નવ સમયથી માંડીને બે ઘડિ (૪૮ મીનીટ) માં એક સમય ઓછો હોય ત્યાં સુધીનો કાળ **અંતર્મુહૂર્ત કહેવાય છે.** જેના અસંખ્ય ભેદો પડે છે માટે અમુક અમુક પર્યાપ્તિની સમાપ્તિનું અંતર્મુહૂર્ત નાનું સમજવું અને તમામ પર્યાપ્તિની સમાપ્તિનું અંતર્મુહૂર્ત મોટું સમજવું.

**છ પર્યાપ્તિઓ પૈકી કયા કયા જીવોને કેટ કેટલી હોય?—**

શરૂઆતની ચાર એકેંદ્રિય જીવોને, શરૂઆતની પાંચ વિકલેંદ્રિય (દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય ચતુરિંદ્રિય) તથા અસંજ્ઞિ-પચેંદ્રિય જીવોને, અને છયે પર્યાપ્તિઓ સંજ્ઞી પંચેંદ્રિય જીવોને હોય છે.

## કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય? તથા દરેક પર્યાપ્તિની સમાપ્તિના કાળનું કોષ્ટક—

| જીવોના નામ. | એકેંદ્રિય (સ્થાવર) | વિકલેંદ્રિય તથા અસંજ્ઞિ પં. | ઔદારિક શરીરી (સંજ્ઞિ પં.) | વૈક્રિય તથા આહારક-શરીરી | દેવતા |
|---|---|---|---|---|---|
| પર્યાપ્તિની સંખ્યા. | ૪ | ૫ | ૬ | ૬ | ૬ |
| ૧ આહાર-પર્યાપ્તિ. | ૧ સમય | ૧ સમય | ૧ સમય | ૧ સમય | ૧ સમય |
| ૨ શરીર-પર્યાપ્તિ. | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. |
| ૩ ઇંદ્રિય-પર્યાપ્તિ. | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. | ૧ સમય | ૧ સમય |
| ૪ ઉચ્છ્વાસ-પર્યાપ્તિ | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. | ૧ સમય | ૧ સમય |
| ૫ ભાષા-પર્યાપ્તિ | ૦ | અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત, | ૧ સમય | બન્નેને એક સમય-માં જ પુરી કરે |
| ૬ મનઃપર્યાપ્તિ. | ૦ | ૦ | અંતર્મુહૂર્ત. | ૧ સમય | |

## પર્યાપ્તિની સંખ્યા તથા સમાપ્તિકાળના કોષ્ટકનો ખુલાસોઃ—

અહિં પ્હેલી પર્યાપ્તિની સમાપ્તિના કાળમાં બીજી પર્યાપ્તિની સમાપ્તિનો કાળ ઉમેરવો. બીજીમાં ત્રીજીનો, ત્રીજીમાં ચોથીનો, ચોથીમાં પાંચમીનો ને પાંચમીમાં છઠ્ઠીનો સમાપ્તિકાળ ઉમેરવો; કારણકે દરેક પર્યાપ્તિને પૂર્ણ કરવામાં, પૂર્વ પૂર્વની પર્યાપ્તિ કરતાં ઉત્તર ઉત્તરની પર્યાપ્તિની સમાપ્તિનો કાળ પૂર્વની પછીનો જ લેવાનો છે.

દેવતાની છેલ્લી બે પર્યાપ્તિઓ એકી સાથે એક જ સમયમાં પુરી થાય છે,માટે તે બન્નેનું એક ખાનું રાખેલ છે. પૂજ્ય શ્રી**ભગવતીજી** આદિ સૂત્રોમાં દેવતાઓ છેલ્લી બે પર્યાપ્તિઓ એકી સાથે પૂરી કરે છે, તે અપેક્ષાએ દેવતાને પાંચ પર્યાપ્તિઓ કહી છે.

## છ જ પર્યાપ્તિઓ માનવાનું કારણ—

જીવને જીવન નિર્વાહ માટે છ કાર્યો અવશ્ય કરવાં પડે છે. જેમકે,— સમયે સમયે આહાર લેવો, તે તે ધાતુઓની રચના કરવી, ઇંદ્રિયોદ્વારા વિષયોનું ગ્રહણ કરવું, શ્વાસોચ્છ્વાસ લેવા મૂકવા, બોલવું તથા વિચારવું. આ છ કાર્યો કરનારી, જે છ પ્રકારની જીવનશક્તિઓ, તે છ પર્યાપ્તિઓ કહેવાય છે.

સકલ સંસારી જીવોની અપેક્ષાએ, છ પ્રકારની જ જીવનશક્તિઓ મુખ્યતયા સંભવે છે, તેથી અધિક કોઈને સંભવતી નથી. આ રીતે જીવન શક્તિઓ છ પ્રકાની હોવાથી પર્યાપ્તિઓ પણ છ જ મનાય છે.

આ ઉપર્યુક્ત પર્યાપ્તિઓની અપેક્ષાએ જ જીવો અપર્યાપ્ત કે પર્યાપ્ત કહેવાય છે. સંસારી સર્વ જીવોનો આ બે ભેદમાં સમાવેશ થાય છે. વળી જીવન નિર્વાહ માટેની જે શક્તિઓ તે **પર્યાપ્તિઓ** કહેવાય છે, તે પર્યાપ્તિઓ પૈકી જેને જેટલી પર્યાપ્તિઓ હોય તેટલી પર્યાપ્તિઓ પૂરી કરે તે જીવ **પર્યાપ્ત** કહેવાય અને જ્યાં સુધી પૂર્ણ ન કરે ત્યાં સુધી તે જીવ **અપર્યાપ્ત** કહેવાય છે આ રીતે સંસારી દરેક જીવના અપર્યાપ્ત અને પર્યાપ્ત એવા બે ભેદ પડે છે.

**પર્યાપ્ત** = [1]સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરે (=પૂર્ણ કરીને મરે) તે, **પર્યાપ્તજીવ** કહેવાય.

---

૧. સ્વયોગ્ય પર્યાપ્તિઓ એટલે ? જે જીવને જેટલી પર્યાપ્તિઓ (=શકિતઓ)સંભવે તેટલી તમામ એટલે કે- એકેંદ્રિયને ૪, વિકલેંદ્રિયને ૫, અસંજ્ઞિપંચેંદ્રિયને ૫ અને સંજ્ઞિપંચેદ્રિય જીવને ૬ પર્યાપ્તિઓ કહી છે, તે સ્વયોગ્ય પર્યાપ્તિઓ કહેવાય.દાખલા તરીકે,- એકેંદ્રિયને સ્વયોગ્ય ચાર પર્યાપ્તિઓ છે, તો તે ચારે પૂરી કરીને મરે, તે **પર્યાપ્તએકેંદ્રિયજીવ**

**અપર્યાપ્ત** = સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા શિવાય મરે તે, **અપર્યાપ્તજીવ** કહેવાય.

જીવ પર્યાપ્તનામકર્મના પ્રતાપથી **પર્યાપ્ત** બને છે અને અપર્યાપ્તનામકર્મના પ્રતાપે **અપર્યાપ્ત** બને છે.

આ બન્ને ભેદો પણ 'લબ્ધિ અને કરણ'થી પુનઃ બે પ્રકારે છે.એટલે ચાર ભેદો થયા.તે આ પ્રમાણે—**૧ લબ્ધિઅપર્યાપ્ત, ૨ લબ્ધિપર્યાપ્ત, ૩ કરણ-અપર્યાપ્ત ને ૪ કરણપર્યાપ્ત.**

**૧ લબ્ધિઅપર્યાપ્ત** = સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા શિવાય જ મરણ પામે તે, અર્થાત્ જેનામાં સ્વયોગ્ય સઘળી પર્યાપ્તિઓ પૂરી કરવાની શક્તિ કે યોગ્યતા નથી તેવો જીવ.

**૨ લબ્ધિપર્યાપ્ત** = સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂરી કરી શકે તે. (અર્થાત્– પર્યાપ્તનામકર્મના ઉદયવાળો જીવ, સ્વયોગ્ય સઘળી પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં કે પછી પણ લબ્ધિપર્યાપ્ત કહેવાય છે.

---

કહેવાય અને જે ચાર પૂરી કર્યા શિવાય જ ફક્ત ત્રણ જ પૂરી કરીને કે ચોથી ચાલતી હોય ત્યારે મરે, તે **અપર્યાપ્તએકેંદ્રિયજીવ** કહેવાય. આ પ્રમાણે વિકલેંદ્રિય, અસંજ્ઞિ-પંચેંદ્રિય તથા સંજ્ઞિપંચેંદ્રિયમાં પણ પર્યાપ્તાપર્યાપ્તની વ્યવસ્થા સમજી લે.

આ પર્યાપ્તનામકર્મના ઉદયથી–પ્રતાપથી જ જીવ સઘળી પર્યાપ્તિઓ પૂરી કરી શકે છે–પૂર્ણ કરીને જ મરે છે).

અહિં 'લબ્ધિ' શબ્દથી જીવે પૂર્વે બાંધેલા અપર્યાપ્ત કે પર્યાપ્તનામકર્મનો ઉદય લેવાનો છે, તેથી પર્યાપ્તજીવો માટે પર્યાપ્તનામકર્મના ઉદયરૂપ અને અપર્યાપ્તજીવો માટે અપર્યાપ્તનામકર્મના ઉદયરૂપ લબ્ધિ સમજવી. આ લબ્ધિના પ્રભાવથી જીવમાં, સ્વયોગ્ય પર્યાપ્તિઓને પૂર્ણ કરવાની શકિત તેમ જ અશકિત(રૂપ યોગ્યતા) પ્રાપ્ત થાય છે.

**૩ કરણઅપર્યાપ્ત** = જેણે હજુ (કરણ=આહાર-શરીર–ઇંદ્રિય વગેરે) સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરી નથી, પરંતુ આગળ જરૂર પુરી કરશે એવો જે જીવ તે **કરણઅપર્યાપ્ત** કહેવાય.

અથવા જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ જ્યાં સુધી પૂર્ણ કરી શકયો નથી, ત્યાં સુધી તે જીવ **કરણ-અપર્યાપ્ત** કહેવાય.

કરણઅપર્યાપ્તજીવના ઉપર્યુક્ત બે અર્થ પૈકી પ્રથમ અર્થ લબ્ધિપર્યાપ્ત જીવને લાગુ પડે છે, કારણકે પહેલો અર્થ અક્ષરશ: તેમાં ઘટી જાય છે. બીજો અર્થ લબ્ધિઅપર્યાપ્તજીવને પણ લાગુ પડે

છે. પહેલા અર્થમાં લબ્ધિઅપર્યાપ્ત જીવો આવી શકતા નથી, કારણ કે-'અવશ્ય પૂરી કરશે' એટલો અંશ તેઓમાં ઘટી શકતો નથી, માટે લબ્ધિ અપર્યાપ્તજીવોનો કરણઅપર્યાપ્તમાં સમાવેશ થાય, તેને માટે બીજો અર્થ સમજવો.)

દાખલા તરીકે—એકેંદ્રિયને સ્વયોગ્ય ચાર પર્યાપ્તિઓ હોય છે, તે પૈકી છેલ્લી પર્યાપ્તિને પૂરી કરવામાં, છેલ્લો એક સમય બાકી હોય ત્યાં સુધી તે જીવ **કરણઅપર્યાપ્ત** કહેવાય. વળી હરકોઇ જીવ પૂર્વભવ તજીને આ ભવમાં આવતો હોય ત્યારે પણ, એટલે કે વાટે વહેતો જીવ પણ, કરણઅપર્યાપ્ત કહેવાય. આ ભવમાં પણ પોતાને જેટલી પર્યાપ્તિઓ જોઇતી હોય તેટલી જ્યાં સુધી પરિપૂર્ણ ન કરે ત્યાં સુધીની તેની સઘળી પૂર્વ અવસ્થાઓ કરણઅપર્યાપ્તાવસ્થા જ કહેવાય.

૪ **કરણપર્યાપ્ત**=જેણે સ્વયોગ્ય સઘળી પર્યાપ્તિઓ પરિપૂર્ણ કરી લીધી છે તે.

(મતાંતરે- ઇંદ્રિયપર્યાપ્તિ જેણે પૂરી કરી છે, તે પણ કરણપર્યાપ્ત[1] જીવ કહેવાય).

૧ એક એવો પણ મત છે કે – જે કરણ શબ્દનો અર્થ 'ઇંદ્રિય' કરે છે. તે મતને અનુસારે, જેણે ઇંદ્રિયપર્યાપ્તિ પુરી

## લબ્ધિઅપર્યાપ્ત આદિ ૪ ભેદોનું પરસ્પર (સંક્રમણ=)મીલન.

**૧ લબ્ધિઅપર્યાપ્ત જીવોમાં**—કરણઅપર્યાપ્ત જીવોનું મીલન છે કારણ કે, લબ્ધિઅપર્યાપ્તજીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરી શકતા નથી, માટે તેઓ (કરણ એટલે પૂર્ણ કરવાપણું, તેથી અપર્યાપ્ત એટલે અસમાપ્ત હોવાથી) કરણઅપર્યાપ્ત પણ કહી શકાય.

[૨]મતાંતરે—કરણ શબ્દનો અર્થ 'ઇંદ્રિય કે ઇંદ્રિય સુધીની પર્યાપ્તિ' કરીએ ત્યારે, લબ્ધિઅપર્યાપ્તજીવ ઇંદ્રિયપર્યાપ્તિ પૂરી કરી લીધા પછી કરણપર્યાપ્ત પણ કહી શકાય.

---

કરી લીધી છે તેવો જીવ **કરણપર્યાપ્ત** અને જેણે હજુ ઇંદ્રિય પર્યાપ્તિ પૂરી નથી કરી તેવો જીવ **કરણઅપર્યાપ્ત** કહેવાય. **અર્થાત્** કરણ એટલે ઇંદ્રિયપર્યાપ્તિવડે, અપર્યાપ્ત એટલે અસમાપ્ત જે જીવ તે **કરણઅપર્યાપ્ત** કહેવાય; અને તે જ જીવ ઇંદ્રિયપર્યાપ્તિ સમાપ્ત થયા બાદ **કરણપર્યાપ્ત** કહેવાય આ મતનો સાર એ છે કે- ઇંદ્રિયપર્યાપ્તિ જેણે પૂરી કરી છે તે કરણપર્યાપ્તમાં ગણી શકાય, પછી ભલે ને આગળની પર્યાપ્તિઓ અધુરી હોય.

૨ " લબ્ધિઅપર્યાપ્ત જીવો પણ અવશ્ય કરણ-(=

**૨ લબ્ધિપર્યાપ્ત જીવોમાં**-કરણઅપર્યાપ્ત ને કરણપર્યાપ્ત જીવોનો સમાવેશ થાય છે. કારણ કે લબ્ધિપર્યાપ્તા જીવો જ્યાં સુધી સ્વયોગ્ય પર્યાપ્તિઓ ર્ણ ન કરે, ત્યાં સુધી કરણઅપર્યાપ્તા કહેવાય છે, અને પૂર્ણ કર્યા પછી કરણપર્યાપ્તા કહેવાય છે, માટે લબ્ધિપર્યાપ્તા જીવો કરણઅપર્યાપ્તા તેમ જ કરણપર્યાપ્તા પણ કહી શકાય.

**૩ કરણઅપર્યાપ્ત જીવોમાં**-લબ્ધિઅપર્યાપ્ત ને લબ્ધિપર્યાપ્ત જીવોનું સંક્રમણ=મીલન છે.

જુઓ- કરણઅપર્યાપ્તપણું એ લબ્ધિઅપર્યાપ્ત કે લબ્ધિપર્યાપ્તની અમુક અવસ્થા જ છે. કેમકે, લબ્ધિ-પર્યાપ્તજીવ જ્યાં સુધી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી તેની કરણઅપર્યાપ્ત-અવસ્થા મનાય છે; અને સ્વયોગ્ય પર્યાપ્તિઓનું પૂર્ણ નહિ કરવા પણું તો કરણઅપર્યાપ્ત તેમ જ લબ્ધિઅપર્યાપ્ત

---

ઇંદ્રિયપર્યાપ્તિથી)-પર્યાપ્તા થઇને જ મરે છે" આવું દ્રવ્ય-લોકપ્રકાશ આદિ ગ્રંથોનું વચન પણ આ મત પ્રમાણે સુસં-ગત બને છે. કારણ કે 'શરૂઆતની ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછીથી જ જીવ પરભવનું આયુષ્ય બાંધે છે' એવો નિયમ છે, તેથી આ મત પ્રમાણે લબ્ધિઅપર્યાપ્તજીવ પણ ઇંદ્રિય પર્યાપ્તિ પૂરી કર્યા બાદ કરણપર્યાપ્ત કહેવાય છે.

બન્નેમાં સરખું જ છે, માટે કરણઅપર્યાપ્ત જીવ લબ્ધિ-અપર્યાપ્ત તેમ જ લબ્ધિપર્યાપ્ત પણ કહી શકાય.

**૪ કરણપર્યાપ્ત જીવોમાં—** લબ્ધિપર્યાપ્ત (અને મતાંતરે લબ્ધિઅપર્યાપ્ત) જીવોનો અંતર્ભાવ થાય છે. કારણ કે- સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ જેણે પરિપૂર્ણ કરી લીધી છે તેવો લબ્ધિપર્યાપ્તજીવ કરણપર્યાપ્ત પણ કહેવાય છે. (મતાંતરે- ઈંદ્રિયપર્યાપ્તિ પૂર્ણ કરનાર લબ્ધિઅપર્યાપ્ત જીવ ઈંદ્રિયપર્યાપ્તિની સમાપ્તિ થવાથી કરણપર્યાપ્ત પણ કહેવાય છે).

## લબ્ધિઅપર્યાપ્ત આદિ ૪ ભેદોનો કાળ.

૧ લબ્ધિઅપર્યાપ્તપણાનોકાળ- (એક ભવની અપેક્ષાએ, પૂર્વ ભવથી છુટે ત્યારથી) અંતર્મુહૂર્ત સુધીનો છે. કારણ કે લબ્ધિઅપર્યાપ્તજીવનું આયુષ્ય અંતર્મુહૂર્તથી અધિક હોતું નથી.

૨ લબ્ધિપર્યાપ્તપણાનોકાળ— ભવના પ્રથમ સમયથી ભવના છેલ્લા સમય સુધીનો છે. અર્થાત્ પૂર્વ ભવથી જે સમયે જીવ છુટ્યો તે સમયથી માંડીને સંપૂર્ણ જીવન પર્યંત જીવ લબ્ધિપર્યાપ્ત કહેવાય. દાખલા તરીકે, દેવનો ૩૩ સાગરોપમ તથા મનુષ્યનો ૩ પલ્યોપમપ્રમાણ લબ્ધિપર્યાપ્તપણાનો કાળ મનાય. આ રીતે દરેક જીવમાં પોતાના આયુષ્ય જેટલો લબ્ધિપર્યાપ્તપણાનો કાળ જાણવો.

૩ કરણઅપર્યાપ્તપણાનોકાળ– એક અંતર્મુહૂર્ત-નો જ છે. કારણકે અંતર્મુહૂર્ત પસાર થતાં સુધીમાં સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરવાની હોય છે; માટે પૂર્વભવથી છુટ્યો ત્યારથી આ ભવમાં સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂરી ન કરે ત્યાં સુધી જીવનો કરણ–અપર્યાપ્તપણાનો કાળ મનાય છે.

૪ કરણપર્યાપ્તપણાનો કાળ– અંતર્મુહૂર્તન્યૂન સ્વઆયુષ્યપ્રમાણ છે. કારણ કે,– લબ્ધિપર્યાપ્ત જીવને સ્વયોગ્ય તમામ પર્યાપ્તિઓ પૂર્ણ કરતાં અંતર્મુહૂર્ત જેટલો સમય લાગે છે, અને તે પૂર્ણ કર્યા બાદ તે જ જીવ જીવન પર્યંત કરણપર્યાપ્ત કહેવાય છે, એટલે પોતાના આયુષ્યમાંથી અંતર્મુહૂત બાદ કરતાં જેટલો કાળ બચે તેટલો કાળ કરણપર્યાપ્તપણાનો ગણાય. જેમકે- દેવતાને અંતર્મુહૂર્તન્યૂન ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ તથા મનુષ્યને અંતર્મુહૂર્તન્યૂન ૩ પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ કરણ-પર્યાપ્તપણાનો કાળ ગણાય. આ રીતે દરેક સંસારી જીવમાં સ્વ–આયુષ્યમાંથી અંતર્મુહૂર્તન્યૂન જીવન-પર્યંત કરણપર્યાપ્તપણાનો કાળ સમજવો.

## —પર્યાપ્તાપર્યાપ્તા જીવનું કાળમાન—

| કયો જીવ? | ક્યાંથી ક્યાં સુધી કહેવાય? |
|---|---|
| લબ્ધિઅપર્યાપ્ત | ભવના પ્રથમ સમયથી અંતર્મુહૂર્ત સુધી. |
| લબ્ધિપર્યાપ્ત | ,, ,, જીવનપર્યંત |
| કરણઅપર્યાપ્ત | ,, ,, અંતર્મુહૂર્ત સુધી |
| કરણપર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન જીવનપર્યંત. |

**૧. પ્રશ્ન**-મૂળ ગાથામાં **'पज्जत्ति'** શબ્દ શરૂઆતમાં કે અંતમાં નહિં મૂકતાં, વચમાં કેમ મૂકેલ છે?

**ઉત્તર**-છ પર્યાપ્તિઓ પૈકી આહાર શરીર ને ઇંદ્રિય, એ ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરીને જ હરકોઇ જીવ મરણ પામે છે, તે પ્હેલાં નહિં જ, તે વાત જણાવવા માટે પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પછી **'पज्जत्ति'** શબ્દ મુદ્દાસર ઇરાદાપૂર્વક મૂકેલ છે.

**૨ પ્રશ્ન–** વૈક્રિયશરીરી (દેવો, નારકો તથા વૈક્રિયલબ્ધિવંત અન્ય જીવો), આહારકશરીરી તેમ જ એકેન્દ્રિયજીવોને ખલ–રસસ્વરૂપ પરિણામ તથા સાત ધાતુમય શરીરનો સંભવ નથી, તો તે ત્રણેયમાં આહારપર્યાપ્તિ તથા શરીરપર્યાપ્તિનું લક્ષણ કઇ રીતે ઘટી શકે ?

**ઉત્તર–** જો કે તે ત્રણેયને આહારપર્યાપ્તિમાં ખલ–રસસ્વરૂપ પરિણામ તથા શરીરપર્યાપ્તિમાં સાત ધાતુસ્વરૂપ પરિણામ સંભવતો નથી, છતાં આહારના પુદ્ગલોનું ગ્રહણ તથા તે ગ્રહણ કરેલા આહારમાંથી પોતાને લાયક શરીરસ્વરૂપ પરિણામ તો અવશ્ય હોય છે જ. વળી **નવતત્ત્વભાષ્યકાર** તો "આહારાદિને ગ્રહણ કરવામાં જીવની જે શક્તિ," તેને પર્યાપ્તિ માને છે. એટલે તેમના મત મુજબ, ખલ–રસસ્વરૂપ પરિણામ આહારપર્યાપ્તિના લક્ષણમાં નથી, માટે ઉપર્યુક્ત ત્રણે જાતા જીવોમાં પણ આહારપર્યાપ્તિનું લક્ષણ ઘટી શકે છે.

સાત ધાતુસ્વરૂપ પરિણામ તો કેવળ ઔદારિક-શરીરની મુખ્યતાએ જ કહેલ છે. તેમાં પણ દરેક ઔદારિકશરીરને સાતેય ધાતુસ્વરૂપ પરિણામ હોય છે એમ નથી, પરંતુ જેને જેટલી ધાતુઓ સંભવે તેને

તેટલી ધાતુઓનો પરિણામ જાણવો. વસ્તુતઃ સ્વ-યોગ્ય શરીરને-રચવાની. બનાવવાની જે શક્તિ, તે જ શરીરપર્યાપ્તિનું વ્યાપક લક્ષણ છે. આ લક્ષણ ઉપર જણાવેલા જીવોમાં પણ ઘટી જાય છે.

સારાંશ એ છે કે- ઔદારિકશરીરધારી જીવો અન્ય શરીરધારી જીવો કરતાં વધુ પ્રમાણમાં છે, તેથી ઔદારિકશરીરધારીઓની અપેક્ષાએ જ, મોટે ભાગે પર્યાપ્તિઓનાં લક્ષણો બતાવેલાં છે.

ઉપર્યુક્ત લબ્ધિઅપર્યાપ્ત વગેરે ચાર ભેદો પૈકી, પર્યાપ્તનામકર્મના ઉદયવાળો જીવ, જે સમયે પૂર્વ ભવથી છુટો થાય, તે જ સમયથી તે જીવ લબ્ધિપર્યાપ્ત કે કરણઅપર્યાપ્ત તરીકે ગણાય છે; અને અપર્યાપ્તનામકર્મના ઉદયવાળો જીવ, જે સમયે પૂર્વભવથી છુટ્યો તે જ સમયથી લબ્ધિઅપર્યાપ્ત કે કરણઅપર્યાપ્ત તરીકે મનાય છે. આજ મુદ્દાથી વાટે વ્હેતો જીવ પણ લબ્ધિપર્યાપ્ત લબ્ધિઅપર્યાપ્ત તેમ જ કરણ-અપર્યાપ્ત કહી શકાય છે. સાર એ છે કે- કરણ-પર્યાપ્તા શિવાયના ત્રણે ભેદોમાં વાટે વ્હેતા જીવોનો સમાવેશ થાય છે.

શાસ્ત્રોમાં જ્યાં જ્યાં 'પર્યાપ્તા' જીવોનાં નામ આવે છે, ત્યાં દરેક સ્થળે લબ્ધિપર્યાપ્તા જીવો જ લેવાના

છે, પરંતુ કરણપર્યાપ્તા નહિં.કારણકે, કરણપર્યાપ્તપણું એ લબ્ધિપર્યાપ્તાની અમુક અવસ્થાનું નામ છે,એટલે મુખ્યતા લબ્ધિપર્યાપ્તપણાની જ ગણાય. દેવતાઓ ને નારકો લબ્ધિપર્યાપ્તા જ હોય છે,લબ્ધિઅપર્યાપ્તા હોતા નથી. પરંતુ મનુષ્યો અને તિર્યંચો તો બન્ને પ્રકારના હોય છે.

## અપર્યાપ્ત ને પર્યાપ્તજીવોના ભેદો તથા તેઓનું પરસ્પર સંક્રમણ જણાવનારો નકશો.

જીવ

- અપર્યાપ્ત
  - લબ્ધિઅપર્યાપ્ત
    - ૧ લબ્ધિઅપર્યાપ્ત
    - ૨ કરણઅપર્યાપ્ત
    - ૩ કરણપર્યાપ્ત (મતાંતરે)
  - કરણઅપર્યાપ્ત
    - ૧ કરણઅપર્યાપ્ત
    - ૨ લબ્ધિઅપર્યાપ્ત
    - ૩ લબ્ધિપર્યાપ્ત
- પર્યાપ્ત
  - લબ્ધિપર્યાપ્ત
    - ૧ લબ્ધિપર્યાપ્ત
    - ૨ કરણઅપર્યાપ્ત
    - ૩ કરણપર્યાપ્ત
  - કરણઅપર્યાપ્ત
  - કરણપર્યાપ્ત
    - ૧ કરણપર્યાપ્ત
    - ૨ લબ્ધિપર્યાપ્ત
    - ૩ લબ્ધિઅપર્યાપ્ત (મતાંતરે)

**શંકા**—લબ્ધિઅપર્યાપ્તા કે લબ્ધિપર્યાપ્તા જીવો માટે અનુક્રમે અપર્યાપ્ત કે પર્યાપ્તનામકર્મ જેમ સ્વતંત્ર મનાય છે, તેમ કરણઅપર્યાપ્તા કે કરણપર્યાપ્તા જીવો માટે સ્વતંત્ર નામકર્મ છે કે કેમ ?

**સમાધાન**—કરણઅપર્યાપ્તા કે કરણપર્યાપ્તા જીવો માટે સ્વતંત્ર કોઇ નામકર્મ નથી. કારણ કે કરણઅપર્યાપ્તપણું કે કરણપર્યાપ્તપણું કોઈ સ્વતંત્ર કર્મના ઉદયથી મળતું નથી, પણ લબ્ધિપર્યાપ્તની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે, માટે તેમાં પર્યાપ્તનામકર્મની અપેક્ષા નથી અને તેથી જ લબ્ધિપર્યાપ્તજીવ, અવસ્થાની અપેક્ષાએ કરણઅપર્યાપ્ત કે કરણપર્યાપ્ત પણ કહી શકાય છે. ॥૬॥

## સાતમી ગાથાનું અવતરણ—

પ્રાણોને ધારણ કરે તે જીવ કહેવાય છે. પ્રાણોના મુખ્ય બે પ્રકાર છે. ભાવપ્રાણ ને દ્રવ્યપ્રાણ. અનંતજ્ઞાન અનંતદર્શન અનંતચારિત્ર ને અનંતવીર્ય એ ભાવ પ્રાણ છે, જે દરેક આત્માઓમાં હોય છે. પાંચ ઈંદ્રિય આદિ દ્રવ્યપ્રાણો છે, તે સંસારી તમામ જીવોમાં સંખ્યાની અપેક્ષાએ ઓછા વત્તા હોય છે. અહિં દ્રવ્ય પ્રાણો કેટલા ? કયા કયા ? અને કોને કેટલા હોય ? તે કહે છે—

मूल—

**पणिंदिय-त्तिबलूसा,-साउ दस पाण चउ छ सग अट्ठा**
**इग-दु-ति-चउरिंदीणं, असन्नि सन्नीआं नव दस य ॥७॥**

**અર્થ**:—પઈંદ્રિયો,૩બળ(=૩યોગ),૧ શ્વાસોચ્છ્વાસ અને ૧ આયુષ્ય-એ દસ પ્રાણો છે. તેમાંથી એકેન્દ્રિયને૪, દ્વીંદ્રિયને૬, ત્રીંદ્રિયને૭,ચતુરિંદ્રિયને ૮,અસંજ્ઞિપંચેંદ્રિયને ૯ અને સંજ્ઞિપંચેં- દ્રિયને ૧૦ પ્રાણ હોય છે ॥૭॥.

**પદ્યાનુવાદ**—

(સંસારી જીવના ૧૦ દ્રવ્યપ્રાણ તથા કોને કેટલા હોય તે.)

પાંચ ઇન્દ્રિય ને વળી ત્રણ, યોગ શ્વાસોચ્છ્વાસ ને,
આયુષ્ય એ દશ પ્રાણ પૈકી, ચાર એકેન્દ્રિયને;
છ સાત આઠ ક્રમે કરીને, હોય છે વિકલેન્દ્રિને,
અસંજ્ઞિ પંચેન્દ્રિયને નવ, પ્રાણ દશ છે સંજ્ઞિને. (૮)

**વિવેચન**— સ્પર્શેન્દ્રિય રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય—એ પાંચ ઇન્દ્રિય, મનોયોગ વચનયોગ ને કાયયોગ—એ ત્રણ યોગ, શ્વાસોચ્છ્વાસ ને આયુષ્ય, એમ કુલ દશ (દ્રવ્ય–)પ્રાણો છે. તેમાં એકેન્દ્રિયને સ્પર્શેન્દ્રિય કાયયોગ શ્વાસોચ્છ્વાસ ને આયુષ્ય એ ચાર પ્રાણ હોય છે, તેમાં રસનેન્દ્રિય ને વચનયોગ મેળવતાં છ પ્રાણ દ્વીંદ્રિયને, ઘ્રાણેન્દ્રિય મેળવતાં સાત

પ્રાણ ત્રીંન્દ્રિયને, ચક્ષુરિન્દ્રિય મેળવતાં આઠ પ્રાણ ચતુરિન્દ્રિયને, શ્રોત્રેન્દ્રિય મેળવતાં નવપ્રાણ *અસંજ્ઞિ-પંચેન્દ્રિયને અને મનોયોગ મેળવતાં દશ પ્રાણો સંજ્ઞિ-પંચેન્દ્રિય જીવોને હોય છે.

---

*અહિં અસંજ્ઞિપંચેન્દ્રિય જીવથી અસંજ્ઞિપંચેન્દ્રિય એવા તિર્યંચો અને મનુષ્યો બન્ને લેવાના છે. અસંજ્ઞિ=સંજ્ઞા વિનાના અર્થાત્ વિશિષ્ટમનોબળ વિનાના સંમૂચ્છિંમ, એટલે કે માતપિતાના સંયોગ વિના (અર્થાત્ ગર્ભવિના) મનુષ્યના મલમૂત્રાદિ ૧૪ અશુચિસ્થાનકે ઉપજનારા જે સંમૂચ્છિંમ મનુષ્યો તથા કાદવ વગેરેમાં ઉપજનારા જે પંચેન્દ્રિય સંમૂ-ચ્છિંમતિર્યંચો-એ બંને અસંજ્ઞિ અથવા સંમૂચ્છિંમ પંચે-ન્દ્રિય જીવો કહેવાય છે. જેઓને નવ પ્રાણ હોય છે. અહિં આટલું વિશેષ સમજવાનું છે કે, સંમૂચ્છિંમ તિર્યંચને ઉપ-યુંક્ત નવ પ્રાણો હોય છે, પરંતુ ભાષાપર્યાપ્તિ પુરી થતાં પહેલાં મરણ થવાના કારણે. સંમૂચ્છિંમ મનુષ્યને વચનબલ નહિ હોવાથી આઠ જ પ્રાણ હોય છે અને તેમાં પણ જો શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ બાંધતો છતો મરણ પામે તો સાત જ પ્રાણ રહે છે. આ બાબતમાં મતાંતરો નીચે મુજબ છે-

નવતત્વની અવચૂરિમાં આ બાબતમાં નીચે મુજબનો ઉલ્લેખ મળે છે-"**असंज्ञिनः पञ्चेन्द्रियतिरश्चः श्रोत्रेन्द्रियान्विता नव, क्वचित्संज्ञिनि मनुष्येऽपि नवोच्यन्ते क्वचिदष्टावपि, न च तत्सम्यगवसीयते, लब्ध्यपर्याप्तकस्य असंज्ञिमनुष्यस्योछ्वासभाषानुपपत्तेः।**"

## * પ્રાણનું સ્વરૂપ *

**પ્રાણનું લક્ષણ**— જેના વડે જીવાય તે પ્રાણ કહેવાય. પ્રાણ એટલે જીવન. તેના મુખ્ય બે ભેદ છે. દ્રવ્યપ્રાણ ને ભાવપ્રાણ.

---

**અર્થ**:—અસંજ્ઞિતિર્યંચપંચેન્દ્રિયને શ્રોત્રેન્દ્રિય સહિત નવ પ્રાણો હોય છે. ક્વચિત્—કોઇ સ્થળે અસંજ્ઞિ મનુષ્યમાં પણ નવ અને ક્વચિત્ આઠ પણ પ્રાણો કહેવાય છે. તે (કઇ અપેક્ષાએ કહેવાય છે તે અમને) બરાબર સમજાતું નથી, કારણ કે અસંજ્ઞિમનુષ્ય લબ્ધિઅપર્યાપ્તો હોય છે અને તેને શ્વાસોચ્છ્વાસ ને ભાષાની ઉપપત્તિ હોતી નથી. (એટલેકે— **'સંમૂર્ચ્છિમ મનુષ્યને ૭ પ્રાણ હોય છે' એવો નવતત્ત્વ અવચૂરિકારનો મતછે.**)

**દ્રવ્યલોકપ્રકાશમાં** તથા **જીવવિચારની અવચૂરિમાં** સંમૂર્ચ્છિમ મનુષ્યોને સાત તેમ જ આઠ પ્રાણ કહ્યા છે અને બૃહત્**સંગ્રહણી-વૃત્તિમાં** તથા **પ્રાચીનબાલાવબોધમાં** નવ પ્રાણ કહ્યા છે. આ બધાય મતોમાં અપેક્ષાભેદ જરૂર છે. ક્રમશઃ ૭—૮—૯ પ્રાણોની ઘટના નીચે મુજબ સંભવે છે—

**સાત પ્રાણની ઘટના**— સંમૂર્ચ્છિમ મનુષ્યો લબ્ધિઅપર્યાપ્તા જ હોય છે. "સંસારી સર્વ જીવોને જઘન્યથી ૩ પ્રાણો તો અપર્યાપ્તઅવસ્થામાં પણ હોય છે," તે નિયમ પ્રમાણે સંમૂર્ચ્છિમ મનુષ્યને જઘન્યથી ૩ પ્રાણ અને ઉત્કૃષ્ટથી ૭ પ્રાણ હોય છે.

**દ્રવ્યપ્રાણનાં લક્ષણો**— જેના યોગે 'આ જીવે છે' અને જેના વિયોગે 'આ મરી ગયો' એવો વ્યવહાર થાય તે **દ્રવ્યપ્રાણ** કહેવાય. અથવા 'આ જીવ છે, તેમ જ આ જીવે છે' એવું ભાન કરાવનારાં જે બાહ્ય લક્ષણો-ચિહ્નો તે, અથવા જેના યોગે આત્માનો શરીર સાથેનો સંબંધ ટકી શકે તે, અથવા જેનાથી જીવ ઓળખાય યા કહેવાય, તે **દ્રવ્યપ્રાણ** કહેવાય છે.

---

કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે, લબ્ધિઅપર્યાપ્તજીવોને શ્વાસોચ્છ્વાસકર્મનો બંધ હોતો નથી, તેથી તેઓને શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિના અભાવે શ્વાસોચ્છ્વાસ પ્રાણ પણ હોતો નથી, તો વચનપ્રાણ ને મનઃપ્રાણ તો હોય જ ક્યાંથી ? માટે સંમૂર્ચ્છિમ મનુષ્યને શ્વાસોચ્છ્વાસ વચનબળ ને મનોબળ શિવાયના સાત જ પ્રાણ હોય છે.

આ શિવાય બીજો પ્રકાર એ છે કે, સંમૂર્ચ્છિમ-મનુષ્યો આહાર શરીર ને ઈંદ્રિય એ ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરીને મરે છે, માટે તેઓને પાંચ ઇંદ્રિયો કાય-બળ ને આયુષ્ય એ સાત જ પ્રાણો હોય છે. કારણ કે, આ જીવોને શ્વાચ્છ્વાસ ભાષા ને મન, એ છેલ્લી ત્રણ પર્યાપ્તિઓનો અભાવ હોવાથી શ્વાસોચ્છ્વાસ-પ્રાણ વચનબળપ્રાણ ને મનોબળપ્રાણ શિવાયના ઉપર્યુક્ત સાત જ પ્રાણો હોય છે.

આ દ્રવ્યપ્રાણો દશ છે, જે જીવને જ હોય છે, અન્ય કોઇમાં હોતા નથી, તેથી દ્રવ્યપ્રાણરૂપ જે બાહ્યલક્ષણો તે જીવનાં જ લક્ષણ મનાય છે.

---

**આઠ પ્રાણની ઘટના**—જેઓ સંમૂર્ચ્છિમ મનુષ્યને પણ શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પણ માને છે, તે મત મુજબ શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ કરીને મરે તો, ઉપર્યુક્ત સાત પ્રાણ સહિત આઠમો શ્વાસોચ્છ્વાસપ્રાણ મળવાથી આઠ પ્રાણ પણ ઘટી શકે છે.

આ મતનો સાર એ છે કે,—સંમૂર્ચ્છિમ મનુષ્યો ભાષાપર્યાપ્તિ પૂરી કરતા જ નથી અને મન:પર્યાપ્તિ તો સમૂળગી જ નથી, તેથી વચનબળ ને મનોબળ શિવાયના આઠ પ્રાણો હોય છે, એ સિદ્ધ થાય છે.

**નવ પ્રાણની ઘટના**—સંમૂર્ચ્છિમ મનુષ્યને પાંચ પર્યાપ્તિઓ હોય છે, એવો ઉલ્લેખ કોઇ ગ્રંથમાં મળે છે. તે મુજબ પાંચમી ભાષાપર્યાપ્તિ પણ પ્રસ્તુત જીવોને માની, તેથી વચનબળપ્રાણ પણ આ જીવોને હોય છે. સાર એ આવ્યો કે– ઉક્ત આઠ પ્રાણ સાથે વચનબળપ્રાણ અધિક માનવાથી મનોબળ શિવાયના ૯ પ્રાણો પણ સંભવી શકે છે.

અમોએ તો અહિં ક્ષયોપશમ ને અનુભવ પ્રમાણે ૭-૮-૯ પ્રાણો ઘટાવ્યા છે, પરંતુ આ બાબતમાં તથ્ય શું છે ? તે વિશિષ્ટજ્ઞાની કે કેવલી ભગવંત જાણે.

[ ૪૮મા પાનાથી અહિં સુધી એક સળંગ ટીપ્પણી છે ]

આ દ્રવ્યપ્રાણ એ (જ જીવના) બાહ્યપ્રાણ કહેવાય છે, તેથી જ તેને બાહ્યલક્ષણ તરીકે કહેલ છે.

**ભાવપ્રાણનું લક્ષણ**— ભાવપ્રાણ એટલે અભ્યંતર પ્રાણ. તે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ છે. જે જીવને જ હોય છે અન્યને નહિં, તેથી જ્ઞાનાદિ અભ્યંતરપ્રાણ એ જીવનું અભ્યંતર લક્ષણ કહેવાય છે.

*** પ્રાણની વ્યાખ્યાથી ***

**અહિંસાના ઉપદેશની સાર્થકતા.**

પ્રાણ એટલે જીવન, તેના મુખ્ય બે ભેદ, દ્રવ્યપ્રાણ ને ભાવપ્રાણ. આત્માના જ્ઞાનાદિ ભાવપ્રાણ છે અને ઇન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણ છે. સંસારી સર્વ જીવોને જ્યારે બંને પ્રકારના પ્રાણો હોય છે ત્યારે સિદ્ધના જીવોને ફક્ત ભાવપ્રાણ જ હોય છે. મુક્તજીવો દેહધારી નહિં હોવાથી, તેઓમાં **દ્રવ્યપ્રાણ** નથી. સંસારી દરેક જીવ દ્રવ્યપ્રાણથી જ પોતાનું જીવન ટકાવી શકે છે. **દ્રવ્યપ્રાણોનો યોગ તે જીવન અને દ્રવ્યપ્રાણોનો વિયોગ તે મરણ.**[1] જીવન કે મરણની આ જ વ્યાખ્યા છે.

આત્મા તો અજર અમર ને અવિનાશી છે, તેથી તેનું મરણ કે તેનો વિનાશ સંભવતો નથી, છતાં

૧ **પ્રશ્ન**- જીવ સાથેના આયુષ્યપ્રાણનો (સંસારી દશામાં) એક સમય જેટલો પણ વિયોગ કે અંતર પડતું નથી. કારણ

આ આત્મા આ જીવ મરી ગયો.' એવો જે લોકમાં વ્યવહાર થાય છે, તેનો અર્થ એ જ છે કે આ ભવના (આ શરીર સબંદ્ધ) પ્રાણોનો વિયોગ થયો, એટલે કે– આ જીવનના પ્રાણોને છોડીને તે આત્મા પરલોકમાં ચાલ્યો ગયો, પરંતુ આત્માનો વિનાશ થયો નથી. આથી અહિંસા–દયાના ઉપદેશની સાર્થકતા પણ સાબીત થાય છે.

જુઓ અહિંસાનું લક્ષણ "**प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा, तदभावे ऽहिंसा**"= **પ્રમાદના યોગથી**

---

કે,–જે સમયે આ ભવનું આયુષ્ય પુરૂં થાય છે, તેથી અનંતર બીજા સમયથી જ પરભવનું આયુષ્ય ચાલુ થઈ જાય છે, માટે પર ભવમાં જતા–વાટે વ્હેતા જીવને પણ આયુષ્યપ્રાણ તો નિરંતર ચાલુ જ છે, તો પછી 'દ્રવ્યપ્રાણનો વિયોગ તે મરણ' એવી મરણની વ્યાખ્યા જીવમાં કઇ રીતે ઘટી શકે?

**ઉત્તર–** 'દ્રવ્યપ્રાણનો વિયોગ તે મરણ' તેનો 'આ ભવના દ્રવ્યપ્રાણનો વિયોગ તે મરણ' એવો અર્થ છે, તેથી કરીને પરભવમાં જતા જીવને આ ચાલુ ભવના આયુષ્યપ્રાણનો વિયોગ જે સમયે થાય છે, તેના જ બીજે સમયે પરભવના આયુષ્યનો ભલે આરંભ થઇ જાય, તેથી આ ભવના આયુષ્ય(પ્રાણ)ના વિયોગને બાધ આવતો નથી. માટે મરણની વ્યાખ્યાનો 'આ ભવ સંબંધી પ્રાણનો વિયોગ' એવો અર્થ કરવાથી કોઈ પણ જાતના દોષ કે બાધ શિવાય ઉપર્યુક્ત વ્યાખ્યા સુંદર રીતે ઘટી શકે છે

**નો વિયોગ કરવો તે હિંસા કહેવાય અને તે હિંસાનો જે અભાવ તે અહિંસા કહેવાય.** એટલે કે કોઈ પણ પ્રાણીના પ્રાણનો વિયોગ ન થવા દેવો તે અહિંસા કહેવાય.


**શ્રીસાધુરત્નસૂરિ**પ્રણીત નવતત્ત્વની અવચૂરિમાં પણ આજ વાત બતાવી છે. જુઓ— "**जीवति दशविधान् प्राणान् धारयतीति जीवः। दशविधप्राणाश्च कीदृशाः?**"= જે જીવે એટલે કે દશપ્રકારના પ્રાણોને ધારણ કરે તે **જીવ** કહેવાય. દશપ્રકારના પ્રાણો કેવા છે? તેના જવાબમાં નીચેનો શ્લોક કહે છે.

**"पञ्चेन्द्रियाणि त्रिविधं बलं च,**
**उच्छ्वासनिःश्वासमथान्यदायुः।**
**प्राणा दशैते भगवद्भिरुक्ता-**
**स्तेषांवियोगीकरणं तु हिंसा॥१॥**

અર્થ—'પાંચ ઇંદ્રિયો, ત્રણ પ્રકારનું બળ, શ્વાસોચ્છ્વાસ ને આયુષ્ય એ દશ પ્રાણો (સર્વજ્ઞ કેવળી) ભગવંતે કહ્યા છે, **તે પ્રાણોનો વિયોગ કરવો તે હિંસા કહેવાય છે.**' આ દશે પ્રાણોનો વિયોગ કે નાશ કરવો તે મોટી હિંસા' કહેવાય અને દશપ્રાણો પૈકી કોઇ પણ એક પ્રાણનો વિનાશ કરવો તે નાની હિંસા કહેવાય. જીવને જાનથી મારી નાખવો તે મોટી

હિંસા ને કોઈ પણ એક કે અનેક પ્રાણોનો વિયોગ કરવો (કે આઘાત પહોંચાડવો) તે પણ હિંસા તો કહેવાય, પછી ભલેને તે નાની હોય. મોટી હિંસા જ્યારે પ્રસિદ્ધ મરણ કહેવાય છે ત્યારે નાની હિંસાને અવ્યક્ત તેમજ અપ્રસિદ્ધ મરણ કહી શકાય. આ ઉપરથી જૈનોની અહિંસા કેટલી સૂક્ષ્મ ને મહત્તા વાળી છે તે, તથા અહિં-સાના સતત ઉપદેશની સાર્થકતા સ્હેજે સમજી શકાય છે.

### દ્રવ્યપ્રાણોનો નકશો



## કયા કયા જીવને કયા કયા ને કેટલા પ્રાણો હોય ? તેનો કોઠો

| એકેન્દ્રિય (એકેંદ્રી) | દ્વીન્દ્રિય (બેઇંદ્રી) | ત્રીન્દ્રિય (તેઇંદ્રી) | ચતુરિન્દ્રિય (ચઉરિંદ્રી) | અસંજ્ઞિ-(સંમૂ) પંચેન્દ્રિય | સંજ્ઞિપંચેન્દ્રિય |
|---|---|---|---|---|---|
| સ્પર્શનેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય |
| કાળબળ | રસનેદ્રિય | રસનેન્દ્રિય | રસનેન્દ્રિય | રસનેન્દ્રિય | રસનેન્દ્રિય |
| શ્વાસોચ્છ્વાસ | કાયબળ | ઘ્રાણેન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય |
| આયુષ્ય | વચનબળ | કાયબળ | ચક્ષુરિન્દ્રિય | ચક્ષુરિન્દ્રિય | ચક્ષુરિન્દ્રિય |
| | શ્વાસોચ્છ્વાસ | વચનબળ | કાયબળ | શ્રોત્રેન્દ્રિય | શ્રોત્રેન્દ્રિય |
| | આયુષ્ય | શ્વાસોચ્છ્વાસ | વચનબળ | કાયબળ | મનોબળ |
| | | આયુષ્ય | શ્વાસોચ્છ્વાસ | વચનબળ | વચનબળ |
| | | | આયુષ્ય | શ્વાસોચ્છ્વાસ | કાયબળ |
| | | | | આયુષ્ય | શ્વાસોચ્છ્વાસ |
| | | | | | આયુષ્ય |
| ૪ પ્રાણ | ૬ પ્રાણ | ૭ પ્રાણ | ૮ પ્રાણ | ૯ પ્રાણ | ૧૦ પ્રાણ |

## —તૈયાર થયેલી પર્યાપ્તિઓનાં કાર્યો—

૧. સમયે સમયે આહાર લેવો, યા ગ્રહણ કરેલા આહારને ખલરસસ્વરૂપે પરિણમાવવો, તે આહાર-પર્યાપ્તિનું કાર્ય છે.

૨. પોતાની કાયાને લાયક ગ્રહણકરેલ આહાર (લોમાહાર કે કવળાહાર) ના પુદ્ગલોને શરીરસ્વરૂપે પરિણમાવવા—રચવા તથા 'દોડવું વળગવું વગેરે' ક્રિયાઓમાં શરીરને સમર્થ કરવું, તે શરીરપર્યાપ્તિનું કાર્ય છે. (વળી **શ્રી શીલાંકાચાર્ય**જીના મત પ્રમાણે ભવધારણીય શરીર સંબંધી કાયયોગ, આ બીજી શરીરપર્યાપ્તિથી થાય છે).

૩. પોતપોતાના વિષયનો બોધ કરાવવો તે ઇંદ્રિયપર્યાપ્તિનું કાર્ય છે.

૪. શ્વાસોચ્છવાસને ગ્રહણ કરવા, તેને શ્વાસો-ચ્છ્વાસસ્વરૂપે પરિણમાવવા અને તેને અવલંબીને છોડી મૂકવાસ્વરૂપ ઉચ્છ્વાસપ્રાણને ઉત્પન્ન કરવા, તે શ્વાસો-ચ્છ્વાસપર્યાપ્તિનું કાર્ય છે.

સાર એ છે કે— આ શ્વાસોચ્છવાસપર્યાપ્તિથી જીવ જીંદગી સુધી શ્વાસોચ્છ્વાસ લઇ શકે છે, જેના ઉપર જીવન—મરણનો આધાર છે. માટે લોકોમાં

શ્વાસ ચાલતો હોય ત્યાં સુધી પ્રાણી જીવતો ગણાય છે અને શ્વાસ બંધ થવાથી 'મરી ગયો' એમ મનાય છે.

૫. ભાષા બોલવાની ક્રિયારૂપ વચનબળ પ્રાણની પ્રાપ્તિ કરાવવી, તે ભાષાપર્યાપ્તિનું કાર્ય છે, આનાથી જીવ ભાષારૂપે બોલી શકે છે.

૬. વિચારશક્તિ ચિંતવન કે મનનરૂપ મનોબળપ્રાણની પ્રાપ્તિ કરાવવી, તે મનઃપર્યાપ્તિનું કાર્ય છે, આનાથી જીવ ઇચ્છાનુસાર ચિંતવન-મનન વગેરે કરી શકે છે.

આ પ્રમાણે જીવનનિર્વાહ માટે જીવને કરવા લાયક નવ પ્રાણરૂપી નવ કાર્યો આ છ પર્યાપ્તિઓ તૈયાર થવાથી પ્રવર્તી શકે છે. તથા આયુષ્યપ્રાણ માટે કોઈ પણ શક્તિની આવશ્યકતા રહેતી નથી, માટે તેની જનેતા કોઈ પર્યાપ્તિ માની નથી, અથવા આયુષ્યપ્રાણને ટકાવવા માટે આહારપર્યાપ્તિ મુખ્યતયા સહકારી કારણ માની શકાય, કારણ કે, આહાર લીધા વિના લાંબુ જીવન ટકી શકતું નથી, એ અનુભવસિદ્ધ છે.

## પ્રાણ અને પર્યાપ્તિમાં તફાવત.

પ્રાણો એ પ્રાણીઓની જીવનક્રિયાઓ છે અને પર્યાપ્તિઓ એ તે જીવનક્રિયા ચલાવવામાં સહાયદાત્રી

જીવન શક્તિઓ છે, અથવા પ્રાણ અને પર્યાપ્તિનો જન્ય-જનકભાવ અર્થાત્ કાર્યકારણભાવ છે. કારણ કે, પર્યાપ્તિઓ પ્રાણોને ઉત્પન્ન કરે છે, તેથી પર્યાપ્તિઓ એ કારણ છે અને પ્રાણો એ તેનાં ફળસ્વરૂપ કાર્યો છે.

## કઇ પર્યાપ્તિથી કયા પ્રાણ બને છે? તે જણાવનારો કોઠો

| | | | | | |
|---|---|---|---|---|---|
| મુખ્યત્વે | ઇન્દ્રિયપર્યાપ્તિથી | – ૫ ઇન્દ્રિયપ્રાણ | ઉત્પન્ન | થાય | છે. |
| ,, | શરીર ,, | ૧ કાયબળ | ,, | ,, | ,, |
| ,, | ભાષા ,, | ૧ વચનબળ | ,, | ,, | ,, |
| ,, | મનઃ ,, | ૧ મનોબળ | ,, | ,, | ,, |
| ,, | શ્વાસોચ્છ્વાસ ,, | ૧ શ્વાસોચ્છ્વાસ | ,, | ,, | ,, |
| ,, | આહાર (આદિ) ,, | ૧ આયુષ્ય | ,, | ,, | ,, |

**સૂચના**—આયુષ્યપ્રાણમાં આહારાદિ પર્યાપ્તિઓનો સારો સહકાર હોવાથી, આયુષ્ય માટે તે પર્યાપ્તિઓ સહકારી કારણરૂપે મનાય છે. પરભવમાં જતા (વાટે વ્હેતા) જીવમાં આયુષ્યપ્રાણ હોય છે અને તે સમયે એક પણ પર્યાપ્તિ હોતી નથી. માટે તે સમયે ઇંદ્રિય ને પ્રાણનો જન્યજનકભાવ ઘટતો નથી, તેથી કરીને આહારાદિ પર્યાપ્તિને આયુષ્યપ્રાણની જનેતા નહિં માનતાં, ચાલુ આયુષ્યને મદદરૂપ હોવાથી સહકારી તરીકે માનવામાં આવે છે.

## — ઇન્દ્રિય પ્રાણ —

**ઇન્દ્રિયનું લક્ષણ**– ઇંદ્ર એટલે આત્મા, તેનું જે ચિહ્ન તે '**ઇન્દ્રિય**' કહેવાય.

અર્થાત્ આત્માની સાબિતી જેનાથી થાય તે 'ઇન્દ્રિય' કહેવાય. જેમકે, ત્વચા–ચામડીથી ઠંડા ઉના વગેરે સ્પર્શનો અનુભવ કરનાર, રસના–જીભથી ખાટા ખારા વગેરે રસનો આસ્વાદ કરનાર, ઘ્રાણ-નાસિકાથી સુગંધ કે દુર્ગંધને ગ્રહણ કરનાર, ચક્ષુ-આંખદ્વારા રૂપ–રંગ નિહાળનાર અને શ્રોત્રથી શબ્દ સાંભળનાર જે વ્યક્તિ તે જ આત્મા છે, એટલે કે, તે તે ઈન્દ્રિયદ્વારા તે તે વિષયનો અનુભવ કરનાર કોઈ પણ હોય તો આત્મા જ છે; માટે ઇંદ્રિયો-વડે આત્મા સિદ્ધ–સાબિત થતો હોવાથી, ઇંદ્રિયો એ આત્માનું ચિહ્ન કહેવાય છે.

**પ્રશ્ન**— પોત પોતાના વિષયનો અનુભવ કરનારી ઇન્દ્રિયો જ માની લ્યો ને ? શા માટે આત્માને માનવો જોઇએ ?

**ઉત્તર**—'જેને જે વિષયનો અનુભવ થયો હોય, તે જ તે વસ્તુનું સ્મરણ કરી શકે છે' એ અનુભવ સિદ્ધ સર્વમાન્ય નિયમ મુજબ, આત્મા જ અનુભવ

કરનાર તેમ જ સ્મરણ કરનાર છે, પરંતુ ઇંદ્રિયો નથી. જો અનુભવ કરનાર ઇંદ્રિયો છે એમ માની લઈએ તો, ચક્ષુ આદિના અભાવમાં, એટલે કે ચક્ષુ વગેરે ઇન્દ્રિયો નાશ પામી ગયા પછી, અનુભવ કરનારી ઇન્દ્રિયનો અભાવ હોવાથી, તે તે ઇન્દ્રિયના વિષયનું સ્મરણ કઈ રીતે થઈ શકશે? અર્થાત ઇન્દ્રિય નષ્ટ થયા પછી પણ, પૂર્વે જોયેલા કે અનુભવેલા પદાર્થનું જે સ્મરણ થાય છે, તે થઈ શકશે નહિ. વળી વિશિષ્ટ (=અતીન્દ્રિય) જ્ઞાનીઓ ઇંદ્રિયોની મદદ શિવાય સાક્ષાત્ પાંચે ઇંદ્રિયોના વિષયોને જાણે છે ને અનુભવે છે, તેનો પણ વિરોધ આવશે. તથા પંચેદ્રિના મૃતદેહ–મડદામાં પાંચે ઇંદ્રિયો મોજુદ છે, છતાં તેમાં એકેય પદાર્થનું જ્ઞાન, એકેય વિષયનો અનુભવ કે બોધ થતો નથી. આ રીતે ઇંદ્રિયોને અનુભવ કરનારી માનવા જતાં અનેક દોષો વ્હોરવા પડે છે, માટે આત્માને જ અનુભવજ્ઞાનકર્તા માનવો એ વિશેષતઃ સિદ્ધ થાય છે.

## — ઇન્દ્રિયોના પ્રકાર —

**[ઇંદ્રિયોના ૨૯ ભેદોની ગણત્રી. પ્રકાર પ્હેલો]**

ઇંદ્રિયોના મુખ્ય બે ભેદ છે. **દ્રવ્યેન્દ્રિય** ને **ભાવેન્દ્રિય.** તેમાં દ્રવ્યેન્દ્રિયના **નિર્વૃત્તિ** ને **ઉપકરણ**

એવો બે ભેદ પડે છે. વળી તે બન્નેના પણ **અભ્યંતર ને બાહ્ય** એવા બબ્બે ભેદો પડે છે તથા ભાવેન્દ્રિયના લબ્ધિ ને ઉપયોગથી **લબ્ધિભાવેન્દ્રિય** ને **ઉપયોગભાવેન્દ્રિય** એવા બે ભેદો થાય છે. આ દરેક ભેદના પુનઃ **સ્પર્શન–રસન–ઘ્રાણ–ચક્ષુ** ને **શ્રોત્ર** એવા પાંચ પાંચ ભેદો પડે છે. આ રીતે ઇંદ્રિયોના ભેદોમાં દ્રવ્યેન્દ્રિયના ૧૯ ભેદ અને ભાવેન્દ્રિયના ૧૦ ભેદ મળી, ઇંદ્રિયના કુલ ૨૯ ભેદોપ્રકારો થાય છે.

## [ઇન્દ્રિયોના ૨૯ ભેદોની ગણત્રી.પ્રકાર બીજો.]


ઇંદ્રિયોના 'સ્પર્શન(ચામડી),રસન(જીભ), ઘ્રાણ(નાક), ચક્ષુ(આંખ), અને શ્રોત્ર(કાન)'–એમ મુખ્ય પાંચ ભેદો છે. તે દરેકના 'દ્રવ્ય ને ભાવ' એવા બબ્બે ભેદો પડે છે(જેમકે–દ્રવ્યસ્પર્શેન્દ્રિય તથા ભાવસ્પર્શેન્દ્રિય વગેરે), વળી આ પાંચે દ્રવ્યેન્દ્રિયોના 'નિવૃત્તિ અને ઉપકરણ'થી બબ્બે ભેદો પડે છે (જેમકે, નિવૃત્તિદ્રવ્યેન્દ્રિય અને ઉપકરણદ્રવ્યેન્દ્રિય). આ બન્નેના પણ 'બાહ્ય ને અભ્યંતર' એવા બબ્બે ભેદો પડે છે (જેમકે–બાહ્યનિવૃત્તિદ્રવ્યેન્દ્રિય ને અભ્યંતરનિવૃત્તિદ્રવ્યેન્દ્રિય, તથા બાહ્યોપકરણદ્રવ્યેન્દ્રિય અને અભ્યંતરોપકરણદ્રવ્યેન્દ્રિય). આ રીતે દ્રવ્યેન્દ્રિયના

૪ ભેદ થયા, તે દરેકને સ્પર્શનેન્દ્રિયાદિ પાંચ સાથે ભેળવતાં (૫×૪=૨૦) કુલ વીશ ભેદ થાય, પરંતુ સ્પર્શનનિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિયનો બાહ્યભેદ નહિ હોવાથી, તે એક ભેદને બાદ કરતાં દ્રવ્યેન્દ્રિયના કુલ ૧૯ ભેદો થાય છે. વળી પાંચેય ભાવેન્દ્રિયોના પણ 'લબ્ધિ ને ઉપયોગ'થી બબ્બે ભેદો ગણતાં ભાવેન્દ્રિયના કુલ ૧૦ ભેદો થાય છે. આ રીતે દ્રવ્યેન્દ્રિયના ૧૯ તથા ભાવેન્દ્રિયના ૧૦ મળી કુલ ૨૯ ભેદો ઇંદ્રિયોના થાય છે.


### [ઇન્દ્રિયોના ૨૯ ભેદોની ગણત્રી. પ્રકાર ત્રીજો.]

'નિર્વૃત્તિ ઉપકરણ બાહ્ય ને અભ્યંતર, ભેદથી દ્રવ્યેન્દ્રિય ચાર પ્રકારે તથા 'લબ્ધિ ને ઉપયોગ'થી ભાવેન્દ્રિય બે પ્રકારે છે. તે દરેકના સ્પર્શનાદિ પાંચ પાંચ પ્રકારો છે, તેથી કુલ '૬×૫=૩૦' ત્રીશ ભેદ થાય છે. પરંતુ બાહ્યસ્પર્શનનિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિયનો એક ભેદ ઓછો થતાં કુલ ૨૯ ભેદો ઇંદ્રિયોના થાય છે.


## ઇંદ્રિયોના ૨૯ ભેદોનો નકશો (૧).




સૂચના—સ્પર્શનેન્દ્રિયની બાહ્યનિર્વૃત્તિ નહિં હોવાથી, તેનો એક ભેદ ઓછો થતાં ૨૯ ભેદ થાય છે.


સ્પર્શેન્દ્રિય
રસનેન્દ્રિય
ઘ્રાણેન્દ્રિય
ચક્ષુરિન્દ્રિય
શ્રોત્રેન્દ્રિય
દ્રવ્યસ્પ૦
ભાવસ્પ૦
નિર્વૃત્તિ (અભ્યંતર)
ઉપકરણ
લબ્ધિ સ્પ૦
ઉપયોગ સ્પ૦
બાહ્ય
અભ્યંતર
દ્રવ્યરસ૦
ભાવરસ૦
નિર્વૃત્તિ
ઉપકરણ
લબ્ધિ રસ૦
ઉપયોગ રસ૦
બાહ્ય
અ૦
બાહ્ય
અ૦
દ્રવ્યઘ્રા૦
ભાવઘ્રા૦
નિર્વૃત્તિ
ઉપકરણ
લબ્ધિ ઘ્રા૦
ઉપયોગ ઘ્રા૦
બાહ્ય
અભ્યં૦
બાહ્ય
અભ્યં૦
દ્રવ્યચ૦
ભાવચ૦
નિર્વૃત્તિ
ઉપકરણ
લબ્ધિ ચ૦
ઉપયોગ ચક્ષુ
બા૦
અ૦
બા૦
અ૦
દ્રવ્યશ્રો૦
ભાવશ્રો૦
નિર્વૃત્તિ
ઉપકરણ
લબ્ધિ-શ્રોત્રેન્દ્રિય
ઉપયોગ શ્રોત્રેન્દ્રિય
બાહ્ય
અભ્યં૦
બાહ્ય
અભ્યંતર

## ઈંદ્રિયોના ૨૯ ભેદોનો નકશો– (૩)




**સૂચના**— લોક પ્રસિદ્ધિ પ્રમાણે સ્પર્શના, રસના ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર એ પાંચ ભેદો ઇંદ્રિયોના મુખ્ય ગણાય છે; તે મુજબ અહિં દરેક ભેદની પાંચ પાંચ સંખ્યા ગણેલી છે. અર્થાત્ દરેકના પાંચ પાંચ ભેદો ગણાય છે. આમાં વિશેષતા એ છે કે, સ્પર્શનેન્દ્રિયને બાહ્યનિર્વૃત્તિ નહિં હોવાથી, બાહ્ય-નિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિયના ચાર જ ભેદ ગણેલા છે, તેથી તેનો એક ભેદ ઓછો થતાં કુલ ૨૯ ભેદો થાય છે. *

---

* [ વિદ્યાર્થી વર્ગની અનુકુળતા માટે ઈંદ્રિયના ભેદોની ગણત્રીના ત્રણ પ્રકારો તથા તેના ત્રણ જાતના નકશાઓ બતાવી, તે ભેદોનાં ૨૯ અખંડ નામો નો કોઠો તથા તે દરેક ભેદોના અર્થો આગળ બતાવવામાં આવે છે.]

—ઇન્દ્રિયોના ૨૯ ભેદોના અખંડ નામવાળો કોઠો—

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અભ્યંતર-સ્પર્શન-નિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિય | | | ૧૫ | બાહ્ય સ્પર્શનોપકરણ દ્રવ્યેન્દ્રિય | | |
| ૨ | ,, | રસન | ,, | ૧૬ | ,, | રસનોપકરણ | ,, |
| ૩ | ,, | ઘ્રાણ | ,, | ૧૭ | ,, | ઘ્રાણોપકરણ | ,, |
| ૪ | ,, | ચક્ષુ | ,, | ૧૮ | ,, | ચક્ષુરૂપકરણ | ,, |
| ૫ | ,, | શ્રોત્ર | ,, | ૧૯ | ,, | શ્રોત્રોપકરણ | ,, |
| ૬ | બાહ્ય-રસન-નિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિય | | | ૨૦ | લબ્ધિ-સ્પર્શન-ભાવેન્દ્રિય | | |
| ૭ | ,, | ઘ્રાણ | ,, | ૨૧ | ,, | રસન | ,, |
| ૮ | ,, | ચક્ષુ | ,, | ૨૨ | ,, | ઘ્રાણ | ,, |
| ૯ | ,, | શ્રોત્ર | ,, | ૨૩ | ,, | ચક્ષુ | ,, |
| ૧૦ | અભ્યંતર સ્પર્શનોપકરણ દ્રવ્યેન્દ્રિય | | | ૨૪ | ,, | શ્રોત્ર | ,, |
| ૧૧ | ,, | રસનોપકરણ | ,, | ૨૫ | ઉપયોગ-સ્પર્શન-ભાવેન્દ્રિય | | |
| ૧૨ | ,, | ઘ્રાણોપકરણ | ,, | ૨૬ | ,, | રસન | ,, |
| ૧૩ | ,, | ચક્ષુરૂપકરણ | ,, | ૨૭ | ,, | ઘ્રાણ | ,, |
| ૧૪ | ,, | શ્રોત્રોપકરણ | ,, | ૨૮ | ,, | ચક્ષુ | ,, |
| | | | | ૨૯ | ,, | શ્રોત્ર | ,, |

## ઇન્દ્રિયભેદોના અર્થ.

**દ્રવ્યેન્દ્રિય**=પુદ્ગલમય જડ ઈન્દ્રિય. અથવા ભાવેન્દ્રિયના કારણરૂપ સ્વચ્છ પુદ્ગલોની બનેલી ઇન્દ્રિય.

**ભાવેન્દ્રિય**= આત્માના પરિણામરૂપ ઇન્દ્રિય.

**નિર્વૃત્તિ**= રચના અથવા આકૃતિ.

**અભ્યંતર**= અંદરના ભાગમાં રહેલ.

**બાહ્ય**= બહારના ભાગમાં રહેલ.

**અભ્યંતરનિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિય**=ઇન્દ્રિયોના અંદરના ભાગની રચના. અથવા ઈંદ્રિયના અંદરના ભાગમાં રહેલી, આંખથી જોઇ ન શકાય તેવા સ્વચ્છ પુદ્ગલોની કે આત્મપ્રદેશોની આકૃતિ.

**બાહ્યનિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિય**= ઇન્દ્રિયોની બહારની રચના. અથવા બહારના ભાગમાં રહેલી, સઉને દેખાય એવી આકૃતિ.(જેમકે– કર્ણેન્દ્રિયની કર્ણપર્પટિકા–કાનપાપડી તથા આંખના ડોળા વગેરે).

આ બહાર દેખાતી દરેક ઈન્દ્રિયોની આકૃતિ, બાહ્યનિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિય કહેવાય છે. જ્યારે સ્પર્શેન્દ્રિય શિવાયની લોકપ્રસિદ્ધ ચારે ઇન્દ્રિયોની અંદરની ને બહારની આકૃતિ જુદી જુદી હોય છે, ત્યારે સ્પર્શેન્દ્રિયની અભ્યંતરઆકૃતિ અને બાહ્યઆકૃતિ એક જ હોય છે. કારણ કે, શ્રોત્રેન્દ્રિય વગેરે ઇન્દ્રિયોનો કાનપાપડી વગેરે બાહ્ય-

આકાર જેમ જુદો છે, તેમ સ્પર્શનેન્દ્રિયનો બાહ્ય આકાર જુદો નથી. બાહ્યનિર્વૃત્તિ (=બાહ્યઆકૃતિ) જુદી જુદી જાતના જીવોમાં જ્યારે જુદી જુદી જાતની હોય છે ત્યારે અભ્યંતરનિર્વૃત્તિ (=અંદરની આકૃતિ) તો તમામ જીવોમાં સમાન આકારવાળી જ હોય છે. (જે ઈંદ્રિયોના આકારમાં કહેલ છે).

**ઉપકરણ**=ઇન્દ્રિયને, વિષય ગ્રહણ કરવામાં ઉપકારક શક્તિ. જેમકે–સ્પર્શેન્દ્રિયની સ્પર્શનશક્તિ, રસનેન્દ્રિયની આસ્વાદનશક્તિ, ઘ્રાણેન્દ્રિયની ગંધગ્રહણ શક્તિ, ચક્ષુરિન્દ્રિયની રૂપગ્રહણશક્તિ અને શ્રોત્રેન્દ્રિયની શબ્દ-ગ્રહણશક્તિ.

આ શક્તિ પુદ્ગલની સમજવી.આ શક્તિના સહકાર શિવાય નિર્વૃત્તિઇન્દ્રિય સ્વતંત્ર રીતે જ્ઞાન પેદા કરી શક્તિ નથી, માટે જ આ શક્તિનું નામ 'ઉપકરણ' (=ઉપકારક) રાખેલ છે.

**ઉપકરણદ્રવ્યેન્દ્રિય**=ઇન્દ્રિયની આકૃતિમાં, એટલે કે–અભ્યંતર નિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિયમાં રહેલી, પોત પોતાના વિષયને જાણવાની જે પૌદ્ગલિક શક્તિ, તે ઉપકરણ-દ્રવ્યેન્દ્રિય કહેવાય.

આ શક્તિ જો અંદરની હોય તો, તે '**અભ્યંતર-ઉપકરણેન્દ્રિય**' કહેવાય અને બહારની હોય તો '**બાહ્ય-ઉપકરણેન્દ્રિય**' કહેવાય.

**લબ્ધિ**=ઇન્દ્રિયોની શક્તિઓને રોકનારા કર્મનો ક્ષયોપશમ.

**ઉપયોગ**=વિષયગ્રહણ. અથવા સામાન્ય કે વિશેષબોધ.

**લબ્ધિભાવેન્દ્રિય**=તે તે જ્ઞાનને રોકનારા (મતિ-જ્ઞાનાવરણાદિ) કર્મનો આત્માના પરિણામસ્વરૂપ જે ક્ષયોપશમ તે 'લબ્ધિભાવેન્દ્રિય' કહેવાય. અથવા ઇન્દ્રિય-દ્વારા તે તે વિષયનો બોધ કરવાની આત્માની જે શક્તિ, તે પણ 'લબ્ધિભાવેન્દ્રિય' કહેવાય.

**ઉપયોગભાવેન્દ્રિય**=આત્મા જે ઇન્દ્રિયના (વિષ-યગ્રહણરૂપ) ઉપયોગમાં વર્ત્તતો હોય, તે ઇન્દ્રિય 'ઉપયોગભાવેન્દ્રિય' કહેવાય. અથવા લબ્ધિ, નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ ત્રિપુટીથી થતો, તે તે સ્પર્શાદિ વિષયનો સામાન્ય કે વિશેષ જે બોધ તે 'ઉપયોગ-ભાવેન્દ્રિય' 卐 કહેવાય. અથવા વિષયોને ગ્રહણ કરવામાં ચેતના શક્તિનો વ્યાપાર પણ ઉપયોગભાવેન્દ્રિય કહેવાય.

---

卐 ઉપયોગ એ મતિજ્ઞાન ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન વગેરે સ્વરૂપ છે, માટે વસ્તુનો સામાન્ય કે વિશેષ બોધ, તે 'ઉપયોગ' કહેવાય, આ બોધ એ એક જાતનો આત્માનો પરિણામ છે, માટે તે 'ભાવેન્દ્રિય' પણ કહેવાય.

**પ્રશ્ન**- ઉપયોગને ઇંદ્રિય કેમ કહેવાય? કારણ કે- ઇંદ્રિ-યોનું ફળ જે જ્ઞાન-જે સામાન્ય કે વિશેષ બોધ, તે રૂપજ ઉપયોગ છે.

**સર્વ સંસારી જીવો લબ્ધિ અને ઉપયોગની અપેક્ષાએ એકેન્દ્રિય તેમજ પંચેન્દ્રિય પણ કહી શકાય છે. જુઓ—**

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ સંસારી જીવોમાં પાંચે ઇંદ્રિયોની લબ્ધિ હોય છે. આ લબ્ધિ (ઈન્દ્રિયાવરણ=મતિજ્ઞાનવરણના) ક્ષયોપશમસ્વરૂપ હોય છે. ઉપયોગ એટલે વિષયાવબોધ કરવાનો વ્યાપાર. જે એક સમયે એક જ હોય છે. લબ્ધિ જ્યારે એક જીવને એક સમયે પાંચે ઈન્દ્રિયોની હોય છે ત્યારે ઉપયોગ એક જીવને એક સમયે એકજ ઈન્દ્રિયનો હોય છે. માટે લબ્ધિ–(ઈન્દ્રિય)ની અપેક્ષાએ હરકોઇ સંસારીજીવ પંચેન્દ્રિય કહી શકાય અને ઉપયોગ(ઇન્દ્રિય)ની અપેક્ષાએ એકેન્દ્રિય પણ કહી શકાય.

પંચેન્દ્રિય ગણાતા જીવોમાં પાંચેય ઇન્દ્રિયોનો (ઇન્દ્રિયાવરણ= મતિજ્ઞાનાવરણ કર્મનો) ક્ષયોપશમ છે, પાંચે દ્રવ્યેન્દ્રિયો છે અને પાંચ ઇન્દ્રિયોના વિષયો પણ

**જવાબ–** વસ્તુતઃ લબ્ધિ નિર્વૃત્તિ ને ઉપકરણ, એ ત્રણના સમુદાયરૂપજ ઉપયોગ છે. એટલે કે ઉપયોગ એ કાર્ય છે અને ઉપર્યુક્ત ત્રણનો સમુદાય તેનું કારણ છે, છતાં ઉપચારથી અર્થાત્ કાર્યમાં કારણનો આરોપ કરીને ઉપયોગને પણ ઈંદ્રિય કહેલ છે.

મોજુદ હોય છે, છતાં પણ **'એક સમયે બે ઉપયોગ હોઇ શકતા નથી'** એ સ્વભાવસિદ્ધ નિયમાનુસાર, એક સમયે એક ઈન્દ્રિયથીજ જ્ઞાન થઇ શકે છે. જેમકે—

કોઇ ટાલીયો માણસ, ખરે બપોરે, ઉઘાડે માથે, એલચી વગેરે સુગન્ધિ વસ્તુવાળી કડક તલસાંકળી ખાતો ખાતો નદી ઉતરે છે. અહિં એકી સાથે પાંચે ઇન્દ્રિયોના વિષયો વિદ્યમાન છે. જુઓ— ખરો બપોર હોવાથી સૂર્યના પ્રચંડ કિરણોના તાપનો ઉષ્ણસ્પર્શ તથા નદીના વ્હેણનો શીતસ્પર્શ એ સ્પર્શેન્દ્રિયનો વિષય છે, તલસાંકળીમાં રહેલી મધુરતા એ રસનેન્દ્રિયનો વિષય છે, તલસાંકળીમાં નાંખેલી એલચી વગેરેની સુગંધ એ ઘ્રાણેન્દ્રિયનો વિષય છે, તલસાંકળીના રૂપ–રંગ એ ચક્ષુરિન્દ્રિયનો વિષય છે અને તે ખાતાં કટ્ કટ્ શબ્દ થાય છે તે શ્રોત્રેન્દ્રિયનો વિષય છે. આ રીતે એક કાળે પાંચે ઇન્દ્રિયોના વિષયો મોજુદ છે, છતાં એક સમયે એક જ ઈન્દ્રિયથી જ્ઞાન થઇ શકે છે. એટલે કે–જે સમયે સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ હોય, તે સમયે રસનેન્દ્રિયાદિનો ઉપયોગ ન હોય અને રસનેન્દ્રિયનો ઉપયોગ હોય ત્યારે રસના શિવાયની એકેય ઇન્દ્રિયનો ઉપયોગ ન હોય. આ રીતે એક સમયે પાંચમાંથી કોઇ પણ એક ઇન્દ્રિ-

યનો ઉપયોગ હોય, પરંતુ એકથી અધિકનો ન હોય. સાર એ આવ્યો કે,-સંસારી હરકોઇ જીવ એક કાળે એક ઉપયોગ (ઇન્દ્રિય) વાળો જ હોઇ શકે છે, માટે સર્વસંસારી ઉપયોગથી એકેન્દ્રિય પણ છે. અને દરેક સંસારી જીવને પાંચે ઇન્દ્રિયના ક્ષયોપશમરૂપ લબ્ધિ હોવાથી, લબ્ધિથી સર્વસંસારી પંચેન્દ્રિય પણ છે. પરંતુ દ્રવ્યઇન્દ્રિયની અપેક્ષાએ પોત પોતાની યોગ્યતા પ્રમાણે જીવો એક બે ત્રણ ચાર કે પાંચ ઇન્દ્રિયવાળા મનાય છે, અર્થાત્ જીવોમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયપણાનો વ્યવહાર દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ થાય છે.

૧. **પ્રશ્ન**—ઉપર્યુક્ત ટાલીયાના ઉદાહરણમાં પાંચ ઇન્દ્રિયોનું જ્ઞાન એકી સાથે થતું હોય એવો અનુભવ થાય છે, અને આપ કહો છો કે એક સમયે એક જ ઇન્દ્રિયનું જ્ઞાન થાય છે, તો શું અનુભવનો વિરોધ નહિં આવે?

**ઉત્તર**— ના. તે સાચો અનુભવ જ નથી. ભ્રમણારૂપ હોવાથી ખોટો છે. કારણકે- ક્રમશઃ એક એક ઇન્દ્રિય(થી)નું જ્ઞાન થાય છે, છતાં પણ સમયની અત્યંત સૂક્ષ્મતાના કારણે એક સમયે અનેક ઇન્દ્રિયના જ્ઞાનનો આપણને ભ્રમ થાય છે. અને તેથી જ ભિન્ન ભિન્ન સમયે થતા ક્રમિક જ્ઞાનની આપણને ખબર પડતી નથી. દાખલા તરીકે— એક લષ્ટ પુષ્ટ પહેલવાન

ઉપરા ઉપરી મૂકેલા કમળના સો પાંદડાં ઉપર જોરથી તીક્ષ્ણ ભાલુ મારે, તો તે ભાલુ એકદમ સો પાંદડાંને ભેદીને આરપાર ઉતરી જાય છે. અહિં જોનાર વ્યક્તિ તરત બોલી ઉઠશે કે 'આ પ્હેલવાને એકી સાથે —એક કાળે સો યે પાંદડાં ભેદી નાંખ્યાં. હવે અહિં સમજવાની જરૂર છે કે– જ્યાં સુધી પ્હેલું પાંદડું ન ભેદાય ત્યાં સુધી બીજામાં ભાલુ પેસી શકે નહિં બીજું ન ભેદાય ત્યાં સુધી ત્રીજામાં પેસી શકે નહિં, માટે પૂર્વ પૂર્વના પાંદડાના ભેદન પછીથીજ ઉત્તર ઉત્તરના પાંદડામાં ભાલુ પેસતું હોવાથી, જે સમયે સૌથી ઉપરનું પાંદડું ભેદાયું તે સમયે તેની નીચેનું બીજું પાંદડું ભેદાયું નથી, જે સમયે નીચેનું બીજું ભેદાયું તે સમયે તેની નીચેનું ત્રીજું ભેદાયું નથી, એમ ક્રમશઃ દરેકનો ભેદનકાળ જુદો જુદો છે, છતાં સમયની અત્યંત સૂક્ષ્મતાને લઇને પ્રેક્ષકને– જોનારને એકી સાથે ભેદાયાનો જેમ ભ્રમ થાય છે, તેમ પ્રસ્તુત ટાલીયાના ઉદાહરણમાં પણ પાંચે ઈન્દ્રિયોનું એકી સાથે જ્ઞાન થાય છે, એવો જે અનુભવ તે પણ ભ્રમ જ છે. માટે ભ્રમરૂપ ખોટા અનુભવનો વિરોધ હોઈ શકે જ નહિં.

૨. **પ્રશ્ન**—પાંચે ઇન્દ્રિયોના (તથા બે ત્રણ કે ચાર ઈન્દ્રિયના) વિષયો મોજુદ હોય તેવા પ્રસંગે કઈ

ઇંદ્રિયથી અથવા કઈ ઈન્દ્રિયના વિષયનું જ્ઞાન થાય ?

ઉત્તર— જે ઈન્દ્રિયના ક્ષયોપશમની પ્રબળતા હોય, અથવા જે ઈન્દ્રિયના ઉત્તેજક સાધનની સબળતા હોય, તેનું જ્ઞાન થાય. અર્થાત્ તે તે ઇન્દ્રિયના ક્ષયોપશમની તથા ઉત્તેજક સાધનોની પ્રબળતા તેમાં નિયામક છે.

૩. પ્રશ્ન— એકેન્દ્રિયજીવોને પાંચે ઈન્દ્રિયોનો ક્ષયોપશમ હોય છે, તો તેઓને ભિન્ન ભિન્ન કાળમાં પાંચે ઈન્દ્રિયોનું જ્ઞાન કેમ ન હોય ?

ઉત્તર— દ્રવ્યેન્દ્રિય પણ તેમાં સાધન (=કારણ) હોવાથી, જેટલી દ્રવ્યેન્દ્રિયો હોય તેટલાં જ જ્ઞાનો અનુક્રમે થઇ શકે, અધિક નહિં. માટે એકન્દ્રિયને ફક્ત એકજ સ્પર્શરૂપ દ્રવ્યેન્દ્રિય હોવાથી, માત્ર સ્પર્શેન્દ્રિયના વિષયનું જ જ્ઞાન(=ભાન) હોય, પણ અન્ય ઈન્દ્રિયોનું જ્ઞાન ન હોઈ શકે.

## ઇન્દ્રિયોનાં સ્થાન માપ પ્રમાણ ને આકાર.

**૧. સ્પર્શેન્દ્રિય**– સ્પર્શેન્દ્રિયનું સ્થાન સર્વ શરીર છે. અર્થાત્ સ્પર્શેન્દ્રિય આખા દેહમાં ઉપરના અને અંદરના ભાગમાં પથરાયેલી છે, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી છે, અંદરથી ને બહારથી શરીર પ્રમાણ વિસ્તારવાળી છે, આંખથી દેખી ન

શકાય તેવી સૂક્ષ્મ છે અને શરીરના[1] આકારવાળી અભ્યંતરનિર્વૃત્તિરૂપ એકજ ભેદવાળી આ ઈન્દ્રિય છે.[2]

**૨. રસનેન્દ્રિય—** મુખની અંદર દેખાતી જીવ્હામાં ઉપર અને નીચેના ભાગમાં પથરાયેલી છે, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી છે, અંગુલપૃથક્ત્વ વિસ્તારવાળી અર્થાત્ ૨ થી ૯ અંગુલ લાંબી પહોળી છે, આંખથી દેખી ન શકાય તેવી સૂક્ષ્મ છે, અને ઘાસ ઉખેડવાની ખરપી અથવા અસ્ત્રાના આકારવાળી અભ્યંતરનિર્વૃત્તિરૂપ આ ઇંદ્રિય છે.[3]

---

૧. જે જીવને જેવા જેવા આકારનો દેહ હોય, તેવા તેવા આકારવાળી અર્થાત્ પોત પોતાની કાયાના આકારવાળી હોવાથી, સ્પર્શેન્દ્રિયનો આકાર ભિન્ન ભિન્ન હોય છે.

૨. આપણા શરીર ઉપર દેખાતી ચામડીના બહારના તેમજ અંદરના ભાગમાં પણ અભ્યંતરનિર્વૃત્તિસ્પર્શેન્દ્રિયના પરમાણુઓ વ્યાપ્ત થઇને રહેલા છે, જેથી ઠંડુ પાણી પીધા પછી અંદરના ભાગમાં પણ શીતળતાનો અનુભવ થાય છે. વળી આ ઇન્દ્રિય અબરખના પડ જેવી છે, તેમાં ત્વચા-ચામડીની બહારનું ને અંદરનું પડ જુદું નથી પણ એક જ છે. કારણ કે- મધ્યભાગમાં સ્પર્શેન્દ્રિયના પરમાણુઓ નથી માટે મધ્યભાગ પોલાણ વાળો હોય છે.

૩. આ રસનેન્દ્રિયનું પણ અતિ પાતળું એક જ પડ જીવ્હાના ઉપર ને નીચેના ભાગમાં પથરાયેલું હોય છે, પણ મધ્યભાગમાં હોતું નથી

**૩ ઘ્રાણેન્દ્રિય**— દેખાતી નાસિકાના પોલાણમાં ઉપરના ભાગમાં આવેલી છે, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી અને તેટલી જ લાંબી પ્હોળી છે, આંખથી દેખી ન શકાય તેવી સૂક્ષ્મ છે અને પડઘમ અથવા અતિમુક્ત નામના પુષ્પના આકાર-વાળી અભ્યંતર નિર્વૃત્તિરૂપ આ ઈંદ્રિય છે.

**૪ ચક્ષુરિન્દ્રિય**—ચક્ષુની કીકીના તારામાં રહેલી છે, અંગુલના અસંખ્યાત્મા ભાગ જેટલી પાતળી છે, તેટલીજ લાંબી પ્હોળી છે, ચક્ષુથી દેખી ન શકાય તેવી સૂક્ષ્મ છે અને મસૂર અથવા ચંદ્રના આકાર-વાળી અભ્યંતરનિવૃત્તિરૂપ આ ઇંદ્રિય છે.

**૫ શ્રોત્રેન્દ્રિય**— કર્ણપર્પટિકા (=કાનપાપડી)ના પોલાણમાં રહેલી છે, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી તેમ જ તેટલી જ લાંબી-પ્હોળી છે અને કદંબવૃક્ષના પુષ્પ સરખા આકારની માંસની એક ગોળી-રૂપ અભ્યંતરનિર્વૃત્તિ (=આકૃત્તિ) મય આ ઇંદ્રિય છે.

ઉપર બતાવેલ દરેક ઇંદ્રિયનો આકાર અભ્યંતર ઇંદ્રિયનો સમજવો, પરંતુ બહાર દેખાતી ઇંદ્રિયનો નહિં. કારણ કે– બહાર દેખાતી ઇંદ્રિયો તે બાહ્યનિવૃત્તિદ્રવ્યેન્દ્રિય કહેવાય છે, તેના દરેકના આકાર જુદી જુદી જાતના જીવોમાં જુદી જુદી જાતના

હોવાથી, કોઈ એક નિયત આકાર હોતો નથી. દાખલા તરીકે— કર્ણેન્દ્રિય-શ્રોત્રેન્દ્રિયની બાહ્યઆકૃતિ મનુષ્યમાં બે આંખની પડખે લંબગોળ ઉંચા નીચા ભાગવાળી છીપ સરખી હોય છે, ઘોડાની બાહ્ય-કરણેન્દ્રિય નીચેથી પહોળી અને ઉપરથી ઓછી થતી છેડે અણીદાર તેમજ વળી ગયેલા પડવાળી આંખની પડખે ઉપર હોય છે, ત્યારે હાથીની તો તદ્દન સૂપડા જેવી કર્ણની બાહ્ય આકૃતિ હોય છે. એ પ્રમાણે પ્રાણીઓમાં બાહ્ય આકૃતિઓ (=બાહ્યનિર્વૃત્તિદ્રવ્યે-ન્દ્રિયો), ભિન્ન ભિન્ન હોવાથી અમુક નિયમિત આકાર કહી શકાય નહિં, પરંતુ અભ્યંતર આકૃતિ (=અભ્યંતરનિર્વૃત્તીન્દ્રિય) દરેક જીવમાં એક સરખા આકારવાળી હોય છે, માટે ઉપર કહેલા ઈન્દ્રિયોના આકાર અભ્યંતર ઇન્દ્રિયોના જ સમજવા.

આ અભ્યંતર ઈન્દ્રિયો જ પોત પોતાના વિષ-યનો બોધ કરાવી શકે છે, તેથી જ આ અભ્યંતર ઈંદ્રિયોની આકૃતિનેજ શાસ્ત્રકારો સ્પર્શેન્દ્રિયાદિ પ્રસિદ્ધ પાંચ ઈન્દ્રિયો માને છે. બહાર દેખાતી આકૃતિઓ તો તે તે ઈન્દ્રિયને રહેવાનાં નિવાસ સ્થાનકો છે, પરંતુ ઈન્દ્રિયો નથી, દાખલા તરીકે- આંખનો ડોળો કે કીકી એ ચક્ષુરિન્દ્રિય નથી, પરંતુ ચક્ષુરિન્દ્રિયનું નિવાસ-સ્થાન છે, આ રીતે દરેક ઈન્દ્રિયમાં સમજવું.

## ઇન્દ્રિયોના વિષયગ્રહણની ઉત્કૃષ્ટ તથા જઘન્ય ક્ષેત્રમર્યાદા

સ્પર્શનેન્દ્રિય રસનેન્દ્રિય તથા ઘ્રાણેન્દ્રિય વધુમાં વધુ ૯ યોજન[૧] દૂર રહેલા પદાર્થના સ્પર્શ રસ ને ગંધરૂપ પોત પોતાના વિષયને ગ્રહણ કરે છે. શ્રોત્રેન્દ્રિય ઉત્કૃષ્ટથી ૧૨ યોજન દૂર થયેલા શબ્દને ગ્રહણ કરી શકે છે. અને ચક્ષુરિન્દ્રિય એક લાખ યોજન દૂર રહેલા નિસ્તેજ પદાર્થને નિહાળી શકે છે. ચંદ્ર સૂર્યાદિ જેવા તેજસ્વી પદાર્થોને તો અનેક લાખ યોજન દૂરથી પણ નિહાળી શકાય છે. જુઓ– ૨૧ લાખ યોજન ઉપરાંત દૂરથી પણ પુષ્કરાર્ધના મનુષ્યો ચંદ્ર તથા સૂર્યને નિહાળી શકે છે. ચક્ષુ જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલે દૂર રહેલા પદાર્થને ગ્રહણ કરી શકે છે અને બાકીની ઇન્દ્રિયો જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલે દૂરથી આવેલા પોતાના વિષયને ગ્રહણ કરી શકે છે.[૨]

---

૧ નવયોજન દૂર રહેલા પદાર્થોના તેમાંથી નીકળીને ટા પડેલા કેટલાક પુદ્ગલો આવીને સ્પર્શેન્દ્રિયાદિ ઇન્દ્રિયને અડે છે, તેથી જ તે દૂર રહેલા પદાર્થોના સ્પર્શાદિને પણ ગ્રહણ કરી શકે છે યા અનુભવી શકે છે.

૨ તે (=વિષયને ગ્રહણ કરનારતે તે તે વિષયનો અનુભવ

## પ્રાપ્યકારી અને અપ્રાપ્યકારી ઇન્દ્રિય.

સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય ને શ્રોત્રેન્દ્રિય, એ ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે અને ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે.

**પ્રાપ્યકારી**=પોતાને પ્રાપ્ત થયેલા (=સ્પર્શેલા કે અડકેલા) વિષયને જ ગ્રહણ કરી શકે તે.

**અપ્રાપ્યકારી**-પોતાના વિષયને પ્રાપ્ત થયા શિવાય (અડક્યા શિવાય) દુરથી ગ્રહણ કરે તે.

દાખલા તરીકે,- સ્પર્શનેન્દ્રિયને ઉના કે ઠંડા પાણીનો સ્પર્શ થાય છે ત્યારે જ, એટલે કે પાણી ને સ્પર્શના બન્નેનો પરસ્પર સંબંધ થાય છે ત્યારે જ પાણીમાં રહેલી ઉષ્ણતા કે શીતળતાનું ભાન થાય છે. એ રીતે ચક્ષુ શિવાયની ચારે ઈન્દ્રિયોમાં પોતપોતાના વિષયનો પરસ્પર સંબંધ થાય ત્યારે જ તે તે વિષયનો અનુભવ થઇ શકે છે, માટે ચક્ષુ શિવાયની ચાર ઇંન્દ્રિયો પ્રાપ્યકારી છે અને ચક્ષુ તો અપ્રાપ્તવિષયને, એટલે કે પોતાને નહિં અડકેલા એવા દૂર રહેલા પદાર્થનેજ ગ્રહણ કરી શકે

---

કરનાર) આત્મા જ છે, છતાં તે તે ઇંદ્રિયદ્વારા આત્મા વિષય બોધ કરી શકે છે, માટે દ્વારમાં એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરીને 'ઈન્દ્રિયો વિષય ગ્રહણ કરી શકે છે." તેમ કહેલ છે.

છે, પરંતુ પ્રાપ્ત વિષયને નહિં, માટે ચક્ષુ 卐 અપ્રાપ્ય-કારી છે.

## 卐 ચક્ષુની અપ્રાપ્યકારિતા.

[જૈન ને નૈયાયિકના સંવાદરૂપ ચક્ષુ-ઇંદ્રિયની પ્રાપ્યાપ્રાપ્યકારિત્વ મીમાંસા]

જૈન માન્યતા મુજબ ચક્ષુ અપ્રાપ્યકારી છે અને નૈયાયિક વગેરેની માન્યતા મુજબ ચક્ષુ પ્રાપ્યકારી છે.

**પ્રાપ્યકારી**=પોતાને પ્રાપ્ત થયેલા વિષયને જ ગ્રહણ કરી શકે તે. એટલે કે- વિષયને અડકીને બોધ કરાવનારી ઇન્દ્રિય.

**અપ્રાપ્યકારી**=સ્વસ્થાનમાં રહીને જ, નહિં પ્રાપ્ત થયેલા વિષયને દૂરથી જ ગ્રહણ કરે તે. એટલે કે- અપ્રાપ્ત યાને અસ્પૃષ્ટ પદાર્થનો દૂરથી જ પોતાના સ્થાનમાં રહીને જ બોધ કરાવનારી ઇંદ્રિય.

**નૈયાયિક**- "જે જે બાહ્ય ઇંદ્રિય હોય, તે તે પ્રાપ્યકારી જ હોય" એ નિયમ પ્રમાણે જીભ્હા જેમ બાહ્ય ઇંદ્રિય હોવાથી પ્રાપ્યકારી મનાય છે, તેમ બાહ્ય ઇંદ્રિય હોવાથી ચક્ષુઇંદ્રિય પણ પ્રાપ્યકારી છે, એમ માનવું જોઇએ.

**જૈન** ચક્ષુ જો પ્રાપ્યકારી હોય તો, "શાખા તથા ચંદ્રમાને હું એકી સાથે જોઉં છું." એ પ્રમાણે પરસ્પર માઇલોના અંતરવાળી બે વસ્તુના સમકાલીન દર્શનનું જ્ઞાન થઇ શકશે નહિં. કારણ કે, ચક્ષુદ્વારા નિરીક્ષક, પ્રથમ શાખાને નિહાળે છે અને ત્યાર બાદ ચંદ્રમાને નિહાળે છે.

વળી ચક્ષુ અપ્રાપ્યકારી હોવાથીજ અત્યંત પાસે રહેલા તેમજ અડકેલા અંજનને કે તણખલાને

---

**નૈ૦**- તમારૂં કથન સત્ય છે, પરંતુ કમળના ઉપરા ઉપરી મૂકેલા સો પાંદડાંને તીક્ષ્ણ ભાલુથી ભેદી નાંખનાર પ્હેલવાન માને કે, મેં એકી સાથે સો પાંદડાં ભેદી નાંખ્યાં, તો તે તેની ભ્રમણા છે. કારણ કે- જ્યાં સુધી સૌથી ઉપરનું પાંદડું નહિ ભેદાય ત્યાં સુધી તેની નીચેનું બીજું નહિં ભેદાય અને બીજું નહિં ભેદાય ત્યાં સુધી તેની નીચેનું ત્રીજું નહિં ભેદાય. એમ અનુક્રમે એક પછી એક પાંદડું ભેદાય છે, છતાં સમયની અતિ સૂક્ષ્મતાને લઇને એકી સાથે ભેદાયાની જેમ ભ્રમણા થાય છે, તેમ અહિં પણ શાખા દીઠા પછીથી જ ચંદ્ર દેખાય છે છતાં બન્નેને એક કાળે જોવાનું જે જ્ઞાન થાય છે, તે કેવળ ભ્રમણાજ છે અને તે કાળની સૂક્ષ્મતાને જ આભારી છે. માટે ભ્રમણાવાળા ખોટા ઉદાહરણથી ચક્ષુની પ્રાપ્યકારિતામાં વાંધો આવતો નથી.

**જૈન**- તમે ચક્ષુને પ્રાપ્યકારી કહો છો, તો તે દેખાતા માંસના ગોળારૂપ છે કે તેથી કોઇ જુદી જ સૂક્ષ્મ વસ્તુ છે?

**નૈ૦**- ચક્ષુ એ એક જાતના માંસના ગોળારૂપ છે.

**જૈન**-વારૂ! તે માંસના ગોળાને પદાર્થ આવીને ભેટે છે કે તે પદાર્થને જઇને ભેટે છે?

**નૈ૦**- માંસના ગોળારૂપ ચક્ષુને પદાર્થ આવીને ભેટે છે.

પણ દેખી શકતી નથી. કારણ કે દૂરસ્થ પદાર્થને ગ્રહણ કરવો તે જ તેનો વિષય છે.

**જૈન-** પર્વત વગેરે પદાર્થો આવીને કાંઇ ચક્ષુને ભેટતા દેખાતા નથી, એ વાત પ્રત્યક્ષસિદ્ધ છે, માટે પ્રત્યક્ષનો વિરોધ આવતો હોવાથી 'ચક્ષુને પદાર્થ આવીને ભેટે છે' એ વાત ખોટી ઠરે છે.

**નૈ૦-** માંસના ગોળારૂપ ચક્ષુ, પદાર્થને જઇને ભેટે છે. અર્થાત્ ચક્ષુ પોતે વિષયક્ષેત્રમાં જાય છે અને પદાર્થને ભેટે છે એમ માનશું.

**જૈન-** જો ચક્ષુ પોતે જ્યાં પદાર્થ છે ત્યાં જઇને પદાર્થને ભેટે છે, એમ માનશો તો જે સમયે માંસના ગોળારૂપ ચક્ષુ પોતાનું સ્થાન છોડીને વિષયક્ષેત્રમાં પદાર્થ પાસે ગઇ, તે સમયે કોટર(પોલાણ)વાળા જુના વૃક્ષની જેમ આંખના ખાડાવાળો માનવ થઇ જવો જોઇએ, અને તેમ થતું નથી, માટે ચક્ષુ પદાર્થને જઇને ભેટે છે, એ વાત પણ વજુદ વિનાની ઠરે છે.

**નૈ૦-** અમે ચક્ષુને દેખાતા માંસના ગોળારૂપ નહિ માનીયે પરંતુ એક સૂક્ષ્મ વસ્તુ માનશું.

**જૈન-** તે સૂક્ષ્મ વસ્તુ અમૂર્ત(=અરૂપી) છે કે મૂર્ત (=રૂપી) છે?

**નૈ૦-** સૂક્ષ્મ ચક્ષુ અમૂર્ત છે.

**જૈન-** જો તમારી માનેલી સૂક્ષ્મ ચક્ષુ અમૂર્ત છે, તો આકાશ અમૂર્ત હોવાથી વ્યાપક છે, તેમ ચક્ષુ પણ વ્યાપક થઇ જશે અને ચક્ષુની વ્યાપકતા માની શકાય તેમ નથી. કારણકે ચક્ષુની વ્યાપકતા માનવા જતાં સર્વત્ર તેની પ્રાપ્તિ

## કઇ ઇન્દ્રિય કયા જીવને હોય?

**સ્પર્શના**– તમામ સંસારીને હોય છે.

**રસના**– પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ ને વનસ્પતિ-રૂપ પાંચ સ્થાવરો શિવાયના સર્વસંસારીને હોય છે.

---

તથા સર્વનું જ્ઞાન થઇ જવું જોઇએ? અને એમ થતું નથી. માટે વ્યાપકતાદિ દોષને લઇને અમૂર્ત માની શકાય તેમ નથી જ.

**નૈ૦**– સૂક્ષ્મ ચક્ષુ અમૂર્ત છે, એમ માનવામાં વ્યાપકતાદિ દોષ લાગુ પડે છે તો, અમો તેને મૂર્ત માનશું.

**જૈન**– જો સૂક્ષ્મ ચક્ષુ મૂર્ત છે. એમ માનશો તો પણ તમારો નિસ્તાર નથી. કારણ કે તેમ માનવામાં પ્રાકાર (કિલ્લા) વગેરે વિશાળ વસ્તુને તે ગ્રહણ કરી શકશે નહિં. જેમ નખ લેવાની નેરણી નાની છે,તેથી તે પોતાને ઉચિત નખનું છેદન કરી શકે છે, પરંતુ પર્વત છેદી શકતી નથી; તેમ ચક્ષુને મૂર્ત માનવા છતાં, સૂક્ષ્મ હોવાથી કિલ્લા જેવા વિશાળ પદાર્થોને તે ગ્રહણ કરી શકે નહિં. કારણ કે તે તેની શકિતની બહારનો વિષય થઇ જાય છે. માટે 'સૂક્ષ્મ ચક્ષુ મૂર્ત છે' એ તમારી વાત પણ સંગત થતી નથી.

**નૈ૦**– ચાલાકીથી આંખમાં ધૂળ ન નાંખો. અમારી વાત દીવા જેવી સુસંગત છે. જુઓ દીવાની જ્યોતિ મૂળ સ્થાનમ નાની હોય છે, આગળ જતાં વિસ્તાર પામે છે અને મોટી

**ઘ્રાણ**-સ્થાવર તથા દ્વીન્દ્રિય શિવાયના જીવોને હોય છે.

**ચક્ષુ**– સ્થાવર, દ્વીન્દ્રિય તથા ત્રીન્દ્રિય શિવાયના સર્વસંસારીને હોય છે.

**શ્રોત્ર**–ફકત પંચેન્દ્રિય જીવને જ હોય છે.

---

વસ્તુને ગ્રહણ કરે છે; તેમ સૂક્ષ્મ મૂર્ત ચક્ષુ પણ નાની હોવા છતાં પણ, જેમ જેમ આગળ જાય તેમ તેમ દીવાની જ્યોતિની જેમ વધતી જતી હોવાથી કિલ્લા જેવડી મોટી વસ્તુને પણ ગ્રહણ કરી શકે છે. માટે મ્હેરબાન! અમારી સુસંગત વાતને ચાલાકીથી અસંગત ન ઠરાવો.

**જૈન** - તમારી વાત ઠીક છે, પરંતુ દીવાની જ્યોતિ નાની તથા મોટી હોય છે તે તો પ્રત્યક્ષ સિદ્ધ છે; પરંતુ જતી તમારી ચક્ષુ નાની કે મોટી એકેય સ્વરૂપે દેખાતી નથી, માટે સૂક્ષ્મ મૂર્ત ચક્ષુ પણ સિદ્ધ થઇ શકતી નથી.

**નૈ૦**– અમારા મત પ્રમાણે તો, ભીંત આડી આવતાં ચક્ષુ સ્ખલિત થાય છે અને તેથી ભીંતની પાછળની વસ્તુ જોઇ શકાતી નથી; પણ તમારા અપ્રાપ્યકારીના મત પ્રમાણે તો, ચક્ષુ સ્વસ્થાનમાં જ રહે છે અને વિષયસ્થળમાં જતી નથી, તેથી ભીંત વગેરે આડી આવે તો પણ ચક્ષુને સ્ખલનાનો તો સંભવજ રહેતો નથી, માટે ભીંતની આ તરફની વસ્તુ જેમ દેખાય છે, તેમ પેલી તરફની (એટલે કે-ભીંતની પાછળ રહેલી) વસ્તુ પણ દેખાવી જોઇએ.

**[સંખ્યાની અપેક્ષાએ ઇંદ્રિયોની ન્યૂનાધિકતા].**

**પંચેદ્રિયજીવો જગતમાં સૌથી ઓછા હોવાથી દુનિયામાં શ્રોત્રેન્દ્રિયની સંખ્યા સૌથી ઓછી છે,**

---

**જૈન**– અલબત્ત! અમારા મત મુજબ ચક્ષુને સ્ખલનાનો સંભવ નથી, પરંતુ ભીંત વગેરે તેનાં વ્યાઘાતક તો જરૂર છે જ. કારણ કે, ચક્ષુ દૂર રહેલ વસ્તુને લોહ ચુંબકની જેમ સ્વસ્થાનમાં રહીને જ ગ્રહણ કરી શકે છે, પરંતુ કયારે? જો વચમાં કોઈ વ્યાઘાતક ન હોય ત્યારે.

અડકયા વિના પણ, દૂરથીજ લોહચુંબક જેમ લોઢાને ઉછાળે છે, અને જો વચમાં કોઇ વ્યાઘાતક(=રોધક) વસ્તુ આડી આવી જાય તો, તેમ બનતું નથી. તેવી રીતે ભીંત વગેરે વ્યાઘાતકના મળવાથી ચક્ષુ વિષય ગ્રહણ કરી શકતી નથી, માટે ચક્ષુની અપ્રાપ્યકારિતા અબાધિત જ રહે છે.

ભીંત તથા ભૂતળ વગેરે ચક્ષુને રોકે છે, એમ જો માનો તો અંજનસિદ્ધપુરૂષો ભૂમિમાં રહેલા નિધાનોને પણ નિહાળી શકે છે, તે ન નિહાળી શકે. માટે ચક્ષુ અપ્રાપ્યકારી છે અને લોહચુંબકના આકર્ષણની જેમ દૂરથી જ જ્ઞાન કરાવી શકે છે, અને કોઇ વ્યાઘાતક વસ્તુ મળે (યા આડી આવે) તો જ્ઞાન કરાવી શકતી નથી, એમ માનવું જોઇએ.

તમારા (નૈયાયિકોના) મતમાંતો ભીંત ચક્ષુને સ્ખલના કરે છે અને છિદ્ર રહિત કાચનો સીસો, અંદર રહેલી વસ્તુ દેખાતી હોવાથી, સ્ખલના નથી કરતો; આમ વ્યાઘાતકની વિલક્ષણતા માનવી પડે છે એટલું જ નહિં પરંતુ અનુભવમાં નહિં

તેથી ચક્ષુરિંદ્રિયની સંખ્યા વિશેષ અધિક છે, તેથી ઘ્રાણેંદ્રિય વિશેષ અધિક છે, તેથી રસનેંદ્રિય વિશેષ અધિક છે, અને તેથી સ્પર્શેંદ્રિય અનંતગુણ અધિક છે. કારણકે,—સાધરણ વનસ્પતિના જીવો અનંતા છે.

---

આવતી એવી સૂક્ષ્મ ચક્ષુ માનવી પડે છે. મૂળમાં અણુ અને આગળ જતાં સ્થૂલ રૂપો માનવાં પડે છે. તેમ જ તે રૂપોની ઉત્પત્તિ અને વિનાશોની પરંપરાદિ વિવિધ દોષોની જટીલ જાળમાં ફસાવું પડે છે. વળી ચક્ષુ જો પ્રાપ્યકારી જ હોય તો, એટલે કે સ્વસ્થાન છોડીને વિષય ક્ષેત્રમાં જઇને પદાર્થને ભેટતી હોય તો, અગ્નિના સામું જોતાં, અગ્નિનો સ્પર્શ થવાથી ચક્ષુને દાહ થવો જોઇએ ? તથા જળાશય જોવાથી, જળના સંસર્ગથી ચક્ષુ શીતળ તેમજ ભીની થઈ જવી જોઇએ ? આ બધું અનુભવમાં નથી આવતું, તેથી અનુભવ વિરૂદ્ધ તું અનેક દોષો વ્હોરવા પડે છે, અને ચક્ષુ મૂળ સ્થાનમાં રહીને જ જ્ઞાન કરાવે છે તથા વ્યાઘાતકની વિલક્ષણતામાં જ્ઞાન કરાવતી નથી, એમ માનવામાં ઉક્ત દોષો પૈકી એકેય દોષ લાગુ પડતો નથી; માટે ચક્ષુ અપ્રાપ્યકારી છે, એ તત્ત્વતઃ સિદ્ધ થાય છે.

**નૈ૦**—હે તત્ત્વમર્મજ્ઞ મહાશય! આજ સુધી હું 'ચક્ષુની પ્રાપ્યકારિતાના ગુમાનમાં મ્હાલતો હતો અને અજ્ઞાન અંધકારમાં અટવાતો હતો, પરંતુ આજની તમારી આવી સચોટ દલીલોથી મારૂં તે ગુમાન ઉતરી ગયું છે અને આજથી 'ચક્ષુની અપ્રાપ્યકારિતા'ની સાચી માન્યતાના રાહે હું આવું છું. હે સત્યમાર્ગદર્શક! આપને મારા હાર્દિક અભિનંદનોથી નવાજી કૃતાર્થ થાઉં છું.

## ઇંદ્રિયનાં સ્થાન-માપ-પ્રમાણ ને આકાર જણાવનારો કોઠો.

| ઇંદ્રિયોનાં નામ. | ઇંદ્રિયોનાં સ્થાન | જાડાઇ-પાતળાઇ (તથા લંબાઇ-પ્હોળાઇ) નું માપ. | વિસ્તાર પ્રમાણ | આકાર |
|---|---|---|---|---|
| ૧ સ્પર્શના. | સર્વ શરીર | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | પોત પોતાની કાયા જેટલો વિસ્તાર. | સ્વદેહાનુસારી (પોતાના શરીર જેવો) આકાર. |
| ૨ રસના. | જીભ્હા (નો ઉપર ને નીચેનો ભાગ.) | ,, | આત્મ-અંગુલ-પૃથકત્વ (=૨ થી ૯ અંગુલ) | ખુરપા કે અસ્ત્રાકાર |
| ૩ ઘ્રાણ. | નાસિકા (ના પોલાણમાં ઉપરનો ભાગ) | ,, | આત્મ-અંગુલનો અસંખ્યાતમો ભાગ | પડધમ અથવા અતિમુક્ત પુષ્પાકાર |
| ૪ ચક્ષુ. | આંખ (ની કીકીની તારા) | ,, | ,, | મસૂર અથવા ચંદ્રાકાર |
| ૫ શ્રોત્ર. | કાન પાપડીનું છિદ્ર | ,, | ,, | કદંબપુષ્પાકાર |

ઇંદ્રિયોની જઘન્ય ને ઉત્કૃષ્ટ ક્ષેત્રમર્યાદા, પ્રાપ્યકારી કે અપ્રાપ્યકારી ? તથા દરેકના વિષયને જણાવનારો કોઠો.

| ઇન્દ્રિયનાં નામ. | જઘન્યથી કેટલે દૂરથી આવેલા વિષયને ગ્રહે ? | ઉત્કૃષ્ટથી કેટલે દૂરથી આવેલા વિષયને ગ્રહે ? | પ્રાપ્યકારી કે અપ્રાપ્યકારી ? | વિષય. |
|---|---|---|---|---|
| ૧ સ્પર્શેન્દ્રિય. | અંગુલના અસંખ્યાતમા ભાગ૦ | (આત્માંગુલથી) ૯ યોજન૦ | પ્રાપ્યકારી | ૮ પ્રકારનો સ્પર્શ. |
| ૨ રસનેન્દ્રિય | ,, | ,, | ,, | ૫ પ્રકારનો રસ |
| ૩ ઘ્રાણેન્દ્રિય. | ,, | ,, | ,, | દ્વિવિધ ગંધ |
| ૪ ચક્ષુરિન્દ્રિય | અંગુલના સંખ્યાતમા ભાગ જેટલે દૂર રહેલા વિષયને ગ્રહે ? | (આત્માંગુલથી) કાંઇ અધિક ૧ લાખ યોજન દૂર રહેલા અભાસ્વર રૂપને ગ્રહે. | અપ્રાપ્યકારી | પાંચ પ્રકારનું રૂપ |
| ૫ શ્રોત્રેન્દ્રિય | અંગુલના અસંખ્યાતમા ભાગ૦ | (આત્માંગુલથી) ૧૨ યોજન૦ | પ્રાપ્યકારી. | ત્રણ પ્રકારનો શબ્દ. |

## પ્રસિદ્ધ પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયો—

સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર— એ પાંચ ઇન્દ્રિયોના અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ ને શબ્દ— એ પાંચ મુખ્ય વિષયો છે. તે દરેકના અનુક્રમે ૮, ૫, ૨, ૫ ને ૩ ઉત્તર ભેદો હોવાથી કુલ ૨૩ વિષયો થાય છે, જે નામવાર નીચે મુજબ છે— **૫ ઇંદ્રિયોના ૨૩ વિષયોનો કોઠો.**

| ઇન્દ્રિયોનાં નામ | સ્પર્શનેન્દ્રિય. | રસનેન્દ્રિય. | ઘ્રાણેન્દ્રિય | ચક્ષુરિન્દ્રિય | શ્રોત્રેન્દ્રિય |
|---|---|---|---|---|---|
| મુખ્ય વિષયો | સ્પર્શ (૮) | રસ (૫) | ગંધ (૨) | રૂપ (૫) | શબ્દ (૩). |
| મુખ્ય વિષયોના ઉત્તર ૨૩ ભેદો— | ૧ ગુરૂ (ભારે)<br>૨ લઘુ (હળવો)<br>૩ મૃદુ (કોમળ)<br>૪ ખર (બરસઠ)<br>૫ શીત (ઠંડો)<br>૬ ઉષ્ણ (ઉનો)<br>૭ સ્નિગ્ધ (ચીકણો)<br>૮ રૂક્ષ (લુખો) | ૧ મધુર (મીઠો)<br>૨ કષાય (તૂરો)<br>૩ તિક્ત (કડવો)<br>૪ કટુ (તીખો)<br>૫ આમ્લ(ખાટો)<br>(ખારો રસ મધુર રસમાં ગણેલ છે.) | ૧ સુરભિ-ગંધ (સુગંધ)<br>૨ દુરભિગંધ (દુર્ગંધ-ખરાબગંધ) | ૧ શ્વેત (ધોળું)<br>૨ પીત (પીળું)<br>૩ રક્ત (લાલ)<br>૪ નીલ (લીલું)<br>૫ કૃષ્ણ (કાળું)<br>[બાકીનાં રૂપો એક બીજાની મેળવણીથી થાય છે.] | ૧ સચિત્ત (જીવથી થતો શબ્દ)<br>૨ અચિત્ત. (નિર્જીવ-જડ વસ્તુમાંથી ઉત્પન્ન થતો શબ્દ)<br>૩ મિશ્રશબ્દ (જીવ ને અજીવ બન્નેના સંબંધથી થતો શબ્દ) |

## —: ત્રણ બળ–ત્રણ યોગ. :—

**યોગ=** આત્માનો પૌદ્ગલિક (=પુદ્ગલના આલંબનવાળો) વ્યાપાર, અથવા શક્તિ યા સામર્થ્ય.

આ સામર્થ્ય– આ વ્યાપાર મન વચન ને કાયાદ્વારા પ્રવર્ત્તે છે, માટે યોગના મુખ્ય, મનોયોગ વચયોગ ને કાયયોગ, એવા ત્રણ 卐 ભેદો પડે છે.

---

卐 આત્મામાં અનંત વીર્ય છે. વીર્ય એટલે શક્તિ સામર્થ્ય યા પરાક્રમ. આ આત્માના અનંતા વીર્યને–અનંતી શક્તિને દબાવનાર–રોકનાર વીર્યાંતરાય નામનું (અંતરાય) કર્મ છે. તે કર્મનો જેટલે અંશે ક્ષય (કે ક્ષયોપશમ) થાય તેટલે અંશે વીર્યરૂપ આત્માની શક્તિ પ્રકટે છે. એટલે કે, જેમ જેમ વીર્યાંતરાય કર્મનો વધુ ક્ષય (કે ક્ષયોપશમ), તેમ તેમ આત્માની શક્તિ વધુ વિકસિત બને છે. આ શક્તિનો ઉપયોગ આત્મા મન વચન ને કાયાના (પુદ્ગલોના) આલંબનથી જ કરી શકે છે.

દાખલા તરીકે,– અલ્પ શક્તિવાળો માનવી, લાકડીના ટેકા વગર ચાલી શકતો નથી, એટલે કે તેનામાં ચાલવાની શક્તિ હોવા છતાં, તેને જેમ લાકડીના ટેકાનું આલંબન જરૂરી છે, તેમ આત્માની સ્વયં શક્તિ છે છતાં અમુક અવસ્થા સુધી તે શકિતને ફોરવવામાં મન વચન ને કાયા (ના પુદ્ગલો) નું આલંબન લેવું જરૂરી છે. કારણ કે છદ્મસ્થ આત્માઓની શક્તિ પુદ્ગલના સહારા વિના પ્રવર્ત્તી

[1]**મનોયોગ=** માનસિક (ક્રિયા કે પ્રવૃત્તિસ્વરૂપ) વ્યાપાર અથવા મનદ્વારા વિચારણારૂપ આત્માના સામર્થ્યનું પ્રવર્ત્તન.

---

શક્તી નથી. આ આલંબન ત્રણ પ્રકારના હોવાથી યોગના પણ જ્ઞાનીઓએ મુખ્ય ત્રણ ભેદ માનેલા છે. (આના પેટા ભેદો ૧૫ થાય છે, જેનું સ્વરૂપ દંડકપ્રકરણાદિથી જાણી લેવું).

૧. જ્યારે વિચાર કે મનન કરવું હોય ત્યારે, કાય-યોગના આલંબનથી લોકમાં રહેલ મનોવર્ગણાને (એટલે કે મનનમાં ઉપયોગી પરમાણુઓના જત્થાઓને) જીવ ગ્રહણ કરે છે, અને પોતાની વિચારણાને અનુકૂળ સંસ્કાર આપી તે પુદ્‌ગલોને મનપણે પરિણમાવે છે, અને તે પુદ્‌ગલોને જ અવલંબીને તેઓને (છોડી મૂકે=)વિસર્જે છે. સાર એ છે કે-કાયયોગના સહકારથી મનનયોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ, પરિણમન, અવલંબન ને વિસર્જન (ક્રિયામય) વ્યાપાર વિશેષરૂપ જે કાયયોગ વિશેષ, તે '**મનોયોગ**' કહેવાય છે. અહિં મનો-વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરવામાં કાયયોગ કારણ છે અને મનન-વિચાર કરવામાં મનોયોગ કારણ છે. મનના બે ભેદ છે, દ્રવ્યમન ને ભાવમન. વિચારણાને અનુકૂળ આકારરૂપે પરિણમેલા મનો (વર્ગણાના પુદ્‌ગલ) દ્રવ્યો તે '**દ્રવ્યમન**' કહેવાય છે, અને તે દ્રવ્યમનદ્વારા જે મનન-વિચાર થાય છે, તે '**ભાવમન**' કહેવાય છે. આ બન્ને મન સંજ્ઞિપંચેંદ્રિય જીવને હોય છે. એકેન્દ્રિયથી અસંજ્ઞિપંચેંદ્રિય સુધીના જીવોમાં પણ વિશિષ્ટ દ્રવ્યમનના અભાવમાં પણ સૂક્ષ્મ એવું ભાવમન હોય

[2]**વચયોગ=** વચન સંબંધી (ક્રિયા કે પ્રવૃત્તિ-રૂપ ) વ્યાપાર. અથવા વચનદ્વારા ભાષા (બોલવારૂપ) સામર્થ્યનું પ્રવર્ત્તન.

---

છે, કારણ કે- એકેન્દ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય તેમજ અસંજ્ઞિપંચેન્દ્રિય જીવોમાં સૂક્ષ્મ દ્રવ્યમન અને અલ્પ મનો-વિજ્ઞાન શાસ્ત્રમાં માનેલું છે. વળી એકેંદ્રિય વગેરે જીવોને મૂર્ચ્છિત-બેભાનની જેમ અત્યંત અસ્પષ્ટ મનોવિજ્ઞાન હોવાથી સૂક્ષ્મદ્રવ્યમન પણ છે, એ સાબિત થાય છે.

૨. જ્યારે બોલવું હોય ત્યારે, લોકમાં રહેલ ભાષા-(વર્ગણા) ના પુદ્ગલોને જીવ કાયયોગના સહકારથી ગ્રહણ કરે છે અને તેને ભાષારૂપે પરિણમાવે છે, તથા તે પરિણત પુદ્ગલોનું જ આલંબન લઇને (દડા ફેંકનાર તથા બાણ છોડનાર વગેરેની જેમ) તે પુદ્ગલોનું વિસર્જન કરે છે, અર્થાત્ તેનો ત્યાગ કરે છે.

સાર એ છે કે,-કાયયોગથી ભાષાવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ, પરિણમન, અવલંબન અને વિસર્જન વ્યાપાર (= ક્રિયા) રૂપ જે કાયયોગવિશેષ તે '**વચનયોગ**' કહેવાય છે. અહિં પણ ભાષાના પુદ્ગલોના ગ્રહણમાં કાયયોગ કારણ છે અને તેના પરિણમન તથા વિસર્જનમાં વચનયોગ કારણ છે. આ ભાષા જીવનેજ હોય છે, જડ ને નહિં, કારણ કે,-ભાષાવર્ગણાનું ગ્રહણ તથા વિસર્જન જીવજ કરી શકે છે. આ ભાષા બોલાતી હોય ત્યારે તેમાં વચનયોગ કારણ

મનાય છે. અજીવ પદાર્થના પરસ્પર આસ્ફાલન આદિથી ઉત્પન્ન થતો જે અવાજ, તે '**અજીવભાષા**' કહેવાય છે. જીવભાષા તેમજ અજીવભાષા બન્ને પુદ્‌ગલસમૂહરૂપ હોવાથી પૌદ્‌ગલિક છે.

ભાષા શબ્દમય છે અને તે શબ્દ પુદ્‌ગલના સમૂહરૂપ હોવાથી મૂર્ત્ત યાને રૂપી છે, છતાં **શબ્દને નૈયાયિકો આકાશના ગુણરૂપે અને અરૂપી માને છે, તે વ્યાજબી નથી.** શબ્દ રૂપી છે, એ વાતની વધુ સાબિતી ફોનોગ્રાફની શોધખોળ છે. શબ્દ રૂપી છે-પૌદ્‌ગલિક છે-મૂર્ત્ત છે. માટે ફોનોગ્રાફમાં તે પકડાય છે અને રેકોર્ડમાં ઉતરેલા-પકડાયેલા શબ્દોને તત્સ્વરૂપે રેકાર્ડદ્વારા આપણે સાંભળીયે છીએ.

ફોનોગ્રાફમાં શબ્દ પકડાતો હોવાથી અને પવન જે તરફનો હોય તે તરફ શબ્દ વધુ સંભળાતો હોવાથી તથા ભીંત તેમજ મકાન વગેરેથી ઉપઘાત પામતો હોવાથી, શબ્દ પૌદ્‌ગલિક (=પુદ્‌ગલમય રૂપી) છે, એ સિદ્ધ થાય છે. કારણકે પકડાવું, વાયુ તરફ ખેંચાવું અને ઉપઘાત કરવો કે પામવો તે પુદ્‌ગલનો જ સ્વભાવ છે

જો શબ્દ આકાશનો ગુણ હોય તો આકાશની જેમ તે સર્વત્ર વ્યાપક હોવો જોઇએ અને કોઇનો ઉપઘાત કરવામાં સમર્થ હોવો ન જોઇએ, પરંતુ શબ્દ સર્વત્ર હોતો નથી, તેમજ શ્રોત્રેન્દ્રિયનો ઉપઘાત કરે છે જે અનુભવ સિદ્ધ છે, માટે તે આકાશનો ગુણ નથી, પરંતુ એક જાતના રૂપી પુદ્‌ગલો જ છે, એ તત્ત્વતઃ સિદ્ધ થાય છે.

[3] **કાયયોગ**=કાયિક (દેહની પ્રવૃત્તિ કે ક્રિયારૂપ) વ્યાપાર અથવા દેહદ્વારા ગમન આગમન વગેરે સામર્થ્યનું પ્રવર્ત્તન.

આ ત્રણ યોગ તે ત્રણ બળ કહેવાય છે, તે અપેક્ષાએ મનોબળ=મનનશક્તિ, વચનબળ=ભાષાશક્તિ અને કાયબળ=શારીરિક શક્તિ, એવો અર્થ પણ થઇ શકે છે.

**કાયયોગની વિશેષતા**- વચનયોગ અને મનોયોગ (એ બન્ને યોગો) કાયયોગવિશેષ જ છે. તે બન્ને યોગોમાં કાયયોગનો ટેકો હોય છે. કાયયોગના સહકાર વિના ઉક્ત બન્ને યોગો પ્રવર્તી શકતા નથી, માટે કાયયોગ એ સ્વાધીન ને સ્વતંત્ર યોગ છે અને વચનયોગ તથા મનોયોગ બન્ને કાયયોગને આધીન હોવાથી પરતંત્ર છે.

## કાર્યભેદથી યોગના છ ભેદ.

ઉક્ત ત્રણે યોગો શુભકાર્યમાં પ્રવર્તતા હોય ત્યારે શુભ અને અશુભકાર્યમાં પ્રવર્તતા હોય ત્યારે અશુભ મનાય છે. માટે શુભાશુભ કાર્યના ભેદથી યોગ પણ શુભ તેમજ અશુભ કહેવાય છે. જુઓ—

૩ ઔદારિક વગેરે દેહના આલંબનથી થતો આત્માનો જે વ્યાપાર, યાને થતી જે કાયિક પ્રવૃત્તિ કે ક્રિયા, તે **કાયયોગ** કહેવાય છે

૧. **શુભકાયયોગ**=દાન, દયા, યાત્રા, પૂજા, બ્રહ્મચર્ય તથા પ્રતિક્રમણાદિ શુભ કાર્યોમાં કાયાનું પ્રવર્તન.

૨. **અશુભકાયયોગ**=હિંસા, ચોરી, મૈથુન, તાડના, તર્જના તથા કુચેષ્ટા વગેરે અશુભ કાર્યોમાં કાયાનું પ્રવર્તન.

૩. **શુભવચનયોગ**=સત્ય તેમજ હિતકારી ભાષણ, સદુપદેશ, દેવ ગુરૂ તેમજ ગુણીજનોના ગુણગાનાદિરૂપ પ્રશસ્ત વચનવ્યાપાર.

૪. **અશુભવચનયોગ**=જુઠું બોલવું, સાચું છતાં પાપયુક્ત અસભ્ય ભાષણ, કઠોર ભાષણ, ઠઠ્ઠામશ્કરીવાળું ભાષણ, મર્મવેધી ભાષણ, કટાક્ષવાળું ભાષણ તથા નિંદા, ચુગલી આદિ અસદ્ વચનવ્યાપાર.

૫. **શુભમનોયોગ**=સ્વપરહિત ચિંતવન, સર્વજ્ઞભાષિત તત્ત્વમનન, ધર્મધ્યાન તથા શુક્લધ્યાન આદિરૂપ માનસિક શુભવ્યાપાર.

૬. **અશુભમનોયોગ**=અહિતકારી વિચારણા, અતત્ત્વમનન, આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાનાદિરૂપ માનસિક અશુભવ્યાપાર.

આત્મા જ્યારે શુભ પ્રવૃત્તિમાં વર્ત્તતો હોય ત્યારે શુભયોગ હોય છે અને અશુભ પ્રવૃત્તિમાં પડ્યો હોય ત્યારે અશુભયોગ હોય છે. શુભાશુભ યોગથી શુભા-

શુભ કર્મ બંધાય છે卐. જ્યાં યોગ ત્યાં અવશ્ય કર્મ બંધ થાય જ છે. સાર એ આવ્યો કે, પ્રવૃત્તિથી કર્મ-બંધ થાય છે અને કર્મબંધથી પ્રાણી સંસારમાં પરિભ્રમણ કરે છે, એટલે કે જ્યાં પ્રવૃત્તિ ત્યાં કર્મબંધ અને જ્યાં કર્મબંધ ત્યાં સંસાર પ્રાપ્ત થાય છે. માટે જ્ઞાનીઓ "પ્રવૃત્તિ એટલે સંસાર અને નિવૃત્તિ એટલે મોક્ષ" કહે છે. અહિં વિશેષતા એ છે કે, શુભપ્રવૃત્તિરૂપ શુભ યોગો આત્મિક જીવનનો વિકાસ કરે છે અને પ્રાન્તે આત્માને નિવૃત્તિને પંથે લઇ જાય છે, માટે તે ઉપાદેય (=આદરવા લાયક)છે.

---

卐આપણા જેવા પામર પ્રાણીની વાતતો દૂર રહો! પરંતુ ખુદ તીર્થંકર ભગવંતો જ્યાં સુધી સયોગીકેવળી અવસ્થામાં મન વચન ને કાયાના યોગવાળા તેરમા ગુણસ્થાનકે વર્તતા હોય છે ત્યાં સુધી, તેઓને પણ યોગજન્ય કર્મબંધ થાય છે. જુઓ ? વિહારમાં કાયિકપ્રવૃત્તિથી કાયયોગ, દેશના સમયે વાચસિક પ્રવૃત્તિથી વચનયોગ અને અનુત્તરવાસી દેવોની શંકાઓનો નિરાસ કરવા માટે મનોવર્ગણા (=મનન યોગ્ય પુદ્ગલસમુહ)ને ગ્રહણ કરી, મનરૂપે પરિણમાવતા હોવાથી (=જવાબને અનુકૂળ આકારરૂપે પરિણામ આપી, તે પુદ્ગલોને છોડી મૂકતા હોવાથી), માનસિક પ્રવૃત્તિથી મનોયોગ છે; માટે તેવી પ્રવૃત્તિવાળા સર્વજ્ઞ વીતરાગ ભગવંતોને પણ કર્મબંધ થાય છે. આ બંધ અત્યંત શુભ હોય છે, તેનો ક્રમ

## —: શ્વાસોચ્છ્વાસ પ્રાણ :—

**શ્વાસોચ્છ્વાસ પ્રાણ**= શ્વાસ ને ઉચ્છ્વાસની ક્રિયા. અથવા શ્વાસોચ્છ્વાસયોગ્ય પુદ્દગલોને ગ્રહણ કરવા, તેને શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવવા ને છોડી મૂકવાની ક્રિયા, કે જે 'શ્વાસોચ્છ્વાસ લેવા મૂકવાનો વ્યાપાર કહેવાય છે' તે શ્વાસોચ્છ્વાસ પ્રાણ કહેવાય.

જીવને શ્વાસોચ્છ્વાસનામકર્મના ઉદયથી શ્વાસ લેવા મૂકવાની શક્તિસ્વરૂપ 'શ્વાસોચ્છ્વાસલબ્ધિ' પ્રાપ્ત થાય છે. આ લબ્ધિ, શક્તિવિશેષસ્વરૂપ પર્યાપ્તિના સહકારથી શ્વાસોચ્છ્વાસપ્રાણને ઉત્પન્ન કરે છે.

જો કે, શ્વાસોચ્છ્વાસનામકર્મથી જીવને શ્વાસોચ્છ્વાસની લબ્ધિ (=શક્તિ) મળે છે, પરંતુ શક્તિવિશેષસ્વરૂપ પર્યાપ્તિ (ના સહકાર) વિના, શ્વાસોચ્છ્વાસ-

---

એવો છે કે,- પ્રથમ સમયે બાંધે, બીજે સમયે અનુભવે અને ત્રીજે સમયે નિર્જરે. તીર્થંકરો, સયોગી કેવળી ભગવંતો ૧૪ મા અયોગિગુણસ્થાનકે, જ્યારે મન-વચન-કાયાની તમામ પ્રવૃત્તિરૂપ ત્રણે યોગોનો સર્વાંશે નિરોધ કરે છે, ત્યારે પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલા સમયમાં સકલકર્મનો ક્ષય કરી, સર્વાંગિણી નિવૃત્તિરૂપ શાશ્વતાનંદમય મોક્ષપદને પામે છે. માટે યથાશક્ય બાહ્ય પ્રવૃત્તિઓનો નિરોધ કરવો એ સૌ કોઈ મોક્ષાર્થીની પ્રથમ ફરજ છે, એ આ કથનનો સાર છે.

રૂપે પરિણામ તેમજ અવલંબનપૂર્વક વિસર્જન ક્રિયા-રૂપ વ્યાપાર થઇ શકતો નથી; માટે શ્વાસોચ્છ્વાસની લબ્ધિ અને પર્યાપ્તિરૂપ ઉભય શક્તિથી (અથવા પર્યાપ્તિરૂપ સાધનદ્વારા લબ્ધિથી) શ્વાસોચ્છ્વાસપ્રાણ ઉત્પન્ન થાય છે. એ રીતે શ્વાસોચ્છ્વાસ લેવા મૂકવાની ક્રિયારૂપ પ્રાણોની ઉત્પત્તિ શ્વાસોચ્છ્વાસની લબ્ધિથી અને પર્યાપ્તિથી (ઉભયથી) થાય છે, એ વાત નિઃશંક છે. દાખલા તરીકે, યોદ્ધામાં બાણ છોડવાની શક્તિ છે, છતાં ધનુષ્યગ્રહણાદિ ક્રિયાના સહારા વિના, તે શક્તિને જેમ યોદ્ધો ફેરવી શકતો નથી કે સફળ કરી શકતો નથી, તેમ આ આત્મા શ્વાસ લેવા મૂકવારૂપ જીવનશક્તિને (=લબ્ધિને) પર્યાપ્તિના સહારા વિના ફેરવી શકતો નથી કે સફળ કરી શકતો નથી, માટે શ્વાસ લેવા મુકવાની ક્રિયામાં લબ્ધિ ને પર્યાપ્તિ એ બન્ને ઉપયોગી છે.

## શ્વાસોચ્છ્વાસ સંબંધી નામકર્મ, લબ્ધિ, પર્યાપ્તિ ને પ્રાણની વ્યાખ્યા ને તફાવત.

૧. **શ્વાસોચ્છ્વાસનામકર્મ**=શ્વાસ ને ઉચ્છ્વાસ લેવા મૂકવાની જીવનશક્તિરૂપ શ્વાસોચ્છ્વાસલબ્ધિને અપાવનારૂં કર્મ.

૨. **શ્વાસોચ્છ્વાસલબ્ધિ**=શ્વાસોચ્છ્વાસની ક્રિયાને ઉત્પન્ન કરનારી શક્તિ.

૩. **શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ**=શ્વસોચ્છ્વાસ લેવા મૂકવાની શકિતને ફોરવવાનું યા સફળ કરવાનું સાધન. અથવા શ્વાસોચ્છ્વાસરૂપ જીવનશકિતની સહાયક યા સંચાલક શકિતવિશેષ.

૪. **શ્વાસોચ્છ્વાસપ્રાણ**=શ્વાસ લેવા મૂકવાની ક્રિયા.

આ ચારેમાં તફાવત એ છે કે,—શ્વાસ લેવા મૂકવાની ક્રિયા તે **પ્રાણ**, તે ક્રિયાની સહાયક શકિત અથવા તે ક્રિયાનું સાધન તે **પર્યાપ્તિ**, તે ક્રિયાને ઉત્પન્ન કરનારી શકિત તે **લબ્ધિ**, અને લબ્ધિને અપાવનાર કર્મ તે **શ્વાસોચ્છ્વાસનામકર્મ** કહેવાય છે.

**૧. પ્રશ્ન**— આ શ્વાસોચ્છ્વાસપ્રાણ પણ કાયયોગવિશેષ જ છે, તો મનોયોગ ને વચનયોગની જેમ અલગ શ્વાસોચ્છ્વાસયોગ કેમ મનાતો નથી ?

૧. **ઉત્તર**— આ શ્વાસોચ્છ્વાસપ્રાણમાં પુદ્ગલોનું ગ્રહણ પરિણમન ને વિસર્જન, એ બધુંય કાયયોગથી જ થાય છે, પરંતુ મનોયોગ કે વચનયોગની માફક પુદ્ગલગ્રહણમાં જેમ કાયયોગ કારણ છે અને પરિણમન તથા વિસર્જનમાં જેમ મનોયોગ કે વચનયોગ

કારણ છે, તેમ અહિં નથી. અહિં તો બધી ક્રિયામાં ફક્ત કાયયોગ જ કારણ છે. વળી મન તેમજ વચનની જેમ આનું મનન કે બોધરૂપ વિશેષ ફળ નથી, તેથી આ (શ્વાસોચ્છ્વાસ) યોગ તરીકે અલગ મનાતો નથી. કારણ કે, બધી ક્રિયા કાયયોગથીજ થતી હોવાથી શ્વાસોચ્છ્વાસ નો કાયયોગમાં સમાવેશ કરેલો છે. આટલા જ કારણસર (મન વચન ને કાયાના) ત્રણ જ યોગ મનાય છે, પરંતુ ચોથો અલગ શ્વાસોચ્છ્વાસયોગ મનાતો નથી.

ઘ્રાણેન્દ્રિયવાળા—નાસિકાવાળા ત્રીંદ્રિય ચતુરિન્દ્રિય તેમજ પંચેન્દ્રિય જીવો કે જે નાસિકાદ્વારા શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને આપણને સ્પષ્ટ દેખાય છે, તે **'બાહ્યશ્વાસોચ્છ્વાસ'** કહેવાય છે; પણ તેનો ગ્રહણપ્રયત્ન તથા શ્વાસોચ્છ્વાસરૂપ પરિણામ તો સકલ આત્મપ્રદેશે થાય છે, જે સ્થૂલદૃષ્ટિથી દેખાતો કે જણાતો નથી,તે **'અભ્યંતરશ્વાસોચ્છ્વાસ'** કહેવાય છે.

૨. **પ્રશ્ન**— અનુભવ મુજબ જો શ્વાસોચ્છ્વાસ નાસિકા—ઘ્રાણેન્દ્રિયદ્વારા લઇ શકાય છે, તો નાસિકા વિનાના એકેન્દ્રિય તથા દ્વીન્દ્રિય જીવોમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા કેમ સંભવે? અને જો તેઓમાં શ્વાસોચ્છ્વાસ ક્રિયા નથી, તો પછી શ્વાસોચ્છ્વાસ પ્રાણ પણ કઇ રીતે હોઇ શકે?

૨. **ઉત્તર**— જો કે, એકેંદ્રિય તથા દ્વીંદ્રિય જીવોને નાસિકા નથી, તેથી તેઓમાં આપણી માફક શ્વાસોચ્છ્વાસની બાહ્યક્રિયા દેખાતી નથી, તેથી કરીને તેઓમાં શ્વાસોચ્છ્વાસપ્રાણ નથી એમ તો ન જ કહી શકાય. કારણ કે.– એકેન્દ્રિય તથા દ્વીંદ્રિય જીવોમાં નાસિકા–ઘ્રાણેંદ્રિય નથી, છતાં પણ સર્વ શરીરપ્રદેશે તેઓ શ્વાસોચ્છ્વાસનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે અને સર્વશરીરપ્રદેશે તે પુદ્ગલોને તેઓ શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવે છે, તેમજ અવલંબન પૂર્વક છોડી મૂકે છે; માટે શરીરપ્રદેશે કરાતી * અભ્યંતર શ્વાસોચ્છ્વાસની ક્રિયા તો નાસિકાના અભાવમાં પણ એકેંદ્રિય તેમજ દ્વીંદ્રિય જીવોમાં પણ અવશ્ય હોય છે. સાર એ આવ્યો કે–નાસિકાવાળા જીવોમાં બાહ્ય ને અભ્યંતર બન્ને જાતના શ્વાસોચ્છ્વાસ સંભવે છે અને નાસિકા વિનાના જીવોમાં ફક્ત એક અભ્યંતર શ્વાસોચ્છ્વાસ જ હોય છે.

* આ અભ્યંતર શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં જે શ્વાસોચ્છ્વાસનાં પુદ્ગલો લેવા–મુકવામાં આવે છે, તે આપણે મુખ કે નાસિકાથી વાયુ લઈને ( એટલે કે શ્વાસ લઇને ) મૂકીયે છીએ તેના નથી, પરંતુ આઠવર્ગણા પૈકી છઠ્ઠી જે શ્વાસોચ્છ્વાસવર્ગણા છે, તેના તે પુદ્ગલો છે.

ઉક્ત બન્ને જાતના શ્વાસોચ્છ્વાસ એક જાતના પુદ્ગલો જ છે, જે ઘણા સૂક્ષ્મ હોય છે, તેથી તે કોઇ પણ ઇંદ્રિયથી જાણી શકાતા નથી, છતાં બાહ્ય ક્રિયા જાણી યા જોઇ શકાય છે. આ શ્વાસોચ્છ્વાસ-ની ક્રિયા સુખી જીવોમાં બહુ ઓછી હોય છે અને દુખી જીવોમાં વધુ હોય છે. જુઓ— સુખી ગણાતા દેવતાઓ વધુમાં વધુ સાડા સોળ માસને આંતરે શ્વાસોચ્છ્વાસ લેવા-મૂકવાની ક્રિયા કરે છે અને અતિ દુઃખિયા નારકીના જીવો સમયે સમયે શ્વા-સોચ્વાછ્સની ક્રિયા કરે છે. બાકીના જીવો અનિયમિત આંતરે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે. અનુભવ પણ કહે છે કે— સુખિયા જીવો નિરાંતે શ્વાસોચ્છ્વાસ લે-મૂકે છે અને દુઃખી-રીબાતા પ્રાણીઓ જલદી જલદી શ્વાસોચ્છ્વાસ લે છે.

## —: આયુષ્યપ્રાણ :—

**આયુષ્ય**= જીંદગી, જીવન કે જીવનકાળ, અર્થાત્ જેનાથી તે તે (વિવક્ષિત) ભવમાં જીવન ટકી શકે તે, અથવા જેના પ્રતાપે પરભવમાં જીવને જવું જ પડે તે, અથવા તે (વિવક્ષિત) ભવમાં જીવ જેટલો કાળ રહે તેટલો કાળ '**આયુષ્યપ્રાણ**' કહેવાય છે.

આયુષ્યપ્રાણ એ (એક જાતના) પુગ્દલોના સમૂહ-રૂપ છે, કે જે પદ્ગલોના સહારાથી જીવ જીવન ટકાવી શકે છે. આયુષ્યના મુખ્ય બે ભેદ છે. ૧ દ્રવ્યાયુષ્ય અને ૨ કાળાયુષ્ય.

**૧. દ્રવ્યાયુષ્ય**= આયુષ્યકર્મનાં પુદ્ગલો. તેલ કે દીવેલ શિવાય જેમ દીવો બળી શકતો નથી, તેમ આયુષ્યનાં પુદ્ગલો શિવાય જીવ જીવી શકતો નથી. એટલે કે, આયુષ્યના પુદ્ગલોરૂપી તેલથી જ પ્રાણ-ધારણરૂપી જીવનજ્યોતિ જગમગે છે અને તે વિના બુઝાઈ જાય છે. માટે દ્રવ્યઆયુષ્ય પૌદ્ગલિક મનાય છે.

**૨. કાળાયુષ્ય**= આયુષ્ય(કર્મ) નાં પુદ્ગલોની સહા-યતાથી જીવ જેટલા કાળ સુધી જીવે, એટલે કે પ્રાણને ધારણ કરે તેટલો કાળ '**કાળાયુષ્ય**' કહેવાય, જે '**સ્થિતિઆયુષ્ય**' પણ કહેવાય છે.

આ કાળાયુષ્યના અપવર્ત્તનીય અને અનપવર્ત્તનીય એવા બે ભેદ છે.

**અપવર્ત્તનીય**= બાહ્ય કે અભ્યંતર નિમિત્તથી, સ્થિતિ ઓછી થાય તેવું આયુષ્ય. અર્થાત્ આઘાતક કારણોથી અકાળ મૃત્યુની સંભાવના વાળું શિથિલ આયુષ્ય.

**અનપવર્ત્તનીય**= ગમે તેવાં સબળ નિમિત્તોથી પણ, જેની સ્થિતિમાં અપવર્ત્તના (=ફારફેર) ન થઈ શકે તેવું (દૃઢબંધવાળું તેમજ પરિપૂર્ણ સ્થિતિવાળું) આયુષ્ય.

આયુષ્યની સ્થિતિ ઘટવી કે ન ઘટવી, તે આયુષ્યબંધ સમયની શિથિલતા કે દૃઢતા ઉપર આધાર રાખે છે બંધ સમયે આયુષ્યનો બંધ શિથિલ થયો હોય તો તેનું અપવર્ત્તન (= ફારફેર યાને સ્થિતિમાં ઘટાડો) થઈ શકે છે અને દૃઢબંધ થયો હોય તો તેનું અપવર્ત્તન થતું નથી. તેમાં અનપવર્ત્તનીય આયુષ્યના સોપક્રમ અને નિરૂપક્રમ એવા બે ભેદ છે.

**ઉપક્રમ**= બાહ્ય નિમિત. અથવા આયુષ્યને ઘટવાનાં નિમિત્તો.

**સોપક્રમ**= ઉપક્રમસહિત. એટલે કે—
(૧) આયુષ્યના અંતસમયે બાહ્ય નિમિત્તોની વિદ્ય-

માનતાવાળું આયુષ્ય. અથવા (૨) વિષ-શસ્ત્રાદિ બાહ્ય નિમિત્તોથી ક્ષય પામનારૂં આયુષ્યુ.

**નિરૂપક્રમ**=ઉપક્રમરહિત. એટલે કે–વિષ–શસ્ત્રાદિ બાહ્ય નિમિત્તો વિના જ ક્ષય પામનારૂં આયુષ્ય.

## સોપક્રમ ને નિરૂપક્રમ વિશેષણવાળાં આયુષ્ય.

અનપવર્ત્તનીય આયુષ્યવંત જીવને વિષ–શસ્ત્રાદિ આયુષ્યનાં ઉપઘાતક નિમિત્તો પ્રાપ્ત થાય, છતાં પણ

卐સોપક્રમના ઉક્ત બંને અર્થ પૈકી, પ્રથમ અર્થ સોપક્રમ અનપવર્ત્તનીય આયુષ્યવાળા જીવોને લાગુ પડે છે અને બીજો અર્થ સોપક્રમ અપવર્ત્તનીય આયુષ્યવાળા જીવોને લાગુ પડે છે. કારણ કે અનપવર્ત્તનીય આયુષ્યવાળા જીવના આયુષ્યના અંત સમયે ઉપક્રમો (આયુષ્યની સ્થિતિને ઘટાડનારાં નિમિત્તો) મોજુદ હોય તો પણ આયુષ્યની સ્થિતિને ઘટાડી શકતાં નથી, તો જીવનના હરકોઇ પ્રસંગમા ગમે તેવાં ઉપક્રમો આયુષ્યનાં ઉપઘાતક પ્રબળ નિમિત્તો સાંપડે તો પણ અનપવર્તનીયતાને લઇને– બંધ સમયની અભેદ્ય મજબુતાઇને લઇને આયુષ્યની નિયમિત સ્થિતિમાં ક્ષતિ આવતી નથી. અર્થાત્ અપવર્ત્તનીય આયુષ્યવાળા જીવોના જીવનમાં વિષ શાસ્ત્રાદિ ઉપઘાતક કોઇ પણ નિમિત્ત મળી જ જાય છે જેથી તે અકાળ મરણ પામે છે અને અનપવર્ત્તનીય આયુષ્યવાળાને તો ગમે તેવું સબળ આઘાતક નિમિત્ત મળે તો પણ તેઓ અકાળે મરણ પામતા નથી.


આયુષ્યની સ્થિતિ ન ઘટે તો, તે **'સોપક્રમ-અનપવર્ત્તનીય** આયુષ્ય કહેવાય છે અને તે જ જીવને તેવાં આયુષ્યનાં ઉપઘાતક નિમિતો પ્રાપ્તજ ન થાય, તે જીવનું આયુષ્ય **'નિરૂપક્રમ-અનપવર્ત્તનીય'** આયુષ્ય કહેવાય છે. અને અપવર્ત્તનીય આયુષ્ય તો સોપક્રમીજ હોય છે, એટલે તે **'સોપક્રમ-અપવર્ત્તનીય'** એવા એક ભેદવાળું જ છે.

ઉપર્યુક્ત કથનનો સાર એ છે કે— અનપવર્ત્તનીય આયુષ્યને વિષ-શસ્ત્રાદિ બાહ્યનિમિત્તોનો યોગ હોયે ખરો અને ન પણ હોય, માટે અનપવર્ત્તનીયના સોપક્રમ ને નિરૂપક્રમ એવા બે ભેદ પડે છે. અપવર્ત્તનીય આયુષ્ય તો વિષ-શસ્ત્રાદિ કોઈને કોઇ નિમિતથી જ ક્ષય પામતું હોવાથી 'સોપક્રમ' એવા એક ભેદવાળું જ મનાય છે. આ રીતે આયુષ્યની કાળ-સ્થિતિને પૂર્ણ કરીને જ મરણ પામનાર જીવોને જો વિષ-શસ્ત્રાદિ ઉપઘાતક બાહ્ય નિમિત્તોનો યોગ પ્રાપ્ત થાય તો તે જીવનું આયુષ્ય **'સોપક્રમ-અનપવર્ત્તનીય'** કહેવાય; અને ઉક્ત જીવને જ ઉપઘાતક બાહ્ય નિમિતોનો યોગ પ્રાપ્ત ન થાય તો, તે આયુષ્ય **'નિરૂપક્રમ-અનપવર્ત્તનીય'** કહેવાય. તથા જીવનકાળની અપૂર્ણતાએ (અકાળે) મૃત્યુને પામનારા સર્વે જીવોને **'સોપક્રમ-અપવર્ત્તનીય'** આયુષ્ય જ હોય છે.

## આયુષ્યના ભેદોની સંકલના.

આયુષ્યના મુખ્ય બે ભેદ, દ્રવ્યાયુષ્ય ને કાળાયુષ્ય. કાળાયુષ્યના બે ભેદ, અપવર્ત્તનીય ને અનપવર્ત્તનીય. અનપવર્ત્તનીયના બે ભેદ, સોપક્રમ ને નિરૂપક્રમ. તથા અપવર્ત્તનીય તો કેવળ સોપક્રમ જ છે. [આ દરેક ભેદોના અર્થો બતાવી ગયા છીએ. તે ભેદોનો નકશો સરળ સમજુતીની ખાતર બતાવીએ છીએ.]

### 卐આયુષ્યના ભેદોનો નકશો.




卐આયુષ્યના ભેદોમાં ઘણા ગ્રંથકારો તથા સિદ્ધાંતકારો તો સોપક્રમ ને નિરૂપક્રમ એ બે ભેદો જ (આયુષ્યના) બતાવે છે, અને અપવર્તનીય તથા અનપવર્તનીય ભેદની મુખ્યતા બતાવતા નથી, પરંતુ તત્વાર્થવૃત્તિકારના મંતવ્ય મુજબ બન્ને ભેદોનો પરસ્પર સંબંધ રાખવાથી વધુ સ્પષ્ટ બોધ થઇ શકે છે. માટે અમોએ અહિં પણ તેજ મુજબ ભેદો બતાવ્યા છે.

## દ્રવ્યાયુષ્ય તથા કાળાયુષ્યની વિશેષતા.

દ્રવ્યાયુષ્ય સંપૂર્ણ થયા શિવાય જીવ કદિ પણ મરતો નથી, એમાં કોઇ દલીલ કે અપવાદ છે જ નહિં. વળી કાળાયુષ્ય જો અપવર્ત્તનીય હોય તો જીવ કાળાયુષ્ય પૂર્ણ કર્યા વિના અકાળ મરણ પણ પામે અને જો અનપવર્ત્તનીય હોય તો તે સંપૂર્ણ કરીને જ મૃત્યુ પામે. એટલે કે, દરેક જીવને દ્રવ્ય આયુષ્ય તો અવશ્ય પુરૂં કરવું જ પડે છે. દ્રવ્ય આયુષ્યનો એક પણ અણુ-એક પણ અંશ બાકી હોય ત્યાં સુધી જીવ મરી શકતો નથી. માટે અપવર્ત્તનીય તેમજ અનપવર્ત્તનીય એ બે ભેદો કાળ-આયુષ્યના જ સમજવા, પરંતુ દ્રવ્યાયુષ્યના નહિં. કારણ કે જીવે આયુષ્યના જેટલા પુદ્‌ગલો ગ્રહણ કર્યા હોય, તે તમામ ભોગવાઇને ક્ષય પામ્યા બાદ જ જીવનું મરણ સંભવે છે. સાર એ આવ્યો કે—દ્રવ્યઆયુષ્યના તમામ પુદ્‌ગલોનો ક્ષય થાય છે અને અપવર્ત્તનીયકાળાયુષ્યની સ્થિતિ ટુંકાય છે. અર્થાત્ આયુષ્યનાં સર્વ પુદ્‌ગલો ક્ષય પામે છે છતાં તેની સર્વ સ્થિતિ ક્ષય પામતી નથી.

**શંકા**—આયુષ્ય એક જાતનાં પુદ્‌ગલો છે અને સ્થિતિ પણ તે આયુષ્યનાં પુદ્‌ગલોની જ છે, તો

સર્વ પુદ્ગલોનો ક્ષય થાય અને સર્વ સ્થિતિનો ક્ષય ન થાય એ કેમ સંભવે? અથવા લાંબે કાળે ક્ષય પામનારા પુદ્ગલો અલ્પકાળે કઇ રીતે ક્ષય પામે?

**સમાધાન**—જેમ દીવાની દીવેટને મોટી જગવી હોય તો, કોડિયા વગેરેમાં રહેલ દિવેલ કે તેલ, શીઘ્ર અલ્પકાળમાં બળીને ખલાસ થઇ જાય છે અને દીવો બુઝાઈ જાય છે, ત્યારે "આ દીવો થોડો કાળ બળ્યો અથવા થોડા કાળમાં બુઝાઈ ગયો" એવો લોકમાં વ્યવહાર થાય છે; તેમ વિષ-શસ્ત્રાદિ ઉપઘાતક નિમિત્તો મળતાં અપવર્ત્તનીય આયુષ્યનાં તમામ પુદ્ગલો શીઘ્ર ભોગવાઇને અલ્પકાળમાં ક્ષય પામી જાય છે, અને કાળની અપૂર્ણતાએ પ્રાણીઓ મરણને શરણ થાય છે અહિં પ્રસ્તુતમાં દિવેલ સમાન આયુષ્યનાં પુદ્ગલો ખલાસ થઇ જવાથી જીવન—દીપક અલ્પકાળમાં બુઝાઈ જાય છે, કારણકે,—જીવ આયુષ્યના પુદ્ગલોના સહારાથી જ જીવી શકે છે અને તે ખલાસ થયા બાદ એક ક્ષણવાર પણ જીવી શકતો નથી. માટે સર્વ પુદ્ગલોનો ક્ષય થાય છે, છતાં સર્વ સ્થિતિનો ક્ષય થતો નથી, એ વાત સંભવિત છે.

અથવા જેમ મજબુત બંધનવાળી ઘાસની ગંજીને સળગાવી હોય તો, તેને બળતાં વાર લાગે અને તેજ ગંજીના બંધનને શિથિલ કરીને ચોગડદમથી સળ-

ગાવી હોય તો તે અલ્પ કાળમાં બળી જાય છે; અથવા સો હાથ લાંબી દોરીને એક છેડેથી સળગાવી લાંબી રાખી હોય તો તેને બળવામાં ઘણો કાળ લાગે છે અને તેનું ગુંચળું વાળીને સળગાવી હોય તો, તે જલદી અલ્પકાળમાં બળી જાય છે; તેમ આયુષ્ય-કર્મનાં પુદ્ગલોમાં પણ બંધ સમયે જેનો શિથિલ બંધ હોય તેને આઘાતક નિમિત્ત મળતાં, તે જલદી ખલાસ થઈ જાય છે અને મજબુત—દૃઢ બંધનવાળું હોય, તેને આઘાતક નિમિત્તો પ્રાપ્ત થાય તો પણ તે પૂર્ણ કાળે જ ભોગવાઈને ખલાસ થાય છે, અર્થાત્ તેની કાળસ્થિતિ ઘટતી નથી. ઉક્ત ઉદાહરણોમાં શિથિલ બંધનવાળી ગાસની ગંજી તથા ગુંચળા-વાળી દોરી અલ્પકાળમાં બળીને ખાખ બની જાય છે, તેમ શિથિલ બંધવાળું અપવર્તનીય આયુષ્ય ઉપઘાતક નિમિત્તો મળતાં અલ્પકાળમાં શીઘ્ર ભોગ-વાઈને ક્ષય પામે છે. આ આયુષ્યવંતનું મરણ એ એક જાતનું અકાળ મરણ કહેવાય, કારણકે કાળની અપૂર્ણતાએ તે મરે છે. જેમકે- ૧૦૦ વર્ષના અપવર્ત-નીય આયુષ્યવાળો એક જીવ છે, તેના જીવનમાં તેને ઉપઘાતક બાહ્ય નિમિત્તો મળતાં ૭૫—૫૦—૨૫—૧૦—૫—૧ કે અંતર્મુહૂર્ત (બે ઘડી—૪૮ મિનિટ)માંજ સઘળાં આયુષ્યનાં દળિયાં ભોગવીને મૃત્યુ પામી જાય છે.

## આયુષ્યના ઉપઘાતક ઉપક્રમના સાત પ્રકાર.

કાળસ્થિતિની અપેક્ષાએ આયુષ્યને ઘટાડનારા ઉપક્રમો સાત જાતના છે. તે આ--૧ અધ્યવસાયઉપક્રમ, ૨ નિમિત્તઉપક્રમ, ૩ અહારઉપક્રમ, ૪ વેદનાઉપક્રમ, ૫ પરાઘાતઉપક્રમ, સ્પર્શઉપક્રમ ને ૭ ઉચ્છ્વાસઉપક્રમ.

**૧. અધ્યવસાય ઉપક્રમ**=રાગથી, સ્નેહથી કે ભયથી જે મરણ થાય તે 'અધ્યવસાય' ઉપક્રમ કહેવાય. અધ્યવસાય=ભાવના યા પરિણામ. ઉક્ત ત્રણે જાતના અધ્યવસાયનાં ઉદાહરણ ક્રમશઃ નીચે મુજબ છે.

(૧) એકદા એક પાણી પાનારી યુવતી યૌવન વનની અવનવી લીલાઓથી લલિત સુરૂપવાન યુવાનને નિહાળીને તેના ઉપર મોહ પામી અને કામદેવના તીક્ષ્ણ બાણુથી વીંધાણી. દરમ્યાન જોત જોતામાં તે યુવક પલકમાં ત્યાંથી પલાયન થઇ અદૃશ્ય થઇ ગયો. હવે આ કામઘેલી બનેલી યુવતી તે યુવકના વિરહાનળથી પળપળ વિહ્વળ બની, કામદશાની દશમી દશાનો સાક્ષાત્કાર કરતી, ઝુરી ઝુરીને મરણ પામી. આ ઉદાહરણમાં રાગના અધ્યવસાયથી મરણ નીપજેલ છે.

(૨) કોઇ એક પતિ વિરહિણી સ્ત્રી, પોતાના પતિના મિત્રોદ્વારા, હસતાં હસતાં મશ્કરીમાં, પરદેશ ગયેલા પોતાના પતિના અવસાન પામ્યાના શ્રવણ માત્રથી જ

ક્ષણ ભરમાં મૂર્ચ્છિત બની મરણ પામી અને તેણીનો ધણી પણ પોતાની આવી અનુરાગિણી પત્નીનું મરણ સાંભળીને, ઝુરી ઝુરીને મરણ પામ્યો. આ ઉદાહરણમાં દંપતિએ પરસ્પરના 'સ્નેહના અધ્યવસાયથી' મૃત્યુને નોંતરેલ છે.

(૩) **શ્રીકૃષ્ણવાસુદેવના ભાઇ ગજસુકુમાલે** રાજવૈભવ તેમજ રાજરમણીઓનો ત્યાગ કરી, પરમપાવની ભાગવતી દીક્ષા લીધી અને શીઘ્ર આત્મકલ્યાણની તમન્નાવાળા બની કાયોત્સર્ગમુદ્રાએ ધ્યાનસ્થ રહ્યા, તેવામાં તેમના પૂર્વાવસ્થાના સસરા **સોમિલ** વિપ્રે તેમને નિહાળ્યા અને રોષે ભરાણા. રોષની ઉગ્રતામાં વિચારવા લાગ્યા કે- આ મારો જમાઇ નથી પણ જમ છે. કારણકે મારી છોકરીને આણે રખડતી મૂકી તે બાળાનું જીવન બરબાદ કર્યું છે, માટે આ નિર્દય જમાઇને મારી નાંખુ, ઇત્યાદિ ક્રોધાંધ વિચારોથી તે નિર્દોષ મહર્ષિના મસ્તક ઉપર અંગારા ભર્યા ને પ્રાણ લીધા. આ રીતે અધમકૃત્યથી અધમ બનેલા **સોમિલ** બ્રાહ્મણ, ત્યાગમૂર્તિ નિર્દોષ મહર્ષિ જમાઇરાજના પ્રાણ લઇને નગર તરફ પાછો ફરે છે, તે દરમ્યાન સામેથી **કૃષ્ણવાસુદેવ**ને આવતા જોયા. જોવાની સાથેજ અત્યંત ભય પામી **સોમિલવિપ્ર** ત્યાં ને ત્યાં જ મરણ પામ્યો. ઉક્ત

ઉદાહરણમાં 'ભયના અધ્યવસાયથી' મરણ થયેલ છે. અથવા સિંહ વાઘ વગેરે હિંસક પ્રાણીને જોવાથી, મોટા અપરાધને અંગે માલિક આદિના ભયથી, લોકાપવાદથી નિંદાથી, તથા આજીવિકાદિના ભયથી જે મરણ થાય તે 'ભયથી મરણ' કહેવાય. આ રીતે રાગ સ્નેહ કે ભયના અધ્યવસાયથી જે મરણ થાય તે 'અધ્યવસાય-ઉપક્રમ'-(જન્ય) મરણ કહેવાય.

૨. **નિમિત્ત ઉપક્રમ**=લાકડી, ચાબુક, કોરડા, અસ્ત્ર, શસ્ત્ર કે શિલા વગેરે નિમિત્તોથી જે મૃત્યુ થાય તે.

૩. **આહારઉપક્રમ**=ઘણો આહાર કરવાથી (અથવા બીલકુલ આહાર નહિં કરવાથી) જે મરણ થાય તે.

૪. **વેદનાઉપક્રમ**=શારીરિક કે માનસિક અતિ-વેદના-પીડા થવાથી મરણ થાય તે.

૫. **પરાઘાતઉપક્રમ**=કૂવામાં કે જળમાં પડ-વાથી, અથવા પર્વત કે મકાન ઉપરથી પડી જવાથી, જે મરણ થાય તે.

૬. **સ્પર્શઉપક્રમ**=વીંછી કે સર્પ આદિ ઝેરી જંતુના ઝેરીલા ડંખના સ્પર્શથી મરણ થાય તે.

૭. 卐 **ઉચ્છ્વાસઉપક્રમ**=ઘણા શ્વાસોચ્છ્વાસ

卐પ્રસંગોપાત્ત મારે જણાવવું જોઇએ કે શ્વાસોચ્છ્વાસની બાબતમાં કેટલાકોની એવી માન્યતા છે કે 'શ્વાસોચ્છ્વાસ ઉપર

લેવા–મૂકવાથી અથવા શ્વાસોચ્છ્વાસ બિલકુલ બંધ કરવાથી જે મરણ નીપજે તે.

આયુષ્ય કે જીવનનો આધાર છે. જે જીવને જેટલા શ્વાસોચ્છ્વાસનું આયુષ્ય હોય, તેટલા તમામ શ્વાસોચ્છ્વાસ પૂરા થાય ત્યારે જ તે જીવનું મરણ થાય છે. કારણ કે–બાકી રહેલા શ્વાસોચ્છ્વાસને જીવ અંત સમયે જલદી જલદીથી લઈને પૂરા કરે છે. આનું કારણ એ છે કે– આયુષ્યનો સમય થોડો બાકી છે અને શ્વાસ લેવા મૂકવાના ઘણા બાકી છે માટે આયુષ્યની સાથે જ શ્વાસોનો ઘનિષ્ઠ સંબંધ હોવાથી, તથા શ્વાસ અને આયુષ્ય બંન્ને એકી સાથે પૂરા કરવાના હોવાથી, છેલ્લે છેલ્લે જીવ જીલ્દીબાજીથી શ્વાસ લે મૂકે છે."

ઉપર્યુક્ત માન્યતા વજુદ વિનાની છે. કારણકે, આટલા શ્વાસોચ્છ્વાસ પૂરા કરવા એવી સંખ્યાનો નિર્ણય કરીને કોઇ જીવ પૂર્વ ભવમાંથી આવતો નથી, પરંતુ આયુષ્યનાં તમામ દળો (–પુદ્‌ગલો) ભોગવીને પૂરા કરવા તેવો નિશ્ચય કરીને તો જરૂર આવે છે. આ રીતે જો કે શ્વાસોચ્છ્વાસ તથા આયુષ્યનો ખાસ સંબંધ નથી, છતાં જીવનપર્યંત આયુષ્ય હોય ત્યાં સુધી શ્વાસોચ્છ્વાસનો વ્યાપાર તો ચાલુ રહે છે જ, એ અપેક્ષાએ બન્ને સંબંધી ગણાય. આ પરિસ્થિતિ છે, પણ તેથી કરીને અમુક જીવે અમુક ભવમાં આટલા શ્વાસોચ્છ્વાસ લેવા જ જોઇએ એવો કોઈ નિયમ નથી જો એવો કોઇ નિયમ હોત તો ઉક્ત માન્યતાને માન મળત. અસ્તુ.

ઉક્ત સાત પ્રકારના ઉપક્રમો પૈકી કોઇ પણ ઉપક્રમ લાગવાથી, સમયે સમયે અધિકાધિક આયુષ્યનાં પુદ્ગલોનો ક્ષય થાય છે; જેથી જીવ જીવનકાળની અપૂર્ણતાએ મરણ પામે છે, જે અકાળમરણ કહેવાય છે.

### આયુષ્ય (ના પુદ્ગલો) ના ક્ષયનો ક્રમ.

ઉપક્રમ લાગુ થતાં પ્હેલાં, ઉત્પત્તિના પ્રથમ સમયે આયુષ્યનાં પુદ્ગલોનો વિશેષ ક્ષય, બીજે સમયે તેથી

---

વળી ઇરાદાપૂર્વક, અતિ દુઃખથી, અતિ રોગ કે શોકથી, કે અતિ પરિશ્રમથી જો શ્વાસોચ્છ્વાસ બહુ વેગમાં ચાલે તો આયુષ્ય (નાં પુદ્ગલો) ઘણા પ્રમાણમાં ખપવા માંડે છે અને તેથી અપવર્ત્તનીય (શિથિલબંધવાળા) આયુષ્ય (ની સ્થિતિ) ઘટે છે, એ વાત સાચી છે. કારણ કે, કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોમાં 'અતિ દુઃખિયા જીવને શ્વાસોચ્છ્વાસ અધિક હોય છે અને તેને આયુષ્યકર્મની નિર્જરા-આયુષ્યનો ક્ષય પણ અધિક હોય છે." આ ઉલ્લેખને અનુસારે ઉક્ત પ્રસિદ્ધિ થઇ હોય તો તે સંભવિત છે; પરંતુ વસ્તુતઃ તેમ નથી. વળી લબ્ધિઅપર્યાપ્તા જીવોના આયુષ્યનો શ્વાસોચ્છ્વાસના વ્યાપાર શિવાય જ ક્ષય થતો હોવાથી, આયુષ્યની સાથે શ્વાસોચ્છ્વાસનો સંબંધ માનવો, તે વ્યાજબી નથી. હાં !. આયુષ્યની ઉદીરણામાં શ્વાસોચ્છ્વાસનો વ્યાપાર કારણ છે, તેથી કાંઇ બન્નેની વ્યાપ્તિનો નિયમ મનાય નહિં. આ ઉપરથી ઉપર્યુક્ત માન્યતા ઉડી જાય છે. અસ્તુ.

ઓછો, ત્રીજે સમયે તેથી ઓછો, એમ અનુક્રમે, ઉત્તરોત્તર સમયે સમયે ઓછાં ઓછાં આયુઃપુદ્‌ગલોનો સહજ ક્ષય ચાલુ રહે છે; પરંતુ ઉપર્યુક્ત સાત જાતના ઉપક્રમો પૈકી કોઇ પણ ઉપક્રમ લાગુ પડતાં, ઉત્તરોત્તર ઓછા ઓછા ક્ષયનો અનુક્રમ પલટાઇ જાય છે, અને ઉપક્રમની અસર રહે ત્યાં સુધી ઉત્તરોત્તર વધુ ને વધુ પુદ્‌ગલોનો ક્ષય કેટલીક વખત થાય છે. તેમાં પણ પ્રબળ ઉપક્રમ હોય તો, પ્રતિ સમય ક્રમશઃ અસંખ્ય અસંખ્યગુણા પુદ્‌ગલોનો ક્ષય થતાં થતા, અંતર્મુહૂર્તમાં (બે ઘડીમાં) જ સર્વ પુદ્‌ગલોનો ક્ષય થઇ જાય છે. આ ક્રમ ગોપુચ્છાકાર ગુણશ્રેણિની જેમ ઉત્તરોત્તર વધતો હોય છે.

**૧. પ્રશ્ન**— જેમ આયુષ્ય(ની સ્થિતિ)ને ઘટાડવામાં ઉક્ત સાત **ઉપક્રમો** કારણભૂત છે, અર્થાત્ આયુ ઘટવાનાં નિમિત્તો છે, તેમ આયુ વધવાનાં નિમિત્તો કે ઉપાયો છે કે નહિં?

**૧. ઉત્તર**— આયુષ્ય વધવાનો દુનિયામાં કોઇ પણ ઉપાય કે નિમિત્ત છે જ નહિં.卐 મહાસમર્થ દેવો,

卐ક્રોડો દેવો તથા ૬૪ ઇંદ્રો જે પુણ્યમૂર્તિના ઉપાસકો હતા અને જેમની આજ્ઞા શિર ઉઠાવવા સદા તૈયાર રહેતા, તે આપણા આસન્નઉપકારી શ્રમણ ભગવાન્ **મહાવીર** પરમાત્માને, અંતસમયે ઇંદ્ર મહારાજાએ ક્ષણવાર આયુષ્ય વધારવાની નમ્ર વિજ્ઞપ્તિ કરી હતી, તે અવસરે વિજ્ઞપ્તિમાં

દાનવો માનવો ને ઇંદ્રો તથા છ ખંડ પૃથ્વીના અધિપતિ ચક્રવર્ત્તિઓ, વિદ્યાધરો તેમજ અતુલબલી તીર્થંકર ભગવંતો પણ, એક ક્ષણ પણ આયુષ્ય વધારવા

---

કહ્યું હતું કે "હે નિષ્કારણ જગદ્‌બંધુ પરમાત્મન્! હે કૃપાનાથ! કૃપયા એક ક્ષણવાર આપ આપનું પરમપ્રતાપી આયુષ્ય વધારો. કારણકે, આપ શ્રીમાન્‌ના જન્મ નક્ષત્રપર અત્યારે ભસ્મગ્રહ બેસે છે, તે ભાવી શાસનને બહુ પીડાકારી નિવડશે અને આપની અમીદષ્ટિ જો એના ઉપર પડી જાય. તો તેની શક્તિ ક્ષીણ બની જશે, અને ભાવી શાસનને બાધા કરી શકશે નહિં" ઉપર્યુક્ત ભાવાર્થવાળી ઈંદ્રની વિનંતિ સાંભળીને **શ્રીમહાવીરવિભુએ** એજ પ્રત્યુત્તર આપ્યો કે, "હે ઈંદ્ર! ભાવી થવું હશે તે થશે, પરંતુ કોઇએ પોતાનું આયુષ્ય વધાર્યું હોય, એવું આ અનંત કાળમાં બન્યું નથી, વર્તમાનમાં બનતું નથી અને આગામી અનંતાકાળમાં બનશે પણ નહિં. આયુષ્યકર્મની એ કોઇ અજોડ વિલક્ષણતા જ છે, માટે ભાવિ ભાવ." આ પ્રસંગનો સાર એ છે કે, લોકને અલોક અને અલોકને લોક બનાવવાની અતુલ, અને અગાધ શક્તિવાળા ભગવાન્ જેવા પણ (વીતરાગ હોવાથી શક્તિનો ઉપયોગ નહિં કરવાથી) આયુષ્ય વધારી ન શક્યા તો અપર પ્રાણીનાં શ્યાં ગજાં! અસ્તુ.

હાં! ઉક્ત સાત ઉપક્રમો પૈકી કોઇ પ્રબળ ઉપક્રમથી આયુષ્યની સ્થિતિમાં મોટો ઘટાડો થવાનો હોય તેવા પ્રસં-

સમર્થ નથી, તો પછી અન્ય પ્રાણીઓની તો વાત જ શી કરવી? કારણકે. આયુષ્ય (ની સ્થિતિ)નું નિર્માણ પૂર્વ ભવથીજ જીવે કરેલું હોય છે, અને તે આયુબંધ વખતે જ નિયમિત થઇ જાય છે વળી જે ભવમાં આયુષ્ય બંધાયું, તે ભવમાં તો તે ઉદયમાં આવતું જ નથી, પણ આગામી—પરભવમાં આવે છે, તેથી જે ભવમાં આયુ બંધાણું તે ભવમાં તો ભોગવાતું નથી, પરંતુ પરભવમાં જ તેને ભોગવવું પડે છે. અન્ય કર્મો કરતાં આયુષ્યકર્મની આવી વિલક્ષણતા હોવાથી આ ભવમાં આયુષ્યને વધારવાનો કોઇ ઉપાયજ નથી.

---

ગમાં, એટલે કે—દાખલા તરીકે ૧૦૦ વર્ષનું આયુષ્ય ઘટતું ઘટતું એકાદ બે વર્ષ જેટલું ટુંકાઇ જતું હોય તેવા પ્રસંગે તે આયુષ્યના ઉપઘાતક ઉપક્રમોથી બચવાના ચાંપતા ઉપાયોથી ૨૫–૫૦ કે ૬૦ વર્ષ જીવે તો, તે અપેક્ષાએ તે જીવે રસાયણ આદિ ઔષધાદિકના ઉપચારોથી પોતાનું આયુષ્ય વધાર્યું એમ વ્યવહારથી લોકમાં કહેવાય છે, વાસ્તવિક રીતે તે પોતાનું આયુષ્ય વધારી શકયો જ નથી. વધાર્યું કયારે મનાય? સો વર્ષની આયુષ્યની સ્થિતિવાળું જીવન હોય અને સો વર્ષ ઉપરાંત જીવન ગાળે તો. સો વર્ષનું આયુષ્ય તો હતું જ, તેથી કાંઇ વધ્યું નથી, માટે વસ્તુતઃ આયુષ્ય વધ્યું જ નથી. સાર એ આવ્યો કે- પૂર્વ ભવમાં આ જીવે બાંધેલી આયુષ્યની સ્થિતિને વધવાનો કે વધારવાનો આ ભવમાં કોઇ ઉપાય જ નથી, એ સિદ્ધ થાય છે.

**૨. પ્રશ્ન**— આયુષ્યમાં અપવર્તનીયતા કે અનપવર્ત્તનીયતા (-સ્થિતિનું ઘટવાપણું કે નહિં ઘટવાપણું) શાથી આવે છે? અર્થાત્ અપવર્ત્તના=અકાળ મરણ, અને અનપવર્ત્તના= કાળમરણ થાય છે તેનું કારણ શું ?

**૩. ઉત્તર**—આયુષ્ય બાંધતી વખતે જો જીવના પરિણામ તીવ્ર હોય તો, તે આયુષ્યના પુદ્ગલો આત્માના અમુક અમુક વિભાગમાં ખૂબ ખૂબ એકત્રિત થઇને ઘન બની જાય છે, તેથી તે આયુષ્યના પુદ્ગલોનો પીંડ અભેદ્ય બને છે. જેમ હઝારોની સંખ્યામાં સંઘટ્ટિત બનેલ જનતા શત્રુદલથી જીતાય નહિં, તેમ ખૂબ સંઘટ્ટનવાળાં આયુષ્યનાં પુદ્ગલોને ગમે તેવાં આઘાતક નિમિત્તોરૂપી ઉપક્રમો લાગે, તો પણ તેના સંઘટ્ટનનું વિઘટન કરી શકતા નથી, અર્થાત્ તે આયુષ્યના પુદ્ગલોની સંઘટ્ટન શકિત આગળ ઉપક્રમોની શકિત કુંઠિત બની જાય છે; અને મંદ પરિણામે બંધાયેલાં આયુષ્યનાં પુદ્ગલો સર્વ આત્મપ્રદેશોમાં વિરલ (છૂટાં છવાયાં) વ્હેંચાઇ જાય છે, તેથી તે સંઘટ્ટન વિનાના પુદ્ગલો ઉપર ઉપક્રમોની અસર થાય છે, અને તેની સ્થિતિમાં ઘટાડો પણ થાય છે. સાર એ આવ્યો કે– આયુષ્ય બંધની દ્રઢતા ને શિથિલતા જ આયુષ્યમાં અનપવર્ત્તનીયતા તથા અપવર્તનીયતા આણે છે. બંધ

શિથિલ હોય તો આયુષ્ય( ની સ્થિતિ)માં અપવર્તન (=ફારફેર=ઘટાડો) થાય છે અને દૃઢ બંધન હોય તો અપવર્તન થતું નથી. અર્થાત્ જીવને આયુષ્યબંધની શિથિલતાથી અપવર્ત્તના–અકાળમરણ પ્રાપ્ત થાય છે અને ઘનતાથી અનપવર્ત્તના=કાળમરણ પ્રાપ્ત થાય છે.

**૩. પ્રશ્ન—** જો ઉપક્રમથી આયુષ્યનું અપવર્તન થાય છે, અર્થાત્ આયુષ્યની સ્થિતિ ઘટે છે, તો જેટલી સ્થિતિ ઘટી તેટલું આયુષ્ય ફળ આપ્યા શિવાય નાશ પામ્યું એમ માનવું પડશે, અને તેમ માનવા જતાં ત્રણ દોષો લાગુ પડશે. પ્રથમ દોષ તો એ કે–પૂર્વભવમાં નિર્ણિત કરેલ આયુષ્યની સ્થિતિનો જેટલે અંશે નાશ થયો, તેટલે અંશે '**કૃતનાશ**' નામનો દોષ લાગુ પડે છે. અને જે મરણ મોડું આવવાનું હતું, તે વ્હેલું આવ્યું, એ અપેક્ષાએ '**અકૃતાગમ**' નામનો બીજો દોષ લાગુ પડે છે. (અકૃત=નહિં કરેલું-નહિં ધારેલું મરણ, તેની આગમ=પ્રાપ્તિ, તેનું નામ અકૃતાગમ કહેવાય). અને આયુષ્ય છતાં મરણની પ્રાપ્તિ થાય છે, માટે આયુષ્યકર્મની '**નિષ્ફળતા**' નામનો ત્રીજો દોષ લાગુ પડે છે. આ રીતે આયુષ્યનાં અપવર્ત્તનમાં ઉક્ત ત્રણ દોષો રૂપી ત્રિદોષ લાગુ પડે છે, તેનું કેમ ?

**૩. ઉત્તર**— ઉક્ત ત્રણે દોષો પૈકી એક પણ દોષ, આયુષ્યની અપવર્ત્તનામાં વસ્તુતઃ લાગુ પડતો નથી. જુઓ,— જ્યારે આત્માને વિષ-શસ્ત્રાદિ ઉપક્રમો (= આઘાતક નિમિત્તો) પ્રાપ્ત થાય છે,ત્યારે આયુષ્યકર્મ બધું એકી સાથે ઉદયમાં આવે છે અને જલદી જલદી ભોગવાય છે, તેથી ફલ આપ્યા શિવાય પૂર્વે બાંધેલ આયુષ્યનો ક્ષય થતો નથી. વળી આયુષ્યનાં સર્વ પુદ્ગલોનો ક્ષય થયા પછી જ મરણ થાય છે, માટે અકૃતમરણ (=અનિર્મિત મૃત્યુ) ની પ્રાપ્તિ પણ થતી નથી. તથા ઉપક્રમોના પ્રતાપે આયુષ્યનાં દળિયાં જલદી જલદી ભોગવાઇને ક્ષય પામી જવાથી, લાંબે કાળે ભોગ્ય દળિયાં અલ્પકાળે ભોગવાઇ જાય છે, તેને લઇને કાળસ્થિતિ ઘટે છે, છતાં સકલ દળો ખલાસ થયા પછી જ મૃત્યુ નિપજે છે, માટે આયુષ્યની નિષ્ફળતા પણ નથી આયુષ્યનો એક પણ દળ કે અંશ બાકી રહેતો હોય અને મૃત્યુ થઇ જતું હોય તો જ નિષ્ફળતા પ્રાપ્ત થાય, પરંતુ તમામ દળો ભોગવાયા પછીજ, એટલે કે ભોગજન્ય ફળ પામ્યા પછી જ મરણ થાય છે, માટે 'નિષ્ફળતા, કૃતનાશ, તથા અકૃતાગમ' રૂપી ત્રિદોષ આયુષ્યની અપવર્ત્તનાને લાગુ પડતો નથી.

## કયું આયુષ્ય કયા જીવને હોય? તેનો કોઠો.

| સોપક્રમ અપવર્ત્તનીય આયુષ્ય. | સોપક્રમ–અનપવર્ત્તનીય આયુષ્ય. | નિરૂપક્રમ–અનપવર્ત્તનીય આયુષ્ય. |
|---|---|---|
| સર્વ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, અસંજ્ઞિપંચેંદ્રિય સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યો તથા તિર્યંચો. ( સંખ્યાતા વર્ષવાળામાંથી – ચરમશરીરી, તીર્થંકર, ગણધર, ચક્રવર્તિ, બળદેવ અને વાસુદેવ શિવાયના સમજવા ). | ચરમશરીરી (=તદ્દભવ-મુક્તિગામી) જીવો, તીર્થંકર, ગણધર, ચક્રવર્તિ, બળદેવ અને વાસુદેવ. | સર્વદેવ, સર્વ નારકી, અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગળિક મનુષ્યો ને તિર્યંચો; તથા ચરમ શરીરી મહાત્માઓ તીર્થંકર, ગણધર, ચક્રવર્તિ, બળદેવ ને વાસુદેવ. |

**૪. પ્રશ્ન—** કયા જીવને કયું આયુષ્ય હોય ?

**૪. ઉત્તર—** સઘળા દેવતાઓ, સઘળા નારકીઓ તથા અસંખ્યતા વર્ષોના આયુષ્યવાળા યુગળિયા-મનુષ્યો ને તિર્યંચો 'નિરૂપક્રમ અનપવર્ત્તનીય,' આયુષ્યવાળા હોય છે; **ચરમશરીરી** (તેજ ભવમાં તેજ શરીરી દ્વારા મોક્ષે જનારા) મહાત્માઓ, બળદેવો, વાસુદેવો, ચક્રવર્ત્તિઓ, ગણધરો તથા તિર્થંકરોને 'સોપક્રમ-અનપવનીય' તેમજ 'નિરૂપક્રમ-અનપવર્ત્તનીય' એમ બે જાતનાં આયુષ્ય હોય છે. અને બાકીના બધા જીવોને ૧ સોપક્રમ-અપવર્તનીય, ૨ સોપક્રમ-અનપર્તનીય અને ૩ નિરૂપક્રમ-અનપવર્ત્તનીય,-એમ ત્રણે પ્રકારનાં આયુષ્ય (યથા સંભવ) હોય છે.

**૫. પ્રશ્ન—** કયો જીવ કયારે આયુષ્ય બાંધે ? અર્થાત્ દરેક જીવને આયુષ્ય બાંધવાનો એક સરખો જ કાળ કે નિયમ છે કે ફેરફાર છે ?

**૫. ઉત્તર-** દેવતાઓ, નારકીઓ, તથા અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગળિક મનુષ્યો ને યુગળિક તિર્યંચો, પોતાનું છ માસ જેટલું આયુષ્ય બાકી રહે ત્યારે પરભવનું (આગલા ભવનું) આયુષ્ય બાંધે છે. નિરૂપક્રમ (અનપવર્તનીય) આયુષ્યવાળા, પૃથ્વીકાય, અપ્કાય (પાણી), તેઉકાય(અગ્નિ),

વાઉકાય(વાયુ), ને વનસ્પતિકાયના જીવો, દ્વીંદ્રિય-જીવો, ત્રીંદ્રિય જીવો, ચતુરિંદ્રિય જીવો તથા નિરૂપક્રમ આયુષ્યવાળા પંચેદ્રિય જીવો, પોતાના આયુષ્યનો ત્રીજોભાગ બાકી રહે ત્યારે આગામી પરભવનું આયુષ્ય બાંધે છે. (દાખલા તરીકે-ઉક્ત જીવો, પોતાનું જો ૯૯ વર્ષનું આયુષ્ય હોય તો, તેના ૩૩, ૩૩ ના ત્રણ ભાગ થાય, તેમાંથી બે ભાગ ગયા બાદ, એટલે કે, ૬૬ મા વર્ષના પ્રાન્તભાગમાં અને ૬૭મા વર્ષના પ્રારંભકાળમાં આગામી ભવનું આયુષ્ય બાંધે).

વળી સોપક્રમ આયુષ્યવાળા સઘળા જીવો, પોતાના આયુષ્યના ત્રીજે નવમે કે સત્તાવીશમે ભાગે આગામી ભવનું આયુષ્ય (અનિયમિત પણે) બાંધે, ઘણા ગ્રંથોમાં તો આગળ વધીને ૮૧ મે ભાગે અને તેથી આગળ વધતાં વધતાં ૨૪૩ મો ભાગ બાકી રહે ત્યારે તે યાવત્ અંતર્મુહૂર્ત (=બે ઘડી=૪૮ મીનીટ) પ્રમાણ આયુષ્ય બાકી હોય ત્યારે પણ જીવ પરભવનું આયુષ્ય બાંધે. અહિં સાર એ છે કે,-સોપક્રમી આયુષ્યવાળા તમામ જીવો, સામાન્યથી પોતાના આયુષ્યના ત્રીજે ભાગે આગામી ભવનું આયુષ્ય બાંધે, તે પણ ત્રીજે ભાગે જ બાંધે એવો નિયમ નથી. માટે જો ત્રીજે ભાગે ન બાંધે તો નવમે ભાગે બાંધે,

નવમે ભાગે ન બાંધે તો ૨૭ મે ભાગે બાંધે, તે ઠેઠ બે ઘડી બાકી હોય ત્યાં સુધી પણુ જીવ આયુષ્ય બાંધી શકે છે. દાખલા તરીકે–૯૯ વર્ષનો આયુષ્ય-બંધ પડનારો એક જીવ છે, તે ૯૦ ના ત્રણુ ભાગ-માંથી ૬૬ વર્ષ જેટલા બે ભાગ ગયા પછી, ત્રીજા ભાગના ૬૭ માં વર્ષની શરૂઆતમાં આગામી ભવનું આયુષ્ય બાંધે. જો ત્યાં ન બંધાણું તો બાકી રહેલા ૩૩ ના ત્રીજે ભાગે બાંધે. એટલે કે,–૩૩ ના ત્રણુ ભાગમાં ૧૧-૧૧ ના ત્રણુ ભાગ થાય, તેમાં આવતા ૨૩મા વર્ષના આરંભમાં પરભવનું આયુ બાંધે. જો ત્યાં ન બાંધે તો બાકી રહેલા છેલ્લા ૧૧ મા વર્ષની શરૂ-આતમાં બાંધે. એમ કરતાં કરતાં છેલ્લું એક અંત-મુહૂર્ત એટલે બે ઘડી થાને ૪૮ મીનીટ આયુ બાકી રહે ત્યાં સુધી જીવ પરભવનું આયુષ્ય બાંધે છે.

ઉક્ત આયુબંધના કાળમાં ત્રીજો ત્રીજો ભાગ આવે છે અને જેની પર્વતિથિઓ પણુ ત્રીજે ત્રીજે દિવસે આવે છે. આ બાબતમાં અવશ્ય કાંઈ મુદ્દો સમાયેલો છે, અને તે એ છે કે– પર્વતિથિને દિવસે જો જીવ શુભ ભાવનાવાળો હોય તો શુભ આયુષ્યનો બંધ પાડે, એ ઉદ્દેશથી જ્ઞાની ભગવંતોએ પર્વતિથિનું નિર્માણુ કેમ ન કર્યું હોય? જુઓ? બીજ પર્વતિથિ

ત્રીજ ચોથ ખાલી ને પાંચમ પર્વતિથિ, છઠ સાતમ ખાલી ને આઠમ પર્વતિથિ, નોમ દશમ ખાલી ને અગિયારશ પર્વતિથિ, બારશ તેરશ ખાલી ને ચૌદશ પર્વતિથિ. આ રીતે ત્રીજે ત્રીજે દિવસે આવતી પર્વ-તિથિએ દરેક મોક્ષાર્થી આત્માએ ખૂબ ખૂબ ધર્મ-કરણી કરવી જોઇએ, કે જેથી આત્મા તે દિવસે વિશેષે કરીને શુભ પરિણતિવાળો રહે અને શુભગતિનું આયુષ્ય બાંધે. પર્વતિથિએ પણ પાપવૃત્તિવાળો આત્મા હોય તો નીચગતિનું કિલષ્ટ આયુષ્ય બંધાય, માટે પર્વતિથિની સૌ કોઇએ યથાશક્તિ રૂડી આરાધના કરવી. કારણ કે, જ્ઞાનીઓ ફરમાવે છે કે–"પર્વતિથિએ પ્રાયઃ શુભ આયુષ્યનો બંધ પડે છે."

॥ઇતિ આયુષ્યપ્રાણવર્ણનમ્ ॥૭॥

**॥ઇતિ પ્રથમ જીવતત્ત્વ સમાપ્ત॥**



॥सिद्धाचलसुखद-सिद्धाचलतीर्थाधिराजाय नमो नमः॥

## ૨. અજીવતત્ત્વ.

**અવતરણ**—આ પ્રમાણે ✠જીવતત્ત્વનું સ્વરૂપ કહ્યું હવે અજીવતત્ત્વની શરૂઆત કરતાં નીચેની ગાથામાં તેના ચૌદ ભેદ બતાવે છે—

**मूल—**

**धम्मा-ऽधम्मा-ऽऽगासा, तिय-तिय-भेया तहेव अद्धा य ।**
**खंधा देस पएसा परमाणु अजीव चउदसहा ॥८॥**

**અર્થ**:—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણના સ્કંધ દેશ અને પ્રદેશ એવા ત્રણ ભેદો છે, તેમજ કાળ એક ભેદે છે. અને પુદ્ગલાસ્તિકાયના સ્કંધ દેશ પ્રદેશ અને પરમાણુ એવા ચાર ભેદ છે. આ પ્રમાણે અજીવતત્ત્વ ચૌદ પ્રકારે છે. ॥૮॥

**પદ્યાનુવાદ**:— [અજીવતત્ત્વના ૧૪ ભેદ]

અજીવ કેરા ચૌદ ભેદો, જાણ ધર્મ અધર્મને,
આકાશ એ ત્રણ અસ્તિકાયે, ભેદ ત્રણવાળા અને;
એક ભેદે કાળ છે વળી, સ્કંધ દેશ પ્રદેશ ને,
પરમાણુ એ પુદ્ગલતણા, ચઉ ભેદ જાણો શુભ મને. (૯)

---

✠ **જીવ અને અજીવમાં તફાવત**—જીવ અને શરીર એ બે ભિન્ન ભિન્ન વસ્તુ છે, કારણ કે બંનેના ધર્મ (ગુણ) જુદા જુદા છે. જીવનો ધર્મ ચેતના છે અને અજીવનો ધર્મ જડતા છે. જેને સુખદુઃખનું ભાન છે, જેનામાં

मूल—

धम्मा-ऽधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा ।
चलणसहावो धम्मो, थिर-संठाणो अहम्मो य ॥९॥
अवगाहो आगासं, पुग्गल जीवाण पुग्गला चउहा ।
खंधा देस पएसा, परमाणू चेव नायव्वा ॥ १० ॥

**અર્થ**—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એમ અજીવતત્ત્વના મુખ્ય પાંચ ભેદ છે ગતિ કરતા જીવો અને પુદ્ગલોને ગતિમાં સહાય કરવાનો ધર્માસ્તિકાયનો સ્વભાવ છે. સ્થિર રહેતા જીવ અને પુદ્ગલોને સ્થિર રહેવામાં સહાય કરવાનો અધર્માસ્તિકાયનો સ્વભાવ છે. ॥૯॥

જીવો અને પુદ્ગલોને અવકાશ (=જગ્યા) આપવાનો આકાશનો સ્વભાવ છે સ્કંધ, દેશ, પ્રદેશ ને પરમાણુ એ ચાર પ્રકારે પુદ્ગલાસ્તિકાય છે, તે પૂરણ ગલન સ્વભાવવાળો જ્ઞેય ને રૂપી છે ॥૧૦॥

---

લાગણી છે, જેને લઇને હુંપણાનું ભાન થાય છે, તે જીવ કહેવાય છે. શરીરમાં જ્યાં સુધી જીવ–આત્મા છે ત્યાં સુધી જ 'હું સુખી છું, હું દુઃખી છું" એવી લાગણી થાય છે. ત્યાં સુધીજ દરેક ઇંદ્રિયો પોત પોતાના શબ્દ રૂપ રસ ગંધ વગેરે વિષયોને જાણે છે, ત્યાં સુધી જ ગમનાગમનાદિ ક્રિયાઓ થઇ શકે છે, ત્યાં સુધીજ વધવાપણું- નાનામોટા

**પદ્યાનુવાદ—** [પાંચ અજીવ દ્રવ્યો]

જાણ ધર્મ અધર્મ પુદ્ગલ, ને વળી આકાશ એ,
ચાર અસ્તિકાય કાળ જ, અજીવ દ્રવ્યો પાંચ એ;

[ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો સ્વભાવ]

ગતિમાં સહાયક જાણવો, ધર્માસ્તિકાય સ્વભાવ છે,
અધર્માસ્તિકાય સહાયદાયક, સ્થિર રહેવામાંય છે (૧૦)

[આકાશાસ્તિકાય ને પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ]

અવકાશદાયિ સ્વભાવ, આકાશાસ્તિકાય તણો જ છે,
પુદ્ગલોને તેમ જીવોને જ, એ જિન-વાણુ છે;
સ્કંધ દેશ પ્રદેશ ને, પરમાણુ એ ચઉ પુદ્ગલા,
પૂરણુ ગલન સ્વભાવવાળા, જ્ઞેય ને રૂપી ભલા. (૧૧)

## વિવેચન—

[આઠમી નવમી ને દશમા ગાથાનું વિવેચન]

---

થવાપણું છે. શરીરમાંથી જીવ ચાલ્યો જાય એટલે સુખ દુઃખનું ભાન નહિં થાય, કોઇ પણ ઈંદ્રિય પોતાના વિષયને જાણશે નહિં ગમનાગમનાદિ ક્રિયાઓ નહિં થાય, તેમજ શરીરની વૃદ્ધિ પણ નહિં થાય. જીવ અરૂપી હોવાથી, એટલે કે વર્ણ ગંધ રસ ને સ્પર્શ વિનાનો હોવાથી આંખથી દેખાતો નથી, પરંતુ તે છે એ ચોક્કસ છે. તે (જીવ) અનંત જ્ઞાનાદિ અનંત ગુણવાળો છે. સ્વરૂપે શુદ્ધ છે અને અસંખ્ય પ્રદેશી તેમજ અખંડ દ્રવ્યરૂપ છે. વળી જીવ કોઇનો બનાવ્યો બન્યો નથી, તેથી અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનો છે.

**અસ્તિ**=પ્રદેશ. **કાય**=સમૂહ. **અસ્તિકાય**=પ્રદેશોનો સમૂહ. **દ્રવ્ય**=ગુણ અને પર્યાય જેને હોય તે.

**ધર્માસ્તિકાય**=ગતિક્રિયા કરતા જીવો અને પુદ્ગલોને ગતિમાં સહાય કરનાર એક દ્રવ્ય. જો કે જીવો અને પુદ્ગલો પોતાની શક્તિથી ગતિ (=ગમન) કરે છે, છતાં ધર્માસ્તિકાયની સહાયતા વિના ગતિ કરી શકતા નથી, એટલે કે- ગમનક્રિયા કરવાની પોતાની શક્તિને ફોરવી શકતા નથી. જેમ પાણીમાં માછલું પોતાની શક્તિથી ચાલે છે, પાણી કાંઇ ચલાવતું નથી, પરંતુ તે પાણી વિના ચાલી શકતું નથી. તેમ જીવ પોતાની શક્તિથી ગમન કરવા છતાં પણ ધર્માસ્તિકાયની સહાય વિના ગતિક્રિયા કરી શકતો નથી. **ધર્મ**=ગતિસહાયક ગુણ, **અસ્તિ**=પ્રદેશ, **કાય**=સમૂહ. એટલે કે- ગતિસહાયકગુણના પ્રદેશોનો સમૂહ ધર્માસ્તિકાય કહેવાય. જે જીવ અને પુદ્ગલની ગતિમાં અપેક્ષા કારણ[1](દ્રવ્ય) છે. ધર્માસ્તિકાય એ પ્રદેશોના સમૂહરૂપ હોવાથી અસ્તિકાય કહેવાય છે. આ રીતે દરેક અસ્તિકાયમાં સમજવું

**અધર્માસ્તિકાય**=સ્થિતિક્રિયા કરતા જીવો અને પુદ્ગલોને સ્થિર રહેવામાં સહાય કરનાર એક દ્રવ્ય.

---

૧. જે ક્રિયા ન કરે છતાં કારણ તરીકે હોય તે અપેક્ષા-

અહિં પણ જીવો અને પુદ્ગલો પોતાની શક્તિથી જ સ્થિર રહે છે, પરંતુ અધર્માસ્તિકાયની સહાય વિના સ્થિર રહી શકતા નથી, એટલે કે સ્થિર રહેવાની પોતાની શક્તિને ફેરવી શકતા નથી. **અધર્મ**=ગતિસહાયક ગુણથી વિપરીત સ્થિતિસહાયક ગુણ, તેનો **અસ્તિકાય**= તેના પ્રદેશોનો સમૂહ તે અધર્માસ્તિકાય કહેવાય.

**૧. પ્રશ્ન**—ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને શા માટે માનવા જોઇએ? દુનિયામાં કોઇ પણ ધર્મ-કોઇ પણ દર્શન કે મતવાળા ઉક્ત બે દ્રવ્યોને માનતા નથી, તો તમો પણ ન માનો તો શો વાંધો?

---

કારણ' મનાય છે. કારણના ત્રણ પ્રકાર છે. ૧ ઉપદાનકારણ, ૨ નિમિત્તકારણ, અને ૩ અપેક્ષાકારણ. જેમાંથી વસ્તુ ઉત્પન્ન થાય તે **'ઉપાદાન કારણ'** કહેવાય છે. જેમ, માટીમાંથી બનેલા ઘડાનું ઉપાદાન કારણ માટી. જે કારણ ક્રિયા કરતું હોય તે **'નિમિત્તકારણ'** કહેવાય છે. જેમ ઘડાને બનાવવામાં કુંભાર ચક્ર ને દંડ વગેરે નિમિત્ત કારણો છે, જે કારણ ક્રિયા કરતું ન હોય, છતાં પણ તેના વિના જો કાર્ય થતું ન હોય તો તે **'અપેક્ષાકારણ'** કહેવાય છે. જેમ ઘડો બનાવવામાં આકાશ કાળ વગેરે અપેક્ષા કારણ છે, તેમ અહિં ધર્માસ્તિકાય એ જીવ અને પુદ્ગલોની ગતિમાં અપેક્ષાકારણ છે અને જીવ તથા પુદ્ગલોની સ્થિરતામાં અધર્માસ્તિકાયદ્રવ્ય અપેક્ષાકારણ છે.

૧. ઉત્તર—ધર્માસ્તિકાય દ્રવ્ય જો ન હોય તો, જીવો અને પુદ્ગલોની ગતિક્રિયા થઇ શકે નહિં, અને જો અધર્માસ્તિકાય દ્રવ્ય ન હોય તો સ્થિતિક્રિયા= સ્થિરતા થઇ શકે નહિં. આ બન્ને દ્રવ્યો જગતમાં વિદ્યમાન છે, માટે જ જીવો અને પુદ્ગલો ગતિ કરી શકે છે અને ગતિથી વિરામ પણ પામી શકે છે, એટલે કે સ્થિર રહી શકે છે. અહિં સ્થિતિ–સ્થિરતા એટલે ગતિક્રિયાની નિવૃત્તિ એ અર્થ લેવાનો છે. લોક ને અલોકની વ્યવસ્થા તેમજ આખા જગતની વ્યવસ્થા પણ આ બે દ્રવ્યને જ આભારી છે. જેટલા ક્ષેત્રમાં આ બે દ્રવ્ય છે તેટલા ક્ષેત્રનું નામ 'લોક' છે, અને જ્યાં આ બે દ્રવ્ય નથી તે 'અલોક' કહેવાય છે. આ બે દ્રવ્યો જો ન હોય તો લોક અલોકની વ્યવસ્થાજ ન રહે અને તેથી પરમાણુના સ્કંધો બનવા, તથા જીવ અને પુદ્ગલના સંબંધ થવા વગેરે રૂપ જે જગત્‌ની વ્યવસ્થા, તેનો પણ અભાવ થાય. કારણકે, જીવો અને પુદ્ગલો અનંત આકાશમાં વ્હેંચાઇ જાય, પરમાણુના સ્કંધો વગેરે ન થાય, અને તેથી જીવો અને પુદ્ગલોનો સંબંધ પણ ન થાય. આ બે દ્રવ્યો વિદ્યમાન છે, તેથી લોક અને અલોકની વ્યવસ્થા થાય છે, અને તેમ થવાથી પરિમિત લોકપ્રમાણ ક્ષેત્રમાં જ જીવો અને પુદ્ગલોની ગતિ અને સ્થિતિ થાય છે.

અને તેમ થવાથી પરમાણુના સ્કંધો વગેરે બને છે, તેમ જીવો અને પુદ્ગલોનો સંબંધ પણ થાય છે, અને જગતનો વ્યવહાર પણ ચાલ્યા કરે છે.

૨. **પ્રશ્ન**— ગમન ને સ્થિરતામાં શું જીવ ને પુદ્ગલ સ્વયં સમર્થ નથી? કે જેથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયદ્રવ્યથીજ તેમની ગતિ ને સ્થિતિ માનવી પડે છે?

૨. **ઉત્તર**— જો કે જીવ અને પુદ્ગલ બન્ને ગમન ને સ્થિરતા કરવામાં સ્વયં શક્તિશાળી છે, છતાં માછલીને તરવામાં પાણી, પક્ષીને ઉડવામાં વાયુ તથા આંખને દેખવામાં પ્રકાશ વગેરે જેમ ઉપકારી છે, તેમ જીવ અને પુદ્ગલની ગતિ ને સ્થિતિમાં અનુક્રમે ધર્મા૦ ને અધર્મા૦ ઉપકારી દ્રવ્ય છે. માટે ઉક્ત માન્યતા માનવી પડે છે.

આ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બન્ને અખંડ દ્રવ્યો છે. જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ને શબ્દરહિત (અરૂપી) છે; ચૌદ રાજલોકમાં સર્વત્ર વ્યાપક હોવાથી ચૌદ રાજલોકપ્રમાણ છે, અસંખ્ય પ્રદેશી છે; ભૂત, ભવિષ્ય ને વર્તમાન એમ ત્રણે કાળમાં કાયમ રહેનાર શાશ્વત પદાર્થ છે અને બન્ને દુધ ને સાકરની જેમ મળીને રહેલ છે. તે બન્નેના ત્રણ ત્રણ ભેદ છે. ૧ સ્કંધ ૨ દેશ ને ૩ પ્રદેશ.

## ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાયની ઉપકારિતા.

ભાષા, ઉચ્છ્વાસ ને મન વગેરેના પુદ્ગલોનું ગ્રહણ તથા વિસર્જન, તેમજ કાયયોગ આદિથી થતી સકલ ચલક્રિયાઓમાં ધર્માસ્તિકાયનો ઉપકાર છે; અને બેસવામાંઉભા રહેવામાં, તથા ચિત્તની સ્થિરતા વગેરે સ્થિર ક્રિયાઓમાં અધર્માસ્તિકાય ઉપકારક છે.

**આકાશાસ્તિકાય**=જીવો અને પુદ્ગલોને અવકાશ (=આશ્રય) આપનાર દ્રવ્ય. આ લોક, અનંતાનંત જીવો અને અનંતાનંત પુદ્ગલોથી ભરેલો છે. આકાશાસ્તિકાય દ્રવ્ય હોવાથી આ સઘળી વસ્તુઓ એક બીજાને બાધા ન થાય, અર્થાત્ હરકત ન આવે તેવી રીતે રહી શકે છે. આકાશાસ્તિકાયનો એવો સ્વભાવ છે કે, તે તમામ વસ્તુઓને પોતામાં સમાવી દે છે. ધર્માસ્તિકાય તેમજ અધર્માસ્તિકાયને પણ આકાશા૦ અવકાશ આપે છે. આ દ્રવ્ય જો ન હોય તો નિરાબાધપણે આ સઘળી વસ્તુઓ રહી શકે નહિં. આ આકાશાસ્તિકાય લોકાલોકવ્યાપી, અનંત પ્રદેશી; વર્ણ, ગંધ, રસ ને સ્પર્શરહિત, અરૂપી તેમજ ત્રિકાળવર્ત્તિ—શાશ્વત દ્રવ્ય છે. આ આકાશદ્રવ્ય લોકાકાશ ને અલોકાકાશ એમ બે પ્રકારે છે. ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય જેટલા આકાશમાં રહેલ છે તેટલા આકાશનું નામ 'લોકાકાશ'

અને તે શિવાયનું 'અલોકાકાશ' કહેવાય છે. લોકાકાશ ૧૪ રાજલોક પ્રમાણ ને અસંખ્ય યોજનવાળું છે. વળી પગ પ્હોળા કરીને કેડે હાથ દઇને ઉભેલા પુરૂષના આકારે લોકાકાશ છે અને પોલા ગોળા સરખું અલોકાકાશ છે. કારણકે, તેમાં લોકાકાશ જેટલું પોલાણ છે અને લોકાકાશની ચોગડદમ અનન્ત અલોકાકાશ છે અલોકમાં ફક્ત એક આકાશદ્રવ્ય જ છે અને લોકાકાશમાં સકલ દ્રવ્યો છે.

લોકાકાશમાં ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય હોવાથી જીવો તેમજ પુદ્ગલો છુટથી ગમનાગમનાદિ કરી શકે છે, પરંતુ ઇંદ્ર જેવા સમર્થ દેવો પણ પોતાના હાથ-પગનો એક અંશ પણ અલોકમાં પેસારી શક્તા નથી, લોકનો અંત આવે ત્યાં જ શક્તિ કુંઠિત બની જાય છે, કારણકે અલોકમાં ધર્મા૦ કે અધર્મા૦ નથી, અને તેથીજ મુક્ત આત્માઓ પણ લોકના અગ્રભાગે જઇને ત્યાંજ થંભી જાય છે.

**પુદ્ગલાસ્તિકાય**=મળવા ને વિખરવાના સ્વભાવવાળું; પરમાણુ, દ્વિપ્રદેશ સ્કંધ, ત્રિપ્રદેશસ્કંધ યાવત્ સંખ્યાત અસંખ્યાત કે અનંત પરમાણુઓના બનેલા સ્કંધસ્વરૂપ; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. શબ્દ ને રૂપવાળું; અને જીવોને પૌદ્ગલિક સુખ દુઃખાદિ આપવાના સ્વ-

ભાવવાળું પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય છે. તેના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ છે

(પુદ્=પૂરણ, ગલ=ગલન. અર્થાત્ પૂરણ ને ગલન જેમાં થાય તે 'પુદ્‌ગલ કહેવાય. પૂરણ=પૂરાવું યા મળવું અને ગલન=ગળવું, ઝરવું, વિખરાઇ જવું યા છુટા પડવું.)

**સ્કંધ**=આખો ભાગ. અથવા કોઇ પણ દ્રવ્યનો પ્રદેશવાળો કે અવયવોવાળો જે સંપૂર્ણ ભાગ તે 'સ્કંધ' કહેવાય.

જેમકે,– ચૌદ રાજલોકપ્રમાણુ અખંડ જે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય, તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો સ્કંધ કહેવાય; તથા લોકાલોકપ્રમાણ અખંડ જે આકાશાસ્તિકાય દ્રવ્ય તે આકાશાસ્તિકાયનો સ્કંધ કહેવાય. આ બધા દ્રવ્યોના સ્કંધો પ્રદેશના સમૂહ-રૂપ છે. બે પરમાણુના બનેલા સ્કંધો, ત્રણ પરમા-ણુના બનેલા સ્કંધો, એમ એક એક વધારતાં યાવત્ અનંત અને અનંતાનંત પરમાણુ સુધીના બનેલા પુદ્‌ગલાસ્તિકાયના પરમાણુરૂપ અવયવવાળા અનંતા સ્કંધો છે. જગતમાં એવા પ્રકારની કોઇ વસ્તુ નથી કે– જેનો સંયોગ થવાથી જીવ, ધર્મ, અધર્મ કે આકાશ પૈકી કોઇની પણ ઉત્પત્તિ થાય. કારણકે એ ચારે અસંખ્ય કે અનંતપ્રદેશી અખંડ દ્રવ્યો છે.

એ દ્રવ્યો કદાપિ ઉત્પન્ન થયાં નથી, એટલે તેઓનો નાશ પણ થવાનો નથી. જીવ, ધર્મ, અધર્મ અને લોકાકાશ અસંખ્યપ્રદેશી છે અને અલોકાકાશ અનંતપ્રદેશી છે એમ જે કહેવાય છે તેમાં અસંખ્ય કે અનંતપ્રદેશો કલ્પનાએ છે卐. કેવળજ્ઞાન વડે પણ જેના બે ભાગ ન થઈ શકે તેવા તેઓના સૂક્ષ્મ

卐 અહિં કહેવાનો સાર એ છે કે— બુદ્ધિથી એના સૂક્ષ્મતમ અંશોની કલ્પના કરતાં તેટલી સંખ્યા આવે છે, માટે જીવ, ધર્મ, અધર્મ અને લોકાકાશ અસંખ્યપ્રદેશી અને અલોકાકાશ અનંતપ્રદેશી કહેવાય છે. પરંતુ અસંખ્ય કે અનંત જુદા જુદા પ્રદેશો મળીને તે થયેલ છે માટે તે અસંખ્યપ્રદેશી કે અનંતપ્રદેશી કહેવાય છે એમ નથી. જેમ ચાર હાથની પત્થરની અખંડ શિલા હોય, તેને બુદ્ધિથી ચાર હાથ પ્રમાણની કલ્પીને કહી શકાય છે, પરંતુ એક એક હાથના ચાર ટુકડા ભેગા કરીને કરેલ છે, એવો તેનો અર્થ નથી આ વાત ધર્મ અધર્મ આકાશ ને જીવમાં પણ સમજવાની છે. પુદ્‌ગલાસ્તિકાય તો સંખ્યાત અસંખ્યાત કે અનંતા અંશોથી–પરમાણુથી બનેલ છે, માટે તે સંખ્યાત–પ્રદેશી અસંખ્યાતપ્રદેશી કે અનંતપ્રદેશી સ્કંધ કહેવાય છે. ફરક એટલો છે કે— આ અંશ સ્કંધસબંદ્ધ હોય ત્યારે પ્રદેશ કહેવાય છે અને છુટો પડે ત્યારે પરમાણુ કહેવાય છે. ધર્મ અધર્મ આકાશ ને જીવના સૂક્ષ્મતમ–અવિભાજ્ય અંશો-

અંશો બુદ્ધિથી કલ્પી શકાય છે. પુદ્ગલમાં તેમ નથી. તેના છુટા પરમાણુઓ છે. બે પરમાણુનો સંયોગ થવાથી બે પરમાણુના બનેલા અનંતા સ્કંધો છે, એવી રીતે ત્રણ, ચાર, સંખ્યાત, અસંખ્યાત, અનંત તેમજ અનંતાનંત પરમાણુઓનો સંયોગ થવાથી બનેલા દરેકના અનંતા અનંતા સ્કંધો છે; વળી એ સ્કંધોમાં નવા પરમાણુઓના મળવાથી અને પ્હેલાના પરમાણુઓના વિખરાવાથી–છૂટા પડી જવાથી, વધઘટ પણ થયા કરે છે. કોઇ વખત એ સ્કંધો તદ્દન વિખરાઇ પણ જાય છે; એટલે કે પુદ્ગલોના સ્કંધો ઉત્પન્ન થાય છે અને નાશ પણ પામે છે, અને તેથીજ "પુદ્ગલોના મળવાથી જે પુષ્ટ થાય અને જુદા પડવાથી જે ક્ષીણ થાય તે સ્કંધ કહેવાય" એ સ્કંધનો અર્થ પુદ્ગલાસ્તિકાયમાં જ ઘટી શકે છે.

આપણે જે સ્કંધો નિહાળી શકીએ છીએ તે અનંત પરમાણુઓના બાદર (=સ્થૂલ) સ્કંધો છે. કારણ કે– એક પરમાણુથી માંડીને અસંખ્ય પરમાણુઓના સ્કંધો તથા અનંત પરમાણુઓના સૂક્ષ્મ-(પરિણામી) સ્કંધોને ચર્મચક્ષુ ગ્રહણ કરી શકતી નથી-નિહાળી શકતી નથી, ફક્ત બાદર પરિણામવાળા

પ્રદેશો તેનાથી છુટા પડતા નથી, માટે તે પ્રદેશો જ કહેવાય છે પણ પરમાણુ કહેવાતા નથી.

અનંત પરમાણુના સ્કંધોને જ નિહાળી શકે છે.

**દેશ**=સ્કંધની સાથે સંબંધવાળો કલ્પેલો (=બુદ્ધિથી ધારેલો) અમુક ભાગ. જેમકે ધર્માસ્તિકાયનો અમુક પ્રમાણ કલ્પેલો જે ભાગ તે ધર્માસ્તિકાયનો દેશ કહેવાય. એ રીતે દરેક દ્રવ્યનો અમુક પ્રમાણનો કલ્પેલો જે ભાગ તે દેશ કહેવાય. સ્કંધની સાથેના સંબંધવાળો કલ્પેલો અમુક ભાગ દેશ કહેવાતો હોવાથી દેશનું પ્રમાણ અનિયત છે, કારણ કે તે કલ્પના કરનાર ઉપર આધાર રાખે છે.

**પ્રદેશ**= વસ્તુનો છેલ્લી કોટીનો ઝીણામાં ઝીણો વસ્તુસંબદ્ધ ભાગ. અથવા સર્વજ્ઞના જ્ઞાનરૂપી આરિસામાં પણ જેનો 'આ ભાગ કે આ ભાગ' એવો ભાસ ન થાય તેવો સ્કંધની સાથે મળેલો સ્કંધનો અવિભાજ્ય સૂક્ષ્મતમ જે અંશ તે '**પ્રદેશ**' કહેવાય છે. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને લોકાકાશાસ્તિકાયના અસંખ્ય પ્રદેશ છે અને એ ચારેયના પ્રદેશો સરખા છે. આકાશાસ્તિકાયના અનંતા પ્રદેશો છે અને પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અનિયત છે; કારણ કે- સંખ્યાતા અસંખ્યાતા તેમજ અનંતા પ્રદેશો પણ પુદ્ગલાસ્તિકાયને હોય છે. સ્કંધના સૂક્ષ્મતમ અવયવરૂપ પ્રદેશ છે, માટે તેનો સ્કંધની સાથે નિયત સંબંધ છે.

卐**પરમાણુ=** (પરમ=અત્યંત સૂક્ષ્મ, અણુ=અંશ). કેવળજ્ઞાનીની દ્રષ્ટિએ પણ જેના બે ભાગ ન થઈ શકે તેવો, સ્કંધથી છુટો પડેલો અત્યંત સૂક્ષ્મ અંશ.

**પરમાણુ અને પ્રદેશમાં તફાવત—**

જોકે પ્રદેશ અને પરમાણુનું કદ સરખું છે, છતાં પ્રદેશ જ્યારે સ્કંધ સાથે સંબંધ ધરાવે છે ત્યારે પરમાણુ સ્કંધથી ન્યારો છે,–સ્કંધ સાથે સંબંધ રાખતો નથી. એટલે કે–પરમાણુ એ પુદ્ગલસ્તિકાયના સ્કંધથી છુટો પડેલો છેલ્લી કોટીનો ઝીણામાં ઝીણો અવયવ–અંશ યા વિભાગ છે અને પ્રદેશ એ સ્કંધ સંબદ્ધ સૂક્ષ્મતમ વિભાગ છે.

---

卐 પરમાણુ એ નિત્ય તેમજ સૂક્ષ્મતમ પુદ્ગલદ્રવ્ય છે. જે દરેક પૌદ્ગલિક કાર્યનું અંતિમ કારણ છે. જેમાં કોઇ પણ એક વર્ણ, એક રસ, એક ગંધ ને અવિરોધી બે સ્પર્શ હોય છે. વળી જે કાર્યથી જાણી શકાય છે. વાસ્તવિક દ્રષ્ટિએ તો પરમાણુ જ પુદ્ગલદ્રવ્ય છે અને સ્કંધ દેશ ને પ્ર શ તો,– પુદ્ગલ-પરમાણુના વિકારરૂપજ છે; કારણકે– ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ પુદ્ગલા૦ જીવા૦ ને કાળરૂપ છ દ્રવ્યો પૈકી, જીવા૦ અને પુદ્ગલા૦ એ બે દ્રવ્યો વિભાવસ્વભાવિ છે, તેમાં દેવત્વ–મનુષ્યત્વ વગેરે જીવના અને સ્કંધ–દેશ–પ્રદેશ એ પુદ્ગલના વિભાવ સ્વભાવો છે. માટે તત્ત્વતઃ પરમાણુ એજ પુદ્ગલ છે અને સ્કંધ દેશ ને પ્રદેશ તો ઉપચારથી (વ્યવહારથી) પુદ્ગલ કહેવાય છે.

**પ્રશ્ન—** પુદ્ગલાસ્તિકાયનો પરમાણુસ્વરૂપ ચોથો ભેદ માનો છો, તો ધર્મ-અધર્મ-આકાશ ને જીવાસ્તિકાયનો પરમાણુસ્વરૂપ ચોથો ભેદ કેમ નથી માનતા?

**ઉત્તર—** પરમાણુ એ ભેદ પુદ્ગલાસ્તિકાયનો જ છે, કારણકે તેના છુટા પરમ-અણુઓ પણ જગતમાં અનંતા છે, તેમજ સ્કંધોમાંથી અનંતા છુટા પણ પડે છે. જીવ, ધર્મ અધર્મ ને આકાશ પૈકી કોઇના પ્રદેશો કદાપિ છુટા પડતા નથી, તેથી તેઓનો પરમાણુ એવો (ચોથો) ભેદ મનાતો નથી. કારણકે જીવ, ધર્મ, અધર્મ, ને આકાશ એ ચાર દ્રવ્યો એવાજ પ્રકારના કોઇ પરમાણુઓનો સંયોગ થવાથી બનેલા નથી, પરંતુ ત્રણે કાળમાં એક પ્રદેશ પણ જેમાંથી છુટો ન પડી શકે તેવા શાશ્વત સંબંધવાળા અખંડ દ્રવ્યો છે. જે એવાજ પ્રકારના સ્વયોગ્ય પરમાણુઓના સમૂહથી બનેલા હોય તેમાંથી જ પ્રદેશો છુટા પડી શકે છે, યાવત્ તે સમૂહ-સ્કંધ સંપૂર્ણપણે વિખરાઇ પણ જાય છે. પરમાણુ એ ભેદ પણ તે( પુદ્ગલ )નો જ સંભવે છે; અને તેથીજ પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદ મનાય છે, અને જીવ ધર્મ અધર્મ ને આકાશ એ ચારના ત્રણ ત્રણ ભેદ મનાય છે પરંતુ પરમાણુસ્વરૂપ ચોથો ભેદ મનાતો નથી.

**કાળ**=નવીન વસ્તુને જીર્ણ કરવાના સ્વભાવવાળું દ્રવ્ય.

ભૂતકાળનો નાશ થયેલ હોવાથી અને ભવિષ્યકાળ ઉત્પન્ન થયેલ નહિં હોવાથી, **વર્ત્તમાન એક સમયરૂપ કાળ છે,** તેથીજ તેના સ્કંધ દેશ અને પ્રદેશરૂપ ભેદો થઈ શકતા નથી. વળી પ્રદેશો નહિં હોવાથી અસ્તિકાય પણ કહી શકાતો નથી.અહિં અસ્તિકાય એટલે પ્રદેશનો સમૂહ એ અર્થ છે.

## કાળ શા માટે માનવો જોઇએ ?

વર્ત્તના, ક્રિયા, પરિણામ અને પરત્વાપરત્વમાં કાળ(દ્રવ્ય) કારણ છે, માટે કાળ માનવો જોઈએ.

**વર્ત્તના**= દરેક દ્રવ્યનું ( સાદિ–સાંત આદિ ભાંગે ) પોતપોતાના સ્વરૂપમાં રહેવું તે.

**ક્રિયા**= પદાર્થોની થયેલી, થતી અને થવારૂપ ચેષ્ટા યા પ્રવૃત્તિ.

**પરિણામ**= નવીનતા ને જીર્ણતાદિરૂપે જે રૂપાંતર થવું તે. આ રૂપાંતર ( એટલે પરિણમન ) પ્રયોગ. વિસ્રસા ને મિશ્રસાથી થાય છે. **પ્રયોગ**= જીવપ્રયત્ન. **વિસ્રસા**=સ્વભાવ. **મિશ્રસા**=ઉભય. અર્થાત્ પ્રયત્નથી, સ્વભાવથી અથવા પ્રયત્ન–સ્વભાવ ઉભયથી દ્રવ્યમાં જે નવીનતા કે જીર્ણતાદિ પરિણમન થાય છે, એટલે કે નવાપણું કે જુનાપણું વગેરે રૂપાંતર થાય છે, તે **પરિણામ** કહેવાય છે. જેમકે–

જીવના પ્રયત્નથી થયેલ શરીર વગેરેનો જે પરિણામ તે **પ્રયોગપરિણામ** કહેવાય. જીવના પ્રયોગ શિવાય ફક્ત અજીવદ્રવ્યના સહજરીતે થતા પરમાણુ–સ્કન્ધો, ઇન્દ્રધનુષ તથા વાદળાં વગેરે **વિસ્રસાપરિણામ** કહેવાય, અને પ્રયોગ તેમજ વિસ્રસા વડે જીવયત્ન સહિત અજીવદ્રવ્યનો જે પરિણામ તે **મિશ્રપરિણામ** કહેવાય. જેમકે-મૃતકદેહ, વગેરે.

**પરત્વાપરત્વ**=આ પ્હેલાં થયેલ છે, આ પછી થયેલ છે; અથવા આ નાનો છે, આ મોટો છે, એવો વ્યવહાર જેનાથી થાય તે.

દ્રવ્યના ઉપર્યુક્ત વર્ત્તનાદિ પર્યાયો 'કાળ' શબ્દથી વ્યવહરાય છે–કહેવાય છે વળી કાળદ્રવ્ય હોવાથી જ દ્રવ્યોની વર્ત્તના વગેરે ઘટી શકે છે, માટે કાળ નામનો પદાર્થ માનવો જોઇએ.

**卐કાળના મુખ્ય બે ભેદ છે–૧. નૈશ્ચયિક કાળ અને ૨. વ્યાવહારિક અર્થાત વ્યવહાર કાળ.**

卐 કાળના સંબંધમાં અનેક પ્રકારના વિચારો શાસ્ત્રમાં મળે છે. જે 'કાળલોકપ્રકાશ' નામના ગ્રંથમાં સંગ્રહિત છે. અહિં ફક્ત અતિસંક્ષિપ્ત સાર પ્રસંગોપાત્ત કહીએ છીએ- લોકસ્વભાવથી ચંદ્ર સૂર્ય આદિ જ્યોતિશ્ચક્ર મનુષ્યક્ષેત્રમાં ફરે છે અને તેની ગતિથી કાળના ભેદો પડે છે. આ બાબતમાં કેટલાક આચાર્યો એમ માને છે કે- " જીવાદિ દ્રવ્યના વર્ત્તનાદિ પર્યાયો એ કાળ છે, પરંતુ તે( પર્યાય )થી કાળ

નૈશ્ચયિકકાળ સમયરૂપ છે, અને સૂર્યની ગતિથી આવલી, મુહૂર્ત વગેરે જે કાળના વિભાગો મનાય

---

નામનુ જુદુ દ્રવ્ય નથી. વસ્તુતઃ કાળ એ દ્રવ્ય નથી પરંતુ વર્ત્તનાદિ પર્યાયસ્વરૂપ છે, છતાં પર્યાયોનો દ્રવ્યથી કથંચિત્ અભેદ હોવાથી વર્તનાદિપર્યાયોમાં કાળનો દ્રવ્ય તરીકે આરોપ કરીને કાળને દ્રવ્ય કહેવામાં આવે છે.

કાળના મુખ્ય બે ભેદ છે- નૈશ્ચયિકકાળ ને વ્યવહારકાળ. નૈ યિક કાળની માન્યતામાં બે મતભેદ છે. તેમાં પ્રથમ મત એ છે કે.- નૈશ્ચયિકકાળ દ્રવ્યોના વર્ત્તનાદિ પર્યાયસ્વરૂપ હોવાથી, જીવદ્રવ્યના વર્ત્તનાદિપર્યાયોરૂપ જે કાળ તે જીવ ગણાય; અને અજીવ દ્રવ્યોની વર્ત્તનાદિ પર્યાયોરૂપકાળ અજીવ ગણાય. આ રીતે કાળદ્રવ્ય જો કે જીવાજીવ સ્વરૂપ છે, છતાં પણ જીવદ્રવ્ય કરતાં અજીવદ્રવ્યો અનંતગુણા હોવાથી બહુલતાની અપેક્ષાએ કાળને સામાન્યતઃ 'અજીવ' ગણેલ છે.આ નૈશ્ચયિક-કાળ લોકાલોકવ્યાપ્ત છે અને સમય, મુહૂર્ત આદિરૂપ જે વ્યવહાર કાળ તે અઢીદ્વીપપ્રમાણ મનુષ્યક્ષેત્રમાં જ છે.

બીજો મત એ છે કે, -(ઋજુસૂત્રનયની અપેક્ષાએ) વર્ત્તમાન એક સમયરૂપ નૈશ્ચયિક કાળ છે. કારણ કે ભૂતકાળ પસાર થયેલ હોવાથી અને ભવિષ્યકાળ આવેલ નહિં હોવાથી ભૂત-ભવિષ્ય બન્ને અવિદ્યમાન છે, માટે વિદ્યમાન વર્ત્તમાન કાળ તે નૈશ્ચયિકકાળ કહી શકાય. કાલલોક-પ્રકાશમાં પણ આજ વાત છે. જુઓ—

છે, તે વ્યાવહારિક કાળ છે. (વ્યવહાર કાળનું સ્વરૂપ ૧૨ મી ને ૧૩ મી ગાથાથી જાણવું).

---

**—"वर्त्तमानः पुनर्वर्त्त,-मानैकसमयात्मकः।**
**असौ नैश्चयिकः सर्वोऽप्यन्यस्तु व्यावहारिकः॥ १॥"**

**અર્થ:—**વિદ્યમાન એક સમયરૂપ જે વર્ત્તમાનકાળ તે નૈશ્ચયિક કાળ છે અને બાકીનો બીજો બધો (આવલિકા-મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ આદિરૂપ) વ્યાવહારિકકાળ છે.

આ કાળની બાબતમાં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ **હેમચંદ્ર-સૂરી** મહારાજ **યોગશાસ્ત્ર**માં નીચે મુજબ જણાવે છે-"લોકા-કાશના પ્રદેશમાં રહેલા અને પદાર્થોની પરિવર્ત્તના (=નવ-પુરાણતા)ને માટે, ભિન્ન એવા જે **કાળના પરમાણુઓ તે મુખ્યકાળ (=નિશ્ચયકાળ) કહેવાય છે;** અને જ્યોતિષ-શાસ્ત્રમાં જેનું પ્રમાણ **સમય ઇત્યાદિ** કહેવાય છે, તેને કાળવેત્તાઓએ (=સર્વજ્ઞોએ) **વ્યાવહારિકકાળ માનેલ છે.** વળી ત્રણ ભુવનમાં જે આ પદાર્થો નવા-જુનાપણે પરિ-વર્ત્તન પામે છે, તે કાળનું જ ચેષ્ટિત(=કાર્ય) છે. તથા કાળની ક્રીડાવડે વિટંબણા પામેલા પદાર્થો એટલે કે- કાળના પ્રતાપે પદાર્થો વર્ત્તમાન હોય તે અતીતપણું પામે છે અને ભવિષ્યકાળમાં થનારા પદાર્થો (પણ કાળાંતરે) વર્ત્તમાનપણું પામે છે." માટે કાળ નામનો પદાર્થ માનવો જોઇએ.

આ પ્રમાણે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણેના સ્કંધ દેશ અને પ્રદેશ એમ ત્રણ ત્રણ ભેદ થવાથી કુલ નવ ભેદ થાય છે. કાળનો એકજ ભેદ છે અને પુદ્ગલાસ્તિકાયના સ્કંધ દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ થાય છે. એ રીતે અજીવતત્ત્વના (૯+૧+૪=૧૪) કુલ ચૌદ ભેદ થાય છે.

ઉક્ત અજીવતત્ત્વના ૧૪ ભેદોમાં ૧.ધર્માસ્તિકાય ૨.અધર્માસ્તિકાય, ૩.આકાશાસ્તિકાય, ૪.પુદ્ગલાસ્તિકાય, ૫ જીવાસ્તિકાય નેં ૬. કાળ એ છ દ્રવ્યો (=પદાર્થો) મુખ્ય છે. તેમાં શરૂઆતના પાંચ અસ્તિકાયો છે અને છઠ્ઠા કાળનો અસ્તિકાય નથી. કારણકે તેમાં અસ્તિકાયનો (પ્રદેશોના સમૂહરૂપ) પારિભાષિક અર્થ ઘટતો નથી, તેથી સિદ્ધાન્તમાં પણ 'પંચાસ્તિકાય' શબ્દ પ્રસિદ્ધિ પામેલ છે.

ઉક્ત છ દ્રવ્યોમાં અજીવદ્રવ્યો પાંચ છે અને જીવાસ્તિકાય એ જીવદ્રવ્ય છે.

**પ્રશ્ન—** જીવાસ્તિકાય જીવદ્રવ્ય છે, તો તેને અજીવતત્ત્વના પ્રકરણમાં કેમ લીધું ?

**ઉત્તર—** અસ્તિકાયના સાધર્મ્યથી, એટલે કે ધર્મ, અધર્મ, આકાશ ને પુદ્ગલ એ ચારની સાથે પાંચમા જીવને પણ અસ્તિકાય તરીકે અહિં લીધેલ છે.

**દ્રવ્યનાં લક્ષણ**—(૧) ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એ ત્રણે સમયે સમયે જેમાં ઘટી શકતાં હોય તે '**દ્રવ્ય**' કહેવાય, અથવા (૨) ગુણ અને પર્યાયવાળું હોય તે '**દ્રવ્ય**' કહેવાય.

**—પ્રથમ દ્રવ્યલક્ષણની ઘટના—**

**ઉત્પાદ**= તે તે પર્યાયની ઉત્પત્તિ. **વ્યય**=જુના પર્યાયનો નાશ. અને **ધ્રુવ**=મૂળતત્ત્વ યાને વસ્તુરૂપે સ્થિરતા. દાખલા તરીકે,— એક મનુષ્ય મરીને દેવ થયો, તેમાં મનુષ્યપર્યાયનો નાશ, દેવપર્યાયની ઉત્પત્તિ અને બન્નેમાં મૂળતત્ત્વસ્વરૂપ આત્માની સ્થિરતા હોવાથી આત્મા એ દ્રવ્ય છે. એ પ્રમાણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયમાં પણ ઘટાવી લેવું. કાળ એ વર્ત્તમાન સ્વરૂપ હોવાથી તેમાં ઉપરના ઉત્પાદાદિ ત્રણે ઘટી શકશે નહિં; કારણકે- કાળ એ મુખ્ય દ્રવ્યસ્વરૂપ નથી, પરંતુ જીવ અને અજીવના વર્ત્તનાદિ પર્યાયસ્વરૂપ છે, અને તેથીજ જીવ ને અજીવના પર્યાયરૂપ કાળ કહેવાય છે. પર્યાયો દ્રવ્યથી અભિન્ન હોવાથી (અથવા પર્યાયનયની અપેક્ષાએ મુખ્ય પર્યાય હોવાથી) ,પર્યાયમાં દ્રવ્યનો આરોપ કરીને કાળને દ્રવ્ય કહેલ છે.

**૨. દ્રવ્યનું લક્ષણ- ગુણ અને પર્યાયવાળું જે હોય તે દ્રવ્ય કહેવાય છે.**

### બીજા દ્રવ્યલક્ષણની ઘટના—

**ગુણ=** દ્રવ્ય જ્યાં સુધી છે ત્યાં સુધી દ્રવ્યની સાથે કાયમ રહેનાર ધર્મ. જેમકે– આત્માની સાથે કાયમ રહેનારા જ્ઞાનાદિધર્મો એ આત્માના ગુણો કહેવાય.

**પર્યાય=** અનુક્રમે થનારી દ્રવ્યની ભિન્ન ભિન્ન અવસ્થાઓ જેમકે,— આત્માની મનુષ્ય ને દેવ વગેરે ભિન્ન ભિન્ન અવસ્થાઓ તે આત્માના પર્યાય કહેવાય.

### ૬ દ્રવ્યોમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ગુણ અને સંસ્થાન (=આકૃતિ).

**૧. ધર્માસ્તિકાય દ્રવ્ય—** દ્રવ્ય (=સંખ્યા)થી એક છે, ક્ષેત્રથી–સંપૂર્ણ લોકાકાશપ્રમાણ છે, કાળથી-અનાદિ અનંત છે, ભાવથી– વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ રહિત અરૂપી છે, ગુણથી– ગતિસહાયક ગુણયુક્ત છે, અને સંસ્થાનથી– લોકાકૃતિ તુલ્ય છે, અર્થાત્ વજ્રાકારે રહેલા લોકાકાશ સરખા આકાર યુક્ત છે.

**૨. અધર્માસ્તિકાય દ્રવ્ય—** ગુણથી- સ્થિતિ સહાયક ગુણયુક્ત છે. બાકી બધું ધર્માસ્તિકાયની જેમ સમજવું.

**૩. આકાશાસ્તિકાય દ્રવ્ય—** દ્રવ્યથી- એક છે, ક્ષેત્રથી– લોકાલોકપ્રમાણ છે, કાળથી– અનાદિ અનંત છે, ભાવથી– વર્ણાદિ રહિત હોવાથી અરૂપી છે, ગુણથી– અવકાશદાન ગુણયુક્ત છે. અને સંસ્થાનથી ઘન અને નક્કર ગોળાના આકારે છે.

૪. **પુદ્ગલ અને પુદ્ગલાસ્તિકાયો**— દ્રવ્યથી- અનંત છે, ક્ષેત્રથી— સમગ્ર* લોકપ્રમાણ છે, કાળથી- અનાદિ અનંત છે, ભાવથી- વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અને શબ્દસહિત રૂપી છે, ગુણથી- પુરણ-ગલન સ્વભાવ (તેમજ વિવિધ પરિણામ) યુક્ત છે, અને સંસ્થાનથી- પરિમંડલ વગેરે પાંચ જાતની આકૃતિવંત છે. (જેમકે-પરિમંડળ=બંગડી જેવું ગોળ, વર્તુલ= થાળી કે ગોળા જેવું ગોળ, ત્રિકોણ= ત્રણ ખુણાવાળું, ચતુરસ્ર= ચાર ખુણાવાળું ને દીર્ઘ =લાંબુ).

૫. **જીવાસ્તિકાયો**— દ્રવ્યથી- અનંત, ક્ષેત્રથી- સમગ્ર લોકપ્રમાણ, કાળથી- અનાદિ અનંત, ભાવથી- એક જીવની અપેક્ષાએ જઘન્ય અંગુલનો અસંખ્યાત-મો ભાગ, અને ઉત્કૃષ્ટથી એક કે અનેક જીવની અપેક્ષાએ વર્ણાદિ રહિત અરૂપી, ગુણથી-જ્ઞાન દર્શનાદિ ગુણયુક્ત તથા સંસ્થાનથી- શરીર સરખી વિવિધ આકૃતિરૂપ છે.

૬. **કાળ દ્રવ્ય**— દ્રવ્યથી અનંત, ક્ષેત્રથી- અઢી દ્વીપ પ્રમાણ, કાળથી-અનાદિ અનંત, ભાવથી- વર્ણાદિ રહિત અરૂપી. અને ગુણથી- વર્ત્તનાદિ પર્યાયરૂપ છે. અને સંસ્થાનથી રહિત કાળ છે, અર્થાત્ કાળને આકાર નથી.

---

* અચિત મહાસ્કંધની અપેક્ષાએ અથવા સમગ્ર પુદ્ગલ સમૂહની અપેક્ષાએ ઉક્ત કથન છે.

# ૬ દ્રવ્યોમાં દ્રવ્યાદિક ૬ માર્ગણાનું યંત્ર.

| દ્રવ્યોનાં નામ | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાળથી | ભાવથી | ગુણથી | સંસ્થાન |
|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિ કાય | ૧ | ૧૪ રાજલોક પ્રમાણ | અનાદિ-અનંત. | અરૂપી | ગતિ સહાયક. | લોકાકાશ |
| અધર્માસ્તિ-કાય. | ૧ | ,, | ,, | ,, | સ્થિતિ-સહાયક | ,, |
| આકાશા-સ્તિકાય. | ૧ | લોકા-લોક-પ્રમાણ | ,, | ,, | અવકાશ દાયક. | ઘનગોલક |
| પુદ્ગલાસ્તિ-કાય | અનન્ત | ૧૪ રાજલોક પ્રમાણ. | ,, | રૂપી | પૂરણ ગલન સ્વભાવી. | મંડલાદિ પાંચ |
| જીવાસ્તિ-કાય | અનન્ત | ,, | ,, | અરૂપી | જ્ઞાનાદિ૦ | દેહાકાર |
| કાળ. | અનન્ત | અઢી દ્વીપ પ્રમાણ | ,, | ,, | વર્ત્તનાદિ૦ | ૦ |

## અજીવ તત્ત્વના ૧૪ ભેદનો કોઠો.

| | | |
|---|---|---|
| ૧. ધર્માસ્તિકાય-(સ્કંધ).<br>૨. ધર્માસ્તિકાય-દેશ.<br>૩. ધર્માસ્તિકાય-પ્રદેશ. | ૭. આકાશાસ્તિકાય-(સ્કંધ)<br>૮. આકાશાસ્તિકાય-દેશ,<br>૯. આકાશાસ્તિકાય-પ્રદેશ | |
| ૪. અધર્માસ્તિકાય-(સ્કંધ)<br>૫ અધર્માસ્તિકાય-દેશ.<br>૬. અધર્માસ્તિકાય-પ્રદેશ. | ૧૦. પુદ્ગલ સ્કંધ.<br>૧૧. પુદ્ગલ દેશ.<br>૧૨. પુદ્ગલ પ્રદેશ | ૧૩. પુદ્ગલ પરમાણુ<br>૧૪. કાળ. |

॥ ૮ ॥ ૯ ॥ ૧૦ ॥ આઠમી, નવમી ને દશમી ગાથાનું વિવેચન સંપૂર્ણ.

मूल- सद्दंधयार उज्जोअ, पभा छायातवेहि अ ।
वण्ण-गंध-रसा फासा-पुग्गलाणं तु लक्खणं ॥११॥

**અર્થ**:—શબ્દ, અંધકાર, ઉદ્યોત- ચંદ્રાદિનો પ્રકાશ, પ્રભા— રત્નાદિકની કાંતિ, છાયા— પ્રતિબિંબ, અને આતપ તડકો એ પુદ્‌ગલોનો પરિણામ છે. વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ એ પુદ્‌ગલોનું સામાન્ય લક્ષણ છે. (૧૧).

**પદ્યાનુવાદઃ**—

(પુદ્‌ગલના. પરિણામો, પુદ્‌ગલનું લક્ષણ અને સમયની વ્યાખ્યા)

પુદ્‌ગલસ્વરૂપી શબ્દ ને, અંધકાર ને ઉદ્યોત છે,
જાણો પ્રભા છાયા અને, તડકો જ પુદ્‌ગલરૂપ છે;
સામાન્ય લક્ષણ પુદ્‌ગલોનું, વર્ણ ગંધ રસ સ્પર્શ એ,
સમય છે અવિભાજ્ય કાળ જ, કેવળીની દૃષ્ટિએ (૧૨).

**વિવેચન**—

હવે પુદ્‌ગલના પરિણામો અને લક્ષણ કહે છે—

**શબ્દ**=નાદ-ધ્વનિ-સ્વર-સુર કે અવાજ. શ્રોત્રેંદ્રિયનો જે વિષય હોય તે, અથવા કર્ણેંદ્રિયથી—કાનથી જે જાણી શકાય તે 'શબ્દ' કહેવાય.

**શબ્દના પ્રકારો**—

શબ્દના મુખ્ય ત્રણ પ્રકાર છે. ૧ સચિત્ત, ૨ અચિત્ત અને ૩ મિશ્ર.

**સચિત્તશબ્દ**=જીવવડે મુખદ્વારા ઉચ્ચારાતો શબ્દ.

**અચિત્તશબ્દ**=પત્થર વગેરે અજીવ પદાર્થોના પરસ્પર અથડાવાથી થયેલ શબ્દ.

**મિશ્રશબ્દ**=જીવ પ્રયત્નથી વગાડાતાં તબલાં, નગારાં ઢોલ, ઘંટ તથા વાજીંત્રાદિનો શબ્દ.

અથવા શુભ-અશુભ ભેદથી તથા વ્યક્ત-અવ્યક્ત ભેદથી શબ્દ બે પ્રકારનો છે.

**શુભશબ્દ**=રાજહંસ, પોપટ, કોયલ કે મોર વગેરેના શબ્દની જેમ, જે શબ્દ સાંભળીને કાનને આહ્લાદ આનંદ ઉત્પન્ન થાય તે.

**અશુભશબ્દ**=ગધેડા કે ઉંટ વગેરેના શબ્દની જેમ, જે શબ્દ સાંભળીને કર્ણકટુ લાગવાથી કંટાળો આવે તે.

**વ્યક્તશબ્દ**=સ્પષ્ટ શબ્દ. મનુષ્યોને સ્પષ્ટ વાચા હોવાથી મનુષ્યોની ભાષા- માનવોએ ઉચ્ચારેલો 'ક-ખ' વગેરે વર્ણોના ઉલ્લેખવાળો જે શબ્દ તે 'વ્યક્ત-શબ્દ' કહેવાય છે.

**અવ્યક્તશબ્દ**=અસ્પષ્ટ શબ્દ. બે ઇંદ્રિયવાળા જીવોથી માંડીને તિર્યંચ પંચેંદ્રિય સુધીના પ્રાણીઓમાં પ્રાયઃ અસ્પષ્ટ વાચા હોય છે, તેથી તેઓનો 'ક-ખ' આદિ વર્ણોના ઉલ્લેખ વિનાનો જે શબ્દ તે 'અવ્યક્તશબ્દ' કહેવાય છે.

અથવા ભાષા ને અભાષાના ભેદથી પણ શબ્દ બે પ્રકારનો છે. ભાષારૂપ શબ્દના બે ભેદ પડે છે. વર્ણાત્મક ને અવર્ણાત્મક. વર્ણાત્મક એટલે, 'અ-આ -ઇ-ઈ' વગેરે સ્વર, અને 'ક્ ખ્' વગેરે વ્યંજનરૂપ જે અક્ષર તે '**વર્ણાત્મકશબ્દ**' કહેવાય. અને માત્ર અવાજરૂપ જે શબ્દ તે '**અવર્ણાત્મકશબ્દ**' કહેવાય. અભાષાત્મક શબ્દના પણ 'પ્રાયોગિક ને વૈસ્રસિક' એવા બે ભેદ પડે છે. જીવપ્રયત્નથી થતો વાજીંત્રાદિનો શબ્દ તે '**પ્રાયોગિક શબ્દ**' કહેવાય અને સહજ– કુદરતે થતો મેઘ વગેરેનો શબ્દ તે '**વૈસ્રસિકશબ્દ**' (=સ્વાભાવિકશબ્દ) કહેવાય. આ રીતે સ્વબુદ્ધિથી શબ્દના વિવિધ પ્રકારો પડી શકે છે.

卐 'શબ્દ રૂપી છે યાને પુદ્ગલના પરિણામરૂપ છે' એવી જૈનોની માન્યતા છે. અને શબ્દ એ આકાશનો ગુણ છે, તથા આકાશ અરૂપી હોવાથી તેના ગુણરૂપ શબ્દ પણ અરૂપી છે, એવી નૈયાયિકી તેમજ વશેષિકી માન્યતા છે.

---

卐 'શબ્દ રૂપી છે' તેને સાબિત કરનારાં પ્રમાણો—

૧ વાયર્લેસ, ટેલીગ્રાફ, ટેલીફોન, રેડીયો તથા ફોનોગ્રાફના યન્ત્રોમાં શબ્દ પકડાય છે અને પ્રત્યક્ષ અનુભવાય છે. શબ્દને રૂપી તેમજ પુદ્ગલના પરિણામરૂપ માન્યા શિવાય

ઉક્ત યંત્રોમાં શબ્દ ગ્રહણ થઇ શકે નહિ, માટે આધુનિક વિજ્ઞાનની દષ્ટિએ પણ શબ્દ એ પૌદ્ગલિક યાને રૂપી પદાર્થ છે એ વાત નિઃસંદેહ રીતે સિદ્ધ થાય છે.

૨ "જે વસ્તુ બાહ્ય-ઇંદ્રિયથી પ્રત્યક્ષ કરાય-જણાય તે વસ્તુ અવયસ્ય રૂપી જ હોય, અર્થાત્ તે વસ્તુ એક જાતના પુદ્ગલના પરિણામરૂપ જ હોય" આ અનુભવસિદ્ધ તેમજ શાસ્ત્રસિદ્ધ નિયમાનુસાર, ગંધ જેમ ઘ્રાણેંદ્રિય (નાસિકા)થી ગ્રહણ (=પ્રત્યક્ષ) કરાતી હોવાથી રૂપી છે, તેમ શ્રોત્રેંદ્રિયથી ગ્રહણ કરાતો-પ્રત્યક્ષ કરાતો શબ્દ પણ રૂપી છે યાને એક જાતના પુદ્ગલના પરિણામરૂપ છે.

૩ ગંધની જેમ ભીંત, મકાન કે પર્વત આદિ જેવી રોધક વસ્તુથી રોકાતો હોવાથી શબ્દરૂપી છે-પુદ્ગલ પરિણામરૂપ છે.

૪ કોઇ એક દિશાને અનુલક્ષીને બોલાતો શબ્દ, કેટલીક વખત વાયુના સામર્થ્યથી, આકડાના રૂના ઢગલાની જેમ, દિશાંતરમાં ગતિ પામતો હોવાથી શબ્દરૂપી છે.

૫ પર્વતની ગુફાઓ જેવા સ્થળોમાં, અફળાઇને પાછા ફરતા પત્થરના ટુકડાની જેમ, પ્રતિશબ્દ-પડઘારૂપે પાછો ફરતો તે શબ્દ વક્તાનાજ અપર કાનમાં પ્રવેશે છે માટે શબ્દ રૂપી છે,- પૌદ્ગલિક છે

૬ નોળીયા વગેરેના બીલો જેવા પોલાણના ભાગોમ, નીકના જળની જેમ શબ્દ અડકી જતો હોવાથી, શબ્દ રૂપી છે યાને પૌદ્ગલિક છે.

૭ વાંસ વગેરેના છિદ્રોમાં, બંસી તથા બેન્ડ જેવાં વાજીંત્રો વગાડતી વખતે, તેના છિદ્રો ઉપર વિવિધરીતે આંગળીઓ ફેરવવાથી. શબ્દ વિવિધ જાતના સૂરના વિકારને પેદા કરે છે, માટે શબ્દ રૂપી છે. યાને પુદ્‌ગલમય છે.

૮ કાંસા વગેરેના ભાજન ઉપર પડતો શબ્દ, અભિઘાતથી કોઈ જુદી જાતનાજ અવાજને પેદા કરે છે, માટે શબ્દ રૂપી છે,- પુદ્‌ગલસ્વરૂપ છે.

૯ જેમ કોઈ પુરૂષના પ્રયાસથી ચલાવેલ લાઠીમાર દુઃખદ બને છે, તેમ કોઈએ પ્રયત્નપૂર્વક કરેલા કઠોર મર્મભેદી કર્ણકટુ શબ્દપ્રયોગથી અત્યંત દુઃખ ઉત્પન્ન થાય છે, માટે શબ્દ રૂપી છે,- પૌદ્‌ગલિક છે.

૧૦ સખ્યાબંધ હાથી ઘોડા વગેરેના સમૂહના ખુરથી વેગ પામેલ શબ્દ, કઠીણ દ્રવ્યોને પણ ભેદી નાંખે છે, માટે શબ્દ રૂપી છે.

૧૧ તડકાની જેમ દ્વારને અનુસરતો હોવાથી શબ્દ રૂપી છે.

૧૨ કૃષ્ણાગરૂ ધૂપની જેમ સંહાર શક્તિવંત હોવાથી શબ્દ રૂપી છે,- પૌદ્‌ગલિક છે.

૧૩ ઘાસ તથા પાંદડા વગેરેની જેમ, વાયુથી પ્રેરાતો હોવાથી શબ્દ રૂપી છે,- પૌદ્‌ગલિક છે.

૧૪ દીવાની જેમ સર્વ દિશાથી ગ્રાહ્ય હોવાથી શબ્દ રૂપી છે,-પૌદ્‌ગલિક છે.

૧૫ તારાગણનું તેજ જેમ ચંદ્ર સૂર્યથી પરાભવ પામે છે, તેમ બીજા મોટા શબ્દાદિથી શબ્દ પરાભવ પામતો હોવાથી શબ્દ રૂપી છે,- પૌદ્‌ગલિક છે.

**શબ્દની ઉત્પત્તિ-** આઠ સ્પર્શવાળા (બાદર પરિણામી) પુદ્ગલસ્કંધથી શબ્દ ઉત્પન્ન થાય છે. અર્થાત્ અષ્ટસ્પર્શી બાદર પરિણામી પુદ્ગલસ્કંધમાંથી જીવના પ્રયત્ન વિશેષ વડે, અથવા સ્વભાવતઃ (અષ્ટ-સ્પર્શી સ્કંધમાં કાંઇ વિકાર થવાથી તેજ સ્કંધમાં અવગાહીને રહેલા ભાષાવર્ગણાને લાયક પુદ્ગલો શબ્દસ્વરૂપે પરિણમીને ઉછળે છે. આનો સાર એ છે

૧૬ સૂર્યમંડળના પ્રકાશની જેમ વ્યાપક બનતો હોવાથી શબ્દ રૂપી છે,- પૌદ્ગલિક છે.

૧૭ ગગનભેદી મેઘના ગર્જારવથી, ભયપ્રદ ત્રાસજનક સિંહ-નાદથી અથવા એવા કોઇ આકસ્મિક મોટા અવાજથી, પ્રાણીઓના કાનમાં બધિરતા-બ્હેરાશ આવી જાય છે ને ભયની લાગણી જન્મે છે, માટે શબ્દ રૂપી છે.- પૌદ્ગલિક છે. જો શબ્દ અરૂપી કે અપૌદ્ગલિક હોય તો શબ્દથી અથડાતા કાનમાં બ્હેરાશ આવી શકે નહિં, એટલુંજ નહિં કિંતુ કેટલીક વખત મોટા મોટા બોમ્બ વગેરેના અત્યંત મોટા અવાજો થવાથી મોટી મોટી ઇમારતો- મોટાં વિશાળકાય મકાનો પણ હચમચી જાય છે; અને કોઇ વખત ગિરિવરોનાં શિખરો પણ ધડા-ધડ પડવા લાગે છે. આ બધી રૂપી શબ્દની જ શક્તિ હોઇ શકે, અરૂપી શબ્દની ઉક્ત શક્તિઓ સંભવી શકે નહિં, માટે શબ્દ રૂપી યાને પૌદ્ગલિક છે, એ તત્ત્વતઃ સિદ્ધ થાય છે. ઇત્યલં વિસ્તરેણ.

કે,–કંઠ એ અષ્ટસ્પર્શી પુદ્‌ગલસ્કંધ છે અને તેમાંથી આત્માના અમુક પ્રકારના પ્રયાસથી ચાર સ્પર્શવાળો શબ્દ ઉત્પન્ન થઈ બહાર આવે છે. શબ્દ પોતે ચાર સ્પર્શવાળો છે, તે અષ્ટસ્પર્શી પુદ્‌ગલસ્કંધમાંથી જ ઉત્પન્ન થઈ શકે ,પરંતુ ચતુઃસ્પર્શી પુદ્‌ગલસ્કંધમાંથી તેની ઉત્પત્તિ સંભવે નહિં આ શબ્દની ઉત્પત્તિ, આત્મા ઔદારિક વૈક્રિય ને આહારક એ ત્રણ પ્રકારના શરીરથી કરી શકે છે. અર્થાત ઉક્ત ત્રણ દેહ પૈકી કોઇ પણ એક દેહદ્વારા કરી શકે છે, પરંતુ તૈજસ કે કાર્મણ શરીરદ્વારા શબ્દને ઉત્પન્ન કરી શકતો નથી. વળી પત્થર વગેરે નિર્જીવ પદાર્થોમાંથી જે શબ્દોત્પત્તિ થાય છે તે પણ નિર્જીવ ઔદારિક–દેહ દ્વારા જ થાય છે.

**અંધકાર**=તમ, તિમિર કે અંધારૂં, અર્થાત જે અંધ કરે તે અંધકાર.

જેમ ભીંત વગેરેથી અવરાયેલ– ભીંત વગેરેને આંતરે રહેલ વસ્તુને, વિશિષ્ટજ્ઞાની શિવાય સામાન્ય જીવ આંખથી જોઇ શકતો નથી, તેમ અંધકારથી અવરાયેલ વસ્તુને પણ, કાન સુધી લાંબા નેત્રવાળો પણ જોઈ શકતો નથી, માટે અંધકાર એ તેજને રોકનાર એક જાતનો પુદ્‌ગલપરિણામ છે. અર્થાત પૌદ્‌ગલિક રૂપી દ્રવ્ય પદાર્થ છે.

વળી ભીંત વગેરેની જેમ દૃષ્ટિને રોકનાર હોવાથી, તથા વસ્ત્ર વગેરેની જેમ આવારક હોવાથી 卐 અંધકાર પૌદ્ગલિક છે, એમ દલીલોથી પણ સિદ્ધ થાય છે.

---

卐નૈયાયિકો 'અંધકારને તેજનો અભાવ' કહે છે. તેઓની માન્યતા નીચે મુજબ છે–' અંધકારમાં દ્રવ્ય ગુણ અને કર્મની સિદ્ધિના વિરૂદ્ધ ધર્મો હોવાથી ભાવના અભાવરૂપ તમ છે, એટલે કે દ્રવ્ય ગુણ ને કર્મના ધર્મોની સાથે અંધકારના ધર્મોની અસમાનતા હોવાથી, અંધકાર તેજના અભાવરૂપ છે.

અંધકાર જો દ્રવ્ય હોય તો, તે અનિત્ય હોવાથી ઘડા વગેરે દ્રવ્યોની જેમ ઉત્પન્ન થવો જોઇએ ? છતાં તે દ્રવ્યની જેમ ઉત્પન્ન થતો નથી, કારણ કે તે અંધકાર અમૂર્ત–અરૂપી છે, સ્પર્શરહિત છે, પ્રકાશનો વિરોધી છે અને અણુઓથી બનેલ નથી, માટે અંધકાર દ્રવ્ય રૂપ નથી.

વળી અંધકાર ગુણરૂપ પણ નથી. કારણ કે ગુણ નિરાધાર ન રહી શકે, માટે જો અંધકાર ગુણ હોય તો, તેનો કોઇ આધાર હોવો જોઇએ ! અને આધાર તો કોઇ દેખાતો નથી. આ વાત, અંધકાર પ્રકાશનો વિરોધી હોવાથી સુપ્રસિદ્ધ જ છે.

વળી અંધકાર કર્મરૂપ પણ નથી. કારણ કે, તે સંયોગ વિભાગ કે વેગ નામના સંસ્કારનું કારણ નહિ હોવાથી તેનો કોઇ આશ્રય મળી શકતો નથી, માટે અંધકાર કર્મરૂપ પણ નથી.

ઉપર્યુક્ત કારણોને લઇને તેજનો– પ્રકાશનો જ્યાં અભાવ હોય ત્યાં તમ છે– અંધકાર છે વળી અન્ય દ્રવ્યથી તેજ યાને પ્રકાશ અવરાઇ જવાથી અંધકાર ફેલાય છે એમ માનવું જોઇએ."

**ઉદ્યોત**=શીત પ્રકાશ. ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા, રત્ન તથા ખદ્યોત =આગિઓ જીવ) આદિનો જે શીત પ્રકાશ તે 'ઉદ્યોત' કહેવાય છે. અગ્નિના પ્રકાશમાં ઉષ્ણતા હોવાથી તે ઉદ્યોત કહેવાતો નથી, પરંતુ ચંદ્ર-કાન્તમણીનો પ્રકાશ ઉદ્યોત કહેવાય છે, કારણકે તેનો શીત પ્રકાશ હોય છે. ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર ને તારાઓનો

---

ઉપર્યુક્ત નૈયાયિકોની માન્યતા વ્યાજબી નથી. કારણ કે, અંધકારમાં ભીંત વગેરેની જેમ ચક્ષુની શક્તિને રોકવાનું સામર્થ્ય છે માટે ભીંત વગેરેની જેમ **અંધકાર પૌદ્ગલિક છે એ સાબિત થાય છે.**

નૈયાયિકોએ અંધકારને દ્રવ્યનો નિષેધ કરવામાં જે જે હેતુઓ બતાવ્યા તે તમામ અસિદ્ધ છે યાને ખોટા છે. જુઓ ! નૈયાયિકોએ કીધું કે ' અંધકાર અરૂપી છે' એ વાત પણ પ્રત્યક્ષવિરૂદ્ધ છે, કારણ કે અંધકાર શ્યામરૂપે દેખાય છે. બીજું 'અંધકાર સ્પર્શ રહિત છે' એ (હેતુ=) વાત પણ ગેરવ્યાજબી છે, કારણ કે.– અંધકારમાં શીત સ્પર્શ છે, જેનો અનુભવ ભોંયરામાં તથા ગુફાઓમાં થાય છે. એટલે કે– કોઇ બાધક ન હોય તો અંધકારવાળા સ્થળોમાં ઠંડકનો અનુભવ થાય છે, માટે **અંધકારમાં શીત સ્પર્શ છે** એ અનુભવથી પણ સિદ્ધ થાય છે આથી અંધકાર સ્પર્શ યુકત છે પણ સ્પર્શ રહિત નથી' એ વાત નિર્ણિત થાય છે, તેથી કરીને 'અંધકાર સ્પર્શ રહિત છે માટે તે દ્રવ્યરૂપ નથી' એવું નૈયાયિકોનું દ્રવ્યનિષેધક કથન અનુભવથી પણ ખોટું ઠરે છે.

જે શીત પ્રકાશ આપણે નિહાળીએ છીએ, તે દેવોનો નથી, પરંતુ તે ચંદ્ર આદિ દેવોના વિમાનોનો છે. એટલે કે,-તે વિમાનમાં રહેલા પૃથ્વીકાય જીવોના

---

'અંધકાર પ્રકાશનો વિરોધી હોવાથી દ્રવ્યસ્વરૂપ નથી' એ વાત પણ ઠીક નથી, કારણકે કેટલાક પદાર્થો પરસ્પર વિરોધી હોવા છતાં પણ દ્રવ્યરૂપ હોય છે જેમકે, અમૃત અને વિષ, જળ ને અગ્નિ. વગેરે વગેરે.

વળી 'પ્રકાશનો વિરોધી હોવાથી અંધકર દ્રવ્યરૂપ નથી' એમ કહેવાથી નૈયાયિકોના ઘરમાં બકરી કાઢતાં ઉંટ પેસી જાય છે. જેમ પ્રકાશનો વિરોધી અંધકાર છે, તેમ અંધકારનો વિરોધી તેજ-પ્રકાશ પણ છે. તો તેજ યાને પ્રકાશ પણ દ્રવ્ય કહેવાશે નહિં.અને તેજમાં-પ્રકાશમાં દ્રવ્યત્વનો નિષેધ નૈયાયિકોથી થઇ શકે તેમ નથી, કારણકે તેઓએ તેજને-પ્રકાશને અલગ દ્રવ્ય તરીકે સ્વીકારેલ છે. આ બાબતની વિસ્તૃત ચર્ચા 'રત્નાકર અવતારિકા' આદિ ગ્રંથોથી વિશેષાર્થીએ જાણી લેવી.

'અણુઓથી બનેલ નહિં હોવાથી અંધકાર દ્રવ્યરૂપ નથી' એ વાત પણ વ્યાજબી નથી. કારણ કે, આત્મા તથા આકાશ વગેરે પદાર્થો અણુઓથી બનેલ નહિં હોવા છતાં પણ દ્રવ્યરૂપ છે માટે, અને અંધકારમાં શ્યામરૂપનો અનુભવ થાય છે માટે, વસ્તુતઃ અંધકાર પણ અણુથીજ બનેલ છે અને તેથીજ તે પૌદ્ગલિકદ્રવ્ય મનાય છે, તેથી ઉક્ત હેતુ પણ અસિદ્ધ ઠરે છે. વળી 'અંધકાર ગુણ અને ક્રિયાનો આશ્રય છે', એ વાત પ્રત્યક્ષસિદ્ધ-છે કારણ કે '**नीलं तमश्चलति**' કાળું અંધારૂં ચાલે છે એવો સાક્ષાત્ અનુભવ થાય છે, માટે **અંધકાર દ્રવ્ય છે અને તે રૂપી હોવાથી પૌદ્ગલિક પણ છે,** એ તત્ત્વતઃ

દેહનો તે *શીતપ્રકાશ છે. આ શીતપ્રકાશરૂપ ઉદ્યોત, ચંદ્ર આદિના વિમાનોમાંથી સમયે સમયે છુટા પડતા

---

સિધ્ધ થાય છે. વળી ઇંદ્રધનુષ્ય વગેરેની જેમ વૈસ્રસિક પ્રયોગથી (=સ્વાભાવિક પ્રયોગથી) બનેલ હોવાથી અંધકાર પૌદ્ગલિક દ્રવ્યજ છે, એમ માનવું જોઇએ.

વળી અંધકાર નૈયાયિકે માનેલા નવ દ્રવ્યથી અલગ દ્રવ્ય છે, એ વાત નૈયાયિકના પ્રતિપક્ષીઓએ નીચેના શ્લોકમાં સપ્રમાણ રજુ કરી છે. જુઓ—

**'तमः खलु चलं नीलं पराऽपरविभागवत् ।**
**प्रसिद्धद्रव्यवैधर्म्यान्नवभ्यो भेत्तुमर्हति ॥ १ ॥"**

**અર્થ**:- નિશ્ચે તમ-અંધકાર છે તે, ચલ છે, નીલ છે, પર ને અપર વિભાગવંત છે અને તેમાં પ્રસિધ્ધ નવ દ્રવ્યોનું વૈધર્મ્ય હોવાથી- પ્રસિદ્ધ નવદ્રવ્યથી વિરૂદ્ધ ધર્મપણું હોવાથી, પ્રસિદ્ધ નવ દ્રવ્યોથી ભિન્ન દ્રવ્યરૂપે અંધકારને માનવો જોઇએ.

સાર એ આવ્યો કે- અંધકારમાં શ્યામ-કાળું રૂપ છે, ચક્ષુની શક્તિને ભીંત વગેરેની જેમ રોકવાનું સામર્થ્ય છે, ચલ-ક્રિયાવંત છે તથા પરાપર વિભાગવંત છે, માટે અંધકાર એ એક પુદ્ગલના પરિણામરૂપ રૂપી દ્રવ્યપદાર્થ છે-એવી જૈન દર્શનની માન્યતા તાત્વિક દૃષ્ટિએ પુરવાર થાય છે. [સૂચના-૧૬૦મા પાનાથી અહિં સુધી એક સળંગ ટીપ્પણી છે]

*ચંદ્ર આદિ સૂર્ય શિવાયના જ્યોતિષી દેવોના વિમાનોમાં રહેલા પૃથ્વીકાય જીવોના શરીરનો જે શીત-પ્રકાશ છે, તે તેમના 'ઉદ્યોતનામકર્મના ઉદયથી છે' માટે તેને ઉદ્યોત કહેવામાં આવે છે.

પુદ્ગલના પ્રવાહમય છે. જુઓ, વર્તમાન કાળમાં પણ, ગ્યાસલાઇટ,સર્ચલાઇટ તથા ઇલેકટ્રીક (વીજળી) આદિના દીવાઓમાંથી નીકળતો તેજનો પરમાણુપ્રવાહ જેમ પ્રત્યક્ષ દેખાય છે, તેમ ચંદ્ર આદિના વિમાનોમાંથી નિકળતા તેજના પરમાણુઓનો પ્રવાહ પણ, કાંઇક અવ્યક્ત છતાં કિરણરૂપે પ્રત્યક્ષ દેખાય છે, માટે ચંદ્ર આદિનો તે શીતપ્રકાશરૂપ ઉદ્યોત પણ પુદ્ગલના સમૂહ-રૂપ જ છે, અર્થાત્ પૌદ્ગલિક પદાર્થ છે.

**પ્રભા**=ઉપપ્રકાશ અથવા ચંદ્ર સૂર્ય વગેરે તેજ-સ્વી પદાર્થોની કાંતિ. એટલે કે,– ચંદ્ર, સૂર્ય તેમજ તેવાજ બીજા તેજસ્વી પુદ્ગલોના (પદાર્થોના) પ્રકાશ-કિરણોમાંથી નીકળતો બીજો જે ઉપપ્રકાશ તે 'પ્રભા' કહેવાય છે. આ ઉપપ્રકાશરૂપ પ્રભાને લઇને જ પ્રકાશ વિનાના સ્થાનમાં રહેલા ઘટ–પટ (ઘડા, વસ્ત્ર) વગેરે પદાર્થો પણ દેખી શકાય છે. આ પ્રભા એ પ્રકાશ-પુદ્ગલોમાંથી આછો આછો વ્હેતો એક જાતનો પ્રકાશ-પ્રવાહ છે, જે પુદ્ગલના સમૂહરૂપ છે. પ્રકાશમાંથી વિરલપણે- આછો આછો પ્રભારૂપ પુદ્ગલ પ્રવાહ જો વ્હેતો ન હોય તો, પ્રકાશ પાસે રહેલા પદાર્થો પણ જોઇ ન ન શકાય! માટે સૂર્યોદિકનો કિરણપ્રકાશ જ્યાં પડતો નથી, તેવા (ઘર દુકાન વગેરે) સ્થળોમાં સદા અમા-વાસ્યા જેવી કાળી રાત્રિજ હોવી જોઇએ? અને એમ

બનતું નથી, માટે પ્રકાશમાંથી પણ બીજો ઉપપ્રકાશ વહે છે એમ માનવું જોઇએ, કે જેથી કરીને જે ઘરમાં સૂર્યના કિરણો પણ પ્રવેશી શકતા નથી, તેવા ઘરમાં પણ આ ઉપપ્રકાશનુંજ અજવાળું પડે છે, જેને 卐 'પ્રભા' કહેવામાં આવે છે.

**છાયા**=પ્રતિબિંબ. ચંદ્ર સૂર્ય તેમજ દીવા આદિના પ્રકાશમાં, દર્પણમાં–આરિસામાં, સ્વચ્છ જળ જેવા નિર્મળ પદાર્થોમાં તથા ઓપવાળી વસ્તુઓમાં પરતું તેમજ દેખાતું જે પ્રતિબિંબ તે 'છાયા' કહેવાય છે. આ પ્રતિબિંબરૂપ છાયા ચર્મચક્ષુથી- આંખથી દેખાયછે, માટે તે પુદ્ગલસ્વરૂપ છે.

## છાયાના પુદ્ગલો–અણુઓ હોવાની સાબિતિ *

સૂર્યમંડળમાંથી જેમ ક્ષણે ક્ષણે કિરણસ્વરૂપે

---

卐 અગ્નિના મૂળ તેજનો પણ ઉપલક્ષણથી પ્રભામાંજ સમાવેશ સંભવે છે, કારણકે અગ્નિ પોતે ઉષ્ણ હોવાથી તેનો આતપમાં જેમ સમાવેશ થઇ શકતો નથી, તેમ તેનો (અગ્નિનો) પ્રકાશ ઉષ્ણ હોવાથી ઉદ્યોતમાં પણ અંતર્ભાવ થઇ શકે તેમ નથી, માટે પ્રભામાં સમાવેશ સંભવી શકે.

* "પ્રતિબિંબ એ શું છે? પ્રતિબિંબ એ એક જાતના છાયાના પુદ્ગલો છે. જેમકે સર્વ ઇંદ્રિયપ્રત્યક્ષ વસ્તુ સ્થૂલ

પુદ્ગલપ્રવાહ વહ્યા કરે છે, તેમ દરેક બાદર પરિણામી પુદ્ગલસ્કંધમાંથી- સ્થૂલ મૂર્ત પદાર્થમાંથી પણ પ્રતિ

ચય-અપચય ધર્મવાળી (=અમુક અંશોથી મળવા ને વિખરવાના સ્વભાવવાળી) તથા કિરણોવાળી છે. આ કિરણોનો 'છાયાના પુદ્ગલો' તરીકે વ્યવહાર થાય છે, અર્થાત્ કિરણો એ જ છાયા–પુદ્ગલો મનાય છે. સર્વ સ્થૂલ વસ્તુની છાયાને સાક્ષાત્ સૌ કોઇ જાણી-જોઇ શકે છે, માટે છાયાપુદ્ગલો પ્રત્યક્ષસિદ્ધ જ છે.

જો સ્થૂલ વસ્તુ બીજી કોઇ વસ્તુને આંતરે પડી હોય કે દૂર પડી હોય તો, દર્પણ અદિમાં તેનાં કિરણો દાખલ થઇ શકતાં નથી, તેથી કરીને દર્પણ આદિમાં તે વસ્તુ દેખાતી નથી, અને કોઇની આડ ન હોય તો, અથવા બહુ દૂર ન હોય તો સ્થૂલ વસ્તુ દર્પણ આદિમાં પ્રતિબિંબિત થાય છે, માટે સાબિત થાય છે કે-'છાયાના પુદ્ગલો છે- અણુઓ છે. આ છાયા પુદ્ગલો તેવા પ્રકારની સામગ્રી પામીને વિચિત્ર પરિણમન સ્વભાવવાળા બને છે. જેમકે, તે છાયાપુદ્ગલો અભાસ્વર (=અપ્રકાશરૂપ) વસ્તુમાં દાખલ થાય છે ત્યારે દિવસે મૂળવસ્તુના આકારમાં શ્યામરૂપે પરિણમે છે અને રાત્રે કૃષ્ણવર્ણે પરિણમે છે, જે દિવસે તડકામાં ને રાત્રે ચાંદણીમાં સાક્ષાત્ દેખાય છે. તથા આરિસા આદિ ભાસ્વર (=પ્રકાશયુક્ત) વસ્તુમાં દાખલ થાય છે ત્યારે મૂળ વસ્તુનો જેવો આકાર ને જેવો વર્ણ હોય, તેવા આકાર ને તેવાજ વર્ણમાં પરિણમે છે જે પ્રત્યક્ષસિદ્ધ છે. આકાર ને વર્ણરૂપ પરિણામ

સમય જળના ફુવારાની માફક, તદાકાર—તેવાજ આકાર-વાળો સૂક્ષ્મસ્કંધ સમૂહ વહ્યા કરે છે. આ વ્હેતો સૂક્ષ્મ-સ્કંધ સમૂહ સૂર્ય આદિના પ્રકાશમાં (પ્રકાશસ્વરૂપ નિમિત્ત પામીને) કૃષ્ણવર્ણસ્વરૂપે પિંડિત- એકત્રિત થાય છે, જેને લોકમાં ‘છાયા પાડી, પડછાયો પડયો, તથા શીળું પડયું” એમ કહેવામાં આવે છે. વળી આ વ્હેતો સૂક્ષ્મ-સ્કંધ સમૂહ આરિસા તથા જળ આદિ જેવી નિર્મળ વસ્તુઓમાં નિર્મળતાનું નિમિત્ત પામીને, સાક્ષાત તદાકારે પિંડિત થઈ જાય છે; એટલે કે-જેવું સ્વસ્વરૂપ સામે હોય તેવુંજ બીજું સ્વસ્વરૂપ તે જ આકાર અને તે જ વર્ણયુક્ત સાક્ષાત્ તે (જળ-દર્પણાદિ સ્વચ્છ પદાર્થો)માં ખડું થાય છે, જે લોકમાં ‘પ્રતિબિંબ’ કહેવાય છે. સાર એ આવ્યો કે- છાયા કે પ્રતિબિંબ એ બાદર પરિ-

---

એ પુદ્‌ગલનો ધર્મ હોવાથી છાયા પૌદ્‌ગલિક છે એ નિઃસંદેહ સિદ્ધ થાય છે.”

પરમપૂજ્ય સૂરિપુરંદર શ્રી **મલયગિરિજી** મહારાજશ્રીના ‘પ્રજ્ઞાપના **(પન્નવણા)** નામના ઉપાંગની વૃત્તિના ઉપર્યુક્ત ઉલ્લેખથી, તથા તેનેજ મળતા **દ્રવ્યલોકપ્રકાશ** આદિ ગ્રંથોના ઉલ્લેખથી, ફોટોગ્રાફની શોધખોળથી તેમજ અનુભવથી પણ સાબિત થાય છે કે- **છાયાના પુદ્‌ગલો છે અર્થાત્ છાયા પૌદ્‌ગલિક છે.**

ણામી પુદ્ગલદ્રવ્યમાંથી-સ્થૂલ રૂપી પદાર્થમાંથી વ્હેતા સૂક્ષ્મ પુદ્ગલસ્કંધના સમૂહરૂપ હોવાથી, તથા આકાર-રૂપે અને વર્ણરૂપે પરિણમન થવું, એ પુદ્ગલનો ધર્મ તેમજ સ્વભાવ હોવાથી (છાયા એ) પુદ્ગલરૂપ છે, અર્થાત્ છાયાના પુદ્ગલો છે– અણુઓ છે એ તત્ત્વત: સાબિત થાય છે.

વળી આધુનિક ફોટોગ્રાફની (છબી પાડવાની) શોધ-ખોળથી પણ સાબિત થાય છે કે છાયાના પુદ્ગલો છે. જુઓ! કૅમૅરામાં–છબી પાડવાના યંત્રમાં છાયાના પુદ્ગલો જવાથી ફોટો પડે છે–છબી ખેંચાય છે. જો છાયા-પુદ્ગલો ન માનીએ તો કૅમૅરામાં હરગીજ ફોટો આવી શકે નહિં, અને તેમાં ફોટો આવે છે, માટે માનવું જોઇએ કે છાયાના પુદ્ગલો છે– અણુઓ છે, કે જેથી ફોટો પાડવાના યંત્રમાં ફોટો પાડી શકાય છે.

**આતપ**=શીત વસ્તુનો ઉષ્ણ પ્રકાશ. સૂર્યના વિમાન-માંથી આવતો જે ઉષ્ણપ્રકાશ તે 'આતપ' કહેવાય છે. સૂર્યકાંત મણિનો પ્રકાશ પણ 'આતપ'માં જ ગણાય છે, કારણ કે તેનો પ્રકાશ ઉષ્ણ હોય છે. અગ્નિનો પ્રકાશ જો કે ઉષ્ણ છે પરંતુ અગ્નિ પોતે શીત નથી-ઉષ્ણ છે, માટે તે આતપ કહેવાતો નથી. સૂર્યવિમાનનો તથા સૂર્યકાંતમણિનો પ્રકાશ 'આતપ' કહેવાય છે.

સૂર્યનું વિમાન પોતે શીત છતાં તેનો પ્રકાશ ઉષ્ણ-ગરમ હોવાનું કારણ એ છે કે– સૂર્યના વિમાનમાં રહેલા પૃથ્વીકાયના જીવો 'આતપનામકર્મ'ના ઉદય-વાળા હોય છે, તેના પ્રતાપેજ તે પૃથ્વીકાય જીવોના દેહનો પ્રકાશ ઉષ્ણ હોય છે, જેને સંસ્કૃત ભાષામાં **'આતપ** અથવા **આતાપ'** કહેવામાં આવે છે, અને જે ગુજરાતી ભાષામાં **'તડકો'** મારવાડીમાં **'તાવડો'** તથા હિંદીમાં **'ધૂપ'** એવા નામથી ઓળખાય છે. આ આતપ સૂર્ય (નામના ઇંદ્ર) દેવનો નથી, પરંતુ આતપનામ-કર્મના ઉદયવાળા બાદર પૃથ્વીકાય જીવોના એકત્રિત દેહપિંડમય સૂર્યના વિમાનનો છે. આ ઉષ્ણ પ્રકાશરૂપ આતપ તે પૃથ્વીકાયના પુદ્ગલરૂપ ઔદારિક દેહમાંથી પુદ્ગલના પ્રવાહરૂપે નિકળે છે, માટે જેમાંથી આતપ ઉત્પન્ન થાય છે તે પણ પુદ્ગલ છે અને આતપ પોતે પણ પુદ્ગલ છે, એ સાબિત થાય છે. કારણ કે "જેવું કાર્ય હોય તેવું કારણ હોય અને જેવું કારણ હોય તેવું કાર્ય હોય" એ અનુભવસિદ્ધ નિયમાનુસાર આતપ જેમાંથી નિકળે છે, તે પાર્થિવ ઔદારિક દેહ પૌદ્ગલિક છે, માટે તેમાંથી નિકળતો ઉષ્ણપ્રકાશરૂપ આતપ પણ પૌદ્ગલિક છે, એ તત્ત્વતઃ પુરવાર થાય છે.

**વર્ણ=રંગ.** ચક્ષુઇંદ્રિયનો વિષય હોય તે, અર્થાત્

ચક્ષુદ્વારા જે જાણી શકાય તે 'વર્ણ' કહેવાય. તેના કૃષ્ણ-કાળો, નીલ-લીલો, રક્ત-રાતો યા લાલ, પીત-પીળો, અને શ્વેત-ધોળો એમ પાંચ પ્રકાર છે. આ શિવાયના બીજા વર્ણો એક બીજાની મેળવણીથી-મિશ્રણતાથી થાય છે, માટે મૂળ વર્ણ卐 પાંચ છે અને બાકીના બધા સાંન્નિપાતિક છે-મિશ્ર છે, એમ મનાય છે.

આ વર્ણ આદિ (=વર્ણ, ગંધ રસ ને સ્પર્શ-એ ચાર), ગુણ છે પરંતુ દ્રવ્ય નથી, ગુણનો આધાર દ્રવ્ય છે, અર્થાત્ દ્રવ્યમાં ગુણ રહે છે. કૃષ્ણ આદિ કોઇ પણ વર્ણ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં રહેતો નથી ફક્ત પુદ્ગલાસ્તિકાયમાં જ-પુદ્ગલદ્રવ્યમાં જ રહે છે, માટે વર્ણ એ પુદ્ગલનું લક્ષણ છે.

ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્ય પૈકી પુદ્ગલાસ્તિકાય જ રૂપી દ્રવ્ય છે, અને △ વર્ણાદિક રૂપી દ્રવ્યમાંજ રહે છે, જે * તે તે ઇંદ્રિયથી જાણી શકાય છે, માટે વર્ણાદિક

卐 આધુનિક વિજ્ઞાનવાદિઓ તો લાલ પીળો ને વાદળી એ ત્રણને જ મૂળ વર્ણ તરીકે માને છે અને બાકીના બધા વર્ણોને મિશ્રવર્ણ માને છે સદર માન્યતા સર્વજ્ઞ ભગવંતના સિધ્ધાંતથી તેમજ અનુભવથી વિરૂદ્ધ હોવાથી અમાન્ય છે.

△ વર્ણાદિક શબ્દથી વર્ણ, ગંધ રસ ને સ્પર્શ એ ચાર ગુણો દરેક ઠેકાણે લેવા.

* વર્ણ ચક્ષુ ઇંદ્રિયથી, ગંધ ઘ્રાણેંદ્રિયથી, રસ રસનેંદ્રિયથી અને સ્પર્શ સ્પર્શેંદ્રિયથી જાણી શકાય છે.

એ પુદ્ગલનું (ગુણરૂપ) લક્ષણ છે, અન્યનું નહિં.

પુદ્ગલદ્રવ્યમાં રહેલ કૃષ્ણવર્ણાદિ દરેક ગુણ છે તે, એક ગુણ અધિક (=એક અંશ વધારે કાળો), બે ગુણ અધિક (=બે અંશ વધારે કાળો), ત્રણ ગુણ અધિક (=ત્રણ અંશ કાળો), સંખ્યાત ગુણ અધિક, અસંખ્યાત ગુણ અધિક, અને અનંતગુણ અધિક ઈત્યાદિ અલ્પ-અધિકની તરતમતાના કારણે (=ઓછા વત્તાપણાના તફાવતને લઇને) અનંત ભેદવાળા છે. અર્થાત્ આંશિક ન્યૂનાધિકતાની તરમતાની અપેક્ષાએ દરેક વર્ણ ગંધ રસ ને સ્પર્શના અનંત ભેદો પડે છે.

લોકમાં રહેલા સર્વ પરમાણુઓમાં તથા પરમાણુઓના મળવાથી થતા (બે પ્રદેશવાળા, ત્રણ પ્રદેશવાળા, સંખ્યાત પ્રદેશવાળા, અસંખ્યાત પ્રદેશવાળા અનંત પ્રદેશવાળા, યાવત્ અનંતાનંત પ્રદેશવાળા) સ્કંધોમાં પણ વર્ણો રહે છે. દરેક જાતના પરમાણુમાં કોઇ પણ એક વર્ણ તો હોય જ છે, તે વર્ણ તેમાં નિરંતર– કાયમ ટકતો નથી, પરંતુ જઘન્યથી એક સમય (ક્ષણ)માં અને ઉત્કૃષ્ટથી અસંખ્ય સમયે તે વર્ણનું અવશ્ય પરાવર્તન થાય છે, અર્થાત્ વર્ણાંતર થાય છે–બીજો વર્ણ ઉત્પન્ન થાય છે. એ રીતે એક પરમાણુમાં વારા ફરતી પાંચે વર્ણો, આવિર્ભાવ-પ્રકટતાને

તથા તિરોભાવ–પ્રચ્છન્નતાને પામે છે. આથી એ પણ જણાય છે કે,–દરેક પરમાણુ પ્રકટપણે એક વર્ણવાળો હોય છે અને સત્તાની અપેક્ષાએ પાંચે વર્ણો દરેક પરમાણુમાં રહેલા છે એમ માનવું જોઇએ. સ્કંધોમાં તો નિશ્ચયનયની દૃષ્ટિએ પાંચે વર્ણો સંભવે છે. અને વ્યવહારનયની દૃષ્ટિએ જે વર્ણની બહુલતા-અધિકતા હોય તે વર્ણવાળો તે સ્કંધ કહેવાય છે.

વર્ણાદિકનો આધાર પુદ્‌ગલ દ્રવ્ય છે અને પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત છે–રૂપી છે, માટે તેમાં રહેનારા વર્ણાદિક ગુણો પણ મૂર્તજ છે એ સિદ્ધ થાય છે. વળી આ વર્ણાદિક ગુણો તે તે ઇંદ્રિયથી પ્રત્યક્ષ થાય છે, માટે વર્ણાદિક પુદ્‌ગલરૂપ છે એ પણ સાબિત થાય છે.

**ગંધ**=ઘ્રાણેંદ્રિયનો જે વિષય હોય તે, અર્થાત્ ઘ્રાણથી–નાકથી જે જાણી શકાય તે 'ગંધ' કહેવાય. તેના બે ભેદ છે. સુગંધ ને દુર્ગંધ. જગતભરમાં એવો કોઈ પૌદ્‌ગલિક પદાર્થ નથી, કે જેમાં ગંધ ન હોય! વળી ધર્માસ્તિકાયાદિ કોઇ પણ અરૂપીદ્રવ્યમાં ગંધ રહેતો નથી, ફક્ત પુદ્‌ગલદ્રવ્યમાંજ રહે છે, માટે ગંધ એ પુદ્‌ગલનું લક્ષણ છે.

દરેક પરમાણુમાં એક ગંધ તો પ્રકટપણે અવશ્ય હોય છે. અને સત્તાથી બંન્ને ગંધ હોય છે. જે પર-

માણુમાં જે ગંધ હોય તેજ કાયમ રહે છે એમ નથી, પરંતુ સમયે તેમાં પલટો થાય છે. એટલે કે, જ્યારે સુગંધનો આવિર્ભાવ (પ્રકટતા) હોય ત્યારે દુર્ગંધનો તિરોભાવ (-પ્રચ્છન્નતા) હોય અને દુર્ગંધ નો આવિર્ભાવ હોય ત્યારે સુગંધનો તિરોભાવ હોય. સ્કંધમાં તો સમકાળે બન્ને ગંધ હોઇ શકે છે, તેમાં જે ગંધની બહુલત્તા હોય તે ગંધવાળો તે સ્કંધ કહેવાય છે, એ રીતે બાકીનું સ્વરૂપ વર્ણના સ્વરૂપની જેમ જાણવું.

**રસ**=રસનેંદ્રિયનો જે વિષય હોય તે, અર્થાત્ રસના-જીભ્હાદ્વારા જે જાણી શકાય એવો જે ગુણ તે 'રસ' કહેવાય. તેના કડવો, તીખો, તૂરો, ખાટો ને મીઠો, એવા પાંચ 卐 પ્રકાર છે. આ રસ ધર્માસ્તિકાય

卐 લોકપ્રસિદ્ધ છઠ્ઠો ખારો રસ હોવા છતાં, જૈન શાસ્ત્રકારોએ તેને મધુર રસમાં ગણેલો છે, માટે અહિં રસના પાંચ જ પ્રકાર લીધા છે. અનુભવ પણ જુઓ,—લવણને લોકો મીઠું તથા સબરસ કહે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે- લવણ ખારૂં છતાં અમુક પ્રકારની મીઠાશ યા સ્વાદુતા તેમાં છે, અને મોટે ભાગે રસોઇમાં પણ મીઠાથીજ સ્વાદુતા આવે છે, કારણ કે તેમાં સર્વ જાતના રસોની મિશ્રણતા અર્થાત્ સર્વ રસોના અંશો રહેલા છે, તેથી ખારૂં હોવા છતાં, લવણ એ મીઠું તથા સબરસ કહેવાય છે.

આદિ કોઇ પણ દ્રવ્યમાં નહિં પરંતુ ફક્ત પુદ્ગલ-દ્રવ્યમાંજ રહે છે, માટે રસ એ પણ પુદ્ગલનું લક્ષણ છે. પ્રકટપણે એક પરમાણુમાં એક રસ હોય છે. અને સત્તાની અપેક્ષાએ પાંચે રસોનો સંભવ છે. અને પરમાણુઓના સંયોગથી બનેલા સ્કંધોમાં તો પાંચે ય રસોનો નિશ્ચયથી સંભવ છે, છતાં જેની અધિકતા હોય તેની પ્રધાનતા જાણવી. બાકીનું વર્ણન વર્ણના વર્ણન મુજબ જાણવું

**સ્પર્શ**=સ્પર્શનેંદ્રિયનો જે વિષય હોય તે, અર્થાત્ સ્પર્શનાથી-ત્વચાથી જે જાણી શકાય તે 'સ્પર્શ' કહેવાય. તેના શીત–ઠંડો, ઉષ્ણ–ઉનો– ગરમ, સ્નિગ્ધ–ચિકણો, રૂક્ષ–લુખો, ગુરૂ–ભારે, લઘુ–હલકો, મૃદુ–કોમળ અને કર્કશ–ખરબચડો–બરસઠ એ આઠ પ્રકાર છે. આ શીત વગેરે સ્પર્શો ધર્માસ્તિકાય વગેરે અરૂપી દ્રવ્યોમાં હોતા નથી, કારણ કે- અરૂપી દ્રવ્યને કોઇ પણ પ્રકારનો સ્પર્શ હોઇ શકેજ નહિં. સ્પર્શાદિ ફકત રૂપી દ્રવ્યને જ હોઇ શકે. હવે જૈનદર્શન માન્ય છ દ્રવ્યો પૈકી કેવળ પુદ્ગલાસ્તિકાય જ રૂપી દ્રવ્ય છે, અને સ્પર્શ એ ગુણ છે, માટે તેનો આધાર રૂપી દ્રવ્યજ હોઇ શકે ! માટે અષ્ટવિધ સ્પર્શનો આધાર પુદ્ગલ-દ્રવ્ય જ હોવાથી, સ્પર્શ એ પુદ્ગલદ્રવ્યનો રૂપી ગુણ છે, અને પુદ્ગલનું લક્ષણ પણ છે.

દરેક પરમાણુમાં જુદા જુદા સમયની અપેક્ષાએ અથવા સત્તાની અપેક્ષાએ શીત, ઉષ્ણ, સ્નિગ્ધ ને રૂક્ષ એ ચાર સ્પર્શો મનાય છે; અને એક સમયે એક પરમાણુમાં શીત અને સ્નિગ્ધ, અથવા શીત અને રૂક્ષ, અથવા ઉષ્ણ અને સ્નિગ્ધ, અથવા ઉષ્ણ અને રૂક્ષ,—આ ચાર પ્રકારમાંથી હરકોઇ એક પ્રકારે બે સ્પર્શ હોઇ શકે. સાર એ છે કે,— એક પરમાણુમાં સમકાળે અવિરોધી એવા કોઇ પણ બે સ્પર્શો રહે છે અને 卐 આઠ સ્પર્શ તો ફક્ત બાદર પરિણામી પુદ્ગલ-સ્કંધમાં જ હોય છે.

---

卐 આ બાબતમાં તત્વાર્થવૃત્તિકાર (પાંચમા અધ્યાયના ૨૮ મા સૂત્રની વૃત્તિમાં) નીચે મુજબ ફરમાવે છે- "શ્રી સર્વજ્ઞભગવંતે 'સ્કંધમાં યથાસંભવ આઠે પ્રકારનો સ્પર્શ હોય છે' એમ પ્રતિપાદન કર્યું છે. અને પરમાણુઓમાં ચાર પ્રકારનો સ્પર્શ હોય છે, તે પણ શીત ઉષ્ણ સ્નિગ્ધ કે રૂક્ષ જાતિનો જ, અન્ય નહિં; તેમાં પણ એક પરમાણુમાં પરસ્પર અવિરોધી બે સ્પર્શ હોય છે."

પુનઃ આ બાબતમાં બૃહત્શતક ગ્રંથમાં નીચે મુજબ ઉલ્લેખ છે— "પરમાણુમાં લઘુ ને મૃદુ એ બે સ્પર્શો પણ અફર રીતે રહેલા છે." હવે આ મત પ્રમાણે તો, પરમાણુમાં એક કાળે એકી સાથે ચારે સ્પર્શોનો પણ સંભવ થયો અને સત્તાની અપેક્ષાએ અથવા યોગ્યતાનુસાર ૭ સ્પર્શો પણ હોઇ શકે, પરંતુ બહુમતે પરમાણુમાં ૪ સ્પર્શ ગણાય છે.

**ઉપસંહાર—** એ રીતે આ ૧૧ મી ગાથામાં પુદ્ગલના દશ જાતનાં લક્ષણો બતાવ્યાં. તે પૈકી 'શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા ને આતપ એ છ પદાર્થો પુદ્ગલના વિકારસ્વરૂપ છે, તેથી તે છયે પૌદ્ગલિક રૂપી તેમજ પુદ્ગલના વિશેષ લક્ષણો કહેવાય છે, તથા 'વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ' એ ચાર પુદ્ગલદ્રવ્યના ગુણો છે માટે તે વર્ણાદિ ચારેય પૌદ્ગલિક રૂપી ગુણ તરીકે અને પુદ્ગલના સામાન્ય લક્ષણ તરીકે મનાય છે.

પુદ્ગલની સિદ્ધિમાં અનન્ય-અજોડ કારણ હોવાથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શ (એ ચાર)ને રૂપી ગુણ તરીકે ગણેલા છે.

અહિં સાર એ છે કે-જેમ ચેતના-ચૈતન્ય એ જીવનું સ્વરૂપ છે-આત્માનું લક્ષણ છે, તેમ વર્ણાદિ

---

તથા જૈનશાસ્ત્રકારોએ દુનિયાના ઉપયોગી પુદ્ગલ સ્કંધોને- પરમાણુ સમૂહને આઠ જાતના વર્ગમાં વ્હેંચી દીધેલ છે, જે આઠ વર્ગણા કહેવાય છે. તે પૈકી પ્હેલી ઔદારિક વર્ગણાની પૂર્વેના દ્વ્યણુકાદિ સ્કંધોમાં સમકાળે ચાર સ્પર્શો હોય છે; અને ઔદારિક, વૈક્રિય ને આહારક વર્ગણાને યોગ્ય પુદ્ગલસ્કંધોમાં આઠ સ્પર્શો સંભવે છે, અને તેથી આગળની તૈજસ, ભાષા શ્વાસોચ્છ્વાસ, મન ને કાર્મણ એ પાંચ વર્ગણાઓ ચાર સ્પર્શવાળી અને ઉત્તરોત્તર સૂક્ષ્મપરિણામવાળી છે.

[ સૂચના- ૧૭૫ મા પાનાની આ ચાલુ ટીપ્પણી છે]

પુદ્ગલનું સ્વરૂપ છે–લક્ષણ છે. એટલે કે,– જે દ્રવ્યમાં વર્ણ ગંધ રસ ને સ્પર્શ હોય તે પુદ્ગલાસ્તિકાય કહેવાય છે. એક પરમાણુમાં પાંચ વર્ણ પૈકી હરકોઈ એક વર્ણ, બે ગંધમાંથી એક ગંધ, પાંચ રસમાંથી કોઈ પણ એક રસ, અને સ્નિગ્ધ ઉષ્ણ રૂક્ષ ને શીત એ ચાર સ્પર્શમાંથી કોઇ પણ અવિરોધી બે સ્પર્શ હોય છે. સ્કંધમાં યોગ્યતાનુસાર સઘળાનો સંભવ છે.

**॥ इति पुद्गलद्रव्यस्वरूपम ॥ ॥११॥**

અવતરણ– હવે વ્યવહારિક કાળના ભેદો કહે છે—

## વ્યહાર કાળ.

**एगा कोडी सतसट्ठि, लक्खा सत्तहुत्तरी सहस्सा य ।**
**दो य सया सोलहिया, आवलिया इगमुहुत्तम्मि ॥१२॥**
**समयावली मुहुत्ता, दीहा पक्खा य मास वरिसा य ।**
**भणिओ पलिया सागर, उस्सप्पिणि-सप्पिणी कालो ॥१३॥**

**અર્થ**:—એક ક્રોડ, સડસઠ લાખ, સત્યોતેર હઝાર બસો ને સોળ અધિક (૧,૬૭,૭૭,૨૧૬) આવલિકા એક મુહૂર્તમાં થાય છે. ॥૧૨॥ .

સમય, આવલી, મુહૂર્ત. દિવસ, પખવાડીયું, માસ, વર્ષ પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, અને કાળચક્ર એ (સઘળા વ્યવહાર-)કાળ(-નાભેદો)શ્રીજિનાગમમાં કહ્યા છે ॥૧૩॥

### પદ્યાનુવાદઃ-

[એક મુહૂર્તની આવલિકાઓ].

એક કોડી લાખ સડસઠ, સત્યોતેર હઝાર ને,

બસો સોળ સાધિક આવલિકા,-માન એક મુહૂર્ત્તને;

[વ્યવહારમાં ઉપયોગિ કાળનાં ક્રમથી નામ]

સમય આવલિ મુહૂર્ત દિવસ, પક્ષ માસ જ વર્ષ ને,
કાળ પલ્યોપમ અને વળી, સાગરોપમ કાળ ને. (૧૩)
ઉત્સર્પિણી અવસર્પિણી, ને કાળચક્ર અનુક્રમે,
એ બધા વ્યવહાર કાળો, ભાખિયા જિન આગમે,

**વિવેચન**-અવિભાજ્ય (એટલે કે છેલ્લી કોટીનો ઝીણામાં ઝીણો) જે કાળ તે '**સમય**' કહેવાય છે. પુદ્ગલોમાં જેમ પરમાણુ અવિભાજ્ય વિભાગસ્વરૂપ મનાય છે, તેમ કાળદ્રવ્યમાં સમય પણ અવિભાજ્ય વિભાગ-સ્વરૂપ મનાય છે. સમયથી કોઇ સૂક્ષ્મ કાળ નથી-સમય કરતાં કોઇ બીજો નાનો કાળ નથી. આવા અસંખ્ય સમયની એક **આવલિકા** થાય છે. સાધિક ૨૫૬ આવલિકાનો એક **ક્ષુલ્લકભવ** થાય છે. ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવનું એક **મુહૂર્ત** થાય છે, જેનું પ્રમાણ બે ઘડી થાય છે. ૩૦ મુહૂર્તનો **દિવસ**, ૧૫ દિવસનું **પખવાડીયું**. બે પક્ષનો-બે પખવાડીયાનો **મહિનો**, ૧૨ માસનું **વર્ષ**, અસંખ્ય વર્ષોનું **પલ્યોપમ**, ૧૦ કોડા કોડી પલ્યોપનું **સાગરોપમ**, ૧૦ કોડાકોડી સાગરોપની એક **ઉત્સર્પિણી** અને તેટલાજ કાળપ્રમાણની એક **અવસર્પિણી** થાય છે. આ બધોય કાળ સૂર્યની ગતિથી મપાય છે.

॥ ઇતિ વ્યવહારકાળ-સંક્ષેપઃ ॥

## —વ્યવહાર કાળ—

કાળના મુખ્ય બે ભેદ છે. નિશ્ચયકાળ ને વ્યવહારકાળ. વર્ત્તનાદિ પર્યાયોવાળો, અથવા વર્ત્તમાન સમયના પ્રમાણુવાળો નૈશ્ચયિકકાળ—નિશ્ચયકાળ છે, જેનું સ્વરૂપ ૯ મી ગાથાના વિવેચનમાં બતાવી ગયા છીએ, ત્યાંથી વાંચી લેવું.

સમય આવલિકા ને મુહૂર્તાદિ ભેદવાળો વ્યવહારકાળ છે. તે ચંદ્ર ને સૂર્યની નિયત ગતિથી મપાય છે. કારણ કે—દિવસ, તિથિ, માસ ને વર્ષ વગેરેની ઉત્પત્તિ જ્યોતિષ્ચક્રના પરિભ્રમણથી જ થાય છે. તેમાં જે કાળનો વિભાગ ન થઈ શકે એવો અત્યંત સૂક્ષ્મ જે કાળ તે **સમય*** કહેવાય છે.

---

*જેમ કોઇ બળવાન્ યુવાન્ તીક્ષ્ણ ભાલાની તીક્ષ્ણ અણીથી, ઉપરા ઉપરી મૂકેલાં કમળનાં સો પાંદડાંને એકી સાથે ભેદી નાંખે, અને માને કે 'મેં એક ક્ષણમાં એકી સાથે સો પાંદડાં ભેદી નાખ્યાં' તો તે તેની ભૂલ છે. કારણ કે-એક પાંદડાથી બીજા પાંદડાંમાં ભાલાને પેસતાં જેટલો વખત લાગે તેટલા વખતમાં તો અસંખ્ય સમયો પસાર થઇ જાય છે એટલે કે સો પાંદડાંને ભેદવાનો કાળ તો દૂર રહો! પરંતુ એક પાંદડાના છેદમાં અસંખ્ય સમયો લાગે છે, તો ૧૦૦ પાંદડાના છેદનમાં ૯૯ વખત અસંખ્ય સમયો લાગે છે, એટલો બધો

ઉપર્યુક્ત સ્વરૂપવાળા અસંખ્ય સમયોની એક **આવલિકા** થાય છે કારણ કે એક આવલિકામાં અસંખ્ય સમયો સંભવે છે. કેઇ સૂક્ષ્મનિગોદિયા જીવોનું આયુષ્ય ૨૫૬ આવલિકાનું હોય છે. સંસારવર્ત્તિ કોઇ પણ જીવનું આયુષ્ય આથી ઓછું હોતું નથી, તેથી તે **ક્ષુલ્લક ભવ** (નાનામાં નાનો ભવ-ટુંકામાં ટુંકું જીવન) કહેવાય છે. વળી આવી ૪૪૪૬ $\frac{૨૪૫૮}{૩૭૭૩}$ આવલિકાનો એક **પ્રાણ**卐 થાય છે, જે **શ્વાસોચ્છ્વાસ** કહેવાય છે.

આવા સાત પ્રાણ (=શ્વાસોચ્છ્વાસ)નો એક **સ્તોક**, સાત સ્તોકનો એક **લવ** અને ૭૭ લવનું એક **મુહૂર્ત** થાય છે.

---

સૂક્ષ્મ સમય છે એમ માનવું જોઇએ. અથવા કોઇ અત્યંત જીર્ણ વસ્ત્રને ફાડતાં એક તાંતણાથી બીજા તાંતણાને તુટવામાં અસંખ્ય સમયો લાગે છે. અરે ! આંખના એક પલકારામાં તથા એક ચપટી વગાડવામાં પણ અસંખ્ય સમયો પસાર થાય છે. માટે ઉપર્યુક્ત ઉદાહરણોથી સ્હેજે સમજી શકાય છે કે સર્વજ્ઞ કેવળીભગવંતના જ્ઞાનદર્પણમાં પણ, જેના બે ભાગ ન ભાસે, એવો ઝીણામાં ઝીણો કાળનો જે ભાગ તે **'સમય'** કહેવાય છે.

卐અહિં નિરોગી યુવાન પુરૂષનો જે શ્વાસોચ્છ્વાસ તે

એક *શ્વાસોચ્છ્વાસ (રૂપપ્રાણ)માં સાધિક ૧૭ ક્ષુલ્લકભવ થાય છે, અર્થાત્ એક શ્વસોચ્છ્વાસમાં **૧૭॥** સાડા સત્તર ક્ષુલ્લક ભવો થાય છે અને એક મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવો થાય છે (એટલે કે તેટલી વખત જન્મ-મરણ થાય છે). આ જ વાત બૃહત્સંગ્રહણીમાં પણ કહી છે. જુઓ–"**पणसट्ठिसहस्सपणसय,-छत्तीसा इगमुहुत्तखुड्डभवा। आवलियाणं दोसय छपन्न इग खुड्डभवे॥१॥** અર્થ:–૧ મુહૂર્ત્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવો થાય છે અને ૧ ક્ષુલ્લુકભવમાં ૨૫૬ આવલિકાઓ થાય છે."

વળી નવ સમયથી માંડીને ૧ સમય ન્યૂન (ઉણુ) ૧ મુહૂર્ત સુધીનો બધો કાળ **અંતર્મુહૂર્ત** કહેવાય છે. માટે અંતર્મુહૂર્ત પણ અસંખ્ય પ્રકારનું છે, એટલે કે અંતર્મુહૂર્તના અસંખ્ય ભેદો છે, તે પૈકી નવ સમય (ના પ્રમાણ)નું **જઘન્યઅંતર્મુહૂર્ત**, ૧૦ સમયથી માંડીને બે સમય ઓછા રહે ત્યાં સુધી **મધ્યમ-અંતર્મુહૂર્ત**, અને એક સમય ન્યૂન મુહૂર્ત પ્રમાણનું **ઉત્કૃષ્ટઅંતર્મુહૂર્ત** કહેવાય છે.

* પ્રાણ તરીકે લેવો, એટલે કે હૃષ્ટપુષ્ટ યાને ખેદ રહિત, જરા રહિત-અવૃદ્ધ, ભૂખના દુઃખથી અદુર્બલ પ્રાણીનો એક ઉચ્છ્વાસ ને એક નિઃશ્વાસ, એ બન્ને મળીને એક 'પ્રાણ' ગણાય છે. દુર્બળ કે રોગીનો નહિં.

મુહૂર્તના **ચંદ્રમુહૂર્ત** ને **સૂર્યમુહૂર્ત** એમ બે ભેદ છે. લોકમાં ૩૦ મુહૂર્તનો દિવસ ગણાય છે. આ દિવસની ગણત્રી ચાંદ્રમુહૂર્તથી જ ગણાય છે. કાંઇક ઉણુ સાડા તેર (૧૩$\frac{૨}{૫}$) ચાંદ્રમુહૂર્તનું એક સૂર્યમુહૂર્ત થાય છે. આ સૂર્યમુહૂર્તથી લોકમાં વ્યવહાર ચાલતો નથી.

૩૦ ચાંદ્રમુહૂર્તનો ૧ દિવસ ગણાય છે, તેના પણ ચાંદ્રદિવસ ને સૂર્યદિવસ એમ બે ભેદ છે. તેમાં ૩૦ મુહૂર્તના પ્રમાણવાળો અથવા ૬૦ ઘડી પ્રમાણ જે દિવસ તે **સૂર્યદિવસ** કહેવાય છે; અને કાંઇ અધિક ૨૯ા મુહૂર્ત પ્રમાણ ચંદ્રકળાની હાનિ વૃદ્ધિથી ઉત્પન્ન થતી જે તિથિ તે **ચાંદ્રદિવસ** મનાય છે.

લોકમાં સૂર્યદિવસ '**અહોરાત્ર**' એવા નામથી અને ચાંદ્રદિવસ '**તિથિ**' એવા નામથી ઓળખાય છે.

એક પક્ષમાં ૧૫ દિવસ અને ૧૫ રાત્રિઓ થાય છે. ઉક્ત ૧૫ દિવસોનું ૧ **સૂર્યપક્ષ** અને ૧૫ તિથિઓનું ૧ **ચાંદ્રપક્ષ** બને છે. લોકમાં ચંદ્રપક્ષથી જ વ્યવહાર ચાલે છે.

બે પક્ષ (=પખવાડીયા)નો ૧ **માસ** થાય છે. તેના પાંચ પ્રકાર નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ૩૦ અહોરાત્રિનો=૧ઋતુ-માસ. (અપરનામ -કર્મમાસ). | ૩. | ૨૯$\frac{૩૨}{૬૨}$ અહોરાત્રિનો= ૧ ચંદ્રમાસ. |
| | | ૪. | ૨૭$\frac{૨૧}{૬૭}$ ,,= ૧ નક્ષત્રમાસ |
| ૨. | ૩૦$\frac{૧}{૨}$ અહોરાત્રિનો =૧સૂર્યમાસ | ૫. | ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ ,,= ૧ અભિવર્ધિતમાસ. |

ઉક્ત પાંચ માસ પૈકી ચંદ્રમાસથીજ લોકમાં વ્યવહાર ચાલે છે, જે ચાંદ્રમાસ ૨૯$\frac{૩૨}{૬૨}$ અહોરાત્રિ પ્રમાણ, અથવા સંપૂર્ણ ૩૦ તિથિ સ્વરૂપ છે.

૭ માસનું એક '**સૂર્ય-અયન**' થાય છે, જે ૧૮૩ અહોરાત્રિ (=દિવસ-રાત) પ્રમાણનું હોય છે. આ સૂર્યાયનના '**દક્ષિણાયન**' અને '**ઉત્તરાયણ**' એવા બે ભેદ પડે છે. ૧૩$\frac{૪૪}{૬૭}$ અહોરાત્રિનું **ચાંદ્રાયણ** થાય છે, પરંતુ લોકવ્યવહારમાં તેનું પ્રયોજન નથી. ફક્ત સૂર્યાયન જ લોકવ્યવહારમાં ઉપયોગિ છે.

બાર માસનો એક **સંવત્સર** બને છે. તે પણ માસની જેમ પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| ૧. | ૩૬૦ અહોરાત્રિનો= ૧ ઋતુસંવત્સર (અથવા કર્મ સંવત્સર). | ૩. | ૩૫૪$\frac{૧૨}{૬૨}$ અહોરાત્રિનું=૧ ચંદ્રવર્ષ |
| | | ૪ | ૩૨૭$\frac{૫૧}{૬૭}$ ,, =૧ નક્ષત્રવર્ષ |
| ૨. | ૩૬૬અહોરાત્રિનો =૧ સૌર સંવત્સર(=૧ સૂર્યવર્ષ.) | ૫. | ૩૮૪$\frac{૪૪}{૬૨}$ ,,=૧ અભિ-વર્ધિતવર્ષ |

ઉપર્યુક્ત પાંચ પ્રકારના સંવત્સર (વર્ષ) પૈકી પાંચ સૂર્યવર્ષ મળીને એક **યુગ** થાય છે. અને ૮૪ લાખ

સૂર્યવર્ષનું એક **પૂર્વાંગ**, ૮૪ લાખ પૂર્વાંગનું અથવા* ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ સૌરવર્ષનું એક **પૂર્વ** થાય છે અને ૮૪ લાખ પૂર્વનું એક **ત્રુટિતાંગ** થાય છે. આટલુ આયુષ્ય યુગાદીશ શ્રી ઋષભદેવ ભગવાનનું હતું પુનઃ ૮૪ લાખ ત્રુટિતાંગનું ૧ **ત્રુટિત** થાય છે.

આ રીતે **અડડાંગ–અડડ-અવવાંગ-અવવ-હુહુકાંગ-હુહુક–ઉત્પલાંગ–ઉત્પલ–પદ્માંગ–પદ્મ– નલિતાંગ -નલિત– અર્થનિપુરાંગ–અર્થનિપુર–અયુતાંગ -અયુત–નયુતાંગ-નયુત-પ્રયુતાંગ–પ્રયુત–ચૂલિકાંગ–ચૂલિકા–શીર્ષપ્રહેલિકાંગ-શીર્ષપ્રહેલિકા.** સુધીની સર્વ સંખ્યાને પૂર્વ પૂર્વની સંખ્યાની અપેક્ષાએ ચોરાશી ચોરાશી લાખ ગુણી જાણવી. સિદ્ધાંતમાં –જૈન શાસ્ત્રોમાં શીર્ષપ્રહેલિકા સુધી સંખ્યાની (=કાળ ગણુનાની) મર્યાદા બતાવી છે. આથી આગળના કાળને **'પલ્યોપમ** તથા **સાગરોપમ'** એવું નામ અપાય છે.

## પલ્યોપમ ને સાગરોપમની વ્યાખ્યા ને સમજુતી

**પલ્યોપમ**=પલ્યની–ધાન્ય માપવાના પાલાની ઉપમા જેને અપાય તે.

**સાગરોપમ**=સાગરની– સમુદ્રની ઉપમા જેને હોય તે

*૮૪ લાખ પૂર્વાંગ એટલે સીતેર ક્રોડ ને છપ્પનલાખક્રોડ વર્ષ.

પૂર્વોક્ત અસંખ્ય વર્ષોનું એક પલ્યોપમ થાય છે. આપણા જેવા સ્થૂલ બુદ્ધિવાળાથી અસંખ્ય વર્ષોની ગણત્રી થવી મુશ્કેલ છે, છતાં દયાસાગર શાસ્ત્રકાર જ્ઞાની ભગવંતોએ કલ્પિત પણ પ્યાલાની ઉપમાવાળા કુવાના દૃષ્ટાંતથી સારી રીતે સમજાવેલ છે. તે આ પ્રમાણે—

૧ યોજન (એટલે ચાર ગાઉ) લાંબો, ૧ યોજન પ્હોળો અને ૧ યોજન ઉંડો એવો એક (ધાન્ય માપવાના પાલાના આકારનો) કૂવો હોય, તેને પ્હેલા આરાના (ઉત્તર કુરૂક્ષેત્રના) યુગલિક મુનુષ્યોનાં મસ્તક મુંડાવીને, એકથી સાત દિવસ સુધીમાં ઉગેલા વાળના (અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા) અસંખ્ય ભાગ કરી, તે વાળના ટુકડાઓથી ભરવો. એવો ઠાંસી ઠાંસીને ભરવો કે, ચક્રવર્ત્તિનું ૯૬ ક્રોડ પાયદળ– લશ્કર ઉપર થઇને ચાલ્યું જાય તો પણ એક ઇંચ જેટલો પણ ખાડો ન પડે, પુષ્કરાવર્ત્ત મેઘ વર્ષે તો પણ એક બિંદુ પણ પ્રવેશી શકે નહિં અને વાળના ખંડોને કૂહોહાવી શકે નહિ, તથા વનનો દાવાનળ પણ બાળી શકે નહિં.આવી રીતે ઠાંસી ઠાંસીને ઉક્ત કેશખંડોથી ભરેલા આ કૂવામાંથી સો સો વર્ષે એકેક ટુકડો કાઢવો. અને જેટલે વર્ષે તે કુવો તદ્દન ખાલી થાય તેનું નામ એક 卐'**પલ્યોપમ**' કહેવાય.

---

卐 **૧ ઉદ્ધારપલ્યોપમ, ૨.અદ્ધાપલ્યોપમ** અને **૩ ક્ષેત્રપલ્યોપમ,** એમ પલ્યોપમના મુખ્ય ત્રણ પ્રકાર છે

ઉક્ત ૧૦ કોડાકોડી (૧૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦) પલ્યોપમે એક **સાગરોપમ** થાય. (ક્રોડને ક્રોડથી ગુણતાં જે સંખ્યા આવે તે **કોડાકોડી** કહેવાય. અહિં દસક્રોડ ને દસક્રોડે ગુણવાથી જે સંખ્યા આવી છે તે દસ કોડાકોડી સમજવી આ રીતે સર્વત્ર કોડાકોડી માટે સમજવું.)

૧૦ કોડાકોડી સાગરોપમે એક **ઉત્સર્પિણી** અને ૧૦ કોડાકોડી સાગરોપમની એક **અવસર્પિણી** થાય છે. ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ (અથવા ૧ ઉત્સર્પિણી ને ૧ અવસર્પિણી મળી) ૧ કાળચક્ર* થાય છે.

---

આ ત્રણેય સૂક્ષ્મ ને બાદર એવા બબ્બે ભેદવાળા હોવાથી કુલ ૭ ભેદ થાય છે. આ ૭ ભેદ પૈકી પ્રસ્તુતમાં 'સૂક્ષ્મ-અદ્ધા પલ્યોપમ' ઉપયોગી હોવાથી, તેનું પ્રમાણ ઉપર બતાવ્યું છે. વિશેષાર્થીએ કાળલોકપ્રકાશ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ તથા જ્યોતિષ્કરંડક આદિ ગ્રંથો આ વ્યવહારકાળના વિશેષ જ્ઞાન માટે અવલોકવા.

* જેમ રથનાં બે ચક્ર-બે પઈડાં હોય, તેમ કાળરૂપી રથનાં ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે ચક્રો છે. વળી ચક્રને જેમ વચમાં આરાઓ હોય તેમ, કાળરૂપી રથચક્રના આરા સમાન ૭ ૭ આરાઓ છે. ૭ આરા એટલે ઉત્સર્પિણી કે અવસર્પિણી કાળના ૭ વિભાગો. તેનાં નામ અને પ્રમાણ નીચે પ્રમાણે છે—

| સંખ્યા. | નામ. | પ્રમાણ | સંખ્યા. | નામ. | પ્રમાણ. |
|---|---|---|---|---|---|
| ૧. | સુષમ-સુષમ | ૪ કોડીકોડી સાગરોપમ | ૪. | દુષમ સુષમ | ૪૨૦૦૦ વર્ષ-ન્યૂન ૧ કોડાકોડી સાગરોપમ |
| ૨. | સુષમ | ૩ ,, ,, | ૫. | દુષમ | ૨૧૦૦૦ વર્ષ |
| ૩. | સુષમ-દુષમ | ૨ ,, ,, | ૬. | દુષમ-દુષમ | ૨૧૦૦૦ વર્ષ |
| ૭ એ આરાના મળી કુલ ૧૦ કોડાકોડી સાગરોપમ સંપૂર્ણ થાય છે | | | | | |

ઉપર્યુક્ત ૬ આરા ઉત્સર્પિણીકાળમાં ચઢતા અને અવસર્પિણી કાળમાં ઉતરતા આવે છે, માટે જ ઉત્સર્પિણી એટલે ચઢતોકાળ અને અવસર્પિણી એટલે ઉતરતો કાળ કહેવાય છે. અર્થાત્ ઉત્સર્પિણીમાં પ્હેલો દુષમદુષમ આરો, બીજો દુષમ આરો, એ પ્રમાણે ઉત્તરોત્તર ક્રમશઃ ચઢતા આરાઓ આવે છે; અને અવસર્પિણીમાં પ્હેલો સુષમસુષમ આરો બીજો સુષમ આરો, એ રીતે ક્રમશઃ ઉતરતા આરાઓ આવે છે એમ સમજવું. કારણ કે-સુખ, સંઘયણ આયુષ્ય, બળ, શુભવર્ણ, ગંધ રસ, સ્પર્શ, જમીનના રસકસ વગેરે શુભ ભાવોની ઉત્સર્પિણીમાં દિનપ્રતિદિન ક્રમશઃ વૃદ્ધિ થતી જાય છે અને અવસર્પિણીમાં હાની થતી જાય છે.

લોક રૂઢિ મુજબ તો કાળની મર્યાદા ચાર યુગમાં જ સમાયેલી છે. જૈનદર્શન-માન્ય કાળની વિશાળ મર્યાદા લોક રૂઢિમાં નથી. અર્થાત્ જૈનેતરો કાળને ચાર વિભાગમાં વ્હેંચી દે છે. તે ચાર વિભાગ તે ચાર યુગ. જેનાં નામ અને પ્રમાણ નીચે મુજબ છે—

| | | | |
|---|---|---|---|
| ૧. | કૃતયુગ | ૧૭૨૮૦૦૦ | વર્ષ પ્રમાણેનો છે. |
| ૨. | ત્રેતાયુગ | ૧૨૯૬૦૦૦ | ,, |
| ૩. | દ્વાપરયુગ | ૮૬૪૦૦૦ | ,, |
| ૪. | કલિયુગ | ૪૩૨૦૦૦ | ,, |
| | | ૪૩૨૦૦૦૦ | |

જ્યારે ઉપર્યુક્ત ચારે યુગનાં કુલ તેંતાલીશ લાખ ને વીશ હજાર વર્ષ થાય છે. ત્યારે જૈનદર્શનમાન્ય એક પૂર્વમાં જ ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ સીત્તેર ક્રોડ ને છપ્પન લાખ ક્રોડ ( સૂર્ય ) વર્ષ થાય છે. અહિં કહેવાનો સાર એ છે કે—એક પૂર્વમાં ૧૬૭૩૩૩૩૩ વખત ચારે યુગનાં પરાવર્તનો થાય છે, અથવા એક પૂર્વમાં ચારે યુગોના સમુદિતકાળનો ફક્ત ૧/૩ ભાગ વ્યતીત થાય છે.

(સૂચના-૧૮૬ મા પેજથી અહિં સુધી એક સળંગ ટીપ્પણી છે)

અથવા **ભૂતકાળ**, **વર્ત્તમાનકાળ** અને **ભવિષ્યકાળ** એમ કાળ ત્રણ પ્રકારે છે તે ત્રણ પ્રકારમાં ભૂતકાળ ને ભવિષ્યકાળના અનંતા સમયો છે અને વર્ત્તમાનકાળ એક સમયનો છે; એટલેકે,—અનંતા કાળચક્રો ભેગાં થાય ત્યારે એક **પુદ્‌ગલપરાવર્ત** થાય છે, (તેનું સ્વરૂપ કર્મગ્રંથાદિકથી જાણવું). આવા અનંત પુદ્‌ગલપરાવર્તનનો ભૂતકાળ છે, અને તેથી અનંતગુણા પુદ્‌ગલપરાવર્તનનો ભવિષ્યકાળ છે, અર્થાત્ ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગુણો છે. અથવા જેટલો ભૂતકાળ પસાર થયો તેટલો ભવિષ્યકાળ છે, એટલે કે 'ભૂત ભવિષ્ય સરખા છે' એવો પણ એક મત છે. આ બન્ને મતો સાપેક્ષ હોવાથી અવિરૂદ્ધ છે, છતાં તત્ત્વ કેવળી ગમ્ય જાણવું.

આ વ્યવહારકાળ પણ અરૂપી છે અને તે ૨।। દ્વીપમાંજ છે. કારણ કે ૨।। દ્વીપની બ્હાર ચંદ્રસૂર્યની ગતિ નથી, માટે ત્યાં દિવસ વર્ષ કે માસ આદિનો વ્યવહાર નથી. જ્યાં દિવસ ત્યાં દિવસ જ, અને જ્યાં રાત ત્યાં રાત જ સદાકાળ છે. માટે ૨।। દ્વીપની બહાર સર્વ દ્વીપ ને સમુદ્રમાં, દેવલોકમાં તેમજ સાતે નરકપૃથ્વીમાં જે ૧૦૦૦૦ આદિ વર્ષોનું આયુષ્ય વગેરે જે જે કાળ સંબંધી વ્યવહારો ચાલે છે, તે તમામ ૨।। દ્વીપમાં ચાલતા ચંદ્ર સૂર્યની ગતિને અનુસારે જાણવા.

## વ્યવહારકાળના ભેદોનું સંક્ષિપ્ત કોષ્ટક.

| | |
|---|---|
| અવિભાજ્ય સૂક્ષ્મકાળ= | ૧ સમય. |
| ૯ સમય= | ૧ જઘન્ય અંતર્મુહૂર્ત. |
| અસંખ્ય સમયો= | ૧ આવલિકા |
| ૨૫૬ આવલિકા= | ૧ ક્ષુલ્લકભવ. |
| ૪૪૪૬ $\frac{૨૪૫૮}{૩૭૭૩}$ આવલિકા= | ૧ પ્રાણ (શ્વાસોચ્છ્વાસ). |
| અથવા સાધિક ૧૭॥ ક્ષુલ્લકભવ= | ,, ,, |
| ૭ પ્રાણ (શ્વાસોચ્છ્વાસ)= | ૧ સ્તોક. |
| ૭ સ્તોક= | ૧ લવ. |
| ૩૮॥ લવ= | ૧ ઘડી. |
| ૨ ઘડી અથવા ૭૭ લવ= | ૧ મુહૂર્ત. |
| અથવા ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ= | ,, |
| ૩૦ મુહૂર્ત= | ૧ દિવસ (અહોરાત્ર). |
| ૧૫ દિવસ= | ૧ પક્ષ (પખવાડીયું). |
| ૨ પક્ષ = | ૧ માસ (મહિનો). |
| અથવા ૩૦ દિવસ= | , |
| ૬ માસ= | ૧ ઉત્તરાયણ અથવા |
| અથવા ૧૮૩ દિવસ= | ૧ દક્ષિણાયન. |

| | |
|---|---|
| ૨ અયન= | ૧ વર્ષ (સંવત્સર) |
| અથવા ૧૨ માસ= | ,, ,, |
| ૫ વર્ષ= | ૧ યુગ |
| ૮૪ લાખ વર્ષ= | ૧ પૂર્વાંગ. |
| ૭૦ ક્રોડ ને ૫૬ લાખ ક્રોડ (૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦) વર્ષ= | ૧ પૂર્વ. |
| અસંખ્યવર્ષ= | ૧ પલ્યોપમ. |
| ૧૦ કોડાકોડી પલ્યોપમ= | ૧ સાગરોપમ. |
| ૧૦ કોડાકોડી સાગરોપમ= | ૧ ઉત્સર્પિણી અથવા |
| ,, ,, ,, = | ૧ અવસર્પિણી. |
| ૨૦ કોડાકોડી સાગરોપમ= | ૧ કાળચક્ર. |
| અથવા ૧ ઉત્સર્પિણી અવસર્પિણી= | ,, |
| અનંતકાળચક્ર= | ૧ પુદ્ગલપરાવર્ત્ત. |
| અનંતપુદ્ગલપરાવર્ત્તન= | ભૂતકાળ. |
| ભૂતકાળથી અનંતગુણા પુદ્ગલપરાવર્ત્તન= | ભવિષ્યકાળ. |
| અથવા મતાંતરે તત્સમ=ભૂત જેટલોજ= | ,, |
| ૧ સમય= | વર્ત્તમાનકાળ. |
| ભૂત- ભવિષ્ય-વર્ત્તમાનકાળ= | સંપૂર્ણવ્યવહારકાળ. |

॥ ઇતિ વ્યવહારકાળ સ્વરૂપં સમાપ્તમ્ ॥ ૧૩ ॥

**અવતરણ**=જૈનદર્શનમાં જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ, એમ છ જ દ્રવ્યો-છ જ પદાર્થો માનેલા છે. તેનું સ્વરૂપ ઉક્ત ૧૩ ગાથાઓમાં કહી આવ્યા. હવે તે છ દ્રવ્યોમાં પરિણામિત્વાદિ ધર્મદ્વારા, નીચેની ગાથામાં સાધર્મ્ય વૈધર્મ્યનો વિચાર કહે છે—

**મુલ— परिणामि जीव मुत्तं,**
**सपएसा एग खित्त किरिया य ।**
**णिच्च कारण कत्ता,**
**सव्वगय इयर अप्पवेसे ॥ १४ ॥**

**અર્થ**:-પરિણામી જીવ, મૂર્ત્ત, સપ્રદેશી, એક, ક્ષેત્ર, ક્રિયા, નિત્ય કારણ, કર્ત્તા, સર્વગત, આ બધાના ઇતર ભેદો, અને અપ્રવેશ (આ તમામનો છ દ્રવ્યમાં તું વિચાર કર). ॥ ૧૪ ॥.

## — પદ્યાનુવાદ —

[ છ દ્રવ્યમાં પરિણામિતાદિ બાર ધર્મની વિચારણા ].

પરિણામિતા ને જીવતા ને, મૂર્ત્તતા સપ્રદેશિતા,
એકતા ને ક્ષેત્રતા, સક્રિયતા ને નિત્યતા. (૧૪)
કારણપણું કર્ત્તાપણું, વળી સર્વવ્યાપકતા અને,
ઇતરાપ્રવેશિતા ભવિક! ષટ્ દ્રવ્યમાંહિ વિચારને;

## - વિ વે ચ ન -

### ગાથામાં આવેલ શબ્દોનો ટુંકો અર્થ—

૧. પરિણામી=જેનું રૂપાંતર થાય તે.

૨. જીવ=જેમાં ચેતના–જ્ઞાનાદિ હોય તે.

૩. મૂર્ત્ત=રૂપી. જેમાં રૂપ-રસ-ગંધ-સ્પર્શ હોય તે.

૪. સપ્રદેશી=જેને પ્રદેશ હોય તે.

૫. એક=સંખ્યાથી જે એક હોય તે.

૬. ક્ષેત્ર=આધારભૂત દ્રવ્ય.

૭. ક્રિયા=ગમન-આગમનાદિ ક્રિયા.

૮. નિત્ય=શાશ્વત, સ્થાયિ, અથવા જેની ઉત્પત્તિ કે નાશ ન હોય તે.

૯. કારણ=કારણભૂત. અન્યને ઉપયોગી કે ઉપકારક.

૧૦. કર્ત્તા=સ્વતંત્ર ક્રિયા કરનાર.

૧૧. સર્વગત=સર્વવ્યાપક. સર્વત્ર રહેનાર. ઇતર=દેશવ્યાપક અથવા વિપરીત (પ્રતિપક્ષી ભેદ સહિત).

૧૨. અપ્રવેશ=પ્રવેશ રહિત અથવા અન્ય દ્રવ્યમાં પ્રવેશ નહિં પામનાર, યાને બીજા દ્રવ્યરૂપે નહિં થનાર.

ઉક્ત છ દ્રવ્યો કયા કયા ધર્મની અપેક્ષાએ સમાન છે અને કયા કયા ધર્મની અપેક્ષાએ સમાન નથી ? એ પ્રશ્નના ઉકેલ માટે છયે દ્રવ્યોમાં પરિણામિત્વાદિ બાર ધર્મો દ્વારા સાધર્મ્ય=(સરખા ધર્મપણું) અને વૈધર્મ્ય=(વિરૂદ્ધ ધર્મપણું)

બતાવાય છે. પરિણામિત્વાદિ જે બાર ધર્મો છે તે વિચારણાનાં બાર દ્વાર કહેવાય છે. આ બાર દ્વારો એટલે (પ્રતિપક્ષ સહિત) બાર પ્રશ્નો. આ બાર પ્રકારના પ્રશ્નો નીચે મુજબ છે.

## છ દ્રવ્યનાં પરિણામી આદિ બાર દ્વારો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | છ દ્રવ્યમાં | **પરિણામી** (=પરિણામ પામનાર) | કોણ? | અને | **અપરિણામી** | કોણ? |
| ૨. | ,, | **જીવ** (=સચેતન) | ,, | ,, | **અજીવ** (=અચેતન) | ,, |
| ૩. | ,, | **રૂપી** (=મૂર્ત્ત=વર્ણાદિયુક્ત) | ,, | ,, | **અરૂપી** (અમૂર્ત્ત) | ,, |
| ૪. | ,, | **સપ્રદેશી** (=પ્રદેશ યુક્ત) | ,, | ,, | **અપ્રદેશી** (=પ્રદેશરહિત) | ,, |
| ૫. | ,, | **એક** (=સંખ્યાથી એક) | ,, | ,, | **અનેક** (=સંખ્યાથી એકાધિક) | ,, |
| ૬. | ,, | **ક્ષેત્ર** (=આધાર કે આશ્રય) | ,, | ,, | **ક્ષેત્રી** (=આધેય કે આશ્રયી) | ,, |
| ૭. | ,, | **સક્રિય** (=ક્રિયા સહિત) | ,, | ,, | **અક્રિય** (=ક્રિયા રહિત) | ,, |
| ૮. | ,, | **નિત્ય** (=શાશ્વત) | ,, | ,, | **અનિત્ય** (=અશાશ્વત) | ,, |
| ૯. | ,, | **કારણ** (=અન્યને ઉપકારક) | ,, | ,, | **અકારણ** (=અન્યને અનુપયોગી) | ,, |
| ૧૦. | ,, | **કર્ત્તા** (=સ્વતંત્ર ક્રિયા કરનાર) | ,, | ,, | **અકર્ત્તા** (=સ્વતંત્ર ક્રિયા ન કરનાર) | ,, |
| ૧૧. | ,, | **સર્વવ્યાપી** (=સર્વત્ર રહેનાર) | ,, | ,, | **દેશવ્યાપી** (=અમુકમાં રહેનાર) | ,, |
| ૧૨. | ,, | **સપ્રવેશી** (=અન્ય દ્રવ્યરૂપે થનાર) | ,, | ,, | **અપ્રવેશી** (=અન્યમાં નહિ ભળનાર) | ,, |

આ રીતે છયે દ્રવ્યમાં પ્રતિપક્ષ સહિત બાર પ્રશ્નસ્વરૂપ બાર દ્વારો કહ્યાં છે, તેથી છ યે દ્રવ્યોનું પરસ્પર સાધર્મ્ય (=અમુક ધર્મની અપેક્ષાએ સરખાપણું) અને વૈધર્મ્ય (=અમુક ધર્મની અપેક્ષાએ અસરખાપણું) જણાવેલ છે, જેનું વિસ્તૃત વિવેચન નીચે મુજબ છે.

**પરિણામી**=પોતાના મૂળ સ્વરૂપને છોડ્યા શિવાય ભિન્ન ભિન્ન અવસ્થાને પામનાર જે દ્રવ્ય તે **પરિણામી** દ્રવ્ય કહેવાય. અથવા પરિણામ જેને હોય તે પરિણામી. પરિણામ એટલે રૂપાંતર-અવસ્થાંતર-પલટો કે ફેરફાર. અર્થાત્ એક ક્રિયાથી બીજી ક્રિયામાં કે એક અવસ્થાથી બીજી અવસ્થામાં જવું તે પરિણામ કહેવાય. આવો પરિણામ જીવો અને પુદ્ગલોમાં જ થતો હોવાથી, તે બે દ્રવ્ય જ પરિણામી છે. જેમ કે,—નારક દેવાદિસ્વરૂપ જીવનો પરિણામ છે, અને ભિન્ન ભિન્ન વર્ણ ગંધાદિ તથા સ્તંભ-કુંભાદિ અનેક પ્રકારનો દેખાતો પુદ્ગલનો પરિણામ છે. જો કે છએ દ્રવ્યો પોતપોતાના સ્વરૂપમાં પરિણામ પામે છે, પરંતુ જીવનો નારક દેવાદિસ્વરૂપ અને પુદ્ગલનો સ્તંભ કુંભાદિસ્વરૂપ જે સ્થૂલ પરિણામ થાય છે, તેવો સ્થૂલ પરિણામ ધર્માસ્તિકાયાદિ ચાર

દ્રવ્યોમાં થતો નથી; માટે 卐**જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્ય જ પરિણામી છે અને બાકીનાં ૪ દ્રવ્યો અપરિણામી છે.** અર્થાત્ જીવ અને અજીવને જ્યારે 'પરિણામિત્વ' ધર્મની અપેક્ષાએ પરસ્પર સાધર્મ્ય છે–સરખાપણું છે, ત્યારે શેષ ચાર દ્રવ્યોને 'અપરિણામિત્વ' ધર્મની અપેક્ષાએ પરસ્પર સાધર્મ્ય છે. અહિં સ્થૂલ પરિણામની વિવક્ષા છે. જીવનો તેમજ અજીવનો પણ *૧૦ પ્રકારનો પરિણામ થાય છે.

---

卐 જો કે નિશ્ચયનયની દષ્ટિએ તો છએ દ્રવ્યો પરિણામી છે, કારણ કે પોતપોતાના સ્વરૂપમાં તો બધાંય દ્રવ્યો પરિણામ પામે છે; પરંતુ વ્યવહારનયની દષ્ટિએ તો જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યમાં જ પરિણામ યાને રૂપાંતર થાય છે, અને ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યોમાં તેવો પરિણામ થતો નથી. આથી સાર એ આવ્યો કે- નિશ્ચય દષ્ટિથી છયે દ્રવ્યો પરિણામી છે અને વ્યવહાર દષ્ટિથી જીવ અજીવજ પરિણામી છે, અને બાકીનાં દ્રવ્યો અપરિણામી છે.

***૧૦ પ્રકારનો જીવ પરિણામ.**

૧ **ગતિપરિણામ**=દેવ, મનુષ્ય, નારકી કે તિર્યંચપણે જીવનું પરિણમવું તે.
૨ **ઇંદ્રિય પરિણામ**=સ્પર્શનાદિ પાંચ ઇંદ્રિયપણે ,,
૩ **કષાય પરિણામ**=ક્રોધ, માન, માયા કે લોભરૂપે ,,
૪ **લેશ્યા પરિણામ**=કૃષ્ણ લેશ્યાદિ ૬ લેશ્યારૂપે ,,
૫ **યોગ પરિણામ**=મનોયોગ, વચનયોગ કે કાયયોગરૂપે ,,

**જીવ**—જેની અંદર ચેતના યાને સુખદુઃખની લાગણી હોય તે જીવદ્રવ્ય કહેવાય છે. છ દ્રવ્ય પૈકી ફક્ત જીવમાંજ ચેતના હોવાથી, તે **એક જીવદ્રવ્ય**

૬ **ઉપયોગપરિણામ**=મતિજ્ઞાન આદિ ૧૨ (પૈકી હરકોઇ) ઉપયોગ રૂપે જીવનું પરિણમવું તે.

૭ **જ્ઞાનપરિણામ**=મતિજ્ઞાન આદિ ૮ (પૈકી હરકોઇ) જ્ઞાનપણે જીવનું પરિણમવુ તે.

૮ **દર્શનપરિણામ**=મિથ્યાત્વ, ક્ષાયોપશમિકસમ્યક્ત્વ કે મિશ્રસમ્યક્ત્વપણે જીવનું પરિણમવું તે.

૯ **ચારિત્રપરિણામ**=સામાયિક આદિ પાંચ (પૈકી હરકોઇ) ચારિત્રરૂપે જીવનું પરિણમવું તે.

૧૦ **વેદપરિણામ**=સ્ત્રીવેદ, પુરૂષવેદ કે નપુંસકવેદપણે „

ઉપર્યુક્ત ગતિ આદિ જીવપરિણામ પ્રાયોગિક (=કર્મરુપી ઉપાધિજન્ય) છે, પરંતુ સ્વાભાવિક નથી.

**ગતિ પરિણામ**=નારકી આદિ ગતિનામ કર્મના ઉદયથી જે પ્રાપ્ત થાય તે **'ગતિ'** કહેવાય છે. અને નારકત્વ, મનુષ્યત્વ, તિર્યક્ત્વ કે દેવત્વપર્યાય એ જીવનો (=આત્માનો) **પરિણામ** કહેવાય છે. માટે ગતિરૂપ જે પરિણામ તે **'ગતિપરિણામ'** કહેવાય. જેમકે-કોઇ એક મનુષ્ય વર્ત્તમાનકાળમાં મનુષ્યગતિના પરિણામવાળો છે, તેનું આયુષ્ય પૂર્ણ થવાથી તે દેવપણે ઉત્પન્ન થયો, તે વખતે મનુષ્ય પર્યાયનો નાશ થયો અને દેવપર્યાયની ઉત્પત્તિ થઇ. તથા આત્મદ્રવ્ય યાને જીવ તો તેનો તેજ છે. અર્થાત્ જે જીવ મનુષ્ય હતો તેજ દેવ થયો

**છે અને બાકીનાં પાંચ દ્રવ્યો અજીવ છે. એટલે કે અજીવત્વ એ જીવ શિવાયના પાંચ દ્રવ્યોનું સાધર્મ્ય છે.**

---

છે. એટલે કે તેનો આત્મા તો મૂળસ્વરુપમાં કાયમ જ છે, તેના મૂળસ્વરુપનો પલટો અવસ્થાંતર કે રુપાંતર થયું નથી, ફક્ત તેના પર્યાયનોજ પલટો થયો છે. (અહિં ઉત્પાદ, વિનાશ ને ધ્રૌવ્યરુપ ત્રિપદીની ઘટના કરવામાં આવી છે). આ રીતે મનુષ્યાદિ અવસ્થામાંથી કે પર્યાયમાંથી દેવ આદિ અવસ્થા કે પર્યાયને પામતો હોવાથી જીવ એ પરિણામીદ્રવ્ય છે.

એ રીતે 'ઇંદ્રિય પરિણામ' આદિમાં પણ સ્વબુદ્ધિથી ઘટના કરી લેવી. જેમકે–એક જીવ એકેંદ્રિય છે, તે મરીને બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય કે પંચેંદ્રિય થયો, તો ત્યાં એકેંદ્રિયપણાનો નાશ અને બેઇંદ્રિયાદિપણાની ઉત્પત્તિ થઇ. વળી આત્માનું મૂળ સ્વરુપ તો તેનું તેજ છે–અફર છે. માટે ઇંદ્રિયાદિ પર્યાયોમાં પલટો થાય છે છતાં આત્મતત્ત્વની ધ્રુવતા છે. આવો ઇંદ્રિયપરિણામ જીવમાં જ ઘટે છે બાકીના ધર્માસ્તિકાયાદિ અજીવ દ્રવ્યોમાં ઘટતો નથી, તેથી ઇંદ્રિયપરિણામ એ જીવનો જ પરિણામ છે, પણ અન્યનો નહિં એ સિદ્ધ થાય છે.

એ પ્રમાણે કષાય વગેરે પરિણામોની વ્યવસ્થા પણ સ્વબુદ્ધિથી વિચારવી.

### ૧૦ પ્રકારનો પુદ્ગલ પરિણામ.

૧ **બંધ પરિણામ**–પુદ્ગલોનો પરસ્પર સંબંધ થવો યા મળી જવું કે એકમેક થઇ જવું તે. (બેપ્રકારે છે.)

**મૂર્ત્ત**—જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય તે **મૂર્ત્ત** (મૂર્તિમંત કે **રૂપી**) કહેવાય છે. છ દ્રવ્ય

---

૨ **ગતિપરિણામ**-પુદ્ગલોમાં ગતિક્રિયા ઉપજવી યાને તેઓનું સ્થાનાંતર થવું તે. (૨)

૩ **સંસ્થાનપરિણામ**-પુદ્ગલોનું અમુક આકારમાં ગોઠવાઇ જવું તે (૫)

૪ **ભેદપરિણામ**-પુદ્ગલોનું સ્કંધથી અલગ થવું તે. (૫)

૫ **વર્ણ પરિણામ**-પુદ્ગલોમાં શ્વેત આદિ પાંચ (પૈકી હરકોઇ) વર્ણરૂપે પરિણમન થવું તે.

૬ **ગંધપરિણામ**- ,, સુગંધ કે દુર્ગંધરૂપ ,,

૭ **રસ પરિણામ**- ,, મધુર આદિ પાંચ રસો પૈકી હરકોઈ રસપણે પરિણમન થવું તે.

૮ **સ્પર્શપરિણામ**- ,, શીત આદિ આઠ સ્પર્શ પૈકી હરકોઇ સ્પર્શપણે પરિણમન થવું તે.

૯ **અગુરૂલઘુપરિણામ**-પુદ્ગલોમાં ગુરૂત્વ, લઘુત્વ, ગુરૂલઘુત્વ, કે અગુરૂલઘુત્વનું પરિણમન થવું તે.

૧ ગુરૂત્વપરિણામ અધોગતિનું કારણ છે, જે લોઢા ને પત્થર આદિ ભારે પદાર્થમાં હોય છે.

૨ લઘુત્વપરિણામ ઉર્ધ્વગતિનું કારણ છે, જે ધૂમાડા ને વરાળ જેવા હલકા પદાર્થોમાં હોય છે.

પૈકી ફક્ત પુદ્ગલમાં જ વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ હોવાથી ફક્ત **પુદ્ગલ જ મૂર્ત્તદ્રવ્ય છે, અને બાકીનાં**

૩ ગુરૂલઘુત્વપરિણામ તિર્છીગતિનું કારણ છે જે વાયુ આદિમાં હોય છે.

૪ અગુરૂલઘુપરિણામ પ્રાયઃ સ્થિરતાનું કારણ છે, જે પરમાણુ તથા આકાશ આદિમાં હોય છે. તેમાં ગુરૂત કે લઘુતા પણ નથી. અનુભવ પણ કહે છે કે- લઘુ-હલકો પદાર્થ ઉંચે જાય છે અને ગુરૂ-ભારે હોય તે નીચે જાય છે, તેથી જેમાં લઘુતા કે ગુરૂતા પૈકી એકેય ન હોય તે જ દ્રવ્ય સહજ સ્થિર રહી શકે છે માટે તેવા સ્વભાવવાળા ધર્માસ્તિકાય આદિ અરૂપી દ્રવ્યોમાં પણ આ પરિણામ હોય છે. વળી પુદ્ગલની આઠ વર્ગણા પૈકી 'ઔદારિક. આહારક, વૈક્રિય ને તૈજસ' એ ચારમાં ગુરૂલઘુપરિણામ હોય છે, અને 'કાર્મણ. મન, ઉચ્છ્વાસ ને ભાષા' એ ચારમાં અગુરૂલઘુ પરિણામ હોય છે.

૧૦ **શબ્દ પરિણામ**-પુદ્ગલોમાં વિવિધ શબ્દ-ધ્વનિ કે અવાજ ઉપજવો તે.

ઉક્ત ૧૦ પ્રકારનો પરિણામ ફક્ત પુદ્ગલ દ્રવ્યમાં જ હોવાથી પુદ્ગલ એ પરિણામી દ્રવ્ય છે અને ઉક્ત ગતિ આદિ ૧૦ પ્રકારનો પરિણામી દ્રવ્યમાં જ થતો હોવાથી જીવ પણ પરિણામી દ્રવ્ય છે. તથા ધર્માસ્તિકાયાદિ ચાર અપરિણામી છે. (સૂચના-૧૯૬મા પેજથી અહિંસુધી એક સળંગ ટીપ્પણી છે.)

પાંચ દ્રવ્યો **અમૂર્ત્ત છે-અરૂપી છે,** કારણ કે તેમાં વર્ણાદિ હોતા નથી, માટે અમૂર્ત્તત્વ એ પુદ્ગલ શિવાયના પાંચ દ્રવ્યોનું સાધર્મ્ય છે. (વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ, એ ચારનું સામુદાયિક નામ 'રૂપ' છે, માટે તે વર્ણાદિ ચાર જેમાં હોય તે રૂપી અને ન હોય તે અરૂપી કહેવાય છે એમ સમજવું).

પાંચ દ્રવ્યો અરૂપી છે, તેમાં જીવદ્રવ્ય પણ આવ્યું. અહિં સ્હેજે પ્રશ્ન થાય કે જીવતત્ત્વમાં જીવને રૂપી ગણ્યો છે અને અહિં અરૂપી કહો છો, તે કેમ સમજાય? તેના જવાબમાં જાણવું કે– જીવતત્ત્વમાં શરીર ધારી જીવના ૧૪ ભેદની અપેક્ષાએ રૂપી કહેલ છે, અને અહિં જીવદ્રવ્યના મૂળસ્વરૂપની અપેક્ષાએ અરૂપી કહેવાય છે, માટે વિરોધ નથી.

**સપ્રદેશી**– પ્રદેશ સહિત હોય તે (સપ્રદેશ કે) સપ્રદેશી કહેવાય. જેમાં પ્રદેશો (સૂક્ષ્મ અવયવો યાને કેવળજ્ઞાનથી પણ જેના અંશો કલ્પી ન શકાય તેવા સૂક્ષ્મ અંશો) હોય તે **સપ્રદેશીદ્રવ્ય** કહેવાય. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશો છે, આકાશાસ્તિકાયના અનંત પ્રદેશો છે, અને પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશથી માંડી અનંતા પ્રદેશો

છે, માટે એ પાંચ દ્રવ્યો સપ્રદેશી છે. કાળ સમયસ્વરૂપ હોવાથી તેના અંશો થઇ શકતા નથી, માટે કાળ અપ્રદેશી છે. કાળદ્રવ્ય શિવાયના પાંચ દ્રવ્યોનું 'સપ્રદેશિત્વ' સાધર્મ્ય છે.

પુદ્ગલાસ્તિકાયમાં પરમાણુને દ્રવ્યસ્વરૂપે કહેલ છે, પરંતુ સ્કંધને નહિં. કારણ કે, પૂર્વે કહેલ દ્રવ્યનું લક્ષણ તેમાં (પરમાણુમાં) ઘટે છે. વળી પરમાણુનો પ્રદેશ સ્વરૂપ અંશ થઇ શકતો નથી, છતાં પરમાણુઓના મળવાથી (એકત્રિત અનેક પરમાણુઓનો) સ્કંધ થાય છે, અને તે (સ્કંધ)માં પ્રદેશો રહેલા છે, માટે તેને સપ્રદેશી દ્રવ્ય કહેલ છે.

**એક**– સંખ્યાથી જે (દ્રવ્ય) એક હોય તે 'એક દ્રવ્ય' કહેવાય છે. છ દ્રવ્ય પૈકી **ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એક એક છે,** માટે તેઓ 'એક દ્રવ્ય' કહેવાય છે. જીવો અનંતા છે. પુદ્ગલના પરમાણુઓ અનંતા છે, અને ભૂતકાળ તેમજ ભવિષ્યકાળના સમયો પણ અનંતા છે. માટે જીવ, પુદ્ગલ ને કાળ એ ત્રણ દ્રવ્યો અનેક છે. સાર એ આવ્યો કે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યોનું 'એકત્વ' ધર્મની

અપેક્ષાએ સાધર્મ્ય છે. અને જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય તેમજ કાળ એ ત્રણ દ્રવ્યોનું 'અનેકત્વ'-ધર્મની અપેક્ષાએ સાધર્મ્ય છે-સરખાપણું છે.

જોકે જીવદ્રવ્યમાં માનવો પરિમિત સંખ્યાવાળા છે. (એટલે કે, એક એકડાને ૯૬ વખત ઠાણુ બમણો કરવો અને જે સંખ્યા આવે તેટલા વધુમાં વધુ મનુષ્યો માનવસૃષ્ટિમાં હોય છે, તેથી અધિક કદાપિ હોતા નથી, જેમકે- એકના બમણા બે, બેના બમણા ચાર, ચારના બમણા આઠ, આ રીતે ૯૬ વખત બમણા બમણા કરવાથી જેટલી સંખ્યા આવે તેટલી સંખ્યા માનવોની હોઇ શકે); દેવો ને નારકો અસંખ્યાતા છે, તો પણ નિગોદવર્તિ જીવો અનંતા હોવાથી (તે અનંતકાયની અપેક્ષાએ) જીવો અનંતા કહ્યા છે.

પુદ્ગલાસ્તિકાયમાં પૌદ્ગલિક- રૂપી દેખાતા પદાર્થો અનંતા છે, માટે પુદ્ગલદ્રવ્યો પણ અનંતા છે.

કાળ જોકે વર્તમાન એક સમયરૂપ છે, તો પણ ભૂત ને ભવિષ્યકાળના અનંતા સમયો હોવાથી, ભૂત-ભવિષ્યની અપેક્ષાએ કાળ પણ અનંત છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના અસંખ્યાતા અને આકાશાસ્તિકાયના અનંતા પ્રદેશો જે કહેવાય છે,

તે કેવળ કાલ્પનિક છે, વાસ્તવિક નથી. તેથી તે ત્રણે દ્રવ્યો અખંડ એક સ્કંધસ્વરૂપ હોવાને લીધે, સંખ્યાથી પ્રત્યેક એક એક જ છે.

**ક્ષેત્ર**- ક્ષેત્ર એટલે આધાર. આધાર આપનાર દ્રવ્ય ક્ષેત્ર કહેવાય છે. છ દ્રવ્યો પૈકી આકાશ એ અન્ય સકલ દ્રવ્યોનો આધાર હોવાથી, આકાશ એ ક્ષેત્ર છે, અને બીજા પાંચ દ્રવ્યો આકાશને આધારે રહેલાં હોવાથી ક્ષેત્રી (-આધેય) છે. આકાશ શિવાયના પાંચ દ્રવ્યોનું 'ક્ષેત્રિત્વ' ધર્મની અપેક્ષાએ સાધર્મ્ય છે.

**ક્રિયા**- ગમન-આગમન (=જવું આવવું) વગેરે ક્રિય છે. છ દ્રવ્ય પૈકી જીવ અને પુદ્ગલમાં જ ગમનાગમનાદિ ક્રિયા થતી હોવાથી, **જીવ અને પુદ્ગલ** એ બે દ્રવ્ય સક્રિય (=ક્રિયા સહિત) **છે**, અને શેષ **ચાર** દ્રવ્યો તેવી ક્રિયા કરતાં નથી, તેથી **અક્રિય** છે (=ક્રિયારહિત) છે. જોકે પોતપોતાના સ્વભાવની પ્રવૃત્તિરૂપ ક્રિયાની અપેક્ષાએ તો સઘળાં દ્રવ્યો સક્રિય છે, તો પણ તેવું સક્રિયપણું અહિં લેવાનું નથી. તેથી ગમનાગમનાદિ બાહ્ય ક્રિયા જીવ ને અજીવમાં જ છે, શેષ ચારમાં નથી. 'સક્રિયત્વ' ધર્મની અપેક્ષાએ જીવ ને અજીવનું સાધર્મ્ય છે. અને 'અક્રિયત્વ' ધર્મની અપેક્ષાએ જીવ ને અજીવ શિવાયના ચાર દ્રવ્યોનું સાધર્મ્ય છે.

**નિત્ય**– હંમેશાં એક સ્વરૂપે રહે તે **નિત્ય.** ૭ દ્રવ્યો પૈકી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ, એ પાંચ દ્રવ્યો હંમેશાં એક સ્વરૂપે રહેતાં હોવાથી નિત્ય છે. તથા જીવો તેમજ પુદ્ગલો એક સ્વરૂપે રહેતા નહિં હોવાથી, એટલે કે– તેનો અનેક પ્રકારનો પરિણામ (-રૂપાંતર–પલટો ) થતો હોથી, જીવ અને પુદ્ગલ એ બે અનિત્યદ્રવ્ય છે.

જોકે **સઘળા પદાર્થો મૂળ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.** તેથી ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો પણ પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. અને જીવો તથા પુદ્ગલો પણ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. અર્થાત્ આ રીતે **સઘળાં** 卐**દ્રવ્યો નિત્ય છે અને અનિત્ય પણ**

卐 મૂળ દ્રવ્યની અપેક્ષાએ સકલ પદાર્થો નિત્ય છે, અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, માટે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો પણ પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, અને જીવો તથા પુદ્ગલો પણ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. એટલે કે જગતના તમામ પદાર્થો નિત્ય પણ છે, અને અનિત્ય પણ છે, પરંતુ અહિ "જે કાયમ એક રૂપે રહે તે નિત્ય" એવી વ્યવહાર નયની અપેક્ષાએ ૪ દ્રવ્ય નિત્ય ગણ્યાં છે, અને જીવ તથા પુદ્ગલ એ બે દ્રવ્યો એક રૂપે રહેતાં નથી, માટે અનિત્ય ગણ્યા છે. નિશ્ચયનાયથી તો છયે દ્રવ્યોમાં નિત્યત્વ અને અનિત્યત્વ છે.

**છે.** પરંતુ અહિં **વ્યવહાર** નયની અપેક્ષાએ (એટલે સ્થૂલ દ્રષ્ટિએ) 'જે સદા એક રૂપે રહે તે નિત્ય' કહેલ હોવાથી **ઉક્ત ચાર દ્રવ્યો નિત્ય છે,** અને **જીવો તથા પુદ્ગલો** એક રૂપે રહેતા નહિં હોવાથી (એટલે કે-જીવના દેવાદિ અને પુદ્ગલના સ્તંભ-કુંભાદિ અનેક સ્થૂળ પર્યાયો થતા હોવાથી) **અનિત્ય છે** જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યનું 'અનિત્યત્વ' સાધર્મ્ય છે. અને બાકીના ચાર દ્રવ્યોનું 'નિત્યત્વ' સાધર્મ્ય છે

**૧. પ્રશ્ન**—સિદ્ધના જીવો નિત્ય કે અનિત્ય ?

**ઉત્તર**—અનિત્ય છે. કારણકે-'જે નિત્ય હોય તે નિયમાત અનાદિ અનંત (ભાંગે) હોય.' એવો નિયમ છે. અને સિદ્ધપણું સાદિ અનંત (ભાંગે) છે. તેથી અનાદિ કાળનું નથી, માટે સિદ્ધોનું સિદ્ધત્વ અનિત્ય હોવાથી સિદ્ધના જીવો પણ અનિત્ય છે. સાર એ છે કે- સિદ્ધના જીવોનું જીવત્વ નિત્ય છે અને સિદ્ધત્વ અનિત્ય છે. કારણ કે- સકલ કર્મમલનોક્ષય થવાથી અમુક કાળે સિદ્ધપણાની ઉત્પત્તિ થઇ છે. તેથી સિદ્ધત્વની આદિ છે, અને જેની આદિ સાબિત થાય તે નિત્ય ન કહેવાય, માટે સિદ્ધત્વ અનિત્ય છે ( સિદ્ધશીલા તો શાશ્વતી હોવાથી નિત્ય છે. )

**૨. પ્રશ્ન**—શાશ્વતી પ્રતિમાઓ, શાશ્વતાં મંદિરો ને મેરૂપર્વત આદિ લોકમાં જે જે શાશ્વતા (પૌદ્ગલિક) પદાર્થો કહેવાય છે, તે નિત્ય છે કે અનિત્ય ?

**ઉત્તર**- જગતમાં જે જે શાશ્વતા પદાર્થો છે, તે આકારમાત્રથી કે પ્રમાણમાત્રથી જ શાશ્વતા છે-નિત્ય છે, કારણ કે તે શાશ્વતા પદાર્થોના આકાર કે પ્રમાણમાં કાળાંતરે પણ

**કારણ**– અન્ય દ્રવ્યના કાર્યમાં ઉપયોગિ કે ઉપકારક જે દ્રવ્ય તે '**કારણ દ્રવ્ય**' કહેવાય. અને જે બીજાને ઉપકારક કે ઉપયોગી ન હોય તે '**અકારણ દ્રવ્ય**' કહેવાય. છ દ્રવ્ય પૈકી ધર્માસ્તિકાય આદિ પાંચે દ્રવ્યો જીવ દ્રવ્યને ઉપકારક છે–ઉપયોગિ છે, માટે તે પાંચેય કારણદ્રવ્યો છે અને જીવદ્રવ્ય તે પાંચે પૈકી એકેયને ઉપયોગિ નહિં હોવાથી અકારણદ્રવ્ય છે. અર્થાત્ ધર્માસ્તિકાય ગતિપરિણામથી પરિણત બનેલા જીવ(ને પુદ્ગલો)ની ગમન ક્રિયામાં ઉપકારક છે, અધર્માસ્તિકાય સ્થિતિપરિણામથી પરિણત બનેલા જીવ-(ને પુદ્ગલો)ની સ્થિતિમાં–સ્થિરતામાં ઉપકારક છે, આકાશાસ્તિકાય જીવ (ને પુદ્ગલો)ને અવગાહ–અવકાશ (કે રહેવાની જગ્યા) આપવાએ કરીને ઉપકારક છે, પુદ્ગલાસ્તિકાય જીવના શરીર-વચન-મન-શ્વાસોચ્છ્વાસ-સુખ-દુઃખ જીવિત અને મરણ વગેરેમાં ઉપકારક છે. અને

---

ફારફેર થતો નથી. વળી તે બધા પુદ્ગલના બનેલા હોવાથી અનંતા પુદ્ગલપરમાણુઓના સમૂહરૂપ–સ્કંધરૂપ છે. સમયે સમયે તે શાશ્વતાં દ્રવ્યોમાંથી સ્કધમાંથી અનંતા પુદ્ગલ પરમાણુઓ છુટા પડે છે અને અનંતા નવા આવીને ભળી જાય છે, માટે શાશ્વતા પદાર્થોનો આકાર તથા પ્રમાણ કાયમ ટકી રહે છે. એટલે કે તેમાં ફારફેર થતો નથી સાર એ આવ્યો કે– પૌદ્ગલિક પદાર્થો ભલે શાશ્વતા કે નિત્ય કહેવાતા હોય, પરંતુ તેમાં રહેલા પુદ્ગલો-નિરંતર કાયમ ટકતા નથી. પણ ક્ષણે ક્ષણે અનંતા પરમાણુઓ તેમાંથી ખરે છે ને અનંતા નવા મળે છે, તે અપેક્ષાએ પુદ્ગલદ્રવ્ય અનિત્ય કે અશાશ્વત

કાળ દ્રવ્ય જીવના વર્ત્તનાદિ પર્યાયોમાં ઉપકારક છે. એ રીતે જીવદ્રવ્ય પ્રત્યે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો ઉપકારી (-ઉપયોગિ ) હોવાથી તે **પાંચ કારણદ્રવ્યો** છે અને **જીવદ્રવ્ય** અન્ય દ્રવ્ય પ્રત્યે અનુપયોગિ હોવાથી **અકારણદ્રવ્ય** છે. માટે જીવ શિવાયના પાંચ દ્રવ્યોનું 'કારણત્વ' ધર્મની અપેક્ષાએ સાધર્મ્ય છે

૧. **શંકા**- જેમ અન્ય દ્રવ્યો જીવના ઉપકારક છે, તેમ પુદ્ગલના પણ ઉપકારક છે, માટે જીવદ્રવ્યની જેમ પુદ્ગલ દ્રવ્યને પણ અકારણ ગણવું જોઇએ ? એકલા જીવ દ્રવ્યને જ શા માટે અકારણ કહો છો ?

**સમાધાન**-જીવની જેમ પુદ્ગલનાં ઉપકારક બીજાં દ્રવ્યો છે, એ વાત સાચી છે, પરંતુ પુદ્ગલદ્રવ્ય પોતે પણ જીવદ્રવ્યને ઉપકારક છે, અને "અકારણદ્રવ્ય તો તે કહેવાય છે કે- જે પોતે અન્યદ્રવ્ય પ્રત્યે ઉપકારક ન હોય અને પોતાના પ્રત્યે બીજાં દ્રવ્યો ઉપકારક હોય" આ અકારણદ્રવ્યનું લક્ષણ ફક્ત જીવ દ્રવ્યમાં જ સંપૂર્ણ ઘટી શકે, છે પરંતુ પુદ્ગલ દ્રવ્યમાં સંપૂર્ણ ઘટતું નથી. કારણકે પુદ્ગલાસ્તિકાય પ્રત્યે બીજાં દ્રવ્યો ઉપકારક છે એટલો લક્ષણનો ભાગ ઘટે છે) તો પણ જીવદ્રવ્ય પ્રત્યે પુદ્ગલાસ્તિકાય ઉપકારક હોવાથી ('પોતે અન્ય દ્રવ્ય પ્રત્યે ઉપકારક ન હોય' એ અંશ ઘટતો નથી માટે) એકલું જીવદ્રવ્ય જ અકારણ દ્રવ્ય છે.

---

છે, પરંતુ આકારથી કે પ્રમાણથી તો (શાશ્વતી પ્રતિમા વગેરે) નિત્ય જ છે.

**૨. શંકા**-ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય આદિ દ્રવ્યો જેમ બીજા દ્રવ્યોના ઉપકારક છે, તેમ જીવદ્રવ્ય બીજા કોઇ દ્રવ્યનું ઉપકારક છે કે નહિ?

**૨. સમાધાન-"परस्परोपग्रहो जीवानाम्"** એ તત્ત્વાર્થસૂત્રના કથન મુજબ એક જીવ (દ્રવ્ય) બીજા જીવ(દ્રવ્ય) પ્રત્યે ઉપકારક છે, એ રીતે જીવો પરસ્પર એક બીજાના ઉપકારક બને છે, જે અનુભવસિદ્ધ વાત છે; પરંતુ અહિં ઉપકારિતા અન્યજાતીય દ્રવ્યની અપેક્ષાએ લેવાની છે, માટે જીવદ્રવ્ય પોતાની જાતિ-વાળા અન્ય જીવદ્રવ્યનું ઉપકારક હોવા છતાં, બીજી જાતિવાળા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનું ઉપકારક તો નથી જ, માટે સજાતીય દ્રવ્યમાં ઉપકારક છતાં વિજાતીય દ્રવ્યનું ઉપકારક નહિં હોવાથી 'અન્ય જાતીય દ્રવ્યની અપેક્ષાએ જીવદ્રવ્ય બીજા કોઈ દ્રવ્યનું ઉપકારક નથી' એમ કહેવામાં કોઈપણ જાતનો વિરોધ કે વાંધો આવતો નથી.

**કર્તા**-જેઓ સ્વતંત્રપણે ક્રિયા કરે તે **કર્તા**. અથવા જે દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા પ્રત્યે અધિકારી હોય, યાને સ્વામી હોય તે **કર્ત્તા** કહેવાય છે, અને જે દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા પ્રત્યે અધિકારી ન હોય

તે '**અકર્તા**' કહેવાય છે. "ક્રિયાને કરે તે કર્તા" એવા સામાન્ય વ્યુત્પત્ત્યર્થને અનુસારે તો છએ દ્રવ્યો કર્ત્તાસ્વરૂપ કહી શકાય, પરંતુ અહિં તો (અન્ય સકલ દ્રવ્યોના સ્વામીપણાએ કરીને) દ્રવ્યોનો ઉપભોગ કરનાર હોય તે **કર્તા** તરીકે લેવાનો છે, અને ઉપભોગમાં આવનાર દ્રવ્ય **અકર્તા** તરીકે લેવાનું છે, માટે છ દ્રવ્યો પૈકી ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોના ગતિસહાયકાદિ ગુણોનો સ્વતંત્ર ઉપભોગ કરનાર તેમજ સ્વતંત્રપણે ક્રિયા કરનાર જીવ હોવાથી **જીવદ્રવ્ય કર્તા** છે અને બાકીનાં જીવના ઉપભોગમાં આવનારાં પાંચ દ્રવ્યો સ્વતંત્રપણે ક્રિયા કરતાં નથી, તેથી અકર્ત્તા છે.

વળી ધર્મ,કર્મ, પુણ્ય,પાપ વગેરે ક્રિયા કરનાર હોય તે '**કર્તા**' અને તેથી વિપરીત હોય તે '**અકર્તા**' કહેવાય, એવી વ્યાખ્યા પણ શાસ્ત્રમાં કહેલી છે. તેથી ધર્મ કર્મ પુણ્ય ને પાપ કરનાર કેવળ જીવદ્રવ્ય હોવાથી **એક જીવદ્રવ્ય જ કર્તા છે અને શેષ પાંચ દ્રવ્ય અકર્તા છે**. માટે જીવ શિવાયના પાંચ દ્રવ્યોનું પરસ્પર અકર્તૃત્વધર્મની અપેક્ષાએ સાધર્મ્ય (=સરખાપણું) છે.

**સર્વગત(સર્વવ્યાપી)**—લોક અલોકમાં સર્વત્ર જે વ્યાપીને રહેલ હોય તે **સર્વગત** કે **સર્વવ્યાપી** દ્રવ્ય

કહેવાય અને જે અમુક જગ્યામાં રહેલ હોય તે **દેશ-વ્યાપી** કહેવાય. છ દ્રવ્ય પૈકી એક આકાશ દ્રવ્ય જ લોક અલોકમાં સર્વત્ર વ્યાપીને રહેલ હોવાથી આકાશ એ સર્વગત–સર્વવ્યાપક દ્રવ્ય છે અને શેષ દ્રવ્યો લોકમાં જ રહેલાં હોવાથી અસર્વગત કે દેશવ્યાપી છે. સાર એ છે કે–આકાશાસ્તિકાય શિવાયના ચાર અસ્તિકાયો ૧૪ રાજલોકપ્રમાણ લોકાકાશને વ્યાપીને રહેલા છે, માટે તે ચાર અસ્તિકાયો દેશ-વ્યાપી છે; તેમજ કાળ પણ ૨॥ દ્વીપમાંજ હોવાથી દેશવ્યાપી છે. અને આકાશદ્રવ્ય સર્વત્ર વ્યાપક હોવાથી સર્વવ્યાપી છે. એ રીતે છ દ્રવ્ય પૈકી **આકાશ શિવાયનાં પાંચે દ્રવ્યો દેશવ્યાપી છે અને એકલું આકાશજ સર્વવ્યાપી** છે; માટે 'દેશવ્યાપિત્વ કે અસર્વગતત્વ' ધર્મની અપેક્ષાએ આકાશ શિવાયના પાંચ દ્રવ્યોનું પરસ્પર સાધર્મ્ય (=સરખાપણું) છે.

**અપ્રવેશ**–એક દ્રવ્યનું બીજા દ્રવ્ય રૂપે થઈ જવું તે **પ્રવેશ** કહેવાય, અને જે પોતાના મૂળ સ્વરૂપને તજીને બીજામાં પેસી ન જાય (એટલે અન્ય જાતીય દ્રવ્યરૂપે પલટાઇ ન જાય) તે '**અપ્રવેશી**' દ્રવ્ય કહેવાય. તથા જે દ્રવ્ય બીજામાં પેસી જાય યાને પોતાના મૂળ સ્વરૂપથી ભ્રષ્ટ થઇ અન્યરૂપ થઇ જાય તે '**સપ્રવેશી**' દ્રવ્ય કહેવાય.

| દ્રવ્યનું નામ. | કોની અપેક્ષાએ નિત્ય છે? નિત્ય છે | અનિત્ય છે. |
|---|---|---|
| ૧. ધર્માસ્તિકાય | અરૂપી, અચેતન, અક્રિય ને ગતિસહાયક એ ચાર ગુણ તથા સ્કંધપર્યાય, એ પાંચની અપેક્ષાએ ,, | દેશ, પ્રદેશ ને અગુરુલઘુ એ ૩ પર્યાયની અપેક્ષાએ, |
| ૨. અધર્માસ્તિકાય | અરૂપી, અચેતન, અક્રિય ને સ્થિતિસહાયક એ ચાર ગુણ તથા સ્કંધપર્યાય, એ પાંચની અપેક્ષાએ ,, | દેશ, પ્રદેશ ને અગુરૂલઘુ એક પર્યાયની અપેક્ષાએ, |
| ૩. આકાશાસ્તિકાય | અરૂપી, અચેતન, અક્રિય ને અવકાશદાન એ ચાર ગુણ, તથા સ્કંધપર્યાય એ પાંચની અપેક્ષાએ ,, | દેશ, પ્રદેશ ને અગુરૂલઘુ એ ૩ પર્યાયની અપેક્ષાએ,, |
| ૪. કાળ. | અરૂપી, અચેતન, અક્રિય ને વર્ત્તનાદિ લક્ષણ એ ચાર ગુણની અપેક્ષાએ કાળ નિત્ય છે. | ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન તથા અગુરૂલઘુ એ ચાર પર્યાયની અપેક્ષાએ ,, |
| ૫. જીવાસ્તિકાય. | જ્ઞાન, દર્શન, ચારિત્ર ને વીર્ય એ ચાર ગુણ તથા અરૂપી, અનવગાહ, ને અવ્યાબાધ એ ત્રણ પર્યાય (કુલ સાત)ની અપેક્ષાએ જીવ નિત્ય છે. | એક અગુરૂલઘુપર્યાય તથા દેવ-મનુષ્યઆદિ પર્યાયોની અપેક્ષાએ ,, |
| ૬. પુદ્‌ગલાસ્તિકાય. | મૂર્ત્ત=રૂપી, અચેતન=અજીવ-જડ આદિ ગુણોની અપેક્ષાએ, પુદ્‌ગલ નિત્ય છે. | સ્કંધ દેશ, પ્રદેશ આદિ પર્યાયોની અપેક્ષાએ ,, |

# છ દ્રવ્યોમાં પરિણામિ આદિ ૧૨ દ્વારોનો કોઠો.

| ૧૨ દ્વાર / છ દ્રવ્ય નાં નામ | ૧ પરિણામિ ૨ અપરિણામિ | ૧ જીવ ૨ અજીવ | ૧ રૂપી ૨ અરૂપી | ૧ સપ્રદેશી ૨ અપ્રદેશી | ૧ એક ૨ અનેક | ૧ ક્ષેત્ર ૨ ક્ષેત્રી | ૧ સક્રિય ૨ અક્રિય | ૧ નિત્ય ૨ અનિત્ય | ૧ કારણ ૨ અકારણ | ૧ કર્તા ૨ અકર્તા | ૧ સર્વવ્યાપી ૨ દેશવ્યાપી | ૧ સપ્રવેશી ૨ અપ્રવેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. ધર્માસ્તિકાય. | અપરિણામી | અજીવ | અરૂપી | પ્રદેશી | એક | ક્ષેત્રી | અક્રિય | નિત્ય | કારણ | અકર્તા | દેશ-વ્યાપી | અપ્ર. વેશી |
| ૨. અધર્માસ્તિકાય | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ૩ આકાશાસ્તિકાય | ,, | ,, | ,, | ,, | ,, | ક્ષેત્ર | ,, | ,, | ,, | ,, | સર્વ-વ્યાપી | ,, |
| ૪. જીવાસ્તિકાય. | પરિ-ણામી | જીવ | ,, | ,, | અનેક અનંત | ક્ષેત્રી | સક્રિય | અનિ-ત્ય | અકા-રણ | કર્તા | દેશ-વ્યાપી | ,, |
| ૫. પુદ્ગલાસ્તિકાય. | ,, | અજીવ | રૂપી | ,, | ,, | ,, | ,, | ,, | કારણ | અકર્તા | ,, | , |
| ૬. કાળ. | અપરિણામી | ,, | અરૂપી | અપ્ર-દેશી. | ,, | ,, | અક્રિય | ,, | ,, | ,, | ,, | ,, |

જો કે છએ દ્રવ્યો એક બીજાની સાથે જ રહેલાં છે, તો પણ કોઈ પણ દ્રવ્ય પોતાના સ્વરૂપને તજી બીજાના સ્વરૂપને પ્રાપ્ત કરતું નથી, અર્થાત્ કોઈ પણ દ્રવ્ય અન્ય દ્રવ્યસ્વરૂપે થઇ જતું નથી, પરંતુ સઘળાં દ્રવ્યો પોતપોતાના સ્વરૂપમાં જ રહે છે. જેમ કે–જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ છે, ત્યાંજ ધર્માસ્તિકાયનો એક પ્રદેશ છે, ત્યાંજ અધર્માસ્તિકાયનો એક પ્રદેશ છે, પુદ્ગલાસ્તિકાયના અનંતા પરમાણુઓ છે અને જીવના અનંતા પ્રદેશો પણ (રહેલા) છે, છતાં એ બધાય પોત પોતાના સ્વરૂપમાંજ રહે છે અને પોત–પોતાના સ્વરૂપને અનુસારે ક્રિયા કરે છે, માટે **છએ દ્રવ્યો અપ્રવેશી છે**. તેથીજ 'અપ્રવેશિત્વ'એ છએ દ્રવ્યોનું સાધર્મ્ય છે.

ઉક્ત બાર દ્વારોમાં જે દ્રવ્યોનું જે ધર્મની અપેક્ષાએ સાધર્મ્ય (=સમાનતા) કહેલ છે, તેથી અન્ય દ્રવ્યોનું તે ધર્મની અપેક્ષાએ વૈધર્મ્ય સમજવું; અને તેથી વિપરીત ધર્મની અપેક્ષાએ તે જ દ્રવ્યોનું પણ વૈધર્મ્ય (=અસમાનતા કે વિષમપણું) સમજવું. દાખલા તરીકે– જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યનું 'પરિણામિત્વ' ધર્મની અપેક્ષાએ સાધર્મ્ય કહેવાય છે, તો તેથી વિપરીત 'અપરિણામિત્વ'ધર્મની અપેક્ષાએ જીવ અને

પુદ્‌ગલનું વૈધર્મ્ય સમજવું. તથા જીવ અને પુદ્‌ગલથી અન્ય પુદ્‌ગલાસ્તિકાયાદિ ૪ દ્રવ્યોનું 'પરિણામિત્વ' ધર્મની અપેક્ષાએ વૈધર્મ્ય જાણવું. એ રીતે સર્વ પદાર્થોની સ્વબુદ્ધિથી સાધર્મ્ય ને વૈધર્મ્યની ઘટના કરી લેવી.

એ રીતે 'પરિણામી' આદિ ૧૨ દ્વારો છ દ્રવ્યોમાં ઘટાવ્યાં. આ બાબતમાં વિશેષ વર્ણન **શ્રીપન્નવણા-(પ્રજ્ઞાપના)**સૂત્ર જેવા મહાન્ શાસ્ત્રાદિથી જાણવું. અજીવ-તત્ત્વના ૧૪ ભેદો પુરા થયા ॥૧૪॥

---

હવે પ્રસંગોપાત્ત રૂપી અરૂપી વિભાગથી, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ને ગુણના ભેદોની અપેક્ષાએ, તથા વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ને સંસ્થાનના ભેદોની અપેક્ષાએ અજીવના ૫૬૦ ભેદો થાય છે, તે જણાવીએ છીએ, જેની સમજ નીચે મુજબ છે:—

## —અજીવ દ્રવ્યના ૫૬૦ ભેદો.—

અજીવ દ્રવ્યના મુખ્ય બે ભેદ છે. અરૂપી ને રૂપી, તેમાં અરૂપી અજીવના ૩૦ ભેદ અને રૂપીઅજીવના ૫૩૦ ભેદ પડે છે. આ ભેદોની સમજુતિ આ પ્રમાણે છે:—

**અરૂપી અજીવના ૩૦ ભેદ-૧** ધર્માસ્તિકાયસ્કંધ, ૨ ધર્માસ્તિકાયદેશ, ૩ ધર્માસ્તિકાયપ્રદેશ; ૪ અધર્માસ્તિકાયસ્કંધ, ૫ અધર્માસ્તિકાયદેશ, ૬ અધર્માસ્તિકાયપ્રદેશ; ૭ આકાશાસ્તિકાયસ્કંધ, ૮ આકાશાસ્તિકાયદેશ, ૯ આકાશાસ્તિકાયપ્રદેશ અને ૧૦ મો કાળ. તથા ધર્મા૦, અધર્મા૦, આકાશા૦, ને કાળ એ ચારે ના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ, ભાવ અને ગુણની અપેક્ષાએ દરેકના ભેદ ગણતાં (૪×૫=) ૨૦ ભેદ થાય. એ પ્રમાણે પ્રથમના ૧૦ ભેદ અને આ બીજી વખતના ૨૦ ભેદ મળી કુલ ૩૦ ભેદ થાય છે.


**રૂપી અજીવના ૫૩૦ ભેદ**-૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન, એ ૨૫ ગુણમાંથી "જે ગુણનો ભેદ ગણવો હોય, તે ગુણ તથા તેના વિરોધી સ્વજાતીય ગુણ શિવાયના બાકીના સર્વ ગુણોના ભેદ તે (પ્રસ્તુત) ગુણમાં પ્રાપ્ત થાય." દાખલા તરીકે-આપણે પાંચ વર્ણ પૈકી કૃષ્ણવર્ણની અપેક્ષાએ તેના ભેદોની ગણત્રી કરીએ તો-ઉપર્યુક્ત ૨૫ ભેદમાંથી પ્રથમ કૃષ્ણવર્ણને, તેમજ ત્યારબાદ કૃષ્ણવર્ણમાં સમકાળે એકી સાથે નહિ ગણવા લાયક (સ્વજાતીય વિરોધી) બાકીના ચાર વર્ણોને પણ (એટલે કે પાંચે વર્ણોને)

બાદ કરતાં, શેષ ૨૦ ભેદ એક કૃષ્ણવર્ણમાં સંભવે. એ પ્રમાણે નીલ વગેરે વર્ણના ભેદોની ગણત્રીમાં પણ વર્ણના પાંચે ભેદો બાદ થતાં ૨૦ ગુણભેદો થાય. સાર એ આવ્યો કે, દરેક વર્ણમાં વીસ વીસ ભેદ થવાથી, પાંચે વર્ણના ૫×૨૦=૧૦૦, કુલ સો વર્ણ ભેદ થાય. એ રીતે પાંચ રસ પૈકી દરેક રસની અપેક્ષાએ (પાંચ રસને બાદ કરતાં, તે પાંચ શિવાયના) વીસ વીસ ભેદ ગુણતાં રસભેદ પણ ૧૦૦ થાય. વળી પાંચ સંસ્થાન પૈકી દરેક સંસ્થાનને આશ્રયીને (૫ સંસ્થાન શિવાયના) વીસ વીસ ભેદ ગુણતાં કુલ સંસ્થાન ભેદ પણ ૧૦૦ થાય, તથા બે પ્રકારના ગંધ પૈકી એકેક ગંધને આશ્રયીને (૨ ગંધ બાદ થતાં) ત્રેવીશ ત્રેવીશ ભેદ ગુણતાં ૨૩×૨=૪૬ ગંધ ભેદ થાય, પુનઃ ૮ સ્પર્શ પૈકી દરેક સ્પર્શમાં (એક અમુક અને બીજો તેનો વિરોધી, એમ) બે સ્પર્શ શિવાયના શેષ ત્રેવીશ ત્રેવીશ ભેદ ગુણતાં, આઠે સ્પર્શના ૨૩×૮=૧૮૪ કુલ સ્પર્શ ભેદ થાય. ઉક્ત સર્વ મળી રૂપી અજીવના ૫૩૦ ભેદ થાય છે.

# પ્રકારાંતરે અજીવના ૫૬૦ ભેદોનું સંક્ષિપ્ત કોષ્ટક.

| અરૂપી અજીવના ............૩૦ ભેદ | | રૂપી અજીવના-૫૩૦ ભેદ |
|---|---|---|
| ધર્માસ્તિકાય. સ્કંધ, દેશ, પ્રદેશ=૩ | દ્રવ્ય,ક્ષેત્ર,કાળ,ભાવ, ગુણ=૫ | પાંચ વર્ણના-૫ × ૨૦=૧૦૦ |
| અધર્માસ્તિકાય. ,, ,, ,, ૩ | ,, ,, ,, ,, ,, ૫ | ,, રસના- ,, =૧૦૦ |
| આકાશાસ્તિકાય. ,, ,, ,, ૩ | ,, ,, ,, ,, ,, ૫ | સંસ્થાનના ,, =૧૦૦ |
| કાળ ૧ | ,, ,, ,, ,, ,, ૫ | બે ગંધના-૨ × ૨૩=૪૬ |
| કુલ- ૧૦ | કુલ-૨૦ | આઠ સ્પર્શના-૮×૨૩=૧૮૪ |
| | | કુલ- ૫૩૦ |
| ૧૦ + ૨૦=૩૦ + ૫૩૦=૫૬૦ | | |

## અજીવ દ્રવ્યના ૫૬૦ ભેદનો નકશો.




**અજીવતત્ત્વ સમાપ્ત.**